ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# CHR-03

સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ
રોજિંદી જિંદગીમાં માનવહક :
આપણે શું કરી શકીએ ?
(કાર્યપોથી)

## વિભાગ
# 1

## આપણી રોજિંદી જિંદગીમાં માનવ હકો


વિભાક - અ

૧. પ્રાસ્તાવિક 05
૨. હક અને સમજ
૩. ગેરકાયદે ભેગા મળવું
૪. કોમી હિંસા
૫. ખોટા પ્રતિબંધ અને ખોટી અટકાયત
૬. ખૂન અને ખૂનનો પ્રયાસ
૭. હુલ્લડ
૮. છેતરપિંડી, ખોટા દસ્તાવેજ અને લોટરી
૯. વ્યથા
૧૦. તોફાન / બગાડ
૧૧. ગુનાહિત પ્રવેશ
૧૨. ગુનામાં મદદગારી
૧૩. લોહીનો વેપાર
૧૪. ધરકપડ અને અટકાયતમાં તમામ કિસ્સાઓમાં અનુસરવાં માટેના ભારતની સુપ્રિમ કોર્ટના આદેશો

વિભાગ બ 27

૧. ગ્રાહકના હક
૨. પર્યાવરણ સુરક્ષા
૩. આરોગ્ય સંભાળનું અમલીકરણ
૪. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની અસરકારક કામગીરી

## Expert Committee


| | | |
|---|---|---|
| Prof. Rajni Kothari | Justice Ranganath Mishra | Dr.Asghar Ali Engineer |
| Sh.r Shankar Sen | Sh.H.Hanumanthappa | Sh. Rajmohan Gandhi |
| Prof. G.Hargopal | Prof.Imtiaz Ahmed | Dr. Nandita Haksar |
| Prof. V.S.Mani | Dr. D. Gopal | Dr.. R. V. Pillai |
| Dr. R. M. Pal | Prof. Ram G. Takwaie | Sh. Joseph Gathia |
| Prof. A.S. Narang | Prof. Ashwini Ray | Prof. Pandav Nayak (Chairman and Convenor) |

**Progamme Coordinator : Prof. Panday Nayak**


## Block Preparation Team

| Writer | Editor | IGNON |
|---|---|---|
| Popular Education and Action Centre(PEACE) New Delhi | Prof.Pandav Nayak | (Political Science Faculty)<br>Prof. Pandav Nayak<br>Prof. A.S.Narang<br>Prof. D. Gopal<br>Dr. S.V.Reddy<br>Dr. Anurag Joshi<br>Dr. Jagpal Singh<br>Sh.S. Venkatesh |

**Assistance** : Sh.Ashutosh Chandra
Sh.Jagjeet Singh
Sh.Parag Gupta


**Acknowledgement :**
Consumer Coordination Council, New Delhi


## Material Production


Prof. Pandav Nayak
Director, Human Rights Project, IGNQU

November 20(X)

ISBN-81-266-0011-X



© Indira Gandhi National Open University

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.



Further informalion on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garni, New Delhi-110068.

Printed and Published on behalf of the Indira Gandhi National Open University New Delhi by Professor A.S.Narang. Coordinator. Human Rights Project.

**Laser type set and Printed at : Sudarshan Graphics,**
Kankaria, Ahmedabad - 380 028
Year : 2010

આ પુસ્તિકામાંની અભ્યાસ - સમાગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ોપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

| અનુવાદક | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| પરામર્શક (વિષય) | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| પરામર્શક (ભાષા) | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |

| સંયોજન સહાય | |
|---|---|
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |

પ્રકાશક
ડૉ. હરીશ દેસાઈ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ
સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

## આ અભ્યાસક્રમ વિશે બે બોલ

આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કાનૂની શિક્ષણ પરત્વે વિવિધ દિશા સૂચનોથી માહિતગાર કરવાનો છે. માનવ હક વિશે જાણવું તે એક બાબત છે. પરંતુ જો શીખનાર વ્યક્તિ તેને વ્યવહારમાં લાગુ ન કરે તો આવા જ્ઞાનનો કંઇ ઉપયોગ રહેતો નથી. માનવ હકનું શિક્ષમ અન્ય અભ્યાસ કરતાં વિશેષ પ્રકારે જુદું પડે છે. શીખનાર જે કંઇ પોતાના રોજબરોજના સામાજિક વર્તન અને આંતર પ્રક્રિયા દરમિયાન શીખે તેનું અમલીકરણ કરવા તેને જણાવવામાં આવે છે. અલબત, આખરી ધ્યેય તો એક પ્રકારની માનસિકતામાં બદલાવ લાવવાનું છે. આ માનસિકતા જ આજે ઘણા બધા નકારત્મક અને ચીલાચાલુ વર્તાવ માટે જવાબદાર છે. સલાહભર્યુ તો એ છે કે દરકે દરેક બાબત ઉપર શીખનાર વ્યક્તિ જેમ શીખતા જાય તેમ તેમ, તેનો અમલ કરતાં જે અનુભવો થાય તે જે તે વિભાગને અંતે ખાસ રાખવામાં આવેલાં કોરાં પાનાંમાં નોંધાતા જાય. (જરૂર પડે તો વધારાનાં કોરાં પાનાં ઉમેરી શકાય). અભ્યાસક્રમનાં દરેક મુદ્દા એક માર્ગદર્શિકારૂપે, દિશાસૂચનરૂપે છે, અને એનો અર્થ એ થાય છે કે આનો હેતુ તમને કાનુની વ્યવસાય માટે તૈયાર કરવાનો નથા. પરંતુ આપણને મોટેભાગે જેની જાણકારી નથી એવા નિયમો અને પ્રક્રિયાઓની રોજિંદી જરૂરીયાતોથી તમને પરિચિત કરાવવાનો છે. અલબત્ત, આ બાબત અહીં પુરી થતી નથી. આપણે એ પણ જાણી લેવું જોઇએ કે આ જાણકારીનો ઉપયોગ આપણા પોતાના માટે તેમજ જરૂરીયાતવાળી અન્ય વ્યક્તિોને સહાય કરવા માટે કેવી રીતે કરી શકીએ. તેથી હવે પછીની પુસ્તિકા છે. 'તેનો અમલ કરો.'

આ અભ્યાસક્રમ માટે મલ્ટિપલ એકશન રિસર્ચ ગ્રુપ (સ્છઇ૨) નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવેલ સામગ્રીનો ઉપયોગ કરેલ છે. 'આપણા કાયદા' એ શ્રેણીમાં કુલ ૧૦ પુસ્તિકાઓ છે. એમાંના જે મુખ્ય અંશો છે. તેને આ પુસ્તિકામાંનાં કોરાં પાના ઓમાં લખીને તેના તેનો મહાવરો કરો.

અભ્યાસક્રમ ૧ અને ૨ તમને માનવ હકો અંગે કેટલીક જાણકારી પૂરી પાડશે. અભ્યાસક્રમ ૩ માનવ હકોની સંસ્કૃતિથી સમૃદ્ધ બનેલ શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના વાતાવરણમાં રહેવા માટે અતિ આવસ્યક એવા કાનૂન સંબંધી માહિતીના દિશાસૂચનથી તમને સુસજ્જ કરવાનો વાસ્તવિક ઇરાદો ધરાવે છે. પરંતુ તમારા રોજ-બ-રોજના વર્તનમાં જો તેનો ઉપયોગ તમે ન કરો તો તે બધાનો પણ ખાસ કંઇ અર્થ રહેતો નથી. અમે નિષ્ઠાપૂર્વક આશા રાખીએ છીએ કે તમારે પક્ષે તમે એટલો ફાળો તો જરૂર આપશો.

કાર્યક્રમ સંકલનકાર

## ૧. પ્રાસ્તાવિક (introduction)

કાયદો શું છે ? એમ પૂછવામાં આવે ત્યારે ઘણા બધા પ્રશ્નો આપણા મગજમાં પેદા થાય છે. કાયદો શું કરે છે ? કોઈપણ હેતુ તેનાથી કેવી રીતે પાર પડે છે ? કાયદો ઘડવા માટે કોઈ જવાબદાર હોય છે ? કાયદાનો અંતિમ હેતુ શું હોય છે ? વગેરે.... વગેરે.... આ બધા પ્રશ્નોનો ઉત્તર મેળવવા માટે કોઈ એમ કહી શકે કે કાયદો બીજું કશું જ નથી; માત્ર સામાન્ય બુદ્ધિની બાબત છે. તો પછી, સામાન્ય બુદ્ધિ શું છે ? તે શું સારું છે અને શું ખરાબ છે તેની સમજ આપે છે ? શું તે શું વાજબી છે અને શું ગેરવાજબી છે તેની સમજ આપે છે ? દરેકે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેની તે સમજ આપે છે ? વાસ્તવમાં તો, કાયદો એ ઉપર દર્શાવેલ તમામ ઉદ્દેશોનો સરવાળો છે. કાયદાની વ્યવહારુ વ્યાખ્યા અનુસાર, તે કોમી એકતા, સામાજિક પરસ્પરાવલંબન અને જાહેર શાંતિ જાળવી રાખવા માટેનું સાધન છે, જેથી સમાજ ટકી શકે. તે માનવ વ્યવહારોને નિયંત્રિત કરવા માટે કેટલાંક ધોરણો પ્રસ્થાપિત કરી આપે છે.

કાયદાનું જ્યારે પાલન ન કરવામાં આવે ત્યારે શું થાય છે તે સમજાવવું સહેલું છે પરંતુ કાયદાની વ્યવહારુ ગતિશીલતા બાબતમાં કાયદાની ભૂમિકાને ન્યાય આપવાનું પ્રમાણમાં અઘરું છે. અને તેમાંય ખાસ કરીને એક અબજ કરતાં વધુ વસતિ ધરાવતા દેશ માટે તો એ ખાસ અઘરું છે. કાયદા ઘડવા કરતાં તેનું પાલન કરાવવું એ જ વધારે વિકટ સમસ્યા છે. આપણે જ્યારે કાયદાના પાલનની કે તેના અમલીકરણની વાત કરીએ છીએ ત્યારે રાજ્ય (સરકાર)ની મહત્તમ ભૂમિકા ઊભી થાય છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે રાજ્યને આ સત્તા કોણ આપે છે ?

સામાજિક પ્રાણી તરીકે માણસોએ તેમના વર્તનને નિયંત્રિત કરવા માટેકોઈ ધોરણોની જરૂર રહે છે. જેથી કરીને તેઓ સૌને સ્વીકાર્ય બની રહે. આ બધા વ્યાયામનો હેતુ સામાજિક સુમેળ જાળવવાનો છે. પરંતુ આ બધું કરશે કોણ ? આ પૂર્વ ભૂમિકામાં કદાચ શાંતિથી હંમેશાં સાથે નહિ રહી શકતા વિવિધ લોકોના હિતોની સુરક્ષા માટે અને તે હિતોને જાળવવા માટેના સ્પષ્ટ આદેશ સાથે રહી શકતા વિવિધ લોકોના હિતોની સુરક્ષા માટે અને તે હિતોને જાળવવા માટેના સ્પષ્ટ આદેશ સાથે રાજ્ય અસ્તિત્વમાં આવેલ છે. આ રાજ્ય પોતાની વિવિધ જવાબદારીઓ અદા કરવા માટે તેના પ્રજાજનોને સલાહ-સૂચન આપે છે. ભલામણ કરે છે, ચેતવણી ઉચ્ચારે છે અને કવચિત શિક્ષા પણ કરે છે. આ ખરેખર અગત્યની બાબત છે. તેના સરળ સંચાલન માટે વર્ષોના અનુભવની વિવિધ પ્રકારની વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી છે. આ બધી વ્યવસ્થાઓમાં વૈધાનિક, કારોબારી(સંચાલન) અને ન્યાયતંત્ર મુખ્ય છે. તે પછી વિશેષ પ્રકારનાં તંત્રો જેવાં કે પોલીસ, વહીવટ વગેરે પણ રોજ-બ-રોજની રાબેતા મુજબની કાર્યવાહી સંભાળવા માટે ગોઠવાયેલ છે.

રાજ્ય વ્યક્તિઓને તેમના હક એનાયત કરે છે. ઉપરાંત તે તેમનાં પર ફરજો પણ લાદે છે. સમગ્ર વ્યવસ્થામાં અસ્તિત્વ ધરાવતી તમામ વ્યક્તિઓને જૂથોને કાયદાનું બંધન હોય છે. કાયદો એક વ્યવસ્થા તરીકે રાજ્યની ઉપર પણ પોતાનું બંધન લાદે છે.તેથી વ્યવસ્થામાં કાયદો એ તમામ બાબતો ઉપર સર્વોપરી છે.અને તેથી જે કોઈ નિયમો કે વિનિમયો ઘડવામાં આવે તે જે તે દેશના કાયદા સાથે સુસંગત હોવા જ જોઈએ. આ દેશમાં એવો કાયદો એટલે આપણું સંવિધાન. આ દેશમાં બનતા અને અમલીકરણ થતાં તમામ કાયદાઓ બંધારણની જરૂરિયાતને પરિપૂર્ણ કરતાં હોવા જોઈએ. જો એમ ન થતું હોય તો તે ગેરબંધારણીય (ગેરકાનૂની) છે.

## ૨. હક અને ફરજ (Right and Duty)

**વ્યાખ્યા**

કાયદાની ગણતરીમાં હક અને જવાબદારીની ભાવના મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. હક એટલે કાયદા દ્વારા માન્ય રાખવામાં આવેલ વર્તન. આમાં માત્ર માન્ય રાખવાની જ વાત નથી, પરંતુ રાજયની, તેની વસતિના સાચાં હિતોની સુરક્ષા કરવા તેમજ તેને પ્રોત્સાહિત કરવા માટેની બંધારણીય ફરજ છે. ફરજ એદેશનાં સ્ત્રી-પુરુષોની પોતાનાં સાથી પ્રજાજનો પ્રત્યે રાજય પ્રત્યેની એક જવાબદારી છે. આમ છતાં, ક્યારેક જાહેર સુલેહ શાંતિ જાળવવા માટે રાજ્ય પોતાના પ્રજાજનોના અમુક હકોને સીમિત પણ કરે છે. અથવા ક્યારેક કેટલાક પ્રજાજનોને વિશેષ છૂટછાટ પણઆપે છે. હકો અને આ પ્રકારની છૂટછાટો વચ્ચેનો સંબંધ નીચે પ્રમાણે છે.

**દાવો - ફરજ -કોઈ દાવો નહિ**

દાવાનો અર્થ એ કોઈ વ્યક્તિ બીજા કોઈને આમ કરવા માટે કે આમ ન કરવા માટે દબાણ કરે. ઉપરાંત તે એમ પણ નિર્દેશ કરે છે કેબીજાઓની તે મુજબ કરવાની કાયદેસરની જવાબદારી/ ફરજ છે. તે એમ પણ નિર્દેશ કરે છે કે આવા અધિકાર સામે કોઈ દાવો કરી શકે નહિ.

ઉદાહરણ તરીક, નાગરિકોને જાહેર માર્ગનો ઉપયોગ કરવા માટેનો હક છે.

**અધિકાર - કોઈ દાવો નહિ - ફરજ**

અધિકાર એમ નિર્દેશ કરે છે કે કોઈપણ વ્યક્તિ બહારની કોઈપણ દખલગીરી વિના તે ભોગવી શકે. અધિકારની બરાબર વિરુદ્ધ છે ફરજ. અન્ય વ્યક્તિઓ આવો અધિકાર માંગી શકે નહિ.

ઉદાહરણ તરીકે, સાંસદો, સંસદના ગૃહમાં કોઈપણ પ્રકારે સ્વતંત્રતાથી બોલવાનો અધિકાર ધરાવે છે.

**સત્તા - જવાબદારી-અશક્તતા**


સત્તા એટલે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓના બનેલા જૂથની, અમુક નિર્ણયો લેવાની સશક્તતા. બીજી વ્યક્તિઓ આ નિર્ણયોથી બંધાયેલ છે. અને તેની વિરુદ્ધનું વર્તન કરવા માટે તેઓ અશક્ત છે.


ઉદાહરણ તરીકે, કંપનીના ડાયરેક્ટરોનું બનેલું બોર્ડ તે કંપનીના માળખાનું પુનર્નિર્માણ કરવાની સત્તા ધરાવે છે.

**મુક્તિ-અશક્તતા-જવાબદારી**

મુક્તિ - (Immunity) એ એક એવો અધિકાર છે જે રાજ્ય દ્વારા અમુક લોકોને તેમની સામેની કાનૂની કાર્યવાહીમાંથી મુક્તિ આપે છે. તેમની સામે કાનૂની કાર્યવાહી કરી શકતી નથી. આવો અધિકાર / સત્તા ધરાવતા લોકોએ હંમેશાં પોતાના કાર્યમાં આવી મુક્તિની અભિપ્રેતતાની હાજરીનો ખ્યાલ રાખવો જોઈએ.

ઉદાહરણ તરીકે, ભારતના રાષ્ટ્રપતિને કાનૂની કાર્યવાહી સામે મુક્તિ આપવામાં આવી છે.



ગુનાઓને વ્યાપક રીતે બે વિભાગમાં વહેંચવામાં આવે છે - દીવાના અને ફોજદારી. બંને તેમના પ્રકારમાં અને તે અંગેની કાર્યવાહીમાં બિલકુલ ભિન્નતા ધરાવે છે. દીવાની ગુનો એ કોઈ પક્ષકાર સામેનો ગુનો છે. જ્યારે ફોજદારી ગુનો એ માનવજાત વિરુદ્ધનો ગુનો છે. દીવાની પ્રકારના ગુના માટે દંડની શિક્ષા કરાય છે, પરંતુ ફોજદારી પ્રકારના ગુના માટે સજા (Punishment) ફટકારાય છે.

આ પ્રકરણમાં ફોજદારી પ્રકારના ગુનાઓની ચર્ચા કરવામાં આવી છે.

દરેક ગુનાની ચર્ચા ને અંતેકેટલીક ચેતવણીઓ ઉચ્ચારવામાં આવી છે. નિયમિત અભ્યાસ માટે તે ધ્યાનપૂર્વક વાંચો.

## ૩. ગેરકાયદે ભેગા મળવું (Unlawful Assembly)

જ્યારે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓ કોઈ વ્યક્તિને અમુક ગેરકાયદેસર કામ કરવા માટે દબાણ કરવાનાહેતુથી અથવા કોઈવસ્તુનો ગેરકાયદેસર કબજો લેવા, અથવા કોઈ કાયદેસરની કે વહીવટી પ્રક્રિયાનો કાનૂનીઅમલ કરવાની સામે સમસ્યાઓ ઊભી કરવાના હેતુથી, અથવા તો કોઈ સરકારને ઉથલાવવાના હેતુથી ભેગા મળે છે, ત્યારે ગેરકાયદેસર ભેગા થવાનો ગુનોબને છે. આવી રીતે ગેરકાયદેસર ભેગા મળવાની સાથે ઘણી વાર ગુનાહિત દબાણ પણ સંકળાયેલ હોય છે.

**આવશ્યક અંશો**

પાંચ કે તેથી વધુ લોકો (અને તે સાથે) સામાન્ય હેતુ

**કયા લોકોને શિક્ષા થઈ શકે ?**

ગેરકાયદેસર ભેગાથયેલા તમામ લોકોને જેઓ ઇરાદાપૂર્વક જોડાય છે અગર આવા ટોળાનો ભાગ બનવાનું ચાલુ રાખે છે તેમને તે ટોળીના સભ્ય તરીકે ગણવામાં આવે છે.

**સંબંધિત કલમો**

૧૪૧ થી૧૪૫

**સજા**

સંજોગોને આધીન રહીને, સજા ૬ માસથી માંડી ૨ વર્ષ સુધીની જેલ, સખત જેલ કે હળવી જેલ બે પૈકી કોઈપણ પ્રકારની દંડ સાથે અથવા દંડ વિના.

**યાદ રાખવા જેવું**

કોઈપણ પ્રકારે શરૂઆતમાં કાયદેસર રીતે લોકો ભેગા થયા હોય તો પણ પાછળથી તેના સભ્યોના વર્તાવ દ્વારા તે ગેરકાયદેસર પણ બની શકેછે.

એ જરૂરી નથી કે એની સાથે ગુનાહિત દબાણ સંકળાયેલ જ હોય. જો ભેગા થવાની બાબત ગેરકાયદેસર હોય તો તેમાં ભાગ લેવા માત્રથીપણ સજાપાત્ર બની શકાય છે.

**અવશ્ય કરો**

- કોઈપણ જૂથમાં જોડાતાં પહેલાં એટલું સુનિશ્ચિત કરો કે તેઓ જે હેતુથી ભેગાં થયાં છે તેમાં તમે સહમત છો.
- જાહેર તંત્ર દ્વારા જે કોઈ સૂચનાઓ આપવામાં આવી હોય તો તેની નોંધ લો.
- કોઈપણ વિરોધ,જેમ કે હડતાલ અથવા દેખાવોમાં ભાગ લેતાં પહેલાં તેના હેતુઓ અને તેની પદ્ધતિઓ અંગે સ્પષ્ટ થાઓ.

## ૪. કોમી હિંસા (Communal Violence)

જુદા જુદા ધર્મો, જાતિ, ભાષા, જન્મસ્થાન, જ્ઞાતિ કેસમુદાયના લોકોના શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને ખોરવી નાખે તેવો કોઈપણ પ્રયાસ, કોઈપણ વર્તાવ સજાને પાત્રછે.

**આવશ્યક અંશો**

સહઅસ્તિત્વને પડકાર

**કોને શિક્ષા થઈ શકે ?**

એવી વ્યક્તિઓ જે આવા પ્રયાસોને પ્રોત્સાહિત કરેકે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરે.

એવી વ્યક્તિઓ જે સંગઠિત સ્વરૂપે સામાજિક સંવાદિતાને જોખમાવવાનો ઈરાદો રાખે અને તે દિશામાં જેમણે કોઈ પ્રયાસો કર્યા હોય.

એવી વ્યક્તિઓ જે આવું કાર્ય કોઈ ધાર્મિક સ્થાનમાં કે ભેગા મળીને સમૂહમાં આચરે.

**સંબંધિત કલમો**

૧૫૩A અને ૧૫૩B

**સજા**

કેદની સજા, જે ત્રણ વર્ષ સુધીની હોઈ શકે, દંડ સાથે કે દંડ વિના.

**યાદ રાખવા જેવું**

એ સાબિત કરવું જરૂરી નથી કે અમુક પ્રકારના આચરણને કારણે તનાવ પેદા થયો હતો. (તનાવ પેદા થાય કે ન થાય, પરંતુ) આ પ્રકારનું આચરણ જ વાંધાજનક છે.

**આવું કદાપિ ન કરશો**

- કોઈપણ બાબતને સમજ્યા વિના ધાર્મિક સિદ્ધાંતોની ટીકા
- કોઈપણ કહેવાતા ધાર્મિક કર્મશીલો દ્વારા પ્રસિદ્ધ કરાયેલ ધાર્મિક પુસ્તકના સ્વ-હેતુ પ્રકારથી પ્રભાવિત થવું.
- જાતિ કે ધર્મને આધારે લોકોનું વર્ગીકરણ કરવાનો પ્રયાસ કરવો.
- બીજા ધર્મોના સિદ્ધાંતોથી તમારા બાળકને તદ્દન અંધારામાં રાખવું.
- તમારા મનમાં દૃઢીભૂત થયેલા ખ્યાલોને જાહેરમાં વાચા આપવી. આવા અભિપ્રાયોની અભિવ્યક્તિ હંમેશા તેના સામાજિક સૂચિતાર્થો તપાસીને તે બાદ જ કરવી.

## ૫. ખોટો પ્રતિબંધ અને ખોટી ક્વાયત
(Worngful Restraint and Wrongful Confinement)

ખોટો (અયોગ્ય) પ્રતિબંધ એટલે કે કોઈપણ વ્યક્તિ પોતે જ્યાં રહેવા / જવા ઇચ્છતો હોય અને તેમ કરવાનો તેને હક હોય તો પણ તેને ત્યાં રાખવો / જવા દેવો નહિ. જે કોઈ વ્યક્તિને પોતાની ઇચ્છા મુજબ કાયદેસર રીતે હરવા ફરવા ઉપરના માનવ જાતિના સ્વાતંત્ર્ય ઉપરની સહેજ પણ બિનકાયદેસર અડચણ તે ખોટો (અયોગ્ય) પ્રતિબંધ ગણાય. આ પ્રકારના અયોગ્ય પ્રતિબંધની પ્રક્રિયા દરમિયાન ગુનાહિત વ્યક્તિ જો તે વ્યક્તિને નિયત કરેલ મર્યાદાની અંદર જ રહેવા દબાણ કરે તો તેને ખોટી (અયોગ્ય) અટકાયત કહેવાય.

**આવશ્યક અંશો**

ગેરકાયદેસર અડચણ

હલનચલનના/ જવા આવવાના સ્વાતંત્ર્યની વંચિતતા

**કોને શિક્ષા થઈ શકે ?**

એવી વ્યક્તિ કે જે કોઈ અન્ય વ્યક્તિને (પુરુષ કે સ્ત્રીને) ખોટી (અયોગ્ય) રીતે જવા આવવામાં અડચણ કરે.

**સંબંધિત કલમો**

૩૩૯ અને ૩૪૮

**સજા**

દંડ સાથે દંડ વિના, ૩ વર્ષ સુધીની જેલની સજા

**તમે જાણો છો ?**

કાયદાની કલમમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- કોઈ કોન્સ્ટેબલ, કોઈપણ પ્રકારનું કારણ દર્શાવ્યા વિના કોઈ વ્યક્તિની અમુક દિવસો માટે અટકાયત કરે.
- કોઈ વ્યક્તિ અસ્થિર મગજની હોય તેને ઉપલબ્ધ તબીબી સારવાર આપ્યા વિના બંધરૂમમાં પૂરી રાખવી.
- કોઈ આરોપીને તેના જામીનના હુકમો મળ્યા બાદ પણ પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં રાખવો.
- કોઈપણ વ્યક્તિની અવરજવર રોકવાના હેતુથી બસ કે રેલવે, ટ્રેન જેવા મોબાઈલ વાહનનો ઉપયોગ કરવો એ તે વ્યક્તિને અમુક મર્યાદામાં અટકાયત કરવા બરાબર ગણવામાં આવે છે.
- કોઈ વ્યક્તિ ઉપર ચઢી હોય અને તેની સીડી હટાવી લેવામાં આવે જેથી તેને ઉપર જ રોકાઈ રહેવું પડે તે રીતે તેની અવરજવર ઉપર અડચણ કરવામાં આવે.
- મકાનમાલિક ભાડૂતને મકાનમાં પ્રવેશતો રોકે.

**આટલું અવશ્ય કરો.**

- જ્યારે તમારા હકોનો ઉપયોગ કરો ત્યારે અન્ય વ્યક્તિઓના હકોનો આદર કરો.
- જાહેર ઉપયોગ સંબંધી કોઈ પણ કાર્યનો અમલ કરતાં પહેલાં કાળજી રાખો.
- અન્ય વ્યક્તિઓના વાહનની અવરજવર માટે પૂરતી જગા છોડીને જ તમારાં વાહન સલામત સ્થાને પાર્ક કરો.
- અન્ય વ્યક્તિના સમય માટે મૂલ્ય આંકો. કદાચ એવું બની શકે કે તમારી સાથે વાતચીત કરતાં કરતાં તેમની પાસે બીજું વધુ અગત્યનું કામ પણ હોય.

## ૬. ખૂન અને ખૂન કરવાનો પ્રયાસ

## (Murder and attempt to muder)

ખૂન એ હંમેશાં અકુદરતી મૃત્યુ છે. જે કોઈ વ્યક્તિ માનવની જીંદગીનો અંત લાવવાના હેતુથી તે પ્રમાણે કરે છે તેણે ખૂન કર્યું એમ કહેવાય છે.

**આવશ્યક અંશો**

- સામાન્ય રીતે મૃત્યુ માટે જે સંજોગો જાણીતા છે તે સિવાયના સંજોગોમાં તે થયું હોય.
- સંબંધિત કાર્ય અને તેનાથી થયેલ મૃત્યુ વચ્ચેનો સંબંધ સીધો અને વિશિષ્ટ પ્રકારનો હોય.

**કોને શિક્ષા થઈ શકે ?**

જેણે ખૂન કર્યું હોય તે વ્યક્તિને.

જેણે ખૂન કરવાનો પ્રયાસ કર્યો હોય તેને.

જેણે ખૂન કરવામાં મદદગારી કરી હોય તેને.

**સજા**

ખૂન કરવાના ગુના સબબની સજા મૃત્યુદંડ સુધીની થઈ શકે; પરંતુકોઈપણ સંજોગોમાં તે સજા, દંડ સાથે કે દંડ વિના, સાત વર્ષની જેલ કરતાં ઓછી હોઈ શકે નહિ.

**નીચેની બાબતોની કાળજી રાખો**

- તમારી સામાન્ય ટીકા-ટિપ્પણી પણ સાચી વ્યક્તિને માનવતાવિહોણું કૃત્ય કરવા ઉશ્કેરી શકે. તેથી, પરિસ્થિતિની ગંભીરતા તથા ત્યાં હાજર રહેલ વ્યક્તિઓની માનસિક સ્થિતિની નોંધ લેવાવી જોઈએ.
- લાંબા સમયની ઉપેક્ષા, અવગણના, પૂરતા વાજબી કારણ વિના / તર્ક વિના પરિત્યાગને કારણે માણસમાં હતાશા વ્યાપી જાય અને તે આત્મહત્યા કરવા માટે પ્રેરાય.
- જેને માનસિક બીમારી હોય તેમની - બાળકોની અન્ય બિમાર વ્યક્તિઓની - તેમને તેમની ભૂલો સમજાવવાની સાથે સાથે- કાળજી પણ લેવી જોઈએ.
- વાહન ચલાવતી વખતે અથવા અન્ય જોખમકારક કાર્ય કરતી વખતે બીજા લોકોની સલામતી સુનિશ્ચિત કરો.

**તમે આ જાણો છો ?**

આ અંગેના કાયદાની કલમોમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે :

ખોટા સમયે અને ઇરાદાપૂર્વકની વાતો પ્રાણઘાતક પરિણામો તરફ દોરી જાય છે. એવી વાતો, જે ઉશ્કેરણીમાં પરિણમે, જેનાથી તેની પોતાની કે અન્યની જિંદગીને મોતનો ખતરો પેદા થાય તેવી વાતોને 'કાર્ય' સ્વરૂપ ગણવામાં આવે છે.

કોઈ વ્યક્તિ મેલી વિદ્યાનો વાહક છે તેવા અન્ય વ્યક્તિઓના આક્ષેપથી કોઈને ગંભીર શારીરિક ઇજા પહોંચાડવામાં આવે અથવા તે વ્યક્તિનું મોત નિપજાવવામાં આવે.

યોગ્ય ઉપાયો અને કૌશલ્યપૂર્ણ સારવાર ઉપલબ્ધ ન બને. તેથી તે દલીલ ચાલી ન શકે.

સ્વ-બચાવ એક એવો મુદ્દો છે જ્યાંથી તેને એક 'કાર્ય' તરીકે જોઈ શકાય. એક વખત આ મર્યાદાનું ઉલ્લંઘન થાય તો અપેક્ષિત વ્યક્તિ સંબંધિત કલમોની જોગવાઈઓ નીચે આવી જાય છે.

કોઈ મહિલાની પાસેથી દહેજ મેળવવા એટલી હદે તેની ઉપર જુલમ ગુજારવામાં આવે કે તે આત્મહત્યા કરી જિંદગીનો અંત લાવી દેતો તે ગંભીર અપરાધ છે.

કોઈ માનસિક ક્ષતિવાળી વ્યક્તિ કે બાળક ને આત્મહત્યા કરવા માટે મદદગારી કરવી તે પણ ખૂન કરવા બરાબરનો ગુનો બને છે.

**યાદ રાખવા જેવું**

એ બાબત મહત્ત્વની નથી કે જેનું મૃત્યુ થયું છે તે વ્યક્તિ, આરોપી જેને મારી નાખવાનો ઇરાદો ધરાવતો હતો તે કરતાં અલગ વ્યક્તિ છે.

મૃત્યુ થાય તે સાથે જ ગુનો સંપૂર્ણપણે આચરાયેલો બને છે. પછી, આરોપીએ તે માટે કયા સાધનોનો ઉપયોગ કર્યો હતો તે બાબતો, ગુહિત ઇરાદો નક્કી કરવામાં કોઈ ખાસ ભૂમિકા ભજવતી નથી.

કોઈ વ્યક્તિ શારીરિક તકલીફો કે રોગથી પીડાતી હોય તેની મૃત્યુની પ્રક્રિયાને ઝડપી બનાવવી એ પણ તેનું મૃત્યુ નીપજાવવામાં આવ્યું હોય તેની બરાબર છે.

તે જ કલમ નીચે આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવો તે ગુનો છે; અને જે વ્યક્તિ તેમાં મદદગારી કરે છે તે પણ ગુનેગાર છે.

## ૭. હુલ્લડ (Rioting)

કોઈ ગેરકાયદે ભેગા થયેલા ટોળા દ્વારા અથવા તેના કોઈ સભ્ય દ્વારા કોઈ દબાણ અથવા હિંસા આચરવામાં આવે છે ત્યારે હુલ્લડનો ગુનો બને છે. તે દબાણ કે હિંસા કોઈ સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરાયેલ હોવાં જોઈએ.

**આવશ્યક અંશો**

ગેરકાયદે ભેગા મળવું.

દબાણ કે હિંસાનો ઉપયોગ.

**કોને શિક્ષા થઈ શકે ?**

એવી વ્યક્તિ કે જે અન્ય લોકોને કોઈપણ પ્રકારે હુલ્લડ કરવા માટે પ્રેરે.

એવી વ્યક્તિ જે ગેરકાયદે ભેગા રાખેલ લોકોને વિખેરવામાં સમસ્યાઓ પેદા કરે.

ટોળામાં ભેગા થયેલ લોકોને.

**સંબંધિત કલમો**

૧૪૬ અને ૧૫૩

**સજા**

દંડ સાથે દંડ વિના, ત્રણ વરસ સુધીની જેલની સજા.

**યાદ રાખવા જેવું**

ગેરકાયદે ભેગા થયેલા ટોળાનો દરેક સભ્ય ટોળાના કોઈપણ સભ્ય દ્વારા આચરવામાં આવેલ કૃત્ય માટે સરખો જવાબદાર છે.

**ભૂલશો નહિ**

એ હકીકતની નોંધ કરો કે કાયદો કોઈપણ સંજોગોમાં દબાણ કે હિંસાના ઉપયોગની મંજૂરી આપતો નથી.

હંમેશાં તમારી તકલીફના નિકાલ માટે કાયદા દ્વારા પ્રસ્થાપત સાધનોનો જ ઉપયોગ કરો.

કોઈ ઉશ્કેરણીથી દોરવાશો નહિ, જે કોઈ વ્યક્તિ તમને ઉશ્કેરીને કંઈક શીખવી રહી છે. તેનો ઇરાદો શુદ્ધ નથી. તેમને કાળજીપૂર્વક ચકાસો.

તમને જ્યારે એવું જણાય કે તમે પરિસ્થિતિ પરનો કાબુ ગુમાવી રહ્યા છો ત્યારે પોલીસ પાસે મદદ માંગો.

## ૮ છેતરપિંડી, ખોટો દસ્તાવેજ અને લોટરી
(Cheating, Forgery and Lottery)

કોઈપણ વ્યક્તિ, અન્ય વ્યક્તિને કોઈપણ સાધન દ્વારા, જે ખોટું છે તેને સાચું મનાવવા કોશીશ કરે છે અને તે રીતે તેમાંથી કંઈક લાભ પ્રાપ્ત કરે છે તે છેતરપિંડી છે. આ પ્રકારે છેતરપિંડી કરનાર વ્યક્તિ, સીધી રીતે કે આડકતરી રીતે, ખોટી રીતે લાભ પ્રાપ્ત કરે છે, તે પ્રક્રિયાને છેતરપિંડી કહેવાય છે.

**આવશ્યક અંશો**

ખોટું કામ કરનારનાં અપ્રામાણિક હિતો.

કોઈ વ્યક્તિ દ્વારા, ખોટું કામ કરનાર વ્યક્તિમાં વિશ્વાસ મુકવાને કારણે કંઈક નુકસાન થવું.

**કોને શિક્ષા થઈ શકે ?**

કોઈપણ વ્યક્તિ જે અન્યની સાથે કોઈપણ સાધન દ્વારા છેતરપિંડી કરે.

**સંબંધિત કલમો**

૪૧૫ થી ૪૨૦

**શિક્ષા**

ગુનો જે સંજોગોમાં આચરવામાં આવ્યો હોય તેના પર આધારિત, દંડ સાથે કે દંડ વિના, ૭ વર્ષ સુધીની જેલની સજા.

> **યાદ રાખવા જેવું**
>
> આ કલમ નીચે, કોઈપણ વ્યક્તિ જે અન્ય કોઈ વ્યક્તિને છેતરે તેને શિક્ષા થાય
>
> સંભાળ લેનાર વ્યક્તિ ખુદ આ ગુનો આચરે તો તેને સખત સજા થઈ શકે.

**ખોટો દસ્તાવેજ**

કોઈ લાભ મેળવવાના ઈરાદાથી સંપૂર્ણ કે અંશતઃ ખોટો દસ્તાવેજ બનાવવો અથવા તો તે પ્રકારના કોઈ પ્રયુક્તિ કરવી તેને ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કહેવાય છે.

**આવશ્યક અંશો**

આવો ખોટો દસ્તાવેજ બનાવવા પાછળ ખોટો ઈરાદો.

કોને શિક્ષા થઈ શકે ?

- એવી વ્યક્તિ, જે ખોટો દસ્તાવેજ બનાવે, સહી કરે, સિક્કા લગાવે તેને.
- એવી વ્યક્તિ, જે મૂળ દસ્તાવેજમાં ફેરફાર કરે અથવા તેને સ્થાને ખોટો દસ્તાવેજ ગોઠવી દે.
- એવી વ્યક્તિ, જે અન્ય વ્યક્તિને ખોટો દસ્તાવેજ બનાવવા માટે પ્રેરે અથવા તેમાં ભાગ લેવા માટે પ્રેરે.
- એવી વ્યક્તિ, જે જાણી જોઈને ખોટા દસ્તાવેજનો ઉપયોગ કરે.

**સંબંધિત કલમો**

૪૬૩ થી ૪૭૧

**શિક્ષા**

દંડ સાથે કે દંડ વિના, ૧૦ વર્ષ સુધીની જેલની સજા.

**યાદ રાખવા જેવું**

જો કોઈપણ વ્યક્તિનો કોઈ પણ આવક અંગે સાચો દાવો હોય તો પણ જો તે પોતાના દાવાના સમર્થનમાં જુઠો દસ્તાવેજ રજૂ કરે તો પણ તે ખોટા દસ્તાવેજના ગુના સબબ સજાને પાત્ર છે.

**આટલું અવશ્ય કરો**

- તમારો કોઈ અગત્યનો દસ્તાવેજ ગુમ થઈ ગયો હોવાના નિર્ણય ઉપર તમે આવો તો તે બાબતે સંબંધિત નિયમો શું છે તે જાણી લો. આ દસ્તાવેજ પ્રાપ્ત કરવા માટે નિયત કરેલ પ્રક્રિયા, તે નિયમો અનુસાર અનુસરો.
- હમેશાં અમુકે તમને કહ્યું છે એમ જ કહો.અમુક-તમુકની જેમ વર્તશો નહિ.
- તમારા મુર્ખતાભર્યા હિતો અન્ય વ્યક્તિઓ માટે ઘાતક બની શકે છે.

## લોટરી

લોટરીમાં કોઈપણ પ્રકારના કૌશલ્યના ઉપયોગ વિના, માત્ર લોટ અનુસાર કે ભાગ્ય અનુસાર ઈનામોની વહેંચણી કરવામાં આવે છે. તે જુગારની બરાબર જ ગણી શકાય. કારણ કે બંને ચાન્સ (નસીબ) ઉપર જ આધારિત રહેલાં છે.લોટરીના આયોજક, જાહેર ખબર આપનાર, પ્રસિદ્ધકર્તા તેમજ દરખાસ્તના પ્રસ્તાવકને લોટરી સંબંધી શિક્ષા થઈ શકે છે. સિવાય કે અન્યથા મંજૂરી આપવામાં આવી હોય.

## ૯ વ્યથા (Hurt)

કોઈપણ વ્યક્તિ શારીરિક પીડા ઉપજાવે, કોઈપણ વ્યક્તિને રોગ કે બિમારીમાં સપડાવેતો તે વ્યક્તિએ વ્યથા પહોંચાડી છે તેમ કહેવાય. આવી વ્યથાને કારણે જો કોઈપણ વ્યક્તિના શરીર પર કાયમી અથવા દૂર ન કરી શકાય તેવી નિશાની રહી જાય અથવા તો તે વ્યક્તિ સતત સળંગ ૨૦ દિવસ સુધી પોતાનું રોજિંદુ કાર્ય ન કરી શકે તેવી અશક્તતા તેનામાં પેદા કરી દે, જેમ કે ખાવું, ઊંઘવું સ્નાન કરવું વગેરે, તો તેને મહાવ્યથા પહોંચાડી છે તેમ કહેવામાં આવે છે.

**આવશ્યક અંશો**

આવી વ્યથા સ્વૈચ્છિક રીતે પહોંચાડેલી હોવી જોઈએ.

**સંબંધિત કલમો**

૩૧૯થી ૩૩૮

**શિક્ષા**

દંડ સાથે કે દંડ વિના, ૧૦ વર્ષ સુધીની જેલની સજા.

**યાદ રાખવા જેવું**

કેટલાક સંજોગોમાં, વ્યતા પહોંચાડી હોય તે પણ જરૂરી નથી. પરંતુ સાદો ઈરાદો અને તે પરત્વેનો સામાન્ય પ્રયાસ, એપણઆ કાયદા/ નિયમ અનુસાર વ્યથાનો આક્ષેપ મુકવા માટે પર્યાપ્ત છે.

**તમને જાણ છે ?**

આ કાયદાની કલમોમાં, નીચેની બાબતો સમાવિષ્ટ છે :

- ઝેર આપવું.
- પત્નીને મારઝૂડ કરવી.
- ઘરકામ કરનારને ત્રાસ આપવો.
- દાંત વડે કરડવું, બચકું બરી લેવુ.
- ઘરમાં વપરાતાં સામાન્ય સાધનોને પણ હથિયાર તરીકે ઉપયોગમાં લેવાં.
- બિનજરૂરી ઉતાવળ અને બેદરકારીને કારણે માનવજીવન ભયમાં મુકાય અથવા બીજાની સલામતી જોખમમાં મુકાય. પોલીસ અધિકારી દ્વારા આરોપી પાસેથી ગુનાની કબૂલાત માટે ત્રાસ/ જુલમ.
- મહેસુલી અધિકારી દ્વારા બાકી મહેસુલ વસુલાત માટે બાકીદાર પર જુલમ.
- ફરજ પરના સરકારી કર્મચારી પર હુમલો.

## ૧૦. તોફાન (Mischief)

કોઈપણ વ્યક્તિસ જાહેર સંસ્થાને કે વ્યક્તિને ખોટી રીતે નુકસાન પોહંચાડવાના ઇરાદાથી, સામાન્ય પરિસ્થિતિમાં એવો બદલાવ લાવે કે જેઓ કોઈપણ પ્રકારે કોઈ માલ-મિલકતને નુકસાન પહોંચે તો તેણે "તોફાન" નો ગુનો આચર્યો છે, એમ કહી શકાય.

**આવશ્યક અંશો**

કોઈ માલ-મિલકતનો નાશ અથવા તેને નુકસાન / ક્ષતિ

કોઈને ખોટી રીતે નુકસાન પહોંચાડવાનો ઇરાદો

**કોને શિક્ષા થઈ શકે ?**

કોઈ વ્યક્તિ પોતાના સાથીદારો સાથે જોડાઈને "તોફાન" કરે તેને.

કાયદાની સંબંધિત કલમો

૪૨૫ થી ૪૪૦

**શિક્ષા**

દંડ સાથે અથવા તે વિના, નુકસાન કેટલું થયું છે તેમજ કેટલી માલ-મિલકતનો નાશ થયો છે તેના પર આધારિત, દશ વર્ષ સુધીની જેલની સજા.

**આટલું યાદ રાખો**

મિલકતનો સામાન્ય નહિ તે પ્રકારે ઉપયોગ કરવો તે પણ તેનો નાશ કરવા બરાબરનો ગુનો બને છે. જે મિલકતને નુકસાન પહોંચાડવામાં આવેલ છે તે મિલકત સંબંધિત વ્યક્તિની પોતાની હોય તો પણ "તોફાન" ના ગુના માટેના દોષની માત્રામાં કોઈ ઘટાડો થતો નથી.

**તમો આ જાણો છો ?**

આ કલમમાં નીચેની બાબતો સમાવિષ્ટ થાય છે.

- પાલતું પ્રાણીઓને કરવામાં આવેલ ઇજા.
- પાણી પુરવઠાને સીમાન્ત કરવો અગર પ્રદૂષિત કરવો.
- કોઈ અધિકૃત સત્તાતંત્રે મુકેલ સીમા ચિહ્ન / નિશાનીઓનો નાશ કરવો અથવા તેમાં ફેરફાર કરવો / દૂર કરવું.
- તોફાન કરવાનો ઇરાદે આગ કે વિસ્ફોટકોનો ઉપયોગ કરવો.
- રહેવાનું ઘર, મંદિર અથવા અટકાયત માટેના સ્થાનનો આગ કે વિસ્ફોટકોથી નાશ કરવો.
- સમુદ્રમાં રહેલા વહાણને તેના સામાન્ય પ્રવાહમાં અવરોધ ઊભો કરવો.

**આટલું અવશ્ય કરો**

- કોઈપણ પ્રવર્તમાન વ્યવસ્થામાં ફેરફાર / બદલાવ કરતાં પહેલાં સંબંધિત વ્યવસ્થા અને તેની સાથે સંકળાયેલા લોકો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરો.
- કોઈપણ માળખામાં પુનઃ નિર્માણ/ પુનર્ગઠન માટેનો તમારો પ્રયાસ અથવા તેમાંથી કંઈ ફાયદો મેળવવાનો તમારો પ્રયાસ તેનાં મૂળભૂત મૂલ્યોને નુકસાન પહોંચાડી શકે છે.
- કોઈપણ અમુક વ્યક્તિ / પ્રાણી / મશીન જેવી કોઈ બાબત ઉપર તમારો હાથ અજમાવતાં પહેલાં તેનાં વર્તનની પ્રણાલી કે તેની ખાસ રીતભાત વિશે અભ્યાસ કરવો આવશ્યક છે.

## ૧૧. ગુનાહિત પ્રવેશ (Criminal Trespass)

કોઈ અન્યના કબજામાં હોય તેવી મિલકતમાં કે તેની ઉપર ગેરકાયદે પ્રવેશ કરવો અથવા તો કાયદેસર પ્રવેશ કરવ છતાં ત્યાં કોઈ આચરવાનાં ઇરાદાથી અગર અન્ય લોકોને હાનિ પહોંચાડવાના ઇરાદાથી ત્યાં ગેરકાયદેસર રહેવું એ ગુનાહિત પ્રવેશ બને છે.

**આવશ્યક અંશો**

ગેરકાયદે પ્રવેશ અથવા કાયદેસરનો પ્રવેશ પરંતુ ગેરકાયદે રોકાણ કરવું.

કોઈને નુકસાન/ હાનિ પહોંચાડવાનો ઇરાદો.

**કોને શિક્ષા થઈ શકે ?**

જે કોઈ ગેરકાયદેસર પ્રવેશ કરે તેને.

જે કોઈ ગેરકાયદેસર રોકાણ કરે તેને.

આવા ગુનામાં જોડાયેલા તમામ સાગરિતોને.

કોઈ બંધ દરવાજો કે જેની અંદર કોઈ માલમિલકત હોય તેવી બંધ ચીજ-વસ્તુને, અપ્રાણિકતાપૂર્વક તોફાન કરવાના / નુકસાન કરવાના ઇરાદાથી તોડે કે ખોલી નાખે તેવી વ્યક્તિને.

સંબંધિત કલમો ૪૪૧ થી ૪૬૧

**શિક્ષા**

દંડ સાથે અથવા તે વિના, ગુનાની ગુનાવૃત્તિ પર આધારિત, આજીવન કેદ સુધીની સજા

**આટલું અવશ્ય યાદ રાખો**

કોઈપણ બંધ વસ્તુને ખોલી નાખવામાં આવે કે તરત જ ગુનો સંપન્ન થાય છે, પછી તે બંધ વસ્તુની અંદર રહેલી માલમિલકતને કંઈ પણ કરવામાં આવ્યું હોય કે નહિ તે બાબતનો કંઈ અર્થ નથી.

ગેરકાયદેસર પ્રવેશ કરવાની પ્રક્રિયા દરમિયાન મૃત્યુ અથવા મહાવ્યથા થયા બાબતમાં કોણે મૃત્યુ નીપજાવ્યું કે કોણે મહાવ્યથા પહોંચાડી તે બાબત મહત્ત્વપૂર્ણ નથી. ગેરકાયદે પ્રવેશના ગુનામાં જેટલી વ્યક્તિઓ સંકળાયેલી હોય તે તમામ એકસરખી સજાને પાત્ર બને છે.

**શું તમો જાણો છો ?**

ગેરકાયદેગૃહ પ્રવેશ નક્કી કરાવની બાબતમાં, આવો ગેરકાયદે પ્રવેશ કરનાર વ્યક્તિના શરીરના કોઈ પણ ભાગ કે અંશનો ઘરમાં પ્રવેશ થયો હોય તો તે પર્યાપ્ત છે. ગેરકાયદે પ્રવેશની બાબતમાં દોષિતપણું નક્કી કરવાની બાબતમાં સમય પણ અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**આટલું અવશ્ય કરો.**

- કોઈપણ વ્યક્તિના ઘરમાં / મિલકતમાં પ્રવેશ કરવો આવશ્યક હોય તો તે મિલકત ધારણ કરનાર પાસેથી તે મુજબની પરવાનગી લેવાનું આવશ્યક છે.
- જાહેર હોદ્દાની સેવાનો ઉપયોગ કરતાં પહેલાં, આ અંગે વિધિસર શિષ્ટાચાર શું છે તેમજ તે અંગેની પદ્ધતિ શું છે તે વિશે જાણકારી મેળવી લો.
- જ્યારે તમે જે વ્યક્તિને મળવા ઇચ્છો છો તે તમારામાં રસ ધરાવતી નથી, તો અન્ય વિકલ્પ શોધો.

## ૧૨. ગુનામાં મદદગારી (Abetment)

જ્યારે કોઈ વ્યક્તિ સક્રિય રીતે, સીધી કે આડકતરી રીતે, ભાષાના માધ્યમથી અથવા અન્ય કોઈ પણ પ્રકારે, બીજી વ્યક્તિને અનુક પ્રકારે વર્તવા સૂચન કરે, પ્રોત્સાહિત કરે અને અમુક વસ્તુ મેળવવા જણાવે અગર અમુક ઘટના બનાવવા સંબંધી જણાવે જે માનવજાતિ માટે હાનિકારક હોય ત્યારે તે વ્યક્તિના કાર્યને ગુનામાં મદદગારી કહેવાય છે. ગુનો આચરવામાં આવે તે પહેલાં અથવા ગુનો આચરતી વખતે પણ કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારે મદદ કરવી તેને પણ ગુનામાં મદદગારી કહેવામાં આવે છે.

**અગત્યના અંશો**

કોઈ વ્યક્તિને અમુક પ્રકારે અમુક કામ કરવા માટે ઉશ્કેરણી કરવી.

**કોને શિક્ષા થઈ શકે ?**

એવી વ્યક્તિને, જે અન્યને ગુનો આચરવા માટે ઉશ્કેરણી કરે.

એવી વ્યક્તિને, જે કાવતરામાં પોતાની જાતને અથવા અન્ય વ્યક્તિને જોડે.

એવી વ્યક્તિને, જે કોઈ ગુનો આચરવામાં મદદ કરે.

**કાયદાની સંબંધિત કલમો**

૧૦૭ થી ૧૨૦

**શિક્ષા**

જો ગુનામાં મદદગારીનું કૃત્ય આચરવામાં આવ્યું હોય તો તે ગુનાના જેટલી જ શિક્ષા મદદગારી માટે છે. કોઈ ખાસ કાર્ય માટે, મદદગારીને કારણે કોઈ અન્ય ગુનો આચરવામાં આવ્યો હોય તો આમ મદદગારી કરનારને તેની સંબંધિત જવાબદારીના પ્રમાણસર, શિક્ષા કરવામાં આવશે. એવું બને કે મદદગારી કરવાને કારણે / તે છતાં પણ / કોઈ ગુનો આચરવામાં ન આવ્યો હોય તો પણ આવી મદદગારી કરનારને તેમનો ઈરાદો ગણીને શિક્ષા કરી શકાય.

**શું તમે જાણો છો ?**

- એવું જરૂરી નથી કે જ્યારે ગુનો આચરવામાં આવી રહ્યો હોય ત્યારે મદદગારી કરનાર વ્યક્તિએ આવો ગુનો આચરનારની સાથે હાજર હોવું જોઈએ. જે ગુનો આચરવામાં આવેલ છે તે ગુનો જે કાવતરાને પાર પાડવા માટે આચરવામાં આવ્યો તે કાવતરામાં સામેલ થયા હોય તેટલું પૂરતું છે.
- કોઈ કૃત્ય કરવા માટે મદદગાર બંધાયેલો નહિ હોવા છતાં તે કૃત્ય નહિ કરવામાં ગેરકાયદેસર મદદગારી પણ ગુનો ગણાય છે.

  મદદગારી કરવાના ગુનાનો પ્રયાસ પણ ગુનો જ છે.
- મદદગારી કરવાનો ગુનો રચવા માટે એવું જરૂરી નથી કે જેમાં મદદગારી કરવાની હતી તે ગુનો ખરેખર આચરાયો હોય અથવા તો ગુનો રચવા માટે આવશ્યક એવું પરિણામ ખરેખર આવી ગયું હોય.
- એવું આવશ્યક નથી કે મદદગારી કરનાર **વ્યક્તિ** કાયદેસર રીતે ગુનો પાર પાડવા માટે સક્ષમ હોય. કોઈ બાળકને કે શરાબીને ઉશ્કેરણી કરવી એ પણ મદદગારીનું જ કૃત્ય છે.

## ૧૩. લોહીનો વેપાર (Trafficking in Human Beings)

પશુઓની જેમ માનવોની આયાત-નિકાસ કરવી, તેમનાં શોષણના ઈરાદાથી તેમજ ઉપર જણાવેલ હેતુ માટે સ્ત્રી-પુરુષોને મેળવવાં તે બધાંને માનવ લોહી વેપાર ગણવામાં આવે છે.

બાલિકાને વેશ્યાવૃત્તિના હેતુથી આયાત-નિકાસ કરવાની બાબતે શિક્ષા કરવા માટે કલમ ૩૬૬-એ અને ૩૬૬-બી છે. કલમ ૩૬૬-એ ભારતના એક ભાગમાંથી બીજા ભાગમાં સગીર બાળાઓને લઈ જવા લાવવા સંબંધી ગુના માટે છે. કલમ ૩૬૬-બી વેશ્યાવૃત્તિના હેતુથી ૨૧ વર્ષથી નાની વયની બાલિકાઓને બહારના કોઈપણદેશમાંથી ભારતમાં આયાત કરવાની બાબતને ગુનો ઠરાવે છે.

કોઈપણ વ્યક્તિને તેની જિંદગી જોખમમાં મુકવાના હેતુ / ઈરાદાથી તેનું અપહરણ કરવું તે બાબત તે વ્યક્તિને ગુલામ બનાવવા બરાબર છે. આવા કોઈ સ્ત્રી- પુરુષને કોઈ વ્યક્તિની અકુદરતી હવસ માટેનું પાત્ર બનાવવું તેને કલમ ૩૬૭ નીચે સખત સજાને પાત્ર બનાવાયું છે. આવું કૃત્ય કરવામાં જે વ્યક્તિઓ મદદગારી કરે છે તેમને કલમ ૩૬૮ નીચે શિક્ષા કરી શકાય છે.

જે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને ગુલામ તરીકે આયાત કરે છે. નિકાસ કરે છે, તેને એ સ્થાનથી બીજા સ્થાને ખસેડે છે. ખરીદે છે, વેચાણ કરે છે અથવા અન્ય કોઈ રીતે નિકાસ કરે છે; તેમજ તેને સ્વીકારે છે; પ્રાપ્ત કરે છે; અથવા તેની ઈચ્છા વિરુદ્ધ તેને ગોંધી રાખે છે તેને ૭ વરસ સુધીની જેલની સજા થઈ શકે છે. અને વધુમાં તે દંડને પણ પાત્ર થાય છે. કલમ ૩૭૦ અને ૩૭૧ ગુલામોને વેચનારા રીઢા વેપારીઓને શિક્ષા ફરમાવે છે. સગીર વ્યક્તિઓને વેશ્યાવૃત્તિના ઈરાદે વેચાણ કરનારાઓને કલમ ૩૭૨ નીચે શિક્ષા થઈ શકે છે. વેશ્યાવૃત્તિના હેતુથી સગીર વ્યક્તિઓની ખરીદી કરનારને કલમ ૩૭૩ નીચે શિક્ષા કરાય છે. કાયદામાં નિયતમ કરવામાં આવેલ હોય તે સિવાય અન્ય કોઈપણ સંજોગોમાં વેઠ (પરાણે કરાવવામાં આવતી મજૂરી માન્ય નથી. કલમ ૩૭૪ આવી વેઠ માટે સજા ફરમાવે છે.

**તમને જાણ છે ?**

કોઈપણ સગીર વયની વ્યક્તિને તેના કાયદેસરના વાલી પાસેથી ખરેખર લઈ લેવામાં આવે કે તરત જ અપહરણનો ગુનો સંપન્ન થયો ગણાય છે. પછી તે સગીર ને કેટલે દૂર સુધી લઈ જવાયો હતો તે અંતરની બાબત અપ્રસ્તુત બની જાય છે.

### યાદ રાખવા જેવાં કેટલાંક સૂચનો

- કાયદા વિશે જાણકારી ન હોવી એ બચાવ નથી.
- આરોપીને હંમેશાં શકનો લાભ મેળવવાનો હક છે.
- ગુનો પુરવાર કરવાનું કાર્ય કેસ ચલાવનાર પક્ષનું છે.
- દરેક વ્યક્તિને પોલીસ પાસે ફરિયાદ કરવાનો હક છે.
- આરોપી વ્યક્તિને સક્ષમ સત્તા તંત્ર દ્વારા સાંભળવામાં આવે (તેને બચાવ કરવા દેવામાં આવે) તે તેનો હક છે.
- જ્યાં સુધી સક્ષમ ન્યાયતંત્ર દ્વારા તેને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી કોઈપણ વ્યક્તિ ગુનેગાર નથી.
- કોઈપણ અધિકારી કોઈ વ્યક્તિને ઘેર તપાસ વોરંટ લઈને તપાસ માટે આવે તેને તપાસવાનો તેને અધિકાર છે.
- પોલીસને કરવામાં આવેલ કોઈપણ ટેલિફોન કૉલ કોઈ પ્રકારના ચાર્જથી મુક્ત છે.
- પોલીસ આગળની કબુલાત એ પુરાવો નથી.

- કોઈ કટોકટીની પળે ફરજ પરના ડૉક્ટરો, પોલીસની કોઈપણ પ્રકારની ઑપચારિકતા વિના પોતાની ફરજ બજાવી શકે છે.

- જેની અટકાયત કરવામાં આવેલ છે તે વ્યક્તિ તેની પૂછપરછ ચાલતી હોય તે દરમિયાન પોતાના વકીલને મળી શકે છે.

**સામાન્ય અપવાદો**

સંજોગોની જટિલતા ધ્યાનમાં રાખીને કાયદાએ કેટલાક સામાન્યીકરણ દ્વારા અમુક પ્રકારની મુશ્કેલીઓની નોંધ લીધી છે. કેટલાક સંજોગો એવા પ્રકારના હોય છે. તેવા કિસ્સાઓમાં, સામાન્યપણે જે પ્રકારે કામ ચાલતું હોય તે પ્રકારે ચાલવા દઈ શકાય નહિ. કારણ કે આવા કિસ્સાઓ ખાસ પ્રકારે હાથ ધરવા જરૂરી હોય છે. આવા કેટલાક સામાન્ય અપવાદો નીચે દર્શાવ્યા છે.

કલમ ૭૬ — કોઈ વ્યક્તિએ હકીકતના ખોટા ખ્યાલમાં આવીને પરંતુ સારા ઈરાદે કોઈ ગુનો કરેલ હોય તેવો બચાવ કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ સૈનિક પોતાના ઉપરી અધિકારીના હુકમથી, કાયદેસર રીતે, કોઈ ટોળા ઉપર ગોળીબાર કરે છે.

કલમ ૭૭ અને ૭૮ — એમ જણાવે છે કે ફરજથી બંધાયેલ અને ફરજચુસ્ત જજ (ન્યાયાધીશ) એ શુભનિષ્ઠાથી જે સત્તાનો ઉપયોગ કરેલ હોય તે માટે તેની સામે કાનૂની કાર્યવાહી થઈ શકે નહિ. જે અધિકારી અદાલતના હુકમનું પાલન કરે છે તેને પણ આ કલમ નીચે રક્ષણ પ્રાપ્ત થાય છે.

કલમ ૭૯ — કાયદાથી જે કૃત્યો વાજબી હોય તેને રક્ષણ આપે છે. અને જે કોઈ વ્યક્તિ શુભ નિષ્ઠાથી એમ માને છે કે અમુક પ્રકારનું કૃત્ય કાયદાની દૃષ્ટિએ વાજબી છે. અને તે પ્રમાણે કૃત્ય કરે તો આ કલમ નીચે તેને રક્ષણ મળે છે.

ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ, પોતાની બુદ્ધિશક્તિનો ઉપયોગ કર્યા બાદ, કોઈ શ્રીમાન એક્સએ ખૂનનો ગુનો કર્યો હોવાનું જણાતાં તેને યોગ્ય અધિકારી સમક્ષ રજૂ કરવા પકડે છે.

કલમ ૮૦ — એમ કહે છે કે કોઈ કાયદેસરનું કૃત્ય કરનાર વ્યક્તિ જો અમુક કાર્ય કાયદા અનુસાર જ કરે, કોઈ ગફલત વિના કરે પરંતુ તે કૃત્યને કારણે કોઈ અકસ્માત સર્જાય તો તેની જવાબદારીમાંથી તેને મુક્ત ગણવામાં આવે છે.

કલમ ૮૧ — કોઈ વ્યક્તિ, કોઈ મોટું નુકસાન થતું બચાવવા કોઈ કાર્ય કરતાં, જો તેનાથી કોઈ નાનકડું નુકસાન થઈ જાય તો તેને ક્ષમ્ય ગણે છે.

તે જ રીતે કલમ ૧૦૦ સુધીની બધી કલમો

જોખમી રમતો રમતા રમતવીરો, ડૉક્ટરો, સંભાળ રાખનારાઓ, સંદેશા વ્યવહાર પ્રસરાવનારાઓ વગેરેને સુરક્ષા પુરી પાડે છે, જો તેમનાં કૃત્ય સ્વ-બચાવ માટે કરવામાં આવ્યા હોય, કરનારે તે શુભ નિષ્ઠાથી કરેલ હોય અને કરનારે તેમાંથી ઉત્પન્ન થતી દુર્ઘટનાને ટાળવા માટે પોતાનાથી શક્ય તેટલા તમામ પ્રયાસો કર્યા હોય. વળી તેમ કરવામાં તેણે કાયદા દ્વારા પ્રસ્થાપિત કરેલ મર્યાદાઓનું ઉલ્લંઘન ન કર્યું હોય. ૭ વર્ષથી નાની વયના બાળકો, તેમજ જેમનું મનોતંત્ર, બિન તંદુરસ્ત છે. તેવી વ્યક્તિઓને પણ કાયદાની કાર્યવાહીમાંથી અપવાદ ગણવામાં આવેલ છે. પરંતુ કોઈ વ્યક્તિએ માનસિક રીતે બિમાર એવી વ્યક્તિ અથવા તો બાળકની અક્ષમતા કે નિર્દોષતાનો દુરુપયોગ કરીને, અન્ય લોકોને નુકસાન પહોંચાડ્યું હોય તો કાયદો તેવી વ્યક્તિઓને શિક્ષા કરે છે.

## ૧૪. ધરપકડ અને અટકાયતના તમામ કિસ્સાઓમાં અનુસરવા માટેના ભારતની સુપ્રિમ કોર્ટના આદેશો

## (Directives Issued by the Supreme court of India to be followed in all cases of arrest or detention)

૧. જે પોલીસ અધિકારીઓ ધરપકડ કરે છે અને અટકાયતીની પૂછપરછ કરે છે તેણે ચોક્કસ, સ્પષ્ટપણે દેખી શકાય તેવી અને સ્પષ્ટ ઓળખ, નામ અને તેમનો હોદ્દો ધરાવતી પટ્ટી પોતાની સાથે રાખવી. જે પોલીસ અધિકારીઓ અટકાયતી વ્યક્તિની પૂછપરછનું કાર્ય હાથ ધરે છે તેની સઘળી વિગતો રજિસ્ટરમાં નોંધવી જોઈએ.

૨. પોલીસ અધિકારીએ અટકાયતીની ધરપકડ કરતી વખતે ધરપકડ માટેનો મેમો (યાદી) તૈયાર કરવો જોઈએ અને આવા મેમોમાં ઓછામાં ઓછી એક સાક્ષીની સહી હોવી જોઈએ. આ સાક્ષી, જેમની ધરપકડ કરવામાં આવે છે તે કુટુંબની કોઈ સભ્ય હોય અથવા જે વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હોય તે વિસ્તારની સન્માનીય વ્યક્તિ હોય. તે મેમોમાં ધરપકડ કરવામાં આવી છે તે વ્યક્તિની વળતી સહી હોવી જોઈએ અને તેમાં ધરપકડની તારીખ અને સમય નોંધવા જોઈએ.

૩. જે વ્યક્તિની ધરપકડ કે અટકાયત કરવામાં આવી છે અને જેને પોલીસ સ્ટેશને અથવા પૂછપરછ માટેના કેન્દ્ર ઉર્ફ કે અન્ય લોકઅપમાં અટકાયત નીચે રાખવામાં આવેલ છે તેને કોઈ એક મિત્ર અથવા સંબંધી અથવા પોતાને ઓળખતી અન્ય કોઈ વ્યક્તિ અથવા તેના ક્ષેમકુશળમાં રસ ધરાવતી વ્યક્તિને, શક્ય હોય તેટલું જલદી, પોતાની ધરપકડ કરવામાં આવી છે અને અમુક સ્થાને તેની અટકાયત હેઠળ રાખવામાં આવેલ છે તેમ જણાવવાનો હક છે. સિવાય કે ધરપકડ માટેના યાદીપત્રમાં જેણે સહી કરી છે તે સાક્ષી જ આ પ્રકારે ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિના મિત્ર કે સંબંધી જ હોય.

૪. ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિની ધરપકડ કરવાનો સમય, સ્થળ, અટકાયત માટેનું સ્થાન વગેરે બાબતે પોલીસે જો ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિના અન્ય મિત્ર કે સંબંધી જિલ્લાની કે સંબંધિત શહેરની બહાર રહેતા હોય તો તેમને જિલ્લાની કાનૂની·સહાય સંસ્થા મારફતે તેમજ તે વિસ્તારના પોલીસ સ્ટેશન મારફતે તારથી ધરપકડના ૮ થી ૧૨ કલાકની અંદર જાણ કરવી જોઈએ.

૫. જેની ધરપકડ કરવામાં આવી છે તે વ્યક્તિને આ પ્રકારે પોતાની ધરપકડ અને અટકાયતની કોઈને પણ જાણ કરવાનો અધિકાર છે તેની જાણકારી તેની ધરપકડ વખતે અથવા તેની અટકાયત વખતે તરત જ જાણકારી આપવી જોઈએ.

૬. અટકાયતના સ્થાને રાખવામાં આવતી ડાયરીમાં સંબંધિત વ્યક્તિની ધરપકડ સંબંધે તેમજ તેમના અન્ય મિત્ર કે જેમને ધરપકડની જાણ કરવામાં આવી છે તેના નામ સંબંધી નોંધ કરવી જોઈએ તેમજ તે જે પોલીસ અધિકારીની અટકાયત હેઠળ હોય તેમના નામ સહિતની વિગતો તે ડાયરીમાં નોંધવી જોઈએ.

૭. જેની ધરપકડ કરવામાં આવી છે તે વ્યક્તિ જો તે પ્રમાણે વિનંતી કરે તો, ધરપકડ સમયે જ તેમના શરીર ઉપર દેખાતી નાની કે મોટી ઈજા તપાસીને તે સમયે તેની નોંધ કરવી જોઈએ. આ તપાસના ઈન્સ્પેક્શન મેમોમાં ધરપકડ કરનાર વ્યક્તિ અને તેની ધરપકડ કરનાર પોલીસ અધિકારી બંનેની સંયુક્ત સહી કરવામાં આવશે, અને તેની નકલ ધરપકડ કરાવનાર વ્યક્તિને ઉપલબ્ધ કરાશે.

૮. ધરપકડ કરાવનાર વ્યક્તિની, અટકાયતના સમય દરમિયાન દર ૪૮ તાલીમબદ્ધ ડૉક્ટર દ્વારા તબીબી તપાસ થવી જોઈએ. આવા ડૉક્ટરો માટેની માન્ય પેનલ સંબંધિત રાજ્ય કે કેન્દ્ર હેઠળના વિસ્તારોના આરોગ્ય સેવાઓના ડાયરેક્ટર મારફતે કરવામાં આવશે. આરોગ્ય સેવાઓના ડાયરેક્ટરોએ આવી પેનલ તમામ તાલુકા અને જિલ્લાઓ માટે પણ તૈયાર કરવી જોઈએ.

૯. ધરપકડના મેમો સહિતના ઉપર જણાવેલા તમામ દસ્તાવેજોની નકલ મેજીસ્ટ્રેટને તેમના રેકર્ડ સારું મોકલી આપવાની રહેશે.

૧૦. જેની ધરપકડ કરવામાં આવેલ છે તે વ્યક્તિને, પૂછપરછ દરમિયાન (જો કે સમગ્ર પૂછપરછ દરમિયાન નહિ) તેના વકીલને મળવાની પરવાનગી આપવી જોઈએ.

૧૧. દરેક જિલ્લાના વડા મથકે તેમજ રાજ્યના વડા મથકે પોલીસ કન્ટ્રોલ રૂમ (પોલીસ નિયંત્રણ કક્ષ) ઉપલબ્ધ કરવા જોઈએ અને ત્યાં ધરપકડ કરાયેલી વ્યક્તિની ધરપકડ અને અટકાયતનાં સ્થાન સંબંધી તમામ માહિતી આપી ધરપકડ કરનાર પોલીસ અધિકારીને ધરપકડ કર્યાના ૧૨ કલાકની અંદર પહોંચતી કરવી જોઈએ અને પોલીસ કન્ટ્રોલ રૂમે તેની જાણ સહેલાઈથી જોઈ શકાય તેવા નોટિસ બોર્ડ પર તેને નિદર્શિત કરવી જોઈએ.

આ બધી આવશ્યક્તાઓ મુખ્યત્વે અટકાયત દરમિયાન થતીં હિંસાને ટાળવા માટે છે. પરંતુ અત્રે એ કહેવું દુરસ્ત છે કે તે આવશ્યક્તાઓ આડેધડ કરવામાં આવતી ધરપકડ અને અટકાયતને ટાળવા માટે પણ એટલી જ ઉપયોગી છે. આ આવશ્યક્તાઓનો અમલ કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં સંબંધિત પોલીસે અધિકારી સામે ખાતાકીય પગલાં ઉપરાંત કોર્ટના આદેશના અનાદર માટે પણ શિક્ષા થઈ શકે છે.

આપણી રોજિંદી જિંદગીમાં
માનવ હકો

## વિભાગ બ

## ૧. ગ્રાહકના હક (Consumer Rights)

ગ્રાહક સુરક્ષાના ક્ષેત્રે દેશમાં એક અગત્યનું સિમાચિહ્ન ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ ઘડવામાં આવ્યો તે છે. તે સમયે દેશણાં જુદા જુદા કેટલાક કાયદાઓની અમુક જોગવાઈઓ અસ્તિત્વમાં હતી અને દીવાની અદાલતો દ્વારા ગ્રાહકોનાં હિતોની સુરક્ષા કરવામાં આવતી હોવા છતાં, ઉત્પાદકો, વેપારીઓ અને કેટલાક સેવાઓ ઉપલબ્ધ કરનારાઓના સંગઠિત ક્ષેત્રો દ્વારા ગ્રાહકોનું સતત શોષણ કરવામાં આવતું હતું. અધાઉના કરાર અધિનિયમ કે માલ વેચાણ અધિનિયમ જેવા કાયદાઓ દ્વારા જ થોડીક રાહત પ્રાપ્ત હતી તેમાં બહુ જ સમય લાગતો તેમજ ખર્ચ પણ વધુ કરવો પડતો હતો. આથી ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવા માટેની તાતી જરૂરિયાત વરતાતી હતી. આ વ્યાપક જરૂરિયાતો પૂરી કરવા માટે ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૮૬ ઘડવામાં આવ્યો. આ કાયદામાં તે પછી સને ૧૯૯૩માં સુધારો કરી ગ્રાહકોને ફાયદાકારક એવી ઘણી અગત્યની જોગવાઈઓ તેમાં ઉમેરવામાં આવી.

ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ એ એક વિશિષ્ટ અને સર્વગ્રાહી કાનૂન છે. આ કાયદાની પાછળના હેતુઓ અને કારણો મૂળભૂત અંતર્ગત હક પર આધારિત છે. આ કાયદા વિશે એક ગ્રાહક તરીકે તમારે સૌથી સાદી બાબત જાણી લેવી જોઈએ કે આ કાયદાથી તમારા આત્મવિશ્વાસમાં ગજબનો ઉમેરો થશે અને તમે તમારી જાતને પહેલાંની જેમ તદ્દન નિઃસહાય નહિ અનુભવો.

**આ કાયદાએ ગ્રાહક હકોના ક્ષેત્રમાં એક ક્રાન્તિને ગતિમાં મુકી દીધી છે. આને સમાંતર એવું કોઈ પગલું આ વિશ્વમાં અન્યત્ર જોવા નહિ મળી શકે.**

બીજા દંડાત્મક કે નિવારાત્મક પ્રવર્તમાન કાયદાઓની સરખામણીમાં આ કાયદાની જોગવાઈઓ ગ્રાહકને વળતર અપાવે છે. આ કાયદો ગ્રાહકોની ફરિયાદનો સાદો, ઝડપી અને બિન-ખર્ચાળ ઉકેલ લાવવાનો અને ખાસ પ્રકારની રાહતો તથા જ્યાં જ્યાં યોગ્ય જણાય ત્યાં ગ્રાહકને વળતર અપાવવાનો ઈરાદો ધરાવે છે.

**ગ્રાહકોના હક**

**૧. સલામતીનો હક :**

તેનો સીધો સરળ અર્થ એ થાય છે કે જીવન માટે કે માલ-મિલકત માટે ભયપ્રદ હોય એવી ચીજ વસ્તુઓ કે સેવાઓનાં વેચાણ સામે રક્ષણનો અધિકાર. તેથી દરેક વ્યક્તિએ માલસામન કે સેવાઓની ખરીદી કરવામાં સાવધાની રાખવી જોઈએ. જે ચીજ વસ્તુ પર આઈએસઆઈ કે એગમાર્કની નિશાની ન હોય તેની ખરીદીથી દૂર રહેવું જોઈએ અથવા આવી નિશાની ન હોય તેવા માલસામાનની ગુણવત્તા બાબતે દુકાનદારને પૂછપરછ કરવી જોઈએ.

**૨. માહિતી મેળવવાનો હક :**

ગ્રાહક જે ચીજ વસ્તુ ખરીદ કરે છે તેમાં કોઈ અનુચિત વેપારી પ્રથા સામેની સુરક્ષા માટે ગ્રાહકને ચીજવસ્તુની ગુણવત્તા, જથ્થો, ક્ષમતા શુદ્ધતા, ધોરણ અને કિંમત વિશે માહિતી મેળવવાનો હક છે.

**૩. પસંદગીનો હક :**

જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ચીજવસ્તુ કે સેવાને સ્પર્ધાત્મક ભાવે ખરીદ કરવા માટે સુનિશ્ચિતતા મેળવવાનો ગ્રાહકને હક છે. તેની સીધો મતલબ એ છે કે ગ્રાહકને સ્પર્ધાત્મક ભાવે પ્રાપ્ત અને અનેક પ્રકારની ચીજવસ્તુઓ સુધી પહોંચવાનો હ હોવો જોઈએ, જેમાંથી તે પસંદગી કરી શકે.

**૪. સાંભળવાનો હક અને ખાતરી મેળવવાનો હક :**

યોગ્ય માધ્યમો પર ગ્રાહકનાં હિતોને યોગ્ય પ્રતિભાવ સાંપડે તે અહીં અભિપ્રેત છે. એનો અર્થ એ થાય છે કે ગ્રાહકને જ્યારે એમ જણાય કે પોતે છેતરાયો છે અથવા ફસાવવામાં આવેલ છે તો જ્યાં રજૂઆત કરી શકાય એવું કોઈ સુયોગ્ય સ્થાન (ફોરમ) ઉપલબ્ધ હોવું જોઈએ.

**૫. ફરિયાદનો ઉકેલ મેળવવાનો હક :**

અનુચિત વેપારી પ્રથા અથવા અનૈતિક શોષણ સામે ઉકેલ મેળવાનો ગ્રાહકને હક છે. ગ્રાહક આવી બાબત ખોટું કરનાર પક્ષ સાથે હાથ ધરી શકે. જો નિકાલ / ઉકેલ મેળવવા માટે કોઈ સુવિધા ન હોય તો તે વિસ્તારના ગ્રાહક સંગઠન સમક્ષ તે બાબત હાથ ધરી શકાય છે.

**૬. ગ્રાહક શિક્ષણનો હક :**

ગ્રાહક સંગઠનો ગ્રાહક શિક્ષણમાં રચનાત્મક ભૂમિકા નિભાવી શકે. તેઓ ગ્રાહકોને તેમના હક વિશે શિક્ષણ આપી શકે તેમજ ગ્રાહક સંબંધી માહિતી કેવી રીતે મેળવવી, તેનો ઉપયોગ અને મૂલ્યાંકન કેવી રીતે કરવું તે વિશે શીખવી શકે. આ પ્રકારના કાર્યની સવિશેષ જરૂરિયાત ગ્રામીણ વિસ્તારોમાં રહે છે.

કેન્દ્રીય અને રાજ્ય ગ્રાહક સુરક્ષા કાઉન્સિલ ઉપરના ઉદ્દેશોની સુરક્ષા અને પ્રોત્સાહન માટે છે.

**ગ્રાહકોને ઉપલબ્ધ રાહતો :**

આ કાયદો ગ્રાહકોની ફરિયાદનો સરળ, ઝડપી અને બિન-ખર્ચાળ ઉકેલ લાવે છે અને તે વળતરલક્ષી પણ છે. તે પદ્ધતિમાં કોઈ ગુંચવાડો કે કોઈ ઔપચારિકતાઓ પણ નથી. એટલે સુધી કે તે માટે કોઈ કોર્ટ ફી કે સ્ટેમ્પ ડ્યુટી પણ લાગતી નથી. પછી ભલેને ફરિયાદમાં ગમે તેટલી રકમની બાબત સંકળાયેલી હોય.

આ હક પર આધારિત, ગ્રાહકોને અમુક રાહતો ઉપલબ્ધ થાય છે, જેનો આધાર ગ્રાહકે કેવા પ્રકારની રાહતોની માગણી કરી છે, તેમજ હકીકતો શું છે તે ધ્યાનમાં લઈને ફરિયાદનો નિકાલ કરનાર ગ્રાહક ફોરમ નીચેના પૈકી એક કે તેથી વધુ રાહતો માટેના આદેશો કરે છે.

૧. ખરીદ કરવામાં આવેલા માલ સામાનમાં રહેલી ક્ષતિ દૂર કરવી.

૨. ખરીદ કરવામાં આવેલો માલ સામાન બદલી આપવો.

૩. ખરીદ કરવામાં આવેલા માલ સામાનની કિંમત પર ચૂકવવી.

૪. ગ્રાહકને જે કંઈ નુકસાન કે ઇજા પહોંચેલ હોય તે અંગે વળતર ચૂકવવું.

૫. માલસામાનમાં રહેલી ક્ષતિ કે સેવામાં રહેલી ઉણપ દૂર કરવી.

૬. અનુચિત વેપાર પ્રથા અથવા નિયંત્રિત વેપાર પ્રથા બંધ કરવી અથવા તેનું પુનરાવર્તન ન થાય તે અંગે સૂચના કરવી.

૭. નુકસાન પહોંચાડે તેવા (ભયપ્રદ) માલ સામાનને વેચાણ માટે ન મુકવો.

૮. નુકસાન પહોંચાડે તેવા (ભયપ્રદ) માલ સામાનને વેચાણમાંથી પરત ખેંચી લેવો.

૯. પક્ષકારોને થયેલ ખર્ચ સંબંધી પર્યાપ્ત રકમ ચુકવવા આદેશ કરવો.

**ગ્રાહક અદાલતોનું માળખું :**

આ કાયદા નીચે ગ્રાહકની ફરિયાદના સરળ, ઝડપી અને બિન-ખર્ચાળ નિકાલ માટે, ત્રિસ્તરીય અર્ધ-ન્યાયિક વ્યવસ્થા, જેને સામાન્ય રીતે લોકોમાં ગ્રાહક અદાલતો તરીકે ઓળખવામાં આવે છે તેની રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાએ રચના કરવામાં આવી છે. આ અદાલતો મારફતે નુકસાની કે ખામીવાળા માલસામાન કે ક્ષતિયુક્ત સેવાઓ સંબંધી ગ્રાહકોની તકરારનો, જેમાં ગેરવાજબી અને નિયંત્રિત વેપારી પદ્ધતિઓનો પણ સમાવેશ થાય છે તેનો વિના મૂલ્યે ઉકેલ લાવવામાં આવે છે.

રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ કમિશન જેને ટૂંકમાં રાષ્ટ્રીય કમિશનના નામે ઓળખવામાં આવે છે તે નવી દિલ્હી ખાતે કાર્યરત છે. દરેક રાજ્યમાં રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક કરાર નિવારણ કમિશન જેને રાજ્ય કમિશન તરીકે ઓળખવામાં આવે છે તે સ્થાપવામાં આવેલ છે. તે જ રીતે દેશમાં તમામ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ છે. જેને જિલ્લા ફોરમ તરીકે ઓળખવામાં આવે છે.

આ કાયદાની જોગવાઈઓ દેશમાં પ્રવર્તમાન સમયમાં જે કોઈ કાયદાઓ અમલમાં હોય તેની જોગવાઈઓની ઉપર વધારાની જોગવાઈઓ સ્વરૂપે છે, નહિ કે, તેમનાં હકમાં કોઈ ઘટાડા સ્વરૂપે.

**ગ્રાહક કોણ છે ?**

કોઈપણ વ્યક્તિ જે કોઈ ચીજ વસ્તુ ખરીદે છે અથવા ખરીદવા માટે વચનબદ્ધ થાય છે જે માટે તે કંઈક કિંમત ચૂકવે છે, જે ચૂકવવામાં આવી હોય અથવા તો તે માટે વચન આપવામાં આવ્યું હોય, અથવા અંશતઃ કિંમત ચૂકવી હોય અને અંશતઃ ચૂકવવાનું વચન આપવામાં આવ્યું હોય. અથવા તો પાછળથી ચુકવણું કરવાની કોઈ પદ્ધતિ નીચે તેની ખરીદી કરવામાં આવી હોય. વળી ગ્રાહકમાં એવી વ્યક્તિનો પણ સમાવેશ થાય છે. જે ખરેખર ખરીદવામાં આવેલી ચીજવસ્તુઓનો ઉપયોગ / ઉપભોગ કરે છે. તે વ્યક્તિ ખરેખર ખરીદી કરનાર વ્યક્તિ કરતાં ભિન્ન વ્યક્તિ હોઈ શકે અને તે ખરીદ કરેલ ચીજવસ્તુઓ, ખરીદ કરનાર વ્યક્તિની સંમતિથી ઉપયોગ / ઉપભોક કરવામાં આવ્યો હોય. પરંતુ જો કોઈપણ વ્યક્તિ વેપારી હેતુ માટે કે પુનઃ વેચાણ કરવાના ઉદ્દેશથી જો ચીજ વસ્તુની ખરીદી કરે તો તે વ્યક્તિને ગ્રાહક ગણવામાં આવતી નથી. પરંતુ તેમાં પણ અપવાદ છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ, સ્વ-રોજગારીના માધ્યમથી પોતાના જીવનનિર્વાહ કરવા માટે, વેચાણ કરવાના ઉદ્દેશથી ચીજવસ્તુની ખરીદી કરે તો તે ગ્રાહક જ છે. ઉદાહરણ તરીકે, એક કિસ્સામાં એવું બન્યું કે એક મહિલા ખરીદદારે, કોઈ મોટા પાયાના ધંધા - વ્યવસાય માટે નહિ કે કોઈ વેપારી હેતુ માટે નહિ, પરંતુ સંપૂર્ણપણે પોતાના જીવન નિર્વાહ માટે આવક મેળવવાના હેતુથી, એક ફોટો કોપિયર મશીન (ઝેરોક્ષ મશીન) ખરીદ કર્યું તો તે પ્રવૃત્તિ વ્યાપારી પ્રવૃત્તિ ગણાય નહિ અને તેણીને ગ્રાહક જ ગણવામાં આવી. (સેક્રેટરી, કન્ઝ્યુમર ગાઈડ લાઈન્સ એન્ડ રિસર્ચ સોસાયટી ઓફ ઇન્ડિયા - વિરુદ્ધ - મેસર્સ બી.પી. એલ. ઇન્ડિયા લીમિટેડ - ૧ (૧૯૯૨) સી.પી.જે. ૧૦ એન.સી.).

"સેવાઓ" ના સંદર્ભમાં ગ્રાહક એટલે એવી વ્યક્તિ જ કોઈ ચુકવણીની સામે, અમુક પ્રકારની સેવાઓ ભાડેથી મેળવે છે. અથવા કોઈપણ પ્રકારની સેવાઓ પ્રાપ્ત કરે છે. જેના માટે ચૂકવણી કરવામાં આવી હોય છે અથવા ચૂકવણી કરવાનું વચન આપવામાં આવ્યું હોય છે અથવા તો અંશતઃ ચુકવણું કરવામાં આવ્યું હોય બાકીની ચૂકવણી કરવાનું વચન આપવામાં આવ્યું હોય, અથવા કોઈ વ્યવસ્થા નીચે ચૂંકવણું મોડેથી / પાછળથી કરવાનું હોય. ઉપરાંત ખરેખર જે વ્યક્તિએ સેવાઓ ભાડેથી મેળવી હોય અથવા મૂલ્ય ચૂકવીને સેવાઓ મેળવી હોય તે વ્યક્તિએ પણ જો આ સેવાઓનો લાભ મેળવ્યો હોય અને તેમ કરવામાં જે વ્યક્તિએ સેવાઓ ભાડેથી મેળવી છે અથવા ચૂકવણું કરીને મેળવી છે તેની સંમતિ મેળવેલ હોય તો તે સેવાઓનો લાભ મેળવનાર ઉપભોક્તા પણ "ગ્રાહક"ની વ્યાખ્યામાં આવી જાય છે.

**સેવા શું છે ?**

આ કાયદામાં સેવાઓ એટલે કોઈપણ પ્રકારની સેવાઓ, જે તેના સંભવિત વપરાશકારો માટે ઉફલબ્ધ કરવામાં આવે છે. અને તેમાં બેન્ક, નાણાંકીય સંસ્થા, વીમા, વાહન વ્યવહાર, પ્રક્રિયા કરતી સંસ્થાઓ, વિદ્યુત કે અન્ય ઉર્જાના ઉપલબ્ધકર્તાઓ, રહેવા-જમવાની કે બંને પ્રકારની વ્યવસ્તા, મનોરંજન કે આનંદ-પ્રમોદ અથવા સમાચાર કે અન્ય માહિતી ઉપલબ્ધ કરનારાઓ વગેરેને લગતી સુવિધાઓની સેવાઓનો પણ સમાવેશ થાય છે. એ નોંધવાનું ખાસ અગત્યનું છે કે મફત / વિના મૂલ્યે ઉપલબ્ધ કરાતી કોઈપણ સેવા તેમજ અંગત સેવાના કરાર હેઠળની સેવાઓનો તેમાં સમાવેશ થતો નથી.

ગ્રાહક સુરક્ષા ધારા નીચે ગ્રાહક પોતાના ડોક્ટર, વકીલ, કરવેરા સલાહકાર, દરજી અથવા એવી કોઈપણ સેવા કે જને માટે તેણે ચુકવણું કરેલ છે અને છતાં તેને એમ જણાય છે કે તેને પોતાને તે સેવાઓ મારફતે જે મળવું જોઈએ તે મળ્યું નથી તો તે વ્યક્તિ તે બાબતે ફરિયાદ નોંધવી શકે છે. આ બધી બાબતોમાં ગ્રાહકોની તકરારો સાંભળવામાં આવે છે. અને ગ્રાહક ફોરમોએ જુદા જુદા ભાગોમાં જરૂરી આદેશો પણ કરેલ છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો :

- ખાનગી ડૉક્ટરો દ્વારા અપાતી સેવાઓ પણ કાયદાની જોગવાઈઓ નીચે આવરી લેવાય છે.
- આ કાયદાની જોગવાઈ મુજબ શિક્ષણ એ પણ એક પ્રકારની સેવા છે.
- લગ્ન માટે હોલ ભાડે મેળવવો એ પણ એક પ્રકારની સેવા જ છે.

**વેપારી કોણ છે ?**

કોઈપણ વ્યક્તિ જે માલસામાનનું વેચાણ કે વિતરણ કરે છે અથવા તો આવા માલસામાનનું ઉત્પાદન કરે છે, તેમજ જે માલસામાન પેકીંગ સ્વરૂપે વેચાય છે તેનું પેકીંગ કરે છે તે વ્યક્તિ વેપારી છે.

**ક્ષતિ એટલે શું ?**

ક્ષતિ એટલે ચીજવસ્તુની ગુણવત્તા કે જથ્થા કે પ્રકાર કે તેના ઉપયોગની પદ્ધતિમાં રહી ગયેલી કોઈ ભૂલ, અપૂર્ણતા અથવા ઊણપ, જે પ્રકારની ગુણવત્તા, જથ્થો, પ્રકાર કે ઉપયોગની પદ્ધતિ કોઈ પણ કાયદા નીચે અગર સંબંધિત વેપારી, તે ચીજ વસ્તુના સંદર્ભે કોઈપણ પ્રકારે તેવો દાવો કરતો હોય તે પ્રમાણે નિભાવવાની થતી હોય, દાખલા તરીકે, કોઈપણ ચીજ વસ્તુની લેવડ-દેવડમાં/ વેચાણમાં કોઈ હકીકતમાં છૂપાવવામાં કે દબાવી દેવામાં આવે તો તે માલ સામાનની ક્ષતિ ગણાય.

**ઊણપ શું છે ?**

સેવામા ઊણપ કે ક્ષતિ એટલે સેવાની ગુણવત્તા, પ્રકાર કે ઉપયોગની પદ્ધતિ જે કોઈપણ કાયદા નીચે અથવા તો કોઈ કરાર નીચે કે અન્યથા, જે કોઈ વ્યક્તિએ તેમની દ્વારા ઉપલબ્ધ કરાતી સેવા અંગે ખાતરી આપી હોય તેમાં ક્ષતિ, ભૂલ, અપૂર્ણતા, ઊણપ કે પૂરતા પ્રમાણમાં સેવાનો અભાવ.

**ગેરવાજબી વેપારી પદ્ધતિ શું છે ?**

ગેરવાજબી વેપારી પદ્ધતિ એટલે એવી વેપારી પદ્ધતિ, જે કોઈ પણ ચીજ વસ્તુના વેચાણ વધારવાના હેતુથી કે વપરાશ વધારવાના હેતુથી અથવા તેનો પૂરવઠો વધારવાના હેતુથી અને તે પ્રકારે તેવા માલસામાન કે સેવાના ગ્રાહકને ઈજા પહોંચાડવી. તે આમાં નીચેનાનો સમાવેશ થાય છે.

૧. કોઈપણ ચીજવસ્તુનાં ધોરણો, કક્ષા, પદ્ધતિ, નમુના અથવા બનાવટ વિશે ખોટી રજૂઆત.

૨. એવી ખોટી રજૂઆત કે સંબંધિત સેવાઓ અમુક ધારાધોરણ મુજબની, અમુક ગુણવત્તાવાળી કે અમુક કક્ષાની છે.

૩. એવી ખોટી રજૂઆત કે કોઈ પુનઃ નિર્માણ કરવામાં આવેલ, સેકન્ડ હેન્ડ (જૂની), નવીનીકરણ કરેલ, પુનઃ સંસ્થાપિત કરેલ જુના માલસામાનને નવો માલસામાન જાહેર કરવો.

૪. એવી ખોટી રજૂઆત કે અમુક માલસામાનને કે સેવાઓને કોઈએ સ્પોન્સર કરેલ છે. અથવા કોઈએ મંજૂરી આપેલ છે, અથવા તેની સિદ્ધિઓ, લાક્ષણિકતાઓ, તેના નાના-મોટા કુરજાઓ (છૂટા ભાગો) છે. તેના વપરાશથી અમુક લાભ છે પરંતુ ખરેખર આમાંનું કશું ન હોય.

૫. કોઈપણ માલ કે સેવાઓની જરૂરિયાત કે ઉપયોગિતા સંબંધી ગેરમાર્ગે દોરે તેવું વિધાન કે રજૂઆત.

૬. કોઈપણ માલ સામાન સંબંધી તેની સિદ્ધિ અસરકારકતા અથવા ટકાઉપણા સંબંધી ખાતરી કે જામીનગીરી આપવી પરંતુ તે પરિપૂર્ણ ન કરવામાં આવે તે.

૭. કોઈપણ ચીજવસ્તુ કે સેવાઓ બાબતે અથવા અન્ય વ્યક્તિના વેપાર સંબંધે કિંમત વગેરેમાં જાહેર જનતાને ગેરમાર્ગે દોરવામાં આવે.

૮. એવી વેપારી પદ્ધતિ, જેમાં જાહેર ખબર દ્વારા અમુક ઘટાડેલી કિંમત દર્શાવીને લોકોને છેતરવામાં આવે.

**ઉત્પાદક કોણ છે ?**

ઉત્પાદક એટલે એવી વ્યક્તિ જે કોઈ ચીજ વસ્તુ અથવા તેના અમુક ભાગોનું ઉત્પાદન કરે છે. અથવા તે બનાવે છે. જો આવા ભાગો બીજા કોઈએ બનાવ્યા હોય અને તે વ્યક્તિ, માત્ર આવા જુદા જુદા ભાગોને ભેગા કરીને અંતે જે વસ્તુ બનાવે તે, સંબંધિત વસ્તુનું અંતિમ સ્વરૂપ હોવાનો તેમનો દાવો હોય તો તે ઉત્પાદક જ છે. પરંતુ જો આવા જુદા જુદા ભાગોન ઉત્પાદકની વડી કચેરીએથી મોકલાવીને તેનું એકત્રીકરણ કોઈ શાખા ઓફિસમાં થતું હોય તો પણ તેને ઉત્પાદક કહી શકાય નહિ.

**વ્યક્તિ કોણ છે ?**

કાયદો હકનું રક્ષણ કરે છે. પરંતુ હકો કોઈના રક્ષાય છે. આ કાયદા નીચે, કોઈ પેઢી તે નોંધાયેલી હોય કે ન હોય, હિંદુ સંયુક્ત (અવિભક્ત) કુટુંબ, કોઈ સહકારી મંડળી અને વ્યક્તિઓની બનેલી મંડળીઓની નોંધણી અંગેના ૧૮૬૦ના કાયદા નીચે નોંધાયેલા કે નહિ નોંધાયેલાં મંડળો - આ બધાને આ કાયદા નીચે વ્યક્તિની વ્યાખ્યામાં આવરી લેવામાં આવેલ છે.

## કેટલી રકમના મૂલ્ય માટેની ફરિયાદ કયાં નોંધાવવી ?

ફરિયાદમાં કેટલી રકમ સંડોવાયેલી છે તેના ઉપર આધારિત, કોઈપણ ગ્રાહક જો તેને એમ જણાય કે તેને સાચે જ છેતરવામાં આવ્યો છે અથવા બનાવટ કરવામાં આવી છે. અથવા કોઈપણ પ્રકારે તેને હેરાનગતિ કરવામાં આવી છે, તો તે તેને ઉપલબ્ધ એવી યોગ્ય તે ફોરમમાં પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.

- સંબંધિત ચીજવસ્તુ કે સેવાની કિંમત તેમજ જેટલી રકમનું વળતર માંગવામાં આવ્યું છે તે રકમ જો રૂપિયા પાંચ લાખ (રૂ, ૫,૦૦,૦૦૦) સુધીની હોય તો તેની ફરિયાદ જિલ્લા કક્ષાની ફોરમમાં નોંધાવી શકાય છે. આ માટેનો જિલ્લો અંશતઃ કે સંપૂર્ણપણે કાર્યવાહી કરવા માટેનું જ્યાં કારણ ઉપસ્થિત થયું હોય અથવા જ્યાં સામાવાળી વ્યક્તિ / પક્ષકાર રહેતા હોય તેવો જિલ્લો છે. વળી સામાવાળા પક્ષકાર જે સ્થાનેથી પોતાનો કારોબાર ચલાવતા હોય અથવા જ્યાં તેમની શાખા કચેરી આવેલી હોય તે સ્થાને પણ ફરિયાદ નોંધાવી શકાય છે.

- સંબંધિત ચીજવસ્તુ કે સેવાની કિંમત તેમજ જેટલી રકમનું વળતર માંગવામાં આવ્યું છે તે રકમ જો રૂપિયા પાંચ લાખ કરતાં વધુ અને રૂપિયા વીસ લાખ કરતાં ઓછી હોય તો રાજ્ય કમિશન સમક્ષ ફરિયાદ નોંધાવી શકાય.

- સંબંધિત ચીજવસ્તુ કે સેવાની કિંમત તેમજ જેટલી રકમનું વળતર માંગવામાં આવ્યું છે તે રકમ જો રૂપિયા વીસ લાખ કરતાં પણ વધુ હોય તો તે અંગેની ફરિયાદ રાષ્ટ્રીય કમિશન, નવી દિલ્હી ખાતે નોંધાવી શકાય છે.

આ બધી બાબતો ઉપરાંત, ભારતની સુપ્રિમ કોર્ટ એ આખરી અપીલ માટેનું સ્થાન છે. આમ પણ, ભારતના સંવિધાનની કલમ ૨૨૬ અને ૩૨ અનુસાર, કોઈપણ કાયદાની જોગવાઈઓની જ સામે વાંધો ઉઠાવવાનો હોય અથવા તો તેને પડકારવાની હોય તો અનુક્રમે હાઈખોર્ટ અને સુપ્રિમ કોર્ટ જ હંમેશાં રીટ અરજી દાખલ કરવા માટેનું કાયદાકીય ક્ષેત્ર છે.

## ફરિયાદમાં શું આવે ?

આ કાયદા નીચે, ફરિયાદ એટલે નીચેના પૈકી એક કે વધુ બાબતે ફરિયાદીએ લેખિતમાં કરેલ આરોપ :

- કાયદામાં વ્યાખ્યાયિત કર્યા મુજબની કોઈ અનુચિત વેપાર પ્રથા અથવા નિયંત્રિત વેપાર પ્રથાઓ, જેવી કે, કોઈપણ વેપારી દ્વારા પ્રયોજવામાં આવેલ એકની સાથે બીજાનું જોડાયેલું વેચાણ.

- માલસામાનમાં એક કે વધુ ક્ષતિઓ, એવો માલસામાન કે જે વપરાશમાં લેતાં જિંદગી માટે કે સલામતી માટે ખતરારૂપ હોય તે જાહેર જનતા માટે, તે સમયે જે કોઈ કાયદો અસ્તિત્વમાં હોય તેની જોગવાઈઓની વિરુદ્ધ જઈને, વેચાણ માટે મુકવો.

- સેવામાં ઊણપો.
- વ્યાપારી દ્વારા વધારે કિંમતની વસુલાત
  - જે જે - તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા દ્વારા નિયત કરવામાં આવી હોય.
  - જે માલસામાન ઉપર દર્શાવાઈ હોય.
  - જે માલસામાન ધરાવતા કોઈ પેકેટ પર દર્શાવવામાં આવી હોય.

## ફરિયાદ કોણ કરી શકે ?

આ કાયદા નીચે નીચેની વ્યક્તિઓ ફરિયાદ કરી શકે :

- ગ્રાહક
- મંડળીઓની નોંધણી સંબંધી કાયદો, ૧૮૬૦ નીચે અથવા કંપની ધારો, ૧૯૫૬ નીચે અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા નીચે નોંધાયેલી સ્વૈચ્છિક ગ્રાહક સંસ્થા.
- ભારત સરકાર
- રાજ્ય સરકાર અથવા કેન્દ્રિ શાસિત પ્રદેશ.
- સમાન હિત ધરાવતા અનેક ગ્રાહકો પૈકી એક અથવા વધુ ગ્રાહકો (સમગ્ર જાતિની સંયુક્ત ફરિયાદ)

ઉપર દર્શાવેલ પૈકી કોઈની પણ દ્વારા ફરિયાદ દાખલ કરાવી શકાય છે. વ્યક્તિઓ તરીકે પણ તમે અદાલતમાં જઈ શકો છો, અથવા જાહેર હિતની તકરાર તરીકે કોઈ એક મંડળ / સંગઠન મારફતે અથવા જો સમાન હિતને સંબંધી તકરાર હોય તો એક અથવા વધુ ગ્રાહકો દ્વારા ફરિયાદ કરી શકાય. અહીંયા જાહેર હિતની અરજીની વિભાવના ઉજાગર કરવામાં આવી છે. આ કાયદા નીચે, છેવટે સરકાર પોતે પણ પોતાની મેળે જ (Suo Motu) પગલાં લઈ શકે છે.

## ફરિયાદ દાખલ કરવા માટે શું કાર્યવાહી કરવાની હોય છે ?

- જિલ્લા ફોરમ, રાજ્ય કમિશન કે રાષ્ટ્રીય કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરવા માટે કોઈ કોર્ટ ફી ભરવાની હોતી નથી.

- ફરિયાદી પોતે અથવા તેના તરફથી અધિકૃત કરવામાં આવેલ કોઈ એજન્ટ / વ્યક્તિ હાથોહાથ ફરિયાદની અરજી રજૂ કરી શકે છે. આમાં વકીલ રોકવાનું ફરજિયાત કે આવશ્યક નથી. ઉપરાંત ગ્રાહક સંગઠનને પણ કેસ રજૂ કરવા માટે અધિકૃત કરી શકાય છે.

- યોગ્ય તે ફોરમ / કમિશનને ફરિયાદ ટપાલ મારફતે પણ મોકલી શકાય છે.

## ફરિયાદમાં શું આવવું જોઈએ ?

જો કે ફરિયાદ માટે કોઈ નિયત નમૂનો દર્શાવવામાં આવેલ નથી. તો પણ સંબંધિત ગ્રાહક અદાલતના પ્રમુખને ઉદ્દેશીને રજૂ કરવામાં આવેલી તમારી ફરિયાદમાં નીચેની બાબતો સ્પષ્ટ થવી જોઈએ.

(ક) ફરિયાદીનું નામ, વર્ણન, સરનામું.

(ખ) સામાવાળા પક્ષ કે પક્ષો / પક્ષકારો (જે લાગુ પડે તે) નાં નામ, વર્ણન અને સરનામાં જેટલાં પ્રમાણમાં મેળવી શકાય તેટલા પ્રમાણમાં.

(ગ) ફરિયાદ સંબંધી નક્કર હકીકતો અને તે ક્યારે અને ક્યાં બન્યું તે.

(ઘ) ફરિયાદમાં જે આક્ષેપ કરવામાં આવેલ હોય તેના સમર્થનમાં જો કોઈ દસ્તાવેજ હોય તો તે.

(ચ) ફરિયાદી શું / કયા પ્રકારની રાહતની માગણી કરે છે તે.

ફરિયાદની અરજીમાં ફરિયાદીએ પોતે અથવા તેના અધિકૃત એજન્ટે સહી કરવી જોઈએ.

**સમય મર્યાદા :**

આવી ફરીયાદ માટે પગલાં લેવા માટેનું કારણ ઉપસ્થિત થયું ત્યારથી માંડી બે વર્ષની અંદર ફરિયાદ દાખલ કરવી જોઈએ. આ સમયગાળાની બાબતે, ગુણવત્તાને ધોરણે સંબંધિત તકરાર નિવારણ એજન્સી છૂટછાટ આપી શકે છે.

**અપીલ દાખલ કરવા માટેની પદ્ધતિ :**

- જિલ્લા ફોરમના નિર્ણય સામેની અપીલ રાજ્ય કમિશન સમક્ષ ૩૦ દિવસની અંદર દાખલ કરી દેવી જોઈએ. રાજ્ય કમિશનના નિર્ણય સામેની અપીલ રાષ્ટ્રીય કમિશન સમક્ષ ૩૦ દિવસની અંદર દાખલ કરી દેવી જોઈએ. રાષ્ટ્રીય કમિશનના નિર્ણય સામેની અપીલ આ નિર્ણયના આદેશના ૩૦ દિવસની અંદર સુપ્રિમ કોર્ટ સમક્ષ દાખલ કરી દેવી જોઈએ. સંબંધિત તકરાર નિવારણ એજન્સી આ સમય મર્યાદાની બાબતમાં ગુણવત્તાને ધોરણે છૂટછાટ આપી શકે છે.
- રાજ્ય કમિશન કે રાષ્ટ્રીય કમિશન સમક્ષ અપીલ કરવા માટે કોઈ કોર્ટ ફી ચૂકવવાની હોતી નથી.
- ફરિયાદ દાખલ કરવાની જેમ અપીલ દાખલ કરવાની પદ્ધતિ તો એક સરખી જ છે, પરંતુ અપીલની અરજીની સાથે સંબંધિત જિલ્લા ફોરમ કે રાજ્ય કમિશન (જે લાગુ પડતું હોય તે) ના આદેશની નકલ સામેલ રાખવી જોઈએ, તેમજ અપીલ કરવા માટેનાં કારણો પણ સ્પષ્ટ કરવાં જોઈએ.

**ઝડપી નિકાલ :**

ગ્રાહક તકરારનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા માટે :

- ફરિયાદ દાખલ કરનાર માટે કે અપીલ દાખલ કરનાર માટે અગર તેમના અધિકૃત એજન્ટ માટે તેમજ સામાવાળા પક્ષકારોને માટે પણ કેસની સુનાવણી વખતે સંબંધિત ફોરમ/ કમિશન સમક્ષ કેસની સુનાવણીની તારીખે અગર કેસની બીજી કોઈ તારીખની મુદત પડે તે મુદતે રૂબરૂ હાજર રહેવું જરૂરી છે.

- રાષ્ટ્રીય કમિશને, રાજ્ય કમિશને અને જિલ્લા ફોરમે, જ્યારે ફરિયાદમાં ચીજવસ્તુનું કોઈ પૃથક્કરણ કે તપાસ કરાવવાનું જરૂરી ન હોય ત્યાં, સામાવાળા પક્ષકારને નોટીસ પહોંચ્યાના ૯૦ દિવસની અંદર શક્ય હોય ત્યાં સુધી, તેમજ આવું પૃથક્કરણ કે તપાસ જરૂરી હોય ત્યાં શક્ય હોય ત્યાં સુધી ૧૫૦ દિવસની અંદર કેસનો નિકાલ લાવવાનું જરૂરી છે.
- જ્યારે સામાવાળા પક્ષકાર કે તેમના એજન્ટ સુનાવણીની તારીખે હાજર રહેવામાં નિષ્ફળ જાય તો કમિશન ફોરમ એક પક્ષીય રીતે ફરિયાદનો નિકાલ કરી શકે છે.
- સામાન્ય રીતે એક કરતાં વધારે મુદત આપવાની નથી.

**ગ્રાહક અદાલતની સમક્ષ જવાના ફાયદા :**

- દિવાની અદાલતની સરખામણીમાં ફરિયાદનો નિકાલ સરળ ઝડપી અને બિનખર્ચાળ છે. દિવાની અદાલતની જેમ અહીંયા ફરિયાદી ગ્રાહકોએ નાના ના દાવા માટે ન્યાય મેળવવા માટે લાંબા સમય સુધી રાહ જોવાની રહેતી નથી.
- રાહત મેળવવા માટે, હકીકતો દર્શાવતી અને સાથે દસ્તાવેજો સહિતની સાદી ફરિયાદ પર્યાપ્ત છે.
- ફરિયાદ રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી શકાય છે.
- જે સ્થાને ફરિયાદનું કારણ પૂર્ણતઃ અથવા અંશતઃ ઉદ્ભવ્યું તે સ્થાને અથવા જ્યાં સામા પક્ષકારો રહેતા હોય તે સ્થાને અથવા તેઓ જ્યાં ધંધો / વ્યવસાય કરતા હોય તે સ્થાને કે તેની શાખા / કચેરીના સ્થાને ફરિયાદ દાખલ કરી શકાય છે.
- ન્યાય તદ્દન મફત મળે છે. કોર્ટ ફીની જરૂર નથી.
- વકીલને રોકવાનું પણ ફરજિયાત નથી. ગ્રાહકની વતી અગર સામા પક્ષકાર વતી કોઈ અધિકૃત એજન્ટ પણ ચાલી શકે છે.
- સમય મર્યાદામાં કેસનો નિકાલ, એટલે કે શક્ય હોય ત્યાં સુધી, સામા પક્ષકારોને નોટિસ પહોંચ્યાના ૯૦ દિવસની અંદર, અને જે કિસ્સામાં પરીક્ષણો જરૂરી હોય ત્યાં ૧૫૦ દિવસની અંદર કેસનો નિકાલ કરવાનો હોય છે.
- દરેક જિલ્લામાં ગ્રાહક અદાલત છે. દરેક રાજ્યમાં રાજ્ય કમિશન છે અને નવી દિલ્હી ખાતે સ્થિત રાષ્ટ્રીય કમિશન છે.

**યોગ્ય /સંબંધિત ફોરમ / કમિશનનાં સરનામાં :**

રાષ્ટ્રીય કમિશન માટેનું સરનામું નીચે પ્રમાણે છે.

**રાષ્ટ્રીય કમિશન,**
પમો માળ, જનપથ ભવન,
કોનોટ પ્લેસ, નવી દિલ્હી ૧૧૦૦૦૧

રાજ્ય કમિશનોનાં કે જિલ્લા ફોરમ માટેનાં સરનામાં જે - તે વિસ્તારમાં કાર્યરત ગ્રાહકો માટેનાં સ્વૈચ્છિક સંગઠનો પાસેથી, જિલ્લા કલેકટર કચેરીથી / મેજિસ્ટ્રેટ કચેરીથી, સંબંધિત રાજ્યના ગ્રાહક સંબંધી ખાતના સચિવશ્રી પાસેથી અથવા નીચેના સરનામેથી મેળવી શકાશે :

કન્ઝ્યુમર પ્રોટેક્શન યુનિટ (ગ્રાહક સુરક્ષા એકમ)
ગ્રાહકની બાબતો સંબંધી વિભાગ,
કૃષિ ભવન, નવી દિલ્હી ૧૧૦ ૦૦૧

**જાગૃત ગ્રાહકો પોતાનું રક્ષણ પોતે જ કરી શકે છે :**

અહીંયા ગ્રાહકોનાં હિતોની રક્ષા કરવા માટેનો જ અલાયદો સંપૂર્ણ કાયદો બની ગયો છે. તેજ રીતે, વિના મૂલ્યે ગ્રાહકોની તકરારના નિવારણ માટે, દેશભરમાં ગ્રાહક અદાલતો પણ અસ્તિત્વમાં છે. કેન્દ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષાએ સરકારો તેમના પ્રયાસો આ કાયદાને તેમજ ગ્રાહક અદાલતોને વધારે અસરકારક બનાવવાની દિશામાં પ્રવૃત્તિ કરી રહેલ છે. સરકારી પ્રયાસો, વિવિધ એજન્સીઓ મારફતે ગ્રાહકોમાં વધારે જાગૃતિ લાવવા માટે સતત ક્રિયાશીલ છે. હવે ગ્રાહકોનું કલ્યાણ તેમના પોતાના જ હાથમાં છે. જો ગ્રાહકો જાગૃત હોય, જવાબદાર હોય અને પોતાના હક સંબંધી આગ્રહી હોય, હલકી કક્ષાના માલસામાનનો વિરોધ કરે કે તેને નકારે, અને જ્યાં જરૂરીયાત જણાય ત્યાં ગ્રાહક અદાલતોનો આશરો લઈ ન્યાય મેળવવા માટે ખચકાટ ન અનુભવે તો ઉત્પાદકો, વેપારીઓ અને સેવા ઉપલબ્ધ કરવા વાળાઓ તેમને ખિસ્સામાં રાખીને ચાલી શકે નહિ અને ધોરણસરનો માલસામાન કે સેવાઓ ઉપલબ્ધ કરવાની તેમને ફરજ પડશે. તેથી જાગૃત ગ્રાહકો જેઓ પોતાના હકો અને જવાબદારીઓ પરત્વે જાણખાર છે તેઓ જ માત્ર પોતાની સુરક્ષા કરી શકે એટલું જ નહિ પરંતુ ગ્રાહકોની સર્વોપરીતાને એક વાસ્તવિકતા બનાવી શકશે.

# પરિશિષ્ટ
# (Appendix)

## ગ્રાહક સુરક્ષા અધિનિયમનું અમલીકરણ : એક દૃષ્ટાંત

### ડૉક્ટરની બેદરકારીથી પગ ગુમાવ્યો

શ્રીમાન કે. શંકરને જમણા પગે, ઢીંચણની નીચે દુ:ખાવો થતો હતો. તેઓએ તેની સારવાર માટે ડૉ. અનુમલ્લ સત્યનારાયણના ખાનગી દવાખાનાની મુલાકાત લીધી. તપાસ બાદ, શ્રી શંકરને તેના નર્સિંગ હોમમાં ૬ દિવસ માટે દાખલ કરવામાં આવ્યા. પરંતુ ત્યાં તેમની પરિસ્થિતિ બગડતી ચાલી. તેથી શ્રી શંકર પોતાની જાતે જ, એપોલો હોસ્પિટલમાં સારવાર લેવા માટે હૈદરાબાદ ગયા. અહીંયા, ડૉક્ટરોએ તેમના જમણા પગમાં ગેંગેરીન થયું હોવાનું નિદાન કરીને તેમને તુરત જ સાથળ સુધીનો પગ કાપી નાખવાનું સૂચન કર્યું. તેમણે એ પણ નોંધ કરી કે શ્રી શંકર ડાયાબિટિસના દર્દી હતા અને અનિયમિત સારવાર લેતા હતા. અને તેમણે જમણો પગમાં દુ:ખાવો છેલ્લા ચાર વરસથી થતો હતો.

શ્રી શંકરે નિઝામાબાદ પરત આવ્યા પછી જિલ્લા ગ્રાહક ફોરમમાં ફરિયાદ દાખલ કરી અને આક્ષેપ કર્યો કે નર્સિંગ હોમમાં ડૉક્ટરે બેદરકારી દાખવી હતી. ડૉ. સત્યનારાયણે આ આક્ષેપનો ઈનકાર કર્યો અને કહ્યું કે તેમણે પૂરતી કાળજી લીધી હતી. છતાં શ્રી શંકરને ડાયાબિટીસની સાથે સાથે મદ્યપાન અને બીડી-સીગારેટની ટેવને કારણે તેમને જે ચરી પાળવાની સુચના આપવામાં આવી હતી તે તેમણે પાળી ન હતી તે કારણે આમ બન્યું.

આ બધાથી શ્રી શંખર સંમત ન હતા અને તેમણે વળતો આક્ષેપ કર્યો કે તેઓ તીવ્ર પીડાથી રીબાતા હતા તો પણ ડૉ. સત્યનારાયણે કોઈ સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર સાથે પરામર્શ કર્યો ન હતો અને કોઈપણ જાતની રાહત ન હોવા છતાંસ સારવાર આપવાનું ચાલુ રાખ્યું હતું. શ્રી શંકરને છ દિવસ હલનચલન કર્યા વિના ક્લીનીકમાં રાખવામાં આવ્યા હતા અને તેમના જમણા પગે વજન (fraction) લટકાવવામાં આવ્યું હતું અને આ દુ:ખદ દિવસોને કારણે જ તેમને પગ કપાવવો પડ્યો.

જિલ્લા ફોરમે શ્રી શંકરનો કેસ માન્ય રાખ્યો અને તેમને મેડિકલ સારવાર માટે રૂ. ૧૮,૦૦૦નું વળતર અપાવ્યું અને તેમની અપંગતા માટે રૂ. ૩૦,૦૦૦નું વળતર અપાવ્યું. ડૉ. સત્યનારાયણે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં અપીલ કરી, પરંતુ કમિશને જિલ્લા ફોરમના નિર્ણયને બહાલ રાખ્યો (સ્ત્રોત સી.પી. આર. નવે. ડિસેમ્બર ૧૯૯૯).

**ગ્રાહક અદાલતો સમક્ષ ફરિયાદ :**

જો તમે કોઈ ચીજ વસ્તુની ખરીદી કરી હોય અને તેની ગુણવત્તા ઉતરતી કક્ષાની હોય, અથવા તમે અમુક કાર્ય માટે કોઈની સેવા ભાડે રાખી હોય અને તે સેવાઓ તમને સંતોષકારક ન જણાય અને તમે તે માટે ચૂકવણું કર્યું હોય તો તમે ગ્રાહક અદાલત સમક્ષ ફરિયાદ કરવાની પાત્રતા ધરાવો છો.

ઉપર જણાવ્યું છે તે મુજબ, ત્રણ પ્રકારની ગ્રાહક અદાલતો હોય છે :

### જિલ્લા ફોરમ, રાજ્ય કમિશન અને રાષ્ટ્રીય કમિશન

જિલ્લા ફોરમ જિલ્લા કક્ષાએ હોય છે. જિલ્લા ફોરમ રૂ. પાંચ લાખ સુધીના વળતરના કેસો ચલાવે છે. રાજ્ય કમિશનમાં રૂ. પાંચ લાખ અને એક (રૂ. ૫,૦૦,૦૦૧) થી માંડીને રૂ. વીસ લાખ સુધીના વળતરના કેસો ચલાવવામાં આવે છે. રૂપિયા વીસ લાખ કરતાં વધુ કોઈપણ રકમના વળતરના કેસની સુનાવણી રાષ્ટ્રીય કમિશન દ્વારા કરવામાં આવે છે.

## નમુના

ફરિયાદ દાખલ કરવા માટે

૧. જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ

ફરિયાદ નંબર / ૨૦૦

..................................................ની બાબતે

............................................. ફરિયાદી

વિરુદ્ધ

............................................. સામાવાળા પક્ષકારો

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૧૧ હેઠળની ફરિયાદ

વિનયપૂર્વક જણાવવામાં આવે છે કે :

૧. ફરિયાદી ...................................................... છે.

(અહીં ફરિયાદીનો દરજ્જો દર્શાવવો)

૨. સામેવાળા ..................................................... છે.

(અહીં સામેવાળાનો દરજ્જો દર્શાવવો.

૩. ફરિયાદની વીગતો દર્શાવવી :

૪. નુકસાનનો પ્રકાર જણાવવો.

૫. જે નુકસાન થયું છે તેનું મૂલ્ય રૂ. પાંચ લાખથી ઓછું છે કે કેમ તે દર્શાવવું.

૬. આ લેવડ-દેવડ (ખરીદી વગેરે) જે સ્થળે થઈ તે સ્થળ દર્શાવવું, જેથી સાબિત થઈ શકે કે સંબંધિત અદાલતની હકુમત ત્યાં લાગુ પડે છે.

૭. માગણી કે રજૂઆત

તારીખ ................

અરજદારની સહી ...................

**૨. રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ.**

ફરિયાદ નં. . . ..../૨૦૦

..................................................ની બાબતે

............................................. ફરિયાદી

વિરુદ્ધ

............................................. સામાવાળા પક્ષકારો

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૧૧ હેઠળની ફરિયાદ

વિનયપૂર્વક જણાવવામાં આવે છે કે :

૧. ફરિયાદી ................................................. છે.

(અહીં ફરિયાદીની દરજ્જો દર્શાવવો)

૨. સામેવાળા ................................................ છે.

(અહીં સામેવાળાનો દરજ્જો દર્શાવવો)

૩. તકરારની વિગતો દર્શાવવી.

૪. નુકસાનનો પ્રકાર દર્શાવવો.

૫. જે નુકસાન થયું છે તેનું મૂલ્ય રૂ. પાંચ લાખથી વધુ છે તે દર્શાવવું.

૬. આ લેવડ-દેવડ (ખરીદી વગેરે) જે સ્થાને થઈ તે સ્થળ દર્શાવવું. જેથી સાબિત થઈ શકે કે સંબંધિત અદાલતની હકુમત ત્યાં લાગુ પડે છે.

૭. માગણી કે રજૂઆત

તારીખ ....................

અરજદારની સહી .....................

**૩. રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ.**

ફરિયાદ નંબર / ૨૦૦

..........................................................ની બાબતે

.......................................................... ફરિયાદી

વિરુદ્ધ

.......................................................... સામાવાલા પક્ષકારો

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૧૧ હેઠળની ફરિયાદ

વિનયપૂર્વક જણાવવામાં આવે છે કે :

૧. ફરિયાદી .................................................. છે.

(અહીં ફરિયાદની દરજ્જો દર્શાવવો.

૨. સામેવાળા .................................................. છે.

(અહીં સામેવાળાનો દરજ્જો દર્શાવવો)

૩. તકરારની વિગતો દર્શાવવી.

૪. નુકસાનનો પ્રકાર જણાવાવો.

૫. એ દર્શાવો કે નુકસાનનું મૂલ્ય રૂ. વીસ લાખથી વધુ છે.

૬. જે સ્થાને લેવડ-દેવડ (ખરીદી વગેરે) થયેલ હોય તે સ્થળ દર્શાવવું, જેથી સાબિત કરી શકાય કે આ સ્થાન રાષ્ટ્રીય કમિશનના કાર્યક્ષેત્રમાં આવે છે.

૭. માગણી કે રજૂઆત

તારીખ .....................

અરજદારની સહી ....................

જો તમને રાષ્ટ્રીય કમિશન કરેલ હુકમની સંતોષ ન થાય તો તે આદેશ મળ્યાના ૩૦ દિવસની અંદર તમે સુપ્રિમ કોર્ટમાં અફીલ દાખલ કરી શકો છો.

## ૨. પર્યાવરણ સુરક્ષા (Environmental Protection)

છેલ્લા ત્રણ દશકામાં પર્યાવરણની દુર્દશાએ ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગે પર્યાવરણના પ્રશ્નોની સંભાળ સને ૧૯૭૦ની દશકામાં લીધી. પરંતુ પર્યાવરણને માટે સતત વધતા જતા ખતરાના પ્રતિભારૂપે ભારત સરકારે સને ૧૯૮૩-૮૪માં પૂરા કદનાં પર્યાવરણ અને વન મંત્રાલય (MOEF) ની રચના કરી. ત્યારથી માંડીને, શ્રેણીબંધ કાયદાઓ રચવામાં આવ્યા છે. અને માર્ગદર્શક સૂચનાઓ જારી કરવામાં આવેલ છે. કોઈપણ પ્રાયોજના હાથ ધરતાં પહેલાં, હવે પ્રોજેક્ટ અંગેના અહેવાલમાં તેની પર્યાવરણીય અસરો દર્શાવવાનું તથા પર્યાવરણને થનાર નુકસાનને ભરપાઈ કરવા માટે લેવાના રક્ષણાત્મક અને ધ્વંસાત્મક ઉપાયો તેમાં સામેલ કરવાનું ફરજિયાત બનાવાયું છે. તાજેતરમાં, સરકારે, એવી પ્રાયોજના કે જેમાં પરિસ્થિતિ વિજ્ઞાનને સંભવિત નુકસાન થવાનું હોય તે હાથ ધરતાં પહેલાં, જાહેર સુનાવણી યોજવાનું નક્કી કર્યું છે.

આપણે એ બાબતની નોંધ લઈએ કે ભારતના સંવિધાનમાં પર્યાવરણ સંબંધી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. ભારતના સંવિધાનનો ભાગ ૫ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સંબંધી છે.

કલમ ૪૭ કહે છે કે "રાજ્ય તેના લોકો અને પોષણનું સ્તર અને જીવન ધોરણ ઊંચું લાવવા માટે તેમજ જાહેર આરોગ્યની સુધારણા માટે પ્રયાસો કરશે." આમાંથી નિષ્પન્ન થતી બાબત વિશે કલમ ૪૮-A કહે છે : "રાજ્ય પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટે તેમજ દેશના જંગલો અને વન્ય જીવનની સુરક્ષા માટે પ્રયાસો કરશે."

સંવિધાનના ભાગ ૪ - અમાં કલમ ૫૧-A(C) હેઠળ ભારતના તમામ નાગરિકો માટે એ મૂળભૂત ફરજ બને છે કે પર્યાવરણનું રક્ષણ કરવું. તે કહે છે "ભારતના દરેક નાગરિકની એ ફરજ બનશે કે જંગલો, સરોવરો, નદીઓ અને વન્યજીવન સહિતના કુદરતી પર્યાવરણની રક્ષા અને સુધારણા કરવી અને તમામ જીવંત પ્રાણીઓ પ્રત્યે અનુકંપા દાખવવી."

કેરાલમાં "સાઈલેન્ટ વેલી પાવર પ્રોજેક્ટ" સુચવવામાં આવ્યો ત્યારે રાષ્ટ્રે સને ૧૯૭૦ના દશકાની શરૂઆતમાં પ્રથમવાર જ વ્યાપક પર્યાવરણીય વિવાદ અનુભવ્યો. આ પ્રાયોજના ઘન વરસાદી જંગલમાં સ્થપાવાની હતી. ઘણા બધા કેળવણીકારો, વૈજ્ઞાનિકો, વકીલો, સામાજિક કાર્યશીલો અને સંબંધિત નાગરિકોએ આ પ્રાયોજનાનો જોરદાર વિરોધ કર્યો. અને ભારત સરકારને ઉચ્ચ કક્ષાની સમિતિ નીમવાની ફરજ પડી. આ સમિતિને સંબંધિત પ્રાયોજનામાંથી મળનારા સંભવિત લાભો તથા તેમાંથી થનારા સંભવિત નુકસાનનો તુલનાત્મક મૂલ્યાંકન અભ્યાસ કરવાની અને તેને આધારે આ પ્રયોજના ચાલુ રાખવા પાત્ર છે. કે બંધ કરવા પાત્ર છે તેની સ્પષ્ટ ભલામણ કરવા માટેની સત્તા આપવામાં આવી હતી. આ સમિતિએ ભલામણ કરી હતી કે પ્રાયોજનની ઘણી ગંભીર પ્રકારે નકારાત્મક પર્યાવરણીય અસરો ઊભી થવાની સંભાવનાના પગલે, તેને રદ કરવામાં આવે.

અત્રે એ દર્શાવવું પ્રાસંગિક બની રહે છે કે દેશના કુલ ભૌગોલિક વિસ્તારનો ત્રીજો ભાગ જંગલ વિસ્તાર નીચે હોવો જોઈએ, જેથી રાષ્ટ્રમાં તંદુરસ્ત કુદરતી પર્યાવરણ જળવાઈ રહે. જો કે વન વિભાગે તો ભારપૂર્વક એમ જણાવ્યા કર્યું કે દેશમાં આવશ્યકતા કરતાં પણ અધિક જંગલ વિસ્તાર છે. પરંતુ સેટેલાઈટ પરથી લેવાયેલી તસવીરોએ પહેલી જ વાર આ ખોટા ખ્યાલનો ભાંડો ફોડી નાખ્યો. આ સેટેલાઈટ તસ્વીરોએ દર્શાવ્યું કે દેશની પાસે તેના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૦ ટકા કરતાં વધુ જંગલ વિસ્તાર નથી. આ સમસ્યાનું મૂળ આપણી પ્રૌદ્યોગિકીમાં રહેલું છે. રાષ્ટ્રભરમાં વન વિભાગે દેશની જંગલ - જમીન ગણાતી ભૂમિને જંગલ વિસ્તાર હેઠળની જમીન ગણાવી, પરંતુ સેટેલાઈટે મોકલેલી તસવીરોએ સ્પષ્ટ દર્શાવ્યું કે આ રીતે જેને જંગલ વિસ્તાર ગણવામાં આવ્યો છે તે પૈકીની મોટાભાગની જમીન તો માત્ર વેરાન ભૂમિ છે. અથવા તો તેનાં જંગલો હવે તદ્દન ઉતરતી કક્ષાનાં બની ગયેલ છે. અંતરીક્ષ વિભાગ દ્વારા હાથ ધરાયેલો આવો પ્રથમ અભ્યાસ સને ૧૯૮૨માં એક મુખ્ય વિવાદનું કારણ બન્યો પરંતુ તે પછી હવે તો "જંગલ હેઠળના પ્રદેશો" નો સેટેલાઈટ દ્વારા તૈયાર નકશો બનાવવાનું દર વર્ષે નિયમિત શરૂ થઈ ગયેલ છે.

સતત ઘટતા જતાં જંગલ વિસ્તારને રોકવાની રાજ્યોની નિષ્ફળતા ધ્યાને લઈ, જંગલોનો વિષય ભારતના સંવિધાનમાં રહેલી સંયુક્ત વિષયોની યાદીમાંથી કેન્દ્ર સરકાર હેઠળના વિષયોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો. નવી જોગવાઈઓ અનુસાર, જંગલ વિસ્તારની જમીનને બિન-જંગલ વિસ્તારની જમીનમાં તબદીલી કરવા ઉપર સૈદ્ધાંતિક રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કોઈપણ જાહેર ક્ષેત્ર કે ખાનગી ક્ષેત્રની પ્રાયોજનામાં જો જંગલ વિસ્તારની પાંચ એકર કે તેથી વધુ જમીન સંકળાયેલી હોય તો તેની પૂર્વ મંજૂરી વન અને પર્યાવરણ મંત્રાલય પાસેથી મેળવવાનું આવશ્યક બનાવાયું જેને માટે ખાસ માર્ગદર્શિકા

પણ તૈયાર કરવામાં આવી છે. વનસ્પતિ સૃષ્ટિ અને વન્ય સૃષ્ટિની સમગ્ર શૃંકલાને ભયમાં મુકાયેલી તરીકે અંકિત કરીને તેમના રક્ષણ, સંવર્ધન અને વૃદ્ધિ માટે ખાસ પગલાં ભરવામાં આવ્યાં. પરિણામ સ્વરૂપે, આ હેતુ માટે સંખ્યાબંધ વન્યજીવન ઉદ્યાનો અને અભયારણ્યો સ્થાપવામાં આવ્યાં. તે એટલે સુધી કે આજે ભારતનાં જંગલો પૈકી ૧૦ ટકા જેટલો જંગલ વિસ્તાર વન્ય જીવન ઉદ્યાનો અને અભયારણ્યોથી છવાયેલો છે.

અગાઉ સલામત પર્યાવરણ સુનિશ્ચિત કરવા માટે ત્રણ કાયદાઓનો અમલ કરવામાં આવતો હતો.

૧. પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪
૨. પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ઉપકરણ અધિનિયમ, ૧૯૭૭
૩. હવા (પ્રદૂષણ નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧

તે પછી, અઘાઉ ક્યારેય નહિ ઘટેલી એવી ભોપાલની એમ.આઈ.સી. ઔદ્યોગિક ગેસ ગળતર દુર્ઘટનાના સંદર્ભમાં, વધારે કડક કાનૂન મે ૧૨, ૧૯૮૬થી અમલમાં આવ્યો, જે "પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬" તરીકે જાણીતો છે. આ કાયદાનો હેતુ નીચે પ્રમાણે જણાવાયેલ છે.

"પર્યાવરણની સુરક્ષા અને સુધારણા તથા તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈ કરવા માટેનો કાયદો". આ ઉપરાંત ફેક્ટરી એક્ટ પણ અમલમાં છે. જે ઉદ્યોગોને પર્યાવરણ પ્રદૂષિત કરતાં અટકાવે છે. જંતુનાશકો અને જીવાણુનાશકોના ઉપયોગને નિયંત્રિત કરતા રાજ્યના બીજા અલગ અલગ કાયદાઓ પણ અમલમાં છે. વિશેષમાં ભારતીય દંડ સંહિતાની કેટલીક કલમોમાં પર્યાવરણના પ્રદૂષણ સંબંધી ઉચિત જોગવાઈઓ દર્શાવાઈ છે.

પરંતુ આ પ્રશ્નમાં ઊંડા ઉતરીએ તો પહેલાં જરાં એ તો જોઈ લઈએ કે પ્રદૂષણ શું છે ? પ્રદુષણ એ પર્યાવરણમાં જીવનને ખતરારૂપ એવો બગાડો છે. ઊદાહરણ તરીકે, દિલ્હી વિશ્વમાં સૌથી વધુ પ્રદુષિત શહેરો પૈકીનું એક છે. અને તેમાં મુખ્યત્વે વાહનનોનું પ્રદૂષણ વિશેષ જોવા મળે છે. દિલ્હીના રસ્તાઓ ઉપર લગભગ ૩૦ લાખ જેટલાં વાહનો ફરે છે. જે સમગ્ર મુંબઈ, કોલકત્તા અને ચેન્નાઈના કુલ તમામ વાહનો કરતાં પણ વધુ સંખ્યામાં છે. આ ત્રણ પણ દિલ્હી ઉપરાંતનાં મહાનગરો છે. દિલ્હીમાં દરરોજનાં સરેરાશ ૩૦૦ કરતાં પણ વધુ નવા વાહનોની નોંધણી થાય છે. તેને પરિણામે, દિલ્હીમાં સરેરાશ ૧૦ નાગરિક દીઠ ૧ નાગરિક (૧૦ ટકા નાગિરકો) ફેફસાંની (શ્વાસોશ્વાસની) બિમારીથી પીડાય છે. પ્રદૂષણનું બીજું મોટું સ્ત્રોત છે ઉદ્યોગો. આ સંદર્ભમાં ભારતની સુપ્રિમ કોર્ટે દિલ્હી સરકારને એક હુકમ ફરમાવ્યો છે કે મ્યુનિસિપલ કચરાને ખાતરમાં પરિવર્તિત કરવાના હેતુથી પ્લાન્ટ નાખવા માટે ૧૫ દિવસમાં જમીનના પ્લોટ ઉપલબ્ધ કરવા. દિલ્હી સરકારે આ માટે થોડાક વધુ સમયની માંગણી કરી તો સર્વોચ્ચ અદાલતે તે માંગણી નામંજૂર કરી છે. આટલી ચુસ્ત અને કડક સમયમર્યાદા લાદવાનું કારણ એ છે કે દિલ્હી સરકારને ત્રણ વર્ષ પહેલાં, આ હેતુ માટે જમીનના પ્લોટ નક્કી કરવા માટે જણાવાયું હતું, પરંતુ દિલ્હી સરકારે તે દિશામાં કંઈ જ કર્યું ન હતું.

હવે આપણે ભારતીય દંડ સંહિતામાં તેમજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬માં પર્યાવરણની સુરક્ષા માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે, તેનું વિહંગાવલોકન કરીશું.

**ભારતીય દંડ સંહિતા :**

ભારતીય દંડ સંહિતામાં જાહેર મુશ્કેલીઓ (ન્યુસન્સ)ને લગતું આખું પ્રકરણ (કલમ ૨૬૮ થી ૨૯૦) છે. જો કોઈપણ વ્યક્તિના કોઈ પણ કૃત્યથી જાહેર જનતાને કે પડોશીને ભય પેદા થાય, અવરોધ પેદા થાય, ઈજા કે પજવણી પેદા થાય તો આવું કૃત્ય કરનાર વ્યક્તિ જાહેર મુશ્કેલીઓ સર્જવા બાબતે ગુનેગાર ઠરે છે. જાહેર મુશ્કેલી એટલે તેમાં ઘણી બધી બાબતો આવી જાય છે. દરેક પ્રકારની ઈજાઓ અથવા ખતરારૂપ પ્રવૃત્તિઓ જેમાં હવા કે પાણીનું પ્રદૂષણ, ધડાકા કે તે પ્રકારની અન્ય પ્રવૃત્તિઓ, ઝડપથી સળગી ઉઠે તેવા પદાર્થોનો ઉપયોગ, વધારે પડતો ધુમાડો, ગંદવાડ, બળતણ તેમજ અન્ય પ્રદૂષણ ફેલાવે તેવી પ્રવૃત્તિઓ.

ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૧૩૩ અને ૧૪૩ એમ દર્શાવે છે કે કોઈ વ્યક્તિ જો જાહેર મુશ્કેલીઓ અંગે ફરિયાદ કરવા ઈચ્છતી હોય તો તેણે મેજીસ્ટ્રેટને અરજી કરીને આવી જાહેર મુશ્કેલીઓ કરવાનું, ચાલુ રાખવાનું કે પુનરાવર્તન કરવાનું નિયંત્રિત કરવા માટે આદેશ મેળવવા વિનંતી કરવી જોઈએ.

સિવિલ પ્રોસિજર કોડ ૧૯૦૮ની કલમ ૯૧ નીચે, કોર્ટની પરવાનગી મેળવીને બે કે તેથી વધુ વ્યક્તિઓ જાહેર ન્યુસન્સ હટાવવા માટેની ખાસ રાહત મેળવવા માટે જિલ્લા ન્યાયાધીશ (ડિસ્ટ્રીક્ટ જજ) ને અરજી કરી શકે છે, આમાં નીચે પ્રમાણે રાહત મળી શકે છે.

૧. ન્યુસન્સ હટાવવા માટેની જાહેરાત અથવા

૨. કોઈ અન્ય રાહત, જે સંબંધિત કેસનાં સંદર્ભમાં યોગ્ય જણાય તે.

આવી અરજી એડ્વોકેટ જનરલ દ્વારા પણ કોર્ટ સમક્ષ કરી શકાય છે.

પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ તથા કેન્દ્ર શાસિત વિસ્તારોને લાગુ પડે છે. ઉપરાંત જે કોઈ રાજ્ય, કાયદાનો સ્વીકાર કરે તે રાજ્યોને પણ લાગુ પડી શકે છે. કલમ ૨૫૨ એમ કહે છે કે એક કે તેથી વધુ રાજ્યો ઠરાવ કરી શકે અને રાજ્યનાં કાર્યક્ષેત્રમાં આવતી બાબતે કાયદો ઘડવા સંસદને અધિકૃત કરી શકે. આ કાયદાની મુખ્ય લાક્ષણિકતાઓ આ મુજબ છે.

૧. તે પ્રદૂષિત પદાર્થોના નિકાલ માટે પાણીના પ્રવાહ કે કુવાના ઉપયોગ પર મનાઈ ફરમાવે છે. પાણીનો આ પ્રવાહ એટલે નદી, ઝરણાં, વહેળો, આંતરિક પાણી, (તળાવ, સરોવર વગેરે), ભૂગર્ભ જળ, સમુદ્ર કે ભરતીના પાણી વગેરે તમામનો સમાવેશ થાય છે.

૨. નવા નિકાલ માર્ગોને નવા સ્ત્રાવ ક્ષેત્રો ખોલવા માટે પ્રતિબંધ ફરમાવે છે અને તે માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી જરૂરી હોવાનું જણાવે છે.

૩. કેન્દ્રીય બોર્ડ અને રાજ્ય બોર્ડને પાણીમાં થતાં પ્રદૂષણને રોકવા અને નિયંત્રિત કરવા સત્તા આપે છે.

૪. આ કાયદાની જોગવાઈઓનો ભંગ એ સજાને પાત્ર ગુનો બને છે. આ હેતુ માટે, "કંપનીઓ દ્વારા થતા ગુનાઓ" માટે ખાસ વ્યવસ્થા દર્શાવાઈ છે. (પ્રકરણ-૩, કલમ ૧૬) અને "સરકારી ખાતાંઓ દ્વારા થતા ગુનાઓ" (પ્રકરણ૩, કલમ ૧૭).

૫. આ કાયદાની જોગવાઈઓ નીચે, પર્યાવરણની સુદઢતા માટે, પર્યાવરણ સુરક્ષા નિયમો પણ વિસ્તારપૂર્વક ઘડવામાં આપ્યા છે.

૧૯૭૭નો પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ઉપકર અધિનિયમ, અમુક પ્રકારના ઉદ્યોગો ચલાવતી દરેક વ્યક્તિ ઉપર તેમજ સ્થાનિક સત્તાતંત્રો ઉપર ઉપકર લાદે છે. આ ઉપકરની ગણતરી, સંબંધિત વ્યક્તિઓ કે સ્થાનિક સત્તાતંત્રો કેટલા પાણીનો ઉપયોગ કરે છે, તેના પર કરવામાં આવે છે.

૧૯૮૬ના પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમનો હેતુ માત્ર જમીન, પાણી કે હવા જ નહિ પરંતુ પર્યાવરણનાં તમામ પાસાઓને આવરી લે તેવો કાયદો બનાવવાનો છે. અહીં પર્યાવરણની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે.

"પાણી, હવા અને જમીન" અને પાણી, હવા અને જમીન તેમજ માનવજાતિ, અન્ય સજીવ પ્રાણીઓ, વનસ્પતિ, સૂક્ષ્મ જીવાણુઓ અને તેના ગુણધર્મો વચ્ચે જે આંતર-સંબંધો પ્રવર્તે છે. તે જ રીતે પ્રદૂષકો તથા ખતરાજનક પદાર્થોને પણ અલગથી દર્શાવ્યા છે. આ અધિનિયમની મુખ્ય અગત્યની જોગવાઈ એ છે કે, આ કાયદાની કલમ ૬(૨)Bમાં નિયત કરેલ સુચિત પ્રક્રિયાઓ અને સંરક્ષકો અનુસાર ન હોય તો કોઈપણ વ્યક્તિ, કોઈપણ ખતરાજનક પદાર્થોની હેરફેર કરશે નહિ કે કરાવશે નહિ. તેમને કલમ ૩(૨)(૭) માં દર્શાવેલ ઉપાયો અને કલમ ૫ નીચેની લેખિત સુચનાઓ અનુસાર પણ નિયંત્રિત કરી શકાશે.

આ કાયદાને અનુરૂપ થવા માટે, ફેક્ટરીઝ (સુધારા) અધિનિયમ, ૧૯૮૬થી પણ"ભયજનક પ્રક્રિયા સંબંધિત જોગવાઈઓ" માં ફેરફાર કરવામાં આવ્યા. આ સુધારાઓનો ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા તેમજ ભયજનક/ ખતરારૂપ પાણીનું ઉત્પાદન, સંગ્રહ અને હેરફેરમાં રોકાયેલા કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવાનો હતો. આ અધિનિયમમાં "ખતરાજનક પ્રક્રિયાઓ સાથે સંકળાયેલા ઉદ્યોગોની યાદી" તેમજ "કાર્યના પર્યાવરણમાં કેટલીક રસાયણિક પદાર્થોની પરવાનગી પાત્ર કક્ષા" પણ સમાવિષ્ટ છે.

આ ઉપરાંત કેટલાંક અગત્યના જાહેરનામાં તેમજ અધિનિયમો પણ છે. જે પ્રદૂષણના અટકાવ સંબંધિત છે. આની યાદી નીચે પ્રમાણે છે.

૧. પર્યાવરણ નિકાલ જાહેરનામું, ૧૯૯૩
૨. પર્યાવરણ ઓડિટ જાહેરનામું, ૧૯૯૨
૩. સમુદ્ર કિનારા નિયંત્રણ ઝોન જાહેરનામું, ૧૯૯૩
૪. ખતરારૂપ સૂક્ષ્મ જીવાણુઓ/ જૈવિક રીતે ઉત્પાદિત સજીવ રચનાનું ઉત્પાદન, ઉપયોગ, આયાત, નિકાસ અને સંગ્રહ નિયમો, ૧૯૮૯
૫. ખતરારૂપ રસાયણોના ઉત્પાદન, સંગ્રહ અને આયાત સંબંધી નિયમો, ૧૯૮૯
૬. ખતરારૂપ બગાડ (વ્યવસ્થાપન અને હેરફેર) નિયમો ૧૯૮૯
૭. ખાણ અને ખનિજ અધિનિયમ ૧૯૪૭
૮. અણુ ઉર્જા અધિનિયમ ૧૯૬૨.
૯. રેડિયેશન પ્રોટેક્શન રૂલ્સ ૧૯૭૧.
૧૦. ઝેર અંગેનો અધિનિયમ, ૧૯૧૯
૧૧. પાક સંરક્ષક જીવાણુ અધિનિયમ, ૧૯૬૮.
૧૨. ભારતીય મચ્છીમારી અધિનિયમ, ૧૯૯૭
૧૩. ખોરાકમાં ભેળસેળ અટકાવવા સંબંધી અધિનિયમ, ૧૯૭૪
૧૪. પુરાણાં સ્મારકો અને સ્થાપત્યસ્થાનો અને અવશેષ અધિનિયમ ૧૯૫૮
૧૫. શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૭૬.

**પર્યાવરણીય તકરારો**

હવે આપણે અગત્યના પર્યાવરણીય કેસો જે લાંબા સમયથી દશ્યમાન છે તે તરફ નજર કરીએ.

**નર્મદા નદી પર સરદાર સરોવર પ્રાયોજના**

**પૂર્વભૂમિકા :**

નર્મદા નદી આંતરરાજ્ય નદી છે. જે મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં થઈને વહે છે. આ ત્રણે રાજ્યો પાણીની વહેંચણી સંબંધી કોઈ ફોર્મ્યુલા ઉપર એકસંપ થઈ શક્યાં નથી. સને ૧૯૭૫માં આ મુદ્દો, આંતર-રાજ્ય પાણી વિવાદ ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. જેણે સને ૧૯૭૯માં પોતાનો ચુકાદો આપ્યો. આ ચુકાદા અનુસાર, ચાર રાજ્યો, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનને પાણીનો અમુક નિશ્ચિત જથ્થો ફાળવવામાં આવ્યો. જેમાં પૂર્વધારણા એ હતી કે નર્મદામાં ઉપયોગમાં લઈ શકાય તેવા પાણીનો જથ્થો ૨૮ MAE છે. ટ્રિબ્યુનલના આ ચુકાદા અનુસાર, બે બંધો, ગુજરાતમાં સરદાર સરોવર પ્રયોજનના અને મધ્યપ્રદેશમાં નર્મદા સરોવર પ્રાયોજનાના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું. સરદાર સરોવર પ્રાયોજના અને નર્મદા સરોવર પ્રાયોજના બે જોડિયા પ્રાયોજનાઓ તરીકે વિચારણામાં લેવામાં આવી હતી, અને બંનેનું બાંધકામ એકસરખી ગતિથી શરૂ કરવાનું હતું. કેમકે તે વિના સરદાર સરોવર પ્રયોજનાના ૩૦ ટકા લાભો ઘટી જાય તેમ હતું. આમાં નર્મદા સરોવર પ્રાયોજના એ સરદાર સરોવર પ્રાયોજના માટે સંગ્રહ-સહ-પુરું પાડનાર (Feeder) તરીકે કાર્યરત થવાની હતી.

**નિસબત ધરાવતા (જોડાયેલા) મુદ્દા :**

આ અંગે વિવાદના મુખ્ય મુદ્દાઓ ઘણા છે. ટ્રિબ્યુનલે જ્યારે પોતાનો ચુકાદો આપ્યો ત્યારે સને ૧૯૭૯માં તે માટે સને ૧૯૭૦ના દશકાના અગાઉના વર્ષોમાં એકત્ર કરાયેલ માહિતીના આધારે લેવામાં આવ્યો હતો. તે પછીના વર્ષોમાં ધરતી પર ઘણા ફેરફારો થઈ ગયા હતા. તે દરમિયાન પર્યાવરણ અને વન મંત્રાલયની રચના થતાં ઘણાં નવા પ્રૌદ્યોગિકી, વહીવટી અને કાનૂની મુદ્દાઓ નવેસરથી ઊભાં થયાં. નવી રચાયેલી ચૂસ્ત માર્ગદર્શિકા અનુસાર જંગલ વિસ્તારની જમીનને બિન-જંગલના હેતુ માટે પરિવર્તિત કરવા સંબંધી, જે જંગલો નાશ પામે તેની અવેજીમાં નવં જંગલો ઊભાં કરવાં સંબંધી, જંગલનો નાશ થતાં વન્ય સૃષ્ટિની સુરક્ષા સંબંધી, સ્ત્રાવ વિસ્તારની માવજત, રીમ (rim) ની સ્થિરતા સંબંધી, પુરાતત્ત્વીય અને ઐતિહાસિક સ્થાનોની સુરક્ષા સંબંધી અને આ બધા ઉપરાંત આ પ્રયોજનાથી અસર

પામનાર વસતિના લોકોના પુનઃસ્થાપન અને પુનઃ વસાહત સંબંધી મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. નર્મદાના પાણીના જથ્થા સંબંધી જે ગણતરીઓ મુકવામાં આવી હતી. તેની પદ્ધતિ સંબંધી પણ ગંભીર પ્રશ્નો કરવામાં આવ્યા, અને એમ દર્શાવવામાં આવ્યું કે નર્મદાના વપરાશમાં લઈ શકાય તેવા પાણીનો ખરેખર જથ્થો ૨૨ MAF છે. નર્મદા ટ્રિબ્યુનલની પૂર્વ ધારણા અનુસાર ૨૮ MAF નહિ. વળી આ સમયગાળા દરમિયાન પ્રાયોજનાથી અસર પામનાર લોકોની સંખ્યામાં, અગાઉ ટ્રિબ્યુનલ માટે જે માહિતી એકત્ર કરવામાં આવી હતી. તે સમયગાળો અને હવે જે પ્રાયોજનાનું અમલીકરણ શરૂ થશે તે સમયગાળા દરમિયાન અનેક ગણો વધારો થઈ ગયેલ છે. વળી ખર્ચની સામે લાભની પોષણ ક્ષમતાની માહિતી ખોટી હોવાને પણ દાવો કરાયો છે. કારણ કે તે સમયે પ્રાયોજનાની કિંમત ઘણી ઓછી દર્શાવવામાં આવી હતી. અને સંભવિત લાભોની ગણનામાં ખાસ્સી અતિશયોક્તિ કરવામાં આવી હતી. ઉદાહરણ તરીકે પ્રાયોજનાની કિંમત તે સમયે આયોજન પંચ સમક્ષ રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોમાં રૂ. ૪,૦૦૦ કરોડ આંકવામાં આવી હતી. જ્યારે બે વર્ષ બાદ, વિશ્વ બેન્ક સમક્ષના કરારમાં આ પ્રાયોજનની કિંમત રૂપિયા ૧૨,૫૦૦ કરોડ દર્શાવવામાં આવી હતી.

સરદાર સરોવર પ્રાયોજનાના વિસ્તૃત અહેવાલમાં પ્રાયોજના સંબંધી પર્યાવરણીય બાબતોનો ક્યારેય સમાવેશ કરવામાં આવ્યો ન હતો. કારણ કે તે સમયે પર્યાવરણ અને વન મંત્રાલયની માર્ગદર્શિકાઓ ઉપલબ્ધ ન હતી. પરિણામે પર્યાવરણ અને વન મંત્રાલયે તેની મંજુરી ૮ વર્ષ કરતાં પણ વધુ સમય માટે રોકી રાખી (કારણ કે વન વિસ્તારની જમીનને સાંકળી લેતી કોઈપણ પ્રાયોજના માટે આ માર્ગદર્શિકાનું પાલન ફરજિયાત હતું.) આમ છતાં ગુજરાત સરકાર વિશ્વ બેન્ક પાસેથી લોન મેળવવામાં સફળ બની અને ૧૯૯૪માં પ્રાયોજનાનું પ્રાથમિક કાર્ય શરૂ કરવામાં આવ્યું અને તેણે ભારત સરકાર ઉપર, પર્યાવરણ અને વન મંત્રાલયમાંથી આ પ્રાયોજનાની મંજૂરી મેળવવા માટે, દબાણ કરવાનું શરૂ કર્યું. અંતે રાજકીય દબાણનાં કારણે, વન અને પર્યાવરણ મંત્રાલયે, તેની શરતી મંજુરી સાથે પ્રાયોજના શરૂ કરવાં સંમતિ દર્શાવી. તેમ છતાં ગુજરાત સરકાર દ્વારા મંત્રાલયે મુકેલી શરતોનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો. અને એટલે સુધી કે મંત્રાલયે આપેલી શરતી મંજુરીના એક વર્ષ બાદ પર્યાવરણ અને વન મંત્રાલયે અધિકૃત રીતે જણાવ્યું કે આ પ્રાયોજના પરનું કાર્ય તાકીદે બંધ કરવું જોઈએ. કારણ કે મંત્રાલયે પ્રાયોજનાને શરતી મંજુરી આપતી વખતે નિયત કરેલી એકપણ શરતનું પાલન કરવામાં આવ્યું નથી. પરંતુ, વન અને પર્યાવરણ મંત્રાલય પાસે પોતાના નિર્ણયના અમલીકરણ માટેની કોઈ કાનૂની સત્તા નહિ હોવાનેકારણે પ્રાયોજનાનું કાર્ય ચાલુ જ રહ્યું.

અંતે સને ૧૯૯૪માં સુપ્રિમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી જેમાં આ બધા મુદ્દાઓ સમાવિષ્ટ કરવામાં આવ્યા. આ ચાલુ કેસમાં, સને ૧૯૯૬માં સુપ્રિમ કોર્ટે તેના ઐતિહાસિક ચુકાદામાં બંધનું બાંધકામ સદંતર અઠકાવી દીધું. અને તેને ૮૦મીટરે સ્થગિત કરવામાં આવ્યું. ૧૯૯૯માં ગુજરાત સરકારે આ બંધની ઊંચાઈ વધુ ૫ મીટર ઊંચી લઈ જવા માટે મંજુરી માંગી અને કોર્ટે તે મુજબ મંજૂરી આપી. સમગ્ર બાબત હજુ સુપ્રિમ કોર્ટમાં પડતર છે. અને બહુ ટૂંક સમયમાં તા. ૨૯ ફેબ્રુઆરી ૨૦૦૦થી અંતિમ સુનાવણી શરૂથશે.

સરદાર સરોવર પ્રાયોજનાનો કેસ બે રીતે વધારે અગત્યનો છે. એક તો અહીંયા રાજ્યનું જ એક અંગ કાયદાનો ભંગ કરે છે. આ પ્રથમ જ એવો બનાવ છે કે જેમાં સુપ્રિમ કોર્ટે સરકારી વિકાસ પ્રાયોજનાને લગતી અને જેમાં ચાર રાજ્યો સંકળાયેલી છે તેવા મોટા ગજાની અરજી હાથ ધરી છે. જેમાં એક એવી આશા રહેલી છે કે સરકારે હાથ ધરેલી વિકાસ પ્રાયોજનાઓમાં પણ સરકારનું એક અંગ સરકારના બીજા અંગની આવશ્યક્તાઓને ન સ્વીકારે તો જે ભોગ બનેલ છે તે હાઈકોર્ટ / સુપ્રિમ કોર્ટનો આશરો લઈ શકે છે.

## ૩. આરોગ્ય સંભાળનું અમલીકરણ (Implementing Health Care)

ભારતનું સંવિધાન એ સામાજિક પરિવર્તન માટેનું પાયાનું સાધન છે. જીવન જીવવાના હકનો જો ભંગ થાય તો તે પરિસ્થિતિમાં સુધારો લાવવા પગલાં લઈ શકાય છે. સુપ્રિમ કોર્ટે એવું વિધાન કરેલ છે કે કોઈપણ એક વ્યક્તિ કે વ્યક્તિઓના સમગ્ર વર્ગને કોઈ કાનૂની હાની પહોંચે અને તેઓ પોતાની ગરીબાઈ, અશક્તતા કે સામાજિક અથવા આર્થિક રીતે બિનલાભદાયી સ્થિતિમાં હોવાને કારણે ન્યાયિક ઉકેલ માટ અદાલતનો આશરો ન લઈ શકે તો જાહેર જનતાના કોઈ પણ સભ્ય જે શુભનિષ્ઠાથી કાર્ય કરતા હોય તેમણે તે લોકો વતી ન્યાયિક ઉકેલ માટે અદાલત સમક્ષ આ બાબત લઈ આવવી જોઈએ. ગ્રાહક કરમશીલો માટે આ સ્પષ્ટપણે ઉપયોગી સાધન છે. તેઓ, ગ્રાહક પોતે ભૌતિક રીતે ત્યાં ન આવી શકે તો પણ, તેમના વતી, સુપ્રિમ કોર્ટમાં કાર્યવાહી શરૂ કરી શકે છે. મૂળભૂત હકો સુપ્રિમ કોર્ટ કે હાઈકોર્ટમાં અરજી કરીને અમલી બનીવી શકાય છે. આરોગ્ય માટેના અધિકાર માંગવા માટે નીચેની કલમો પ્રાસંગિક છે.

**કલમ ૨૧ :**

કલમ ૨૧ એમ જણાવે છે કે કોઈપણ વ્યક્તિ પોતાની જિંદગી કે પોતાના અંગત સ્વતાંત્ર્યથી વંચિત રહેશે નહીં. સિવાય કે કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી પ્રક્રિયા અનુસાર તેમ કરવામાં આવ્યું હોય.

**કલમ ૩૨ :**

કલમ ૩૨ અનુસાર દરેક નાગરિકને પોતાના મૂળભૂત હકોના અમલીકરણ માટે સુપ્રિમ કોર્ટ પાસે જવાનો અધિકાર છે. (મૂળભૂત હકને અમલી બનાવવાનો અધિકાર)

**કલમ ૪૭ :**

કલમ ૪૭ એમ જણાવે છે કે દરેક રાજ્યની એ ફરજ છે કે પોતાના પ્રજાજનો માટે પોષણનું સ્તર ઊંચું લાવવું તેમજ તેમનું જીવન ધોરણ ઊંચું લાવવું, તેમજ જાહેર આરોગ્યમાં સુધાર લાવવો. (આ રાજનીતિનો માર્ગદર્શક સિદ્ધાંત છે, મૂળભૂત હક નહિ.)

**કલમ ૨૨૬ :**

કલમ ૨૨૬ એમ જણાવે છે કે મૂળભૂત હકને લગતી કોઈપણ બાબત સંબંધે હાઈકોર્ટમાં રિટ કરી શકે છે.

કર્મચારી રાજ્ય વીમા યોજના અધિનિયમ ૧૯૪૮ :

કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ દ્વારા કર્મચારી રાજ્ય વીમા કોર્પોરેશનની રચના કરવામાં આવી છે. આ કોર્પોરેશન એવી યોજનાનો વહીવટ કરે છે જેનાથી કારખાનઓમાં કામ કરતા કર્મચારીઓને અન્ય બાબતો ઉપરાંત મફત તબીબી લાભો પ્રાપ્ત થશે. (કલમ ૫૬) આ તબીબી લાભમાં સંપૂર્ણ તબીબી સારવાર વિના મૂલ્યે વીમેદાર કર્મચારીને પ્રાપ્ત થાય છે. (જો આ લાભ તેમના પરિવાર સુધી વિસ્તૃત કરવામાં આવે તો તેમના સભ્યોને પણ આ લાભ પ્રાપ્ત થાય છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- હોસ્પિટલ બાહરની સારવાર (આઉટડોર પેશન્ટ કેર)
- પાટા-પીંડી અને દવાઓનો પુરવઠો
- નિષ્ણાંત ડોક્ટરની સેવાઓ
- વિવિધ પરીક્ષણો અને એક્સ-રે તપાસ
- નિવાસસ્થાને સેવાઓ
- પ્રસૂતિ પૂર્વે, પ્રસૂતિ દરમિયાન અને પ્રસૂતિ પછીની સારવાર
- રસીકરણ
- પરિવાર આયોજન
- કટોકટીની સ્થિતિમાં સારવાર

- એમ્બ્યુલન્સ સેવાઓ
- આરોગ્ય શિક્ષણ
- હોસ્પિટલની અંદરની સારવાર (ઇનડોર પેશન્ટ)

તબીબી સારવાર સીધે સીધી રાજ્ય વીમા હોસ્પિટલ અને દવાખાના દ્વારા ઉપલબ્ધ કરાય છે અથવા તો ખાનગી મેડિકલ ડૉક્ટરોની પેનલ મારફતે ઉપલબ્ધ કરાય છે.

નોંધ : સરકારી કર્મચારીઓને પણ આવી જ યોજના હેઠળ મફત તબીબી સારવાર પ્રાપ્ય થાય છે. તેઓ પોતાના વેતનમાંથી આ સેવાઓ માટેની કિંમત તરીકે ફાળો ચુકવે છે.

**સરકારી આરોગ્ય સંભાળ વ્યવસ્થા**

હવે આપણે સરકારની વિવિધ કક્ષાએ ઉપલબ્ધ કરાતી આરોગ્ય સેવાઓના વહીવટ તરફ નજર કરીએ. ખાસ કરીને એવી આરોગ્ય સેવાઓ જે આરોગ્ય વહીવટની નીચેની કક્ષાએ સેવાઓની રાહ જોતાં લાખો લોકોને લાગુ પડે છે.

૧. ભારતમાં આરોગ્ય નીતિ બનાવવામાં આવી છે. અને કેટલેક અંશે તે તમામ કક્ષાએ અમલમાં મુકવામાં આવેલ છે. ભારતમાં આરોગ્ય વ્યવસ્થા સાથે નીચેની શૃંખલાઓ જોડાયેલી છે.

(ક) કેન્દ્ર

(ખ) રાજ્ય

(ગ) જિલ્લા

(ઘ) તાલુકા

(ચ) ગ્રામ

૨. ભારતના સંવિધાન (૭૩મો સુધારો) અધિનિયમ, ૧૯૯૨ પંચાયતો સંબંધી છે. અને ભારતના સંવિધાન (૭૪મો સુધારો) અધિનિયમ, ૧૯૯૨ નગરપાલિકાઓને સંબંધિત છે. આ બંને ધારાઓ લોકસભા દ્વારા તા. ૨૨-૧૨-૧૯૯૨ના રોજ પસાર કરવામાં આવ્યા હતાં. તેમાં નીચે પ્રમાણે જોગવાઈઓ છે.

(ક) ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ ફરજિયાત પંચાયત સંસ્થાની રચના તેમજ શહેરી કસબા વિસ્તારો માટે નગરપાલિકાઓની રચના તથા નાના શહેરી વિસ્તારો માટે મ્યુનિસિપલ કાઉન્સિલ (નગર પાલિકા) તેમજ મોટા શહેરી વિસ્તારો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા).

(ખ) રાજ્ય, પંચાયતોને અને મ્યુનિસિપલ સત્તા તંત્રોને સ્થાનિક સરકાર ચલાવવા માટે સત્તાઓ અને હકૂમતો પ્રદાન કરશે તેમજ પંચાયતોને આરોગ્ય સંભાળ વહીવટ માટે સત્તાઓ અને જવાબદારીઓ સુપરત કરશે.

(૩) જાહેર જનતાને આરોગ્ય સંભાળ ત્રણ સ્તરે ઉપલબ્ધ કરાશે.

(ક) પ્રાથમિક

(ખ) માધ્યમિક

(ગ) તૃતીય

અત્યંત ગરીબ ગ્રાહકોને પ્રાથમિક આરોગ્ય સંભાળ પ્રાપ્ત થશે અને તેમાં મોટી સંખ્યામાં ગ્રાહકોને આવરી લેવાશે. તેથી સરકાર સર્વ માટે આરોગ્યની પ્રાપ્તિ માટે તેને મુખ્ય સાધન લેખે છે.

૪. પ્રાથમિક આરોગ્ય સંભાળ માટેનું માળખું

(ક) જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારોને સામુહિક વિકાસ ઘટકો (CDB)માં વિભાજીત કરેલ છે. આવાં ૬,૦૦૦ જેટલાં ઘટકો ભારતમાં છે. દરેક ઘટક દ્વારા ૧,૦૦,૦૦૦ની વસ્તીને આવરી લેવાની છે. દરેક ઘટકની અંદર

(i) ૨ કે ૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) આવેલાં છે. તેમાં ડૉક્ટર તથા નર્સો તેમજ આરોગ્ય સંભાળ, પરિવાર કલ્યાણ સહિત માતૃ અને બાળ સંભાળ, પીવાનું સલામત પાણી અને સ્વાસ્થ્ય સેવાઓ, સ્થાનિક ચેપી રોગચાળાનો અટકાવ અને નિયંત્રણ, અગત્યનાં આંકડાઓનું એકત્રીકરણ અને તેનો અહેવાલ, આરોગ્ય શિક્ષણ, રાષ્ટ્રીય આરોગ્ય વિષયક, કાર્યક્રમો, રેફરલ સેવાઓ, આરોગ્ય માર્ગદર્શિકા, આરોગ્ય કાર્યકરો અને સ્થાનિક દાયણો માટે તાલમ વગેરે સુવિધાઓ હોવી જોઈએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એ દર્દી માટે રેફરલ સેવાનું પ્રથમ ચરણ છે. પરંતુ ઘણીવાર તેમાં સુવિધાઓનું સ્તર અત્યંત નીચું હોય છે. તેમાં ઘણીવાર ડૉક્ટરો રહેતા નથી. તેમજ દવાઓની પણ અછત હોય છે.

(ii) દરેક આરોગ્ય પેટા-કેન્દ્ર ૫ કે ૬ ગામોને આવરી લે છે. ભારતમાં આવાં પેટા કેન્દ્રોની સંખ્યા ૧,૦૦,૦૦૦ કરતાં પણ વધુ છે. તેમણે ખરેખર તો દૂર દૂર બહારના વિસ્તારોમાં વસતાં લોકોને પહોંચવાનું હોય છે. તેઓ લગભઘ ૫,૦૦૦ લોકો અથવા ડુંગરાળ કે આદિવાસી વિસ્તારોમાં ૩,૦૦૦ લોકો અથવા ડુંગરાળ કે આદિવાસી વિસ્તારોમાં ૩,૦૦૦ લોકોને પહોંચવાનું ધ્યેય રાખે છે. તેમાં એક પુરુષ અને એક મહિલા આરોગ્ય કાર્યકર હોય છે. જેઓ માતૃ અને બાળ સંભાળ, રસીકરણ અને પરિવાર કલ્યાણનું કામકાજ સંભાળે છે. અહીંયા પણ પુરુષ આરોગ્ય કાર્યકરોની કાયમી અછત જોવા મળે છે.

મોટે ભાગે મહિલા આરોગ્ય કાર્યકરો જ હોય છે. અને બંને જાતિઓના (પુરુષ અને સ્ત્રી) આરોગ્ય કાર્યકરો હોય તો પણ, તેમણે શું કામગીરી કરવાની છે તેનો પૂરતો ખ્યાલ તેઓને હોતો નથી. તેમજ ઘટક (તાલુકા) કક્ષાના સહાયકોની દેખરેખ પણ ઘણી પાંખી હોય છે.

(iii) કેટલાંક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો દરજ્જો વધારીને તેમને સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC)માં પરિવર્તન કરેલ છે. તેમાં ૩૦ પથારીની હોસ્પિટલ સુવિધા તેમજ સ્ત્રી રોગ અને પ્રસૂતિ નિષ્ણાંતની, બાળરોગ નિષ્ણાંતની, વાઢકાપની (સર્જરીની) અને દવાઓની સુવિધા હોવાનું જરૂરી મનાયું છે. ભારતમાં આવાં લગભગ ૧,૩૦૦ જેટલાં સામુહિક આરોગ્ય કેન્દ્રો છે.

(iv) સ્થાનિક કક્ષાએ ગામમાં જ રહેતા આરોગ્ય માર્ગદર્શકો (આરોગ્ય રક્ષકો) ને પસંદ કરી તેમને ૩ માસની તાલીમ અપાય છે. સ્થાનિક દાયણોને એક મહિનાની પાયાની તબીબી અને પ્રસુતિ રોગોની તાલીમ અપાય છે.

(ખ) ગ્રામીણ આરોગ્ય સેવાઓ કે શહેરી (ખાસ કરીને ઝુંપડપટ્ટીની આરોગ્ય સેવાઓ) પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવા માટે સંપૂર્ણપણે કાર્યરત નથી. ડૉક્ટરો, નર્સો, સાધનો અને દવાઓની અછત વગેરે સાર્વત્રિક બાબતો છે અને લાભોથી વંચિત લોકોને ભાગ્યેજ સેવાઓ ઉપલબ્ધ થાય છે. મુખ્યત્વે આનું કારણ સંસાધનોનો અભાવ તેમજ ડોક્ટોરની તાલીમ પાછળ નાણાંનો ખર્ચ કરવાની સરકારન અનિચ્છા છે. આ ડોક્ટરો પણ મોટે ભાગે થોડાક સમય પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સરકારી નોકરીને છોડીને ખાનગી ડોક્ટરી વ્યવસાયમાં જોડાઈ જાય છે. અને પરંપરાગત દવાઓ કે જે પોતાની અસરકારકતા માટે ખર્ચાળ સારવાર, સાધનો અને સંભાળ ઉપર આધાર રાખતાં નથી તેવી દવાઓને બદલે એલોપેથિક દવાઓને પ્રોત્સાહન આપે છે. ઉપરાંત અર્ધ-તબીબી કર્મચારીગણ (પેરા મેડિકલ)ની તાલીમને પણ અવગણવામાં આવે છે. આઠમી પંચવર્ષીય યોજનામાં સરકારે આ બધી બાબતોને ધ્યાનમાં લીધી છે અને સરકારી એમ કહ્યું છે કે તેઓ હવે આ વલણને ઉલટાવવા માગે છે.

ઘણા લોકોને એવું લાગે છે કે આરોગ્ય સંભાળ સુવિધાઓ ઉપર તેમનું પોતાનું કોઈ ખાસ નિયંત્રણ હોતું નથી. અલબત્ત, કેટલીક બિન-સરકારી સંસ્થાઓને સમુદાયની ભાગીદારી પૂર્વક અને જરૂરિયાત અનુસારના આરોગ્ય કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. હવે એ આશા રાખવાની રહે છે કે પંચાયતોને આમાં સાંકળવાથી આ પ્રક્રિયાને મદદ મળશે.

૫. પેટા વિભાગીય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ કરાતી આરોગ્ય સંભાળ સેવાઓ માટે માધ્યમિક (સેકન્ડરી) કક્ષાની આરોગ્ય સંભાળ શબ્દોનો ઉપયોગ થાય છે. કુલ જિલ્લાઓની સંખ્યા ૪૩૧ છે. આમાં જિલ્લા કક્ષાની હોસ્પિટલો તેમજ મુખ્ય મેડિકલ ઓફિસરના નિયંત્રણ હેઠળના ક્ષય, કુષ્ટરોગ, પરિવાર કલ્યાણ જેવા તેમજ શાળા આરોગ્ય કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે. સરકારે ખાસ કરીને હોસ્પિટલો અને નર્સીંગ હોમ સંદર્ભે આઠમી યોજનામાં સરકારી કક્ષાએ ખાનગી આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવાનો ઇરાદો વ્યક્ત કરેલ છે.

૬. તંદુરસ્ત માનવશક્તિના વિકાસ અને સંશોધન માટે ઉપયોગી મનાતી મેડિકલ કોલેજ - સંલગ્ન હોસ્પિટલો અને ખાસ પ્રકારની હોસ્પિટલો માટે પ્રાદેશિક (Teritory) કક્ષાની આરોગ્ય સેવાઓ એવા શબ્દોનો ઉપયોગ થાય છે. જો કે માધ્યમિક કક્ષાની સંભાળ સેવાઓની જ અછતન સંદર્ભમાં, આ પ્રકારની હોસ્પિટલોનો જ ગંભીર કે સાદા પ્રકારના કેસોમાં પણ સામાન્ય હોસ્પિટલ તરીકે જ ઉપયોગ થતો જોવા મળે છે.

## આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવા માટે સરકારને ફરજ પાડવા માટે કાયદા નો ઉપયોગ

કેટલાક વકીલો એવી દલીલ કરે છે કે જ્યાં સુધી જીવન જીવવા માટેના મૂળભૂત હક સ્થગિત કરવામાં ન આવ્યો હોય ત્યાં સુધી સરકારે વિના મૂલ્યે જ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવાની છે. તે ઉપલબ્ધ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. એ બાબતે સરકાર ઉપર વ્યક્તિઓ કે સમૂહો દ્વારા જેનો ઉપયોગ થઈ શકે એવા કોઈ કાયદા નથી. આ બાબતે તમારું ધ્યાન દોરવામાં આવે છે કે ભારતના સંવિધાનમાં આરોગ્ય સંબંધી નીચેના માર્ગદર્શક સિદ્ધાંતો સમાવિષ્ટ છે.

**કલમ ૩૯ :**

કલમ ૩૯ બાળકોને આરોગ્યપ્રદ રીતે વિકાસ કરવા માટે તકો અને સુવિધાઓ આપવા માટે રાજ્યને સૂચના કરે છે.

**કલમ ૪૭ :**

કલમ ૪૭ રાજ્યને તેનાં નાગરિકો માટે પોષણનું સ્તર ઊંચુ લાવવા માટે તેમજ જીવન ધોરણ ઊંચુ લાવવા માટે અને જાહેર આરોગ્યનું સ્તર સુધારવા માટે સુચના આપે છે.

કેટલાક બંધારણીય વકીલો એમ કહે છે કે આ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હોવાથી તેનો કોર્ટ દ્વારા અમલ કરાવી શકાય નહિ. આમ છતાં જાહેર આરોગ્યમાં સુધારો લાવવાની સરકારની ફરજ અને જીવન જીવવાના હકનું અમલીકરણ અને ઉદાહરણ તરીકે રાજ્યની પીવાનું સલામત પાણી ઉપલબ્ધ કરવાની ફરજ એ બે વચ્ચે ઘણી સૂક્ષ્મ રેખા છે. જો આ સેવાઓ ઉપલબ્ધ કરવામાં રાજ્ય નિષ્ફળ જાય અને લોકો મરી જાય તો શું તેમાં જીવન જીવવાના અધિકારોનો ભંગ થતો નથી ? આ મુદ્દા સંબંધી એક કેસ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આવેલો હતો અને જો કે હાઈકોર્ટે તેને બંધારણીય કારણોસર નહિ પરંતુ સંસ્થાએ પીવાના પાણીના ક્ષતિગ્રસ્ત પુરવઠા સંબંધી પરિસ્થિતિ દર્શાવવા માટે આવશ્યક પ્રમાણમાં પૂરતી માહિતી ભેગી કરી ન હતી તે કારણસર કાઢી નાખ્યો હતો. કોર્ટે તે સંસ્થાને આ બધી માહિતી એકત્ર થાય તે પછી આ કેસને પુનર્જિવિત કરવાની પણ છૂટ આપી હતી. આમાંથી એ નિર્દેશ મળે છે કે કોર્ટે એમ તો સ્વીકાર કર્યો જ છે કે સંવિધાનની કલમ ૨૧ નીચે જીવન જીવવાના અધિકારના ભાગરૂપે લોકોને ચોખ્ખું પુરતું પીવાનું પાણી મેળવવાનો હક છે. (ગ્રાહક શિક્ષણ સંશોધનકેન્દ્ર - વિરુદ્ધ - ગુજરાત સરકાર).

એમ જણાય છે કે આ પ્રકારની વધારે કલ્પનાયુક્ત અરજી દ્વારા આરોગ્યના બધા મુદ્દાઓને પહોંચી શકાય.

## ડૉક્ટરની ફરજો

જો કે ડૉક્ટર કંઈ પોતાની પાસે સારવાર માટે આવતા દરેક દરદીની સારવાર કરવા બંધાયેલ નથી, તે છતાં તેણે ક્યારેય એ બાબત ભૂલવી જોઈએ નહિ કે પોતાની સારવાર હેઠળની વ્યક્તિઓના આરોગ્ય અને જીવન તેનાં કૌશલ્ય અને ધ્યાન પર આધારિત છે. એક વખત કેસ હાથમાં લીધો પછી ડોક્ટરને તે કેસ પ્રત્યે બેદરકારી ઉપેક્ષા રાખી શકે નહિ. તેમજ પૂરતા સમય અગાઉ જાણ કર્યા વિના તેણે એ કેસ છોડી દેવો જોઈએ પણ નહિ. ડોક્ટરે જાણી જોઈને દાખવેલી ઉપેક્ષા કાયદા નીચે શિક્ષાને પાત્ર ગુનો બને છે.

સારવારમાં ધીરજ અને નજાકત હોવાં જોઈએ. સારવારના હેતુ માટે દર્દીએજે ગોપનીય બાબત જાહેર કરી હોય તે, ડોક્ટરે ક્યારેય પણ બહાર પાડવી જોઈએ નહિ, સિવાય કે રાજ્યના કાયદા હેઠળ એવી જરૂરિયાત ઉપસ્તિત થાય.

ડૉક્ટરો, અને તેમાંય જાહેર આરોગ્યના ચિકિત્સકોએ જાહેર જનતાને બીજાંઓને ચેપ લાગે તે પ્રકારે હળવા મળવાના પ્રતિબંધ વગેરે નિયંત્રણો તેમજ ચેપી અને ઝડપી ફેલાય તેવા રોગચાળાના નિવારણ માટેના પગલાં અને વિવિધ નિયંત્રણોથી જનતાને માહિતગાર કરવા જોઈએ. રોગચાળો ફાટી નીકળે ત્યારે તેણે પોતાના આરોગ્યની પરવા કર્યા વિના સખત મહેનત કરવી જોઈએ.

## યાદ રાખો

ડૉક્ટરના વ્યવસાયિક ગેરવર્તાવની ફરિયાદોની તપાસ માટે દરેક રાજ્યમાં મેડિકલ કાઉન્સિલ હોય છે. તેને પોતાના નિયમો હોય છે. આવી ફરિયાદ સંબંધિત વિગતોના ઉલ્લેખ સાથે લેખિતમાં આપવી જોઈએ અને તેની નીચે ફરિયાદીએ પોતાની સહી કરવી જોઈએ.

તાજેતરમાં, સદ્ગત કેન્દ્રીય મંત્રી રંગરાજન કુમાર મંગલમને અપાયેલી સારવાર (ખાસ કરીને રોગના નિદાન) સંબંધી ઉપસ્થિત થયેલ વિવાદના પગલે, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે, ડૉક્ટરો માટેની આચાર સંહિતામાં કેટલાક ફેરફાર દાખલ કરેલ છે.

જે સૌથી મોટો ફેરફાર કરવાનું વિચારાયું છે તે એ કે જુદા જુદા રોગોમાટેની દવાઓ લખી આપવામાં ડૉક્ટરોએ માત્ર દવાઓની કંપનીઓના પ્રતિનિધિઓ (મેડિકલ રિપ્રેઝન્ટેટીવ્સ)ની સલાહથી દોરવાઈ જવું નહીં. (આ ફેરફારનો હેતુ, મોટા જાહેર આરોગ્યની સમસ્યાઓ પેદા કરે તેવા "બિન - તાર્કિક દવાઓના પ્રિસ્ક્રીપશન"થી બચવાનો છે.) ડૉક્ટરોની પોતાની આસાર સંહિતામાં બીજો મહત્ત્વનો સુધારો ડૉક્ટરોની પોતાની જાહેરાતોને નિયંત્રિત કરવા સંબંધી છે. ઈન્ટરનેટના વધુ પડતા વપરાશના સંદર્ભમાં આ મુદ્દો આજે વધારે મહત્ત્વપૂર્ણ બની ગયો હતો.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આ ફેરફારો દાખલ કરી દીધા છે, અને તેથી હવે તમામ ડૉક્ટરો માટે બંધનકર્તા બને છે.

## ૪. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની અસરકારક કામગીરી
(Effective Working of Local Self Government)

ભારતના સંવિધાનની કલમ ૨૪૩-G એમ કહે છે કે, રાજ્યની વિધાનસભા કાયદો કરીને પંચાયતોને એવી સત્તા અને વહીવટ આપે જે તેમને સ્વ-શાસનની સંસ્થા તરીકે કાર્ય કરવા માટે સક્ષમ બનાવે અને આવા કાયદામાં પંચાયતોને વિવિધ કક્ષાએ સત્તાઓ અને જવાબદારીઓનું વિકેન્દ્રીકરણ કરવા માટેની જોગવાઈઓ હોવી જોઈએ. આવી સત્તાઓ અને જવાબદારીઓમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓ તૈયાર કરવાની બાબતોને પણ સમાવેશ થતો હોય. જે યોજનાઓ તેમને સુપરત કરવામાં આવે અને તેમાં ૧૧મી અનુસૂચિ હેઠળની યાદીમાં સમાવિષ્ટ બાબતોનો પણ સમાવેશ થતો હોય. આ અનુસૂચિમાં કુલ ૨૯ વિષયો દર્શાવાયા છે.

ભારતના સંવિધાનમાં સને ૧૯૯૨માં થયેલ ૭૩મો બંધારણીય સુધારો સ્વતંત્ર ભારતનાં ઈતિહાસમાં એક સિમાચિહ્નરૂપ છે. કારણ કે તેણે પંચાયતી રાજ માટેનો માર્ગ આંકી આપ્યો છે. **પંચાયતી રાજ્ય અથવા સ્થાનિક સ્વરાજ્યની સરકાર એટલે લોકોને ગ્રામીણ કક્ષાએ વિકાસની પ્રક્રિયામાં સાંકળવાનો પ્રયાસ.**

આ બંધારણીય સુધારાની જોગવાઈઓ, લોકોને પોતાને ગ્રામીણ કક્ષાએ વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટેની તેમની પોતાની પદ્ધતિઓ વિકસાવવા અને લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે. ૭૩મો બંધારણીય સુધારાની મુખ્ય લાક્ષણિકતાઓ :

૧. પંચાયતોને સંસદ અને વિધાનસભાની સમકક્ષ સ્થાન આપવામાં આવ્યું છે.

૨. ગ્રામ સભાને કાનૂની માન્યતા આપવામાં આવી છે. ગામના તમામ સાચા મતદારો, જેમનાં નામો મતદાર યાદીમાં દર્શાવેલ છે. તેઓ સૌ આ ગ્રામસભાના સદસ્યો છે.

૩. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામતની જોગવાઈઓ છે. આ ઉપરાંત, મહિલાઓ માટે ૩૦ ટકા જગ્યાઓની અનામત સુનિશ્ચિત કરવામાં આવી છે.

૪. નાણાં પંચની રચના અને પંચાયતો માટે નાણાં ઊભા કરવાનાં ક્ષેત્રો શોધવામાં આવ્યાં છે.

૫. પંચાયતી રાજ પદ્ધતિ હેઠળ, તેના ત્રણે સ્તરો માટેના પ્રતિનિધિઓની સીધી ચૂંટણી સુનિશ્ચિત કરવામાં આવી છે.

૬. રાજ્યોમાં આ ૭૩માં બંધારણીય સુધારામાં જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ત્યારે સુધારા કરવા માટે રાજ્યોને સત્તા આપવામાં આવી છે.

એ તો સ્પષ્ટ છે કે પંચાયતી રાજ કાનૂનના અમલીકરણમાં, લાખોની સંખ્યામાં નીચલા સ્તરના લોકોની સામાજિક અને આર્થિક દરજ્જામાં સુધારો લાવવાની વિશાળ શક્યતાઓ પડેલી છે. ઉદાહરણ તરીકે, પંચાયતોની ચૂંટણીને પરિણામે, દેશમાં પંચાયતોના તમામ સ્તરો ઉપર ૩૪ લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધ્યક્ષોની સંખ્યા હશે. ભારતના સંવિધાનની કલમ ૨૪૩-D ની જોગવાઈ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટેની અનામતની જોગવાઈઓને કારણે કુલ ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી ૭ લાખ જેટલા પ્રતિનિધિઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો કે અધ્યક્ષો હશે. વળી તેમાં પણ ૨ લાખ જેટલી મહિલાઓ આ જૂથ પૈકીની જ હશે. આ ઉપરાંત, તમામ કક્ષાએ ચૂંટાયેલા પંચાયતોના કુલ પ્રતિનિધિઓ પૈકી ૧૧ લાખ કરતાં વધુ મહિલાઓ ગ્રામીણ સમાજની જુદી જુદી જ્ઞાતિઓ, જાતિઓ અને વર્ગોમાંથી હશે.

દુનિયાભરનાં કોઈપણ રાષ્ટ્ર કરતાં આ પાયો ઘણા વિશાળ ફલક પરનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આનાથી ચોક્કસપણે, ગ્રામીણ વિસ્તારોમાં માનવ હકની પરિસ્થિતિ સુદૃઢ બનશે અને વિકસશે. કારણ

કે પંચાયતો એ સત્તાની વહેંચણી લાખો લોકોને માટે જ કરી છે અને કેન્દ્ર કે રાજ્ય કક્ષાએ અમુક જ વ્યક્તિઓના હાથમાં સત્તાનો સૂત્રો રાખવાને બદલે લાખો લોકોમાં સત્તા વહેંચી દીધી છે.

આમ, મોટે ભાગે ૭૩માં બંધારણીય સુધારામાં સમાવિષ્ટ માર્ગદર્શિકાને જુદા જુદા રાજ્યોએ સ્વીકારી છે અને તેને પરિણામે, દરેક રાજ્યે તેમાં ઘટતા સુધારા વધારા સાથેનો પોતાનો પંચાયતી રાજ ધારો રજૂ કરેલ છે. સંવિધાનની ૧૧મી અનુસૂચિ સમગ્રપણે પંચાયતોને જ સમર્પિત છે. જે નીચે પ્રમાણે છે.

૧. કૃષિ અને કૃષિ વિસ્તરણ
૨. જમીન સુધારણા, જમીન સુધારાઓનો અમલ, જમીનનું એકીકરણ અને જમીનની સુરક્ષા
૩. નાની સિંચાઈ યોજનાઓ, પાણી વ્યવસ્થાપન અને પાણીના પાયાનો વિકાસ
૪. પશુપાલન, ડેરી અને મરઘાંઉછેર
૫. મત્સ્યોદ્યોગ
૬. સામાજિક વનીકરણ અને ખેત-વનીકરણ
૭. વનની ગૌણ પેદાશો
૮. લઘુ ઉદ્યોગો, ફળ પરિક્ષણ ઉદ્યોગ સહિત
૯. ખાદી અને ગ્રામોદ્યોગ
૧૦. ગ્રામીણ આવાસો
૧૧. પીવાનું પાણી
૧૨. બળતણ અને ઘાસચારો
૧૩. રસ્તાઓ, ગરનાળાં, પુલ, ફેરીબોટ, જલમાર્ગો અન્ય વાહનવ્યવહારનાં સાધનો
૧૪. ગ્રામીણ વીજળીકરણ, બીજ-વિતરણ સહિત
૧૫. બિન-પરંપરાગત ઊર્જા સ્ત્રોત
૧૬. ગરીબી નિવારણ કાર્યક્રમો
૧૭. શિક્ષણ-પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સહિત.
૧૮. ટેક્નિકલ તાલીમ અને વ્યવસાયી તાલીમ
૧૯. પ્રૌઢ શિક્ષણ અને બિન-ઔપચારિક શિક્ષણ
૨૦. પુસ્તકાલયો
૨૧. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
૨૨. બજાર અને મેળા
૨૩. આરોગ્ય અને સ્વાસ્થ્ય, હૉસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાનાં
૨૪. પરિવાર કલ્યાણ
૨૫. મહિલા અને બાળ વિકાસ
૨૬. સમાજ કલ્યાણ, વિકલાંગોનું કલ્યાણ અને મંદબુદ્ધિવાળાઓ માટેની કલ્યાણ યોજનાઓ સહિત
૨૭. નબળા વર્ગોનું કલ્યાણ, ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું કલ્યાણ
૨૮. જાહેર વિતરણ વ્યવસ્થા
૨૯. સામુદાયિક મિલકતોની સુરક્ષા

આમ, પંચાયતના કાર્યો માટે પાયાનાં કાર્યોની યાદી તૈયાર થઈ છે. પંચાયતી રાજ્યના અસરકારક અમલીકરણ માટે એ અત્યંત જરૂરી છે કે ગ્રામસભાના સભ્યો શિક્ષિત બને, સંગઠિત બને અને તેમની પોતાની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ સુધારવા માટે અને લોકો સુધી સત્તા લઈ જવા માટે પંચાયતી રાજના બંધારણીય સુધારાની જોગવાઈઓનો લાભ લેવા તૈયાર થાય.

આ બધું પ્રાપ્ત કરવા માટે મધ્યપ્રદેશ જેવા કેટલાંક રાજ્યોએ કલમ ૬ નીચે એવી વિશેષ જોગવાઈ કરી છે. કે ગ્રામ પંચાયતને સંબંધિત કોઈપણ વિષય ઉપર સમીક્ષા કરવા માટે ગ્રામ સભાને સ્વતંત્રતા છે અને ગ્રામ પંચાયત ગ્રામ સભાની ભલામણોનો અમલ કરશે. આમ, કોઈપણ પ્રકારની સંદિગ્ધતા વિના, સ્પષ્ટપણે, ગ્રામ પંચાયત માટે ગ્રામ સભાની ભલામણોનો અમલ કરવાનું બંધનકર્તા બને છે.

મધ્યપ્રદેશમાં કલમ ૭ નીચે વધારાની નીચેની જોગવાઈઓ કરીને ગ્રામ સભાનું વધુ સશક્તિકરણ કરવામાં આવ્યું છે :

૧. નવું નાણાકીય વર્ષ શરૂ થવાના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલાં, ગ્રામસભા પોતાની વાર્ષિક સભા ભરશેઅને આ વાર્ષિક સભામાં ગ્રામ પંચાયત નીચેની બાબતો રજૂ કરશે :
   (ક) વાર્ષિક હિસાબો
   (ખ) આગલા વર્ષનો વહીવટી અહેવાલ
   (ગ) હવે પછીના નાણાકીય વર્ષ માટે વિકાસ અને કાર્યો માટેનો કાર્યક્રમો
   (ઘ) જુના ઓડિટ અહેવાલ અંગની ટીપ્પણીઓ અને જો તેના ઉપર કોઈ પ્રતિભાવ આપવાના હોય તો તે,
   (ચ) અન્ય કોઈપણ વિષય, જે જનપદ પંચાયત, જિલ્લા પરિષદ,કલેક્ટર કે આ વિષયમાં અધિકૃત કરાયેલ અધિકારી આ વાર્ષિક બેઠકમાં જે કોઈ વિષય રજૂ કરવા માગતા હોય તો તે.

૨. ગ્રામ સભાને કલમ ૭(૧) નીચે, પંચાયત હેઠળના કોઈપણ કે તમામ વિષયોની સમીક્ષા કરવા માટેની, સ્વતંત્રતા હશે અને ગ્રામ પંચાયત, ગ્રામ સભાની આ ભલામણોનો અમલ કરશે.

અત્રે હવે, ગ્રામ પંચાયત માટે કરવામાં આવેલી નાણાંકીય જોગવાઈઓ સંબંધી ટીકા પ્રાસંગિક બની રહેશે. ગ્રામ પંચાયત માટેનું ફંડ બે જુદી જુદી પદ્ધતિએ વાળવામાં આવ્યું છે. પ્રથમ તો, જુદી જુદી યોજનાઓ જેવી કે જવાહર રોજગાર યોજના, ઇંદિરા આવાસ યોજના વગેરે કાર્યો માટેના ફંડ હવે સીધે સીધાં ગ્રામ પંચાયતોની તરફ પ્રવાહિત કરવામાં આવેલ છે. બીજું, જુદા જુદા રાજ્ય હસ્તકના કાર્યક્રમો જે તાલુકા કક્ષાના અધિકારી તરફ વાળવામાં આવેલ છે.તેમાંના કોઈ કાર્ય જો પંચાયતની યાદીમાં આવતાં હોય તો તેનું કાર્ય હાથ ધરે છે. અને ગ્રામ પંચાયત ભલામણ કરે તે અનુસાર તેનું ચૂકવણું સંબંધિતઅધિકારી દ્વારા કરવામાં આવેછે. આ ઉપરાંત,ગ્રામ પંચાયતને તેનું પોતાનું ફંડ પેદા કરવા માટે પણ સત્તા આપવામાં આવેલી છે. જે માટે પંચાયત વિવિધ સાધનોનો ઉપયોગ કરે છે. જેમ કે, પાલતું પશુઓ પર કરવેરા નાખવા, રસ્તો જો ગ્રામ પંચાયતની વહીવટી હદમાં આવતો હોય તો રસ્તા વેરો નાખવો વગેરે. સ્પષ્ટપણે,આ પ્રમાણે ફંડ એકઠું કરવાજતાં, લોકોમાં પંચાયજ - વિરોધી લાગણી પણ ઊભી થાય, કારણ કે તેવા કરવેરાથી ગ્રામીણ જનતા ઉપર વધારાનો નાણાંકીય બોજ આવી પડે. તેથીએ બાબતમાં તો શંકા રહે છે કે પંચાયત આવી પદ્ધતિનો ઉપયોગ કરીને પોતાનું ફંડ ઊભું કરવા વિચારણા કરે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સામાન્યપણે ગરીબી પ્રવર્તી રહી છે. ત્યારે તો આવી શંકા જાગે તે સ્વાભાવિક છે.

આ પૂર્વ ભૂમિકામાં, હવે સ્થાનિક સ્વરાજ્યના વહીવટના અસરકારક અમલીકરણમાં જે પાયાની ખોટ વરતાય છે તે નાણાકીય છે. કોઈપણ રાજ્યમાં ગ્રામ પંચાયત માટે ન્યુનત્તમ નાણાકીય ખાતરી આપે તેવી જોગવાઈ થયેલ નથી. આમ, ગ્રામ પંચાયતને વિવિધ પ્રકારનાં અનેક કાર્યો માટે વ્યાપક સત્તાઓ આપી હોય છતાં તેમને માટે કોઈ નાણાંકીય ખાતરી નથી. આમ ઘણાં બધાં રાજ્યોમાં એમ જોવા મળે છે કે જે ગ્રામ પંચાયતોમાં, પંચાયતના સંરપંચ (પ્રધાન) જો રાજકીય પીઠબળ ધરાવતા ન હોય તો પંચાયતની પ્રવૃત્તિઓને વિશેષતઃ સંસાધનોના અભાવને કારણે ગંભીર ફટકો પહોંચે છે.

સ્થાનિક સ્વરાજ્યની સરકારના અસરકારક અમલીકરણ માટે એ અગત્યનું છે કે સરપંચ, ઉપ-સરપંચ અને ગ્રામ પંચાયતની અન્ય સભ્યોને તાલીમ આપવામાં આવે, જેથી તેઓ પોતાના હકો, ફરજો અને તેની પ્રાપ્તિ માટે જાગૃત બની શકે. દુર્ભાગ્યે કોઈ રાજ્ય સરકારે આ બાબતે કોઈ પહેલ કરી નથી. કદાચ એ વાસ્તવિકતા છે કે સમગ્ર પદ્ધતિમાં કોઈ મોટું પરિવર્તન લાવવું હોય તો ઘણીવાર જેમનું સ્થાપિત હિત હોય તેઓ તેનો એટલો જ પ્રબળ વિરોધ કરી, “જૈસે થે” સ્થિતિ ચાલુ રાખવા ઇચ્છે છે. સરકારની નિષ્ક્રિયતા માટે કદાચ આ જ પાયાનું કારણ જણાય છે.

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**CHR-03**
સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ
રોજિંદી જિંદગીમાં માનવહક :
આપણે શું કરી શકીએ ?
(કાર્યપોથી)

# વિભાગ 2

## તેમનો અમલ કરો (કાર્યપોથી)

---


વિભાગ ક

૧. કેસની નોંધણી કેવી રીતે કરાવવી ? 5

૨. સોગંદનામું કેવી રીતે કરવું ? 7

૩. કુટુંબ અદાલતમાં અરજી કેવી રીતે કરવી ? 9

૪. રાષ્ટ્રીય માનવહક આયોગને ફરિયાદ કેવી રીતે કરવી ? 11

૫. વર્તમાનપત્રોને પત્રો કેવી રીતે લખવા ? 13

૬. અધિકારીઓને પત્રો કેવી રીતે લખવા ? 14

૭. જાહેર હિતનો મુકદમો કેવી રીતે કરવો ? 15

વિભાગ ખ

૧. ઈન્ટરવ્યુ અને હકીકત શોધ 18

૨. ઝુંબેશ અને હિમાયત 20

## Expert Committee

Prof. Rajni Kothari
Sh. Shankar Sen
Prof. G.Hargopal
Prof. V.S.Mani
Dr. R. M. Pal
Prof. A.S. Narang

Justice Ranganath Mishra
Sh.H.Hanumanthappa
Prof.Imtiaz Ahmed
Dr. D. Gopal
Prof. Ram G. Takwale
Prof. Ashwini Ray

Dr. Asghar Ali Engineer
Sh. Rajmohan Gandhi
Dr. Nandita Haksar
Dr. R. V. Pillai
Sh Joseph Gathia
Prof. Pandav Nayak
(Chairman and Convenor)

**Progamme Coordinator : Prof. Panday Nayak**

## Block Preparation Team

| Writer | Editor | IGNON |
|---|---|---|
| Popular Education and Action Centre(PEACE) New Delhi | Prof. Pandav Nayak | (Political Science Faculty)<br>Prof. Pandav Nayak<br>Prof. A.S.Narang<br>Prof. D. Gopal<br>Dr. S.V.Reddy<br>Dr. Anurag Joshi<br>Dr. Jagpal Singh<br>Sh. S. Venkatesh |

**Assistance :** Sh.Ashutosh Chandra
Sh.Jagjeet Singh
Sh.Parag Gupta



**Acknowledgement :**
Consumer Coordination Council, New Delhi



## Material Production

Prof. Pandav Nayak
Director, Human Rights Project, IGNOU

November 20(X)

ISBN-81-266-0011-X



© Indira Gandhi National Open University
All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.



Further informaion on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.
Printed and Published on behalf of the Indira Gandhi National Open University New Delhi by Professor A.S.Narang. Coordinator, Human Rights Project.

**Laser type set and Printed at : Sudarshan Graphics,**
Kankaria, Ahmedabad - 380 028
Year : 2010

આ પુસ્તિકામાંની અભ્યાસ - સામગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકરઓપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

**અનુવાદક**

| | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

**સંયોજન સહાય**

| | |
|---|---|
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


**પ્રકાશક**

**ડૉ. હરીશ દેસાઈ, કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**

**આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ**

**સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

## પુસ્તિકા બાબતમાં (A word about The Block)

સામાન્ય બુદ્ધિ જ્ઞાનનું (1) સૈદ્ધાંતિક અને (2) પ્રત્યક્ષ એ બે વિભાગમાં વિભાજન કરે છે. આ પુસ્તિકા પ્રત્યક્ષ જ્ઞાન, ખાસ કરીને તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી જ્ઞાન અંગે છણાવટ કરે છે. માણસે પોલીસ સ્ટેશનમાં પ્રથમ માહિતી અહેવાલ કેવી રીતે રજૂ કરવો ? સત્તાધિકારીઓ અથવા સમાચારપત્રો વગેરેને પત્ર કેવી રીતે લખવો ? આના જેવી બાબતો આમાં જણાવી છે. તમે તેનો ઉપયોગ તમારા માટે તેમજ તેની જરૂર હોય તેના માટે કરશો એવી આશા છે. ફોર્મના નમૂનાની નકલો આપી છે. ફોર્મની સત્તાવાર નકલની ચુસ્તપણે જરૂર ન હોય, તો ફોર્મની નમૂનારૂપ નકલોનો ઉપયોગ કરી શકાય. જરૂરી હોય ત્યાં અને ત્યારે માણસ કોઈ હેતુ માટે ઝુંબેશ ચલાવી શકે અને ચલાવવી જોઈએ. પરંતુ ઝુંબેશ હંમેશા લોકોના ભલા માટે હોવી જોઈએ. આવી પરિસ્થિતિમાં, જાણકાર લોકોએ નેતાગીરી લઈ માનવહક ભંગના ભોગ બનેલાઓ માટે અસરકારક ઝુંબેશ યોજવાની જરૂર છે. આ માટે હિમાયતીની ભૂમિકાની જરૂર છે. તેના પર આ ઝુંબેશની સફળતાનો ઘણો આધાર રહેલો છે. તેની ઝુંબેશ અને હિમાયત માટે પગલાં અને વ્યૂહ દર્શાવવા નાનો સ્વાધ્યાય દૃષ્ટાંત તરીકે આપ્યો છે.

પ્રા. પાંડવ નાયક
(કાર્યક્રમ સંકલનકાર)

## વિભાગ ક (Section A )

# 1. કેસની નોંધણી કેવી રીતે કરાવવી ? ( How to Register a Case ?)

તમે જ્યાં રહો છો તે લત્તો અથવા ગામ અથવા નગર અથવા શહેરમાં માનવહક ભંગના બનાવો બનતા તમે જોયા હશે. આવા ભંગ પોલીસ અત્યાચારના રૂપમાં હોઈ શકે. ખાસ કરીને સામાજિક કર્મશીલો અને સામાન્ય તથા કોમ સામે રાજ્યનું દમન, સ્ત્રીઓ અને બાળકો સામે હિંસા, દલિતો અને આદિજાતિઓ સામે અત્યાચાર વગેરે વગેરે. આવી પરિસ્થિતિમાં શું કરવાની જરૂર છે એ મોટો પ્રશ્ન છે. આપણે દરેકના માનવહક પુનઃસ્થાપિત કરવાના કારણ માટે લડવું જોઈએ કે તેની ઉપેક્ષા કરવી જોઈએ ? આપણી સમક્ષનો પડકાર, પ્રત્યેક વ્યક્તિ શાંતિપૂર્ણ સહજીવન ગાળે એવા સમાજના નિર્માણ માટે ફાળો આપવાનો છે. તેથી તમારા ધ્યાન પર કોઈ માનવહક ભંગનો બનાવ લાવવામાં આવે અથવા તમારા જોવામાં આવે ત્યારે તમારે યોગ્ય અધિકારીઓનો સંપર્ક સાધવાનું જરૂરી છે.
સામાન્ય રીતે, પ્રથમ તો તમારે સ્થાનિક પોલીસને મળવાનું થાય, ગુનાનો પ્રકાર અને તમે જોયા હોય તે માનવહક ભંગના આધારે તમારે સ્થાનિક પોલીસ સ્ટેશનને ફરિયાદ કરવી જોઈએ.

- ફરિયાદ વિગતવાર કરાય એવી સલાહ છે.
- માનવહક ભંગ બનવાનાં કારણોની તમામ માહિતી ક્રમાનુસાર આપવાની સલાહ છે.
- દરેક પાના પર સહી કરવાની સલાહ છે.
- આ કેસમાં ભારતીય દંડ સંહિતાની કઈ કલમ લાગુ પડશે તે અને માગવાની યોગ્ય રાહત દર્શાવવાની સલાહ છે.

એકવાર ફરિયાદ નોંધાતાં, પોલીસ તેનો અહેવાલ તૈયાર કરશે અને પ્રથમ ફરિયાદ આહેવાલને સામાન્ય રીતે પ્રથમ માહિતી અહેવાલ (**FIR**) તરીકે જાણીતો છે. પ્રથમ માહિતી અહેવાલ ફોજદારી કાર્યપદ્ધતિનું પગથિયું છે. તેના આધારે માનવહક ભંગ કરનાર પર કામ ચલાવાય અને શિક્ષા થાય છે. તે સૌથી મહત્ત્વનો સહાયક પુરાવો પણ છે. તેના આધારે ફરિયાદ માંડવાનું સમગ્ર માળખું રચાય છે. પ્રથમ માહિતી અહેવાલનો મુખ્ય ઉદ્દેશ પોલીસ મથકના પ્રભારી પોલીસ અધિકારીના ગુના અંગે તપાસ શરૂ કરી, શક્ય હોય તેટલા ઝડપી પુરાવા એકત્ર કરી શકે તે છે.
પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.)માં શક્ય હોય ત્યાં સુધી નીચેના મુદ્દા હોવા જોઈએ :

(૧) બાતમીદાર નજરોનજર જોનાર સાક્ષી છે કે સાંભળેલી વાત રજૂ કરે છે.
(૨) પોલીસ અધિકારના ગુનાનો પ્રકાર
(૩) તહોમતદાર વ્યકતિનું નામ અને વિસ્તૃત વિગત, તેનો વર્ણ, ઊંચાઈ, આશરે ઉંમર, લક્ષણો, કપડાં, તેનો ચહેરા પર વિશિષ્ટતાદર્શક નિશાની વગેરે.
(૪) માનવહક ભંગનો ભોગ બનનારાનાં નામ અને ઓળખ
(૫) બનાવ બન્યાની તારીખ અને સમય
(૬) માનવહક ભંગનો બનાવ કયા સ્થળે બન્યો હતો તે
(૭) માનવહક ભંગનો હેતુ
(૮) માનવહક ભંગનો બનાવ કેવી રીતે બન્યો ?

(ઉક્ત ભંગનું સાચું ચિત્ર, દરેક ભંગ કરનારે કરેલી કામગીરી અને ઉક્ત ભંગને લગતી બીજી વિગતોનું વર્ણન કરો)

(૯) ભંગના સાક્ષીઓના નામ અને સરનામાં.

અહીં એ દર્શાવવું જરૂરી છે કે પ્રથમ માહિતી અહેવાલમાં માનવહક ભંગ બન્યા અંગેની તમામ વિગતો આપવી જોઈએ, એવું કોઈ કાયદામાં નથી. ગુનાની તપાસ કરવા માટે પોલીસ અધિકારીને જરૂરી હોય તેવી પૂરતી માહિતી તેમાં હોવી જોઈએ.

- ફરિયાદી તરીકે તમને પ્રથમ માહિતી અહેવાલની નકલ મળવી જોઈએ. પોલીસ અધિકારીએ તૈયાર કરેલ પ્રથમ માહિતી અહેવાલમાં કોઈ વિકૃત માહિતી હોય તો ફરિયાદી તેના પર સહી કરવાની ના પાડી શકે.
- પ્રથમ માહિતી અહેવાલ તૈયાર કર્યા પછી પોલીસ તે બાબતની તપાસ કરશે અને ગુનાના પ્રકારના આધારે જેની વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હોય તેની ધરપકડ કરી શકે.

**તેમનો અમલ કરો (કાર્યપોથી)**

ફરિયાદ પત્રરૂપે પણ મોકલી શકાય. પત્ર યોગ્ય અધિકારીને સંબોધીને લખેલો હોવો જોઈએ. તે રજિસ્ટર્ડ ટપાલથી મોકલવો.

એક વખત કેસની નોંધણી થઈ જતાં, કેસ અદાલતને તબદીલ કરવો. કેસની સુનવણી તે અદાલતમાં થશે. આ કેસમાં ફરિયાદીને સાક્ષી તરીકે ગણવામાં આવશે.

**કેસોના ખૂબ ભરાવાને કારણે, સામાન્ય રીતે કેસ ઘણાં વર્ષો પછી સુનાવણી માટે આવે છે. તેથી કેસ અસરકારક રીતે ચલાવવા માટે તમામ રેકર્ડ હાથવગો રાખવો ઈચ્છનીય છે.**

પોલીસ સ્ટેશને નોંધાયેલ પ્રથમ માહિતી અહેવાલ પર પોલીસ સ્ટેશનના અધિકારી કોઈ પગલાં ન લે, તો તમે તપાસ માટે અને સંબંધિત પોલીસ અધિકારી સામે પગલાં લેવા પોલીસ અધિક્ષક અથવા જિલ્લા મેજિસ્ટ્રેટનો સંપર્ક સાધી શકો.

ભોગ બનનાર પણ સ્થાનિક મેજિસ્ટ્રેટને અરજી કરી શકે અને મેજિસ્ટ્રેટ તેના આધારે સંબંધિત પોલીસ અધિકારી સામે પગલાં લઈ શકે. આ સત્તાધિકારીઓ પગલાં ન લે, તો ભોગ બનનાર ઉચ્ચ અદાલત અને સર્વોચ્ચ અદાલતનો સંપર્ક સાધી શકે અને રિટ અરજી કરી શકે

**પત્રનું ફોર્મ**

પ્રતિ
પોલીસ સ્ટેશન અધિકારી
................ પોલીસ મથક,
...............................

શ્રીમાન,

(હવે તેમે ફરિયાદનો પ્રકાર જણાવો, તેમાં માનવહકનો ભંગ થતો હોવાનું લાગે તે તમે જોયેલા દરેક બનાવું વર્ણન કરો. ફરિયાદમાં ગુનાની વિગતો અને જે કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન થતું તમને લાગ્યું હોય તે ફરિયાદમાં દર્શાવવું મહત્ત્વનું છે. ફરિયાદમાં બધી કલમો દર્શાવવી અગત્યની છે. જેથી કંઈ બાકી ન રહી જાય, કેમ કે પાછળથી તેમાં સુધારો કરવાનું મુશ્કેલ છે.

ફરિયાદ પત્રરૂપે હોવી જોઇએ અને તેમાં ગુનાની વિગત, તારીખ, નામ હોય તો તેની વિગતો જણાવવી.

ફરિયાદમાં સહી કરેલી હોવી જોઈએ. ફરિયાદનાં ઘણાં પાનાં હોય તો તેવી વિગતો પર સહી કરવી.

**પ્રથમ માહિતી અહેવાલ (F.I.R.)ના નમૂનાની નકલ**

**૧. ફોર્મ નં.** **પુસ્તક નં.**

**પ્રથમ માહિતી અહેવાલ**

ફોજદારી કાર્યપદ્ધતિની કલમ ૧૫૪ હેઠળ જણાવેલ પોલીસ અધિકારીના ગુનાની પ્રથમ માહિતી.
પોલીસ સ્ટેશન ............
નં. ............... બનાવ બન્યાની તારીખ અને સમય ..................................
...........................................................................................

૧. જણાવવામાં આવ્યું હોય તે તારીખ અને સમય
૨. બાતમીદાર અને ફરિયાદીનું નામ અને રહેઠાણ
૩. ગુનાની ટૂંકી વિગત (કલમ સાથે) અને કોઈ મિલકત લઈ ગયા હોય તો તેની ટૂંકી વિગત.
૪. બનાવ બન્યાનું સ્થળ અને પોલીસ સ્ટેશનથી તેનું અંતર અને દિશા.
૫. ગુનેગારનું નામ - સરનામું
૬. તપાસ અંગે લેવાયેલાં પગલાં, માહિતી નોંધવામાં થયેલ વિલંબ અને ખુલાસો
૭. પોલીસ સ્ટેશનમાંથી રવાના કર્યાની તારીખ અને સમય

સહી .................. હોદ્દો ...............................
(પ્રથમ માહિતી નીચે નોંધવી)

નોંધ : બાતમીદારની સહી અથવા સીલ અથવા અંગૂઠાની છાપ માહિતીના અંતે હોવી જોઈએ. પ્રથમ માહિતી અહેવાલ લખનારની સહી રાબેતા મુજબ હોવી જોઈએ.

## 2. સોગંદનામું કેવી રીતે કરવું ? ( How to File an Affidavit ?)

સોગંદનામું સોગંદ અથવા પ્રતિજ્ઞા લેવડાવવાની સત્તા હોય તે વ્યક્તિ સમક્ષ સોગંદપૂર્વક કરેલ લેખિત નિવેદન કે એકરાર છે.

સોગંદનામાં પર ખરેખર સહી કરનાર જુબાની આપનાર વ્યક્તિ છે. તમામ અદાલતો અને કાયદા કે સંમતિથી પુરાવો મેળવવા અધિનિયમના વિભાગ - ૪ હેઠળ સોગંદ લેવડાવી શકે. સામાન્ય નિવેદન અથવા એકરાર કરતા સોગંદનામાં પર વધારે વિશ્વાસ મૂકી શકાય. જુબાની આપનારે સોગંદનામાની ખરાઈ કરવા નીચેના સુત્રનો ઉપયોગ થાય છે.

"હું ઉપરના નામવાળો જુબાની આપનાર આથી ખરાઈ કરું છું કે ફકરા ૧ થી ...... ની વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે."

આજે તા. - ૨૦ ના રોજ .................... એ ખરાઈ કરી અને સહી કરી.

સહી/-
જુબાની આપનાર

**સોગંદનામું કરતાં પહેલાં નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા :**

૧) સોગંદનામું મોકલવાની જરૂર છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરો.

૨) સ્ટેમ્પ સ્વરૂપે ચોંટાડવાની કોર્ટ ફીની રકમ રૂ.૨ છે. કોર્ટ સિવાયના કેસમાં તે રૂ.૫ છે તે યાદ રાખો.

૩) એકરાર કરનાર વ્યક્તિની વિગતોની ખાતરી કરો.

૪) સોગંદના દરેક મુદ્દાની વિષયવસ્તુ અલગ ફકરામાં દર્શાવવી.

૫) સોગંદનામાની વિગતોની નીચેની બાબતો ધ્યાનમાં લઈ યોગ્ય રીતે ખરાઈ કરવી.

૬) સોગંદનામાની ખરાઈ સોગંદ કમિશ્નર અથવા નોટરીએ કરવી જરૂરી છે.

**સોગંદનામાના નમૂનાનું ફોર્મ**

.................... અદાલતમાં

નં. .................. ૨૦ .........

વાદી .....................

પ્રતિવાદી .................. વિરુદ્ધ

................. માટે દાવો

.................. માટે નિશ્ચિત કરેલ

હું ............................... તે ...................... નો દીકરો, ઉંમર વર્ષ ......આથી પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરું છું અને સોગંદપૂર્વક નીચે પ્રમાણે નિવેદન કરું છું.

૧.

૨.

૩.

૪.

૫.

તારીખ : ...........

સહી
(જુબાની આપનાર)

તેમનો અમલ
કરો (કાર્યપોથી)

## ખરાઈ

હું, ................ આથી ખરાઈ કરું છું કે આ સોગંદનામાના ફકરા નં. ............ માં જણાવેલી વિગતો મારી અંગત જાણકારી મુજબ સાચી છે અને ફકરા નં. ........ માં જણાવેલી વિગતો ....... તરફથી મળેલી માહિતી પરથી મને સાચી લાગે છે. આમાં મે કોઈ પણ બાબત છુપાવી નથી.

આજરોજ તા. ........... ૨૦ ..... ના રોજ ................ ખાતે ખરાઈ કરી અને સહી કરી.

સહી/-
(જુબાની આપનાર)

## 3. કુટુંબ અદાલત (ફેમિલી કોર્ટ)માં અરજી કેવી રીતે કરવી ?
## (How to Petition to the Family Court ?)

કુટુંબ અદાલત અંગત કાયદાને લગતા કેસ ચલાવે છે. આમ લગ્નને લગતા વિવાદ, બાળકની કસ્ટડીના પ્રશ્નોને લગતી બધી બાબતોના કેસ કુટુંબ અદાલતો ચલાવશે. વિવાદના પ્રકારના આધારે અરજી કુટુંબ અદાલત સમક્ષ રજૂ કરવાની રહેશે. ઘણાંખરાં સ્થળોને 'કુટુંબ અદાલત' કહેવાતી અદાલતો હોતી નથી. આવી સ્થિતિમાં જેમને કુટુંબ અદાલતની કામગીરી સોંપાઈ હોય તેવા કેટલાક પદનામિત જિલ્લા જજ આ કેસ સાંભળશે.

કુટુંબ અદાલતમાં તમે છૂટાછેડા, નિર્વાહ, બાળકોની કસ્ટડી વગેરે માટે અરજી કરી શકો.

તમારે કુટુંબ અદાલતમાં અરજી કરવાની થાય ત્યારે તમારે પ્રથમ અરજીના ફોર્મમાં તમારા કેસનો મુસદ્દો તૈયાર કરી તેને કુટુંબ અદાલતને રજૂ કરવાનો રહેશે. તમારે અરજી પર કોર્ટ ફી પણ લગાડવાની રહેશે. પ્રત્યેક સ્થળે કોર્ટ ફી જુદી જુદી હોય છે. અરજીનો મુસદ્દો તૈયાર થતાં, અરજી જ્યાં કરવાની હોય તે સ્થળની અદાલતમાં જઈ નિશ્ચિત સ્થળે અરજી રજૂ કરવી. કચેરી (રજિસ્ટ્રી કહેવાય) ના કર્મચારીઓ તે અંગે સાચી માહિતી મેળવવામાં અને તેને લગતી કાર્યપદ્ધતિ અંગે તમને મદદરૂપ થશે. સાચી માહિતી મેળવવામાં તમારે અચકાવું નહીં.

કેસ સુનવણી માટે હાથ ધરાયા પછી, કેસ બરાબર કરવામાં આવ્યો છે તેઓ પોતાને સંતોષ થયા બાદ તે સામાવાળાને અદાલત સમક્ષ હાજર થવા નોટિસ કાઢશે. નોટિસ અદાલત મોકલશે તેમ છતાં તમારે અદાલતમાં રજિસ્ટર્ડ કવરો તેમજ તમે કચેરીમાં રજૂ કરેલી અરજીની નકલ પણ મોકલશો. જેથી તે સામેના પક્ષકારને મોકલી શકાય.

સામેના પક્ષકાર હાજર થાય ત્યારબાદ, તેને તમારી અરજીનો જવાબ રજૂ કરવાની છૂટ આપવામાં આવશે. જવાબ રજૂ કર્યા બાદ તમને પ્રત્યુત્તર રજૂ કરવા સમય અપાય અથવા પ્રત્યુત્તર રજૂ કરવાની જરૂર નથી એવું પણ અદાલત નક્કી કરે.

અદાલતમાં અરજી મળ્યા બાદ આ કેસ અદાલતની દરમિયાનગીરી કરવા યોગ્ય લાગે તો તેવા કેસમાં તે સામેની વ્યક્તિઓને નોટિસ આપશે. તેમને નોટિસની બજવણી થયા બાદ સામેની વ્યક્તિઓ અદાલતમાં હાજર થશે. તેમને પણ તેમનું વલણ સમજાવવા માટે તક આપવામાં આવશે અને તે સોગંદનામાના રૂપમાં રજૂ થયા બાદ, અદાલત કેસ સાંભળીને પોતાનો ચુકાદો આપશે.

અરજી ઉચ્ચ અદાલતમાં કરવામાં આવી હોય અને તમે તેમાં સફળ થાઓ તો સામેની વ્યક્તિ તે ચુકાદા સામે સર્વોચ્ચ અદાલતને અપીલ રજૂ કરી શકે. તમે નિષ્ફળ જાઓ, તો તમે સર્વોચ્ચ અસાદતને અપીલ કરી શકો.

**ક. લગ્નવિચ્છેદ માટે અરજીનું ફોર્મ**

.............................ની અદાલતમાં

અરજી નં. ....................... / .............૨૦૦

બાબત : .........................

વાદી ..............................................

વિરુદ્ધ

પ્રતિવાદી ..................................

**ક. હિંદુ લગ્ન અધિનિયમની કલમ ૧૩ હેઠળ**
**લગ્નવિચ્છેદ માટે અરજી**

ખૂબ જ આદરપૂર્વક જણાવું છું કે,

૧) અરજદાર .............................. છે.

૨) પ્રતિવાદી ................................. છે.

૩) બનાવોના સમયાનુક્રમ વિગતવાર જણાવો. લગ્નની તારીખ, લગ્નની તારીખથી અરજી કર્યાની તારીખ સુધીમાં બંને પક્ષકારો વચ્ચે રહેલા સંબંધનો પ્રકાર.

૪) અરજી કરવા માટેના કારણો વિગતવાર જણાવો (તે ક્રૂરતા, દહેજની માંગણી, વ્યાભિચારી સંબંધ વગેરે હોઈ શકે.)

૫) વિનંતી (Prayer)

તારીખ ................ અરજદારની સહી ..................

.................................................................................

**બ. દત્તક વિધાન (Adoption) અને નિર્વાહ માટેની અરજીનું ફોર્મ**

............................ ની અદાલતમાં

અરજી નં. ................. / ........... ૨૦૦

વાદી ........................

વિરુદ્ધ

પ્રતિવાદી .........................

**હિંદુ દત્તકવિધાન અને નિર્વાહ અધિનિયમની કલમ ૧૮ હેઠળ અરજી**

૧) અરજદાર ........................ છે.

૨) પ્રતિવાદી ......................... છે.

૩) બનાવોના સમયાનુક્રમ વિગતવાર જણાવો. લગ્નની તારીખ, લગ્નની તારીખથી અરજી કર્યાની તારીખ સુધીમાં બંને પક્ષકારો વચ્ચે રહેલા સંબંધનો પ્રકાર.

૪) અરજી કરવા માટેનાં કારણો વિગતવાર જણાવો (તે ક્રૂરતા, દહેજની માંગણી, વ્યભિચારી સંબંધ વગેરે હોઈ શકે.)

૫) ત્યજવાનો પ્રકાર, કોઈ હોય તો જણાવો.

૬) નિર્વાહ માટે માંગેલી રકમ જણાવો અને તેને વાજબી ગણાવતાં કારણો જણાવો.

૭) પ્રતિવાદીની આવકની વિગત તેને સમર્થન આપતા દસ્તાવેજો સાથે જણાવો.

૮) વિનંતી

તારીખ .................. અરજદારની સહી ................

.................................................................................

...................... ની અદાલતમાં

અરજી નં. ........................ ૨૦૦

વાદી ...................... વિરુદ્ધ

પ્રતિવાદી ........................

કસ્ટડી માટે કલમ .................... હેઠળની અરજી

ખૂબ જ આદરપૂર્વક જણાવું છું કે,

૧) અરજદાર .................. છે.

૨) પ્રતિવાદી .................... છે.

૩) બનાવોના સમાયનુક્રમ વિગતવવાર જણાવો. લગ્નની તારીખ, લગ્નની તારીખથી અરજી કર્યાની તારીખ સુધી બંને પક્ષકારો વચ્ચે રહેલા સંબંધનો પ્રકાર.

૪) અરજી કરવા માટેના કારણો વિગતવાર જણાવો. (તે ક્રૂરતા, દહેજની માંગણી, વ્યાભિચારી સંબંધો વગેરે હોઈ શકે.)

૫) સામેના પક્ષકાર બાળકની કસ્ટડી રાખવા શક્તિમાન નથી તેમ તમે કયા કારણસર માનો છો તે જણાવી બાળકની કસ્ટડી મેળવવા માટેના કારણો સમજાવો.

૬) તમે બાળકનો નિર્વાહ કરવા શક્તિમાન છો તેના તમારા કેસને સમર્થન આપે તેવા આવકના સ્રોત સમજાવો.

૭) વિનંતી.

તારીખ ............... અરજદારની સહી .............

## 4. રાષ્ટ્રીય માનવહક આયોગને ફરિયાદ (Complaint to the NHRC)

દેશમાં માનવહક ભંગને લગતા પ્રશ્નો આવશ્યકપણે જોવા માટે રાષ્ટ્રીય માનવહક આયોગ રચવામાં આવ્યું હતું. આયોગ સ્વાયત્ત પ્રકારનું છે. માનવહક ભંગ અંગે પોતાની મેળે અથવા ભોગ બનનાર અથવા તેના વતી કોઈ વ્યક્તિએ કરેલી અરજી પરથી તપાસ કરવાનું કામ આયોગને સોંપવામાં આવ્યું છે. અદાલતમાં પડતર રહેલા માનવહક ભંગના કોઈ આક્ષેપને લગતી કોઈ કાર્યવાહીમાં તે યોગ્ય સંમતિ મેળવીને હસ્તક્ષેપ પણ કરી શકે. વ્યક્તિઓને ઉપચાર, સુધારણા અથવા રક્ષણ માટે રખાતી હોય તેવી રાજ્ય સરકારની કોઈપણ જેલ અથવા બીજી કોઈ સરકારની કોઈપણ જેલ અથવા બીજી કોઈ સંસ્થામાં રહેનારાઓની રહેવાની સ્થિતિનો અભ્યાસ કરી તે અંગે ભલામણ કરવા આયોગ તેમની મુલાકાત લઈ શકે. તે માનવહકના રક્ષણ માટે સંવિધાનમાં જોગવાઈ કરેલ સલામતી સાધનોની સમીક્ષા કરી તેના અસરકારક અમલ માટે પગલાંની ભલામણ કરી શકે.

અધિનિયમ હેઠળ માનવહક ભંગની ફરિયાદોની તપાસ કરતી વખતે આયોગ દીવાની અદાલતની બધી સત્તાઓ ભોગવે છે. માનવહક ભંગની ફરિયાદો અંગે તપાસ કરવા આયોગ પાસે તેના પોતાના તપાસ કર્મચારીઓ છે. તપાસ પ્રક્રિયા દરમિયાન તે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કોઈ અધિકારીની સેવાઓ લઈ શકે. ભૂતકાળમાં આયોગે તપાસ કાર્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓને પણ સાંકળી હતી.

હવે તમને કોઈ તરફથી માનવહક ભંગનો બનાવ જોવા મળે ત્યારે તમે અરજી તૈયાર કરી શકો. આ અરજી હકીકતોનું બયાન હશે અને તેમાં માનવહક ભંગ કેવી રીતે બન્યો, તેના બધા બનાવોનું વિગતવાર વર્ણન હોવું જોઈએ.

રાષ્ટ્રીય માનવહક આયોગને ફરિયાદ કરવા માટે કોઈ ખાસ ફોર્મ નથી. સાદા કાગળ ઉપર ફરિયાદ મોકલી શકાય છે. ફરિયાદ હિંદી કે અંગ્રેજી અથવા સંવિધાનની આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ કોઈપણ ભાષામાં કરી શકાશે. ફરિયાદ સ્વયંસંપૂર્ણ હોય એ અપેક્ષિત છે. આયોગ ફરિયાદ અંગે કોઈ ફી લેતું નથી.

સામાન્ય રીતે નીચેના પ્રકારની ફરિયાદો આયોગ સ્વીકારતું નથી :

ક) ફરિયાદ કરવાના એક વર્ષ અગાઉ બનેલા બનાવ બાબતમાં;

ખ) ન્યાયાધીન હોય તેવી બાબતમાં;

ગ) અસ્પષ્ટ, નનામી અથવા છઠાનામી હોય તેવી,

ઘ) સેવાની બાબતોએ લગતી ફરિયાદો

**રાષ્ટ્રીય માનવહક આયોગને ફરિયાદ**

તાજેતરના પરિપત્ર અનુસાર આયોગ તમામ લાગતા વળગતાંને જણાવે છે કે માનવહક ભંગને લગતી ફરિયાદો અધ્યક્ષને સંબોધીને સાદા પત્રના રૂપમાં આયોગને મોકલી શકાય અને તે હાથોહાથ/ટપાલથી/ફેક્સથી/ઈ-મેઈલ દ્વારા મોકલી શકાય. ફરિયાદો કાર્યાલય સમય બાદ અથવા રજાના દિવસે આયોગના મોબાઈલ નં. ૯૮-૧૦૨૯૮૯૦૦ ઉપર પણ કરી શકાય. રાષ્ટ્રીય માનવહકને ફરિયાદ કરવા તેનો મુસદ્દો તૈયાર કરવા માટે નાણાં ચૂકવવા લોકો ગેરમાર્ગે ન દોરવાય એવી આયોગની સલાહ છે. લોકોને ગેરમાર્ગે દોરતી વ્યક્તિઓ માલૂમ પડે તો આયોગ તેની સામે યોગ્ય પગલાં લઈ શકે. તમામ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

રાષ્ટ્રીય માનવહક આયોગ

સરદાર પટેલ ભવન, નવી દિલ્હી - ૧૧૦૦૦૧

વેબસાઈટ : www.nhrc.nic.in

ફરિયાદો મળતાં, આયોગ વધુ માહિતી માગી શકે અને જરૂર જણાય ત્યારે આક્ષેપોના સમર્થનમાં સોગંદનામું રજૂ કરવા જણાવી શકે. ફરિયાદ મળ્યા બાદ આયોગ તે બાબતમાં તપાસ કરી અહેવાલ તૈયાર કરશે. આ અહેવાલ ભલામણ સ્વરૂપનો હોય છે. પક્ષકારોને સાંભળવાની જરૂર લાગે તેવા બનાવોમાં અદાલત સુનાવણી પણ રાખે છે. તપાસ પૂરી થયા પછી આયોગ નીચેનામાંથી કોઈપણ પગલું લઈ શકે:

## તેમનો અમલ કરો (કાર્યપોથી)

૧) તપાસમાં માનવહક ભંગ બન્યો હોવાનું અથવા જાહેર કર્મચારીએ માનવહકનો ભંગ અટકાવવામાં બેદરકારી દાખવી હોવાનું જણાય, તો તે સંબંધિત સરકાર અથવા સત્તાધિકારી ને કામ ચલાવવાની કાર્યવાહી શરૂ કરવાની ભલામણ કરી શકે.

૨) આયોગ અદાલતને જરૂરી લાગે તે સૂચના હુકમ અથવા રિટ માટે સર્વોચ્ચ અદાલત અથવા સંબંધિત ઉચ્ચ અલાદતનો પણ સંપર્ક સાધી શકે.

૩) તે સંબંધિત સરકાર અથવા સત્તાધિકારીને ભોગ બનનાર અથવા તેના કુટુંબના સભ્યો ને આયોગને જરૂરી લાગે તેવી વચગાળાની રાહત તાત્કાલિક ચૂકવવા ભલામણ કરી શકે.

આયોગ તરફથી અહેવાલ /ભલામણો મળતાં, સત્તાધિકારી /રાજ્ય સરકાર /કેન્દ્ર સરકાર સામાન્ય ફરિયાદ બાબતમાં એક મહિનાની અંદર અને સશસ્ત્ર દળોને લગતી ફરિયાદો બાબતમાં ત્રણ મહિનાની અંદર પગલાં લેવાયાં હોવા અંગે આયોગને જાણ કરશે.

## 5. વર્તમાનપત્રોને પત્રો કેવી રીતે લખવા ?
## (How to write letters to Newspapers ?)

પ્રશ્નોને વિશિષ્ટતા આપવા અને તેનો પ્રચાર કરવા અથવા બાબત વહેતી મૂકવા માધ્યમ હંમેશા શક્તિશાળી સાધન રહ્યું છે. સમાજમાં બનતા પ્રત્યેક બનાવ માટે આ સાચું છે. બીજા કોઈ બનાવની જેમ માનવહક ભંગ તે પ્રશ્નોનો પ્રચાર કરી સંબંધિત સત્તાધિકારીઓને ઈચ્છિત દિશામાં સક્રિય બનાવવા માધ્યમો સાથે ઘણું કામ કરવાનું હોય છે. આપણે બધા જાણીએ છીએ કે માનવહક ભંગ બદલ જવાબદાર હોય તેઓ માધ્યમોની શક્તિ જાણે છે. તેથી તે તેનો પોતાની તરફેણમાં ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે. તેઓ તેમાં ઘણીવાર સફળ પણ થાય છે. માનવહક ભંગ કર્યા પછી તે સફળ જવાનું કારણ અસરગ્રસ્ત પક્ષકાર માધ્યમનો સંપર્ક સાધી શક્તો નથી અથવા તેનો ઉપયોગ કેમ કરવો તે અંગે કંઈ જાણતો નથી. તેથી અસરગ્રસ્ત પક્ષકારો માધ્યમની શક્તિને જાણવા ઉપરાંત તેના ઉપયોગ બાબતમાં પણ સુમાહિતગાર થવાનું અચૂક કરવા જેવું છે.

માનવહક ભંગનો બનાવ માધ્યમ જણાવે નહિ, તો તે બનાવમાં પોલીસ, વહીવટીતંત્ર અને બીજા લાગતાવળગતાં લોકો રસ લે એવી ઘણી ઓછી તક છે. બનાવના સમાચાર એક વખત અપાતાં, જણાવેલ બનાવ માટે તમામ પ્રકારનું દબાણ આવે અને તમામ સત્તાધિકારી અને સંબંધિત લોકો તેના પર પગલાં લે. માધ્યમમાં જણાવાયેલા અહેવાલના પ્રકારથી પગલાં નક્કી કરવામાં આવે છે. દાખલા તરીકે સીમાંત ખેડૂતની જમીનનો ટુકડો શક્તિશાળી લોકોએ ગેરકાયદે પચાવી પાડ્યો છે. તેના પછી બે પક્ષકારો વચ્ચે અથડામણ થાય છે, તો શક્તિશાળી લોકો માધ્યમનો તેમની તરફેણમાં ઉપયોગ કરી શકશે. પરિણામે અગાઉ વારંવાર બન્યું છે તેમ સમગ્ર બનાવને કોમો વચ્ચેની અથડામણ તરીકેનું સ્વરૂપ આપી શકાય. આની પાછળનું કારણ એ છે કે અસરગ્રસ્ત લોકોને માધ્યમનો ઉપયોગ કરવાનું આવડતું નથી અને જરૂરી પ્રારંભિક પગલાં તે લેતા નથી, તેનાથી ઊલટું અસરગ્રસ્ત પક્ષકાર પહેલ કરે અને બનાવ જે રીતે બન્યો હતો તે રીતે અહેવાલ કરવામાં આવે તો ભિન્ન ભિન્ન બનશે. જાહેરાત પછી પોલીસ, વહીવટીતંત્ર અને સ્થાનિક રાજકારણી વગેરે ભિન્ન રીતે કામ કરશે. આમ, આપણે માધ્યમની અગત્ય અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે જાણવું જોઈએ.

માધ્યમોનો વત્તે ઓછે અંશે વર્તમાનપત્રોમાં આપવાની સામગ્રીથી ઉપયોગ થાય છે. પ્રશ્નને પ્રસિદ્ધિ આપવા અને સત્તાધિકારીને પગલાં લેવા દબાણ કરવા વર્તમાનપત્રોની સામગ્રી અસરગ્રસ્ત પક્ષકાર તૈયાર કરે છે. બીજી બાજુએ, અખબારી અહેવાલ ખબરપત્રી તૈયાર કરે છે અને તેનો હેતુ વાચકોની જરૂરિયાતો પૂરી પાડવાનો છે. પરંતુ વર્તમાનપત્રોની અંદર બેઠેલા તંત્રી વર્તમાનપત્રોની પ્રસિદ્ધિની સામગ્રીના સંપાદનમાં ઝાઝો સમય આપવા માગતા નથી. તેથી વર્તમાનપત્રની માહિતી અખબારી અહેવાલના ઢાંચા મુજબ લખાઈ હોય, તો તે પ્રસિદ્ધ થવાનો વધારે સંભવ છે.

**અખબારી સામગ્રી કઈ ઢબે તૈયાર કરવી :**

- પહેલા ફકરામાં માનવહક ભંગનો સમગ્ર બનાવ શક્ય તેટલો ટૂંકમાં આપવો. બનાવની ચોક્કસ તારીખ, સમય અને સ્થળ દર્શાવવાનું ભુલશો નહીં.
- માનવહક ભંગની સમગ્ર વિગતો જણાવવી. તે બનાવને નજરે જોનારા સાક્ષીઓ હોય, તો તે પણ દર્શાવવા.
- પછીનું પગલું બનાવની પૂર્વભૂમિકાની વિશિષ્ટતા દર્શાવવાનું છે.
- માનવહક ભંગમાં સંડોવાયેલા બધા પક્ષકારોની પ્રતિક્રિયા પણ તેમાં દર્શાવવી.
- પછીનો મુદ્દો સંબંધિત સત્તાધિકારીઓએ આપેલી પ્રતિક્રિયા અંગેની કામગીરીને લગતો હોવો જોઈએ.
- તે પછીનું છેલ્લું પગલું સંબંધિત પક્ષકારો તે પછી શું કરશે તે દર્શાવવાનું છે.

**વર્તમાનપત્રો માટેની સામગ્રી માટે આવશ્યક માહિતી**

- કયા સ્થળે માનવહકનો ભંગ બન્યો
- બનાવની તારીખ અને સમય
- બનાવની ક્રમાનુસાર વિગતો
- બનાવની પૂર્વભૂમિકા
- બનાવની અસર
- માનવહક ભંગનો ભોગ બનનાર અને માનવહક ભંગ માટે જવાબદાર હોય તેમના નિવેદન
- બનાવ નજરે જોનારનું નિવેદન અને સામાન્ય લોકોની પ્રતિક્રિયા

તેમનો અમલ કરો (કાર્યપોથી)

## 6. અધિકારીઓને પત્રો કેવી રીતે લખવા ?
## (How to write letters to Officials ?)

સરકારી અધિકારીઓ માટે પત્રો અથવા યાદીઓ લખવી એ માનવહક કર્મશીલો માટે સરકાર પર દબાણ લાવવાની બીજી રીત છે. ગુનેગારનું રક્ષણ કરવા માટે વગદાર લોકો માનવહક ભંગના કેસ દબાવી દે છે. એવા ઘણા બનાવો છે કોઈકવાર સ્થાનિક કક્ષાના અધિકારીઓ વગદાર વ્યક્તિઓની બાબતમા આંખ આડા કાન કરી વિકૃત ચિત્ર આપે છે. યાદી લખીને માનવહક કર્મશીલો માનવહક ભંગના ખરેખર બનાવ સરકારના ધ્યાન પર લાવી તાત્કાલિક રાહત માગી શકે.
યાદી નીચેની ઢબે તૈયાર કરવી :

- યાદી તે વ્યક્તિને સંબોધીને લખવી. તેમાં હોદ્દો અને સરનામું લખવું.

દાખલા તરીકે,

મુખ્યમંત્રીશ્રી,

...................... સરકાર

..............................

..............................

- આની પછી યાદીનો વિષય લખવો. વિષય વધુમાં વધુ એક કે બે લીટીમાં લખવો.
- તે પછી જેમને યાદી સંબોધીને લખી હોય તેને વિશિષ્ઠ રીતે સંબોધન કરવું. જેમ કે શ્રીમાન, સ્નેહીશ્રી વગેરે.
- હવે વિષયના મુખ્ય ભાગ પર આવવું, પહેલાં ફકરામાં તમારા વિસ્તારમાં બનેલા માનવહક ભંગના બનાવ અંગે વિગતવાર માહિતી આપવી. વળી માનવહક ભંગના તે ખાસ બનાવમાં વ્યક્તિ અથવા જૂથ સમુદયાને કેવી રીતે અસર પહોંચી છે તે દર્શાવવું.
- પહેલા ફકરામાં માનવહક ભંગના બનાવ અંગે પ્રાથમિક માહિતી અપાઈ ગયા પછી આ કોણે અને કેવી રીતે કર્યું તેની ક્રમાનુસાર વિગતવાર માહિતી આપવી. વિષયનો આ ભાગ અનેક ફકરાઓમાં આવી શકે. આ વિગતો આપવાનો હેતુ અધકારીને તે વિસ્તારમાં પ્રવર્તતી સ્થિતિ અંગે સંપૂર્ણ વાકેફ કરવાનો છે.
- તેના પછી માગણી અધિકારપત્ર આવે. માંગણી અધિકારપત્ર મુદ્દાવાર અને અગ્રતાના ધોરણે ક્રમશઃ લખાવો જોઈએ. સૌથી વધારે તાકીદનો અને મહત્ત્વની માંગણીયાદીના મથાળે આવવી જોઈએ અને ઓછી મહત્ત્વની માંગણીઓ ક્રમમાં પાછળ આવવી જોઈએ.
- અંતમાં તે વ્યક્તિને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરવી, જેથી માનવહકનો ભંગ કરનારા છુટી ન જાય.
- આના પછી તેમ જે સંગઠન કે જૂથ સાથે સંકળાયેલા છો તેનું નામ, હોદ્દો અને સરનામું લખવું તમારી સહી કરવાનું કદી ભૂલશો નહીં.
- છેલ્લે, તમે આ યાદીની નકલો જેમને મોકલી રહ્યા છો તેવી બધી વ્યક્તિઓના નામ અને હોદ્દા હંમેશા દર્શાવો દાખલા તરીકે, માનવહક ભંગની બાબતમાં યાદીની નકલો નીચેના અધિકારીઓને મોકલવી.
  - ગૃહમંત્રી ............ રાજ્ય સરકાર
  - ગૃહ સચિવ ........... રાજ્ય સરકાર
  - પોલીસ મહાનિર્દેશક ............. રાજ્ય
  - અધ્યક્ષ, રાષ્ટ્રીય માનવહક આયોગ
  - જિલ્લા મેજિસ્ટ્રેટ
  - પોલીસ અધિક્ષક
  - મહત્ત્વનાં સ્થાનિક અને રાષ્ટ્રીય દૈનિકોના તંત્રીઓ

## 7. જાહેર હિતનો મુકદ્દમો (પીઆઈએલ) કેવી રીતે રજૂ કરવો ?
## (How to file a PIL (Public Interest Letigation) ?

આ દેશમાં તાજેતરમાં એક ઉત્તમ ઘટના બની તે છે જાહેર હિતનો મુકદ્દમો કાયદો ઘડીને નિરક્ષર, તેમાં વંચિત અને શોષિત લોકોને ન્યાય આપવાની જોગવાઈ થઈ છે. એવું જોવા મળ્યું છે કે કાયદેસર હકની જાણકારીના અભાવે આ દેશમાં ગરીબ લોકોને તેમની ગરીબ સામાજિક, આર્થિક સ્થિતિ અને કાનૂની સહાય પૂરી પાડવાના અસરકારક તંત્રના અભાવે ન્યાય મેળવવામાં ઘણીવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

સંખ્યાબંધ લોકો અન્યાય અને શોષણના ભોગ બન્યા હોવાના દાખલા છે. આવી બાબતમાં સામૂહિક રીતે ખોટું થયા બદલ દરેકે અલગ અરજી રજૂ કરવી પડે છે. ભારતની સર્વોચ્ચ અદાલત 'કાયદેસર પરિસ્થિતિ'ની વિભાવનાનું પુનઃ અર્થઘટન કરીને, જેમના સંવિધાનવિષયક અને કાનૂની હકનો ભંગ થયો હોય તેવી વ્યક્તિઓ અને સમુદાય વતી અદાલતોમાં અરજી કરવા લોકભાવનાવાળી વ્યક્તિઓ અને સામાજિક કાર્યજૂથોને છૂટ આપી છે.

'જાહેર હિતના મુકદ્દમા'નો શબ્દપ્રયોગ ૧૯૬૦ના દાયકામાં અમેરિકામાં ઉદ્‌ભવ્યો. ભારતમાં જાહેર હિતનો મુકદ્દમો ૧૯૭૦ના દાયકાને અંતે શરૂ થયો અને ૧૯૮૦ના દાયકામાં પૂરેપૂરો અમલમાં આવ્યો. જાહેર હિતના મુકદ્દમાનો ઉદ્દેશ કાનૂની પ્રક્રિયા મારફત લોકોની ફરિયાદોને વાચા આપીને લોકો માટે ન્યાય મેળવવાનો છે. જાહેર હિતના મુકદ્દમાનો હેતુ આ દેશના સામાન્ય લોકોને કાનૂની નિવારણ મેળવવા અદાલતોમાં પ્રવેશનો છે. તેનો સારાંશ એટલો કે જાહેર હિતનો મુકદ્દમો સમાજના ગરીબ અને વંચિત વિભાગોને સહેલાઈથી ન્યાય પહોંચાડે છે. જાહેર હિતના મુકદ્દમાના કેસ સમજવા થોડાક દાખલા નીચે આપ્યા છે:

ક) રતલામ નગરપાલિકાનો કેસ તે મહાનગરપાલિકાઓની નાગરિક પ્રત્યેની જવાબદારીનો સમાવેશ કરે છે.

ખ) પથ્થર ખાણના કામદારોના હક બાબતમાં બંધુઆ મુક્તિ મોરચા કેસ.

ગ) બિહારની જેલોમાં સબડતા કાચા કામના ૨૯,૦૦૦ કેદીઓનો કેસ.

ઘ) સરકારી બાંધકામના હેતુઓ માટે રાખેલા સ્થળાંતર કરનાર શ્રમિકોના લઘુત્તમ વેચન અંગે એશિયાડ રમત કામદાર દેસ.

નીચેની બાબતો જાહેર હિતના મુકદ્દમા માટે લઈ શકાય.

૧) માર્ગ, પાણી, દવા, વીજળી, પ્રાથમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બસ સેવા વગેરે જેવી મૂળભૂત સુવિધાઓ.
૨) વિસ્થાપિત વ્યક્તિંઓનું પુનઃસ્થાપન
૩) બંધણી અને બાળ શ્રમિકોની ઓળખ અને પુનઃ સ્થાપન
૪) ધરપકડ કરાયેલી વ્યક્તિઓની ગેરકાયદે અટકાયત
૫) પોલીસ કસ્ટડીમાં વ્યક્તિઓ પર ત્રાસ
૬) કસ્ટડીમાં મૃત્યુ
૭) કેદીઓના હકનું રક્ષણ
૮) જેલ સુધારા
૯) કાચા કામના કેદીઓના કેસ ઝડપથી ચલાવવા
૧૦) કોલેજોમાં રેગિંગ
૧૧) પોલીસનો અત્યાચાર
૧૨) અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિઓ સામે અત્યાચાર
૧૩) સરકારી કલ્યાણ ગૃહોમાં નિવાસીઓ પ્રત્યે બેદરકારી
૧૪) કસ્ટડીમાં રહેલાં બાળકો

૧૫) બાળકોને દત્તક લેવા

૧૬) જાહેર કર્મચારીઓ સામે રુશ્વતનો આરોપ

૧૭) કાયદો અને વ્યવસ્થાની જાળવણી

૧૮) લઘુત્તમ વેતનની ચુકવણી

૧૯) ગરીબને કાનૂની સહાય

૨૦) ભૂખમરાથી મૃત્યુ

૨૧) અરુચિકર દૂરદર્શન કાર્યક્રમો

૨૨) નશાબંધી

૨૩) પર્યાવરણનું પ્રદૂષણ

૨૪) અનધિકૃત ખાલી કરાવવું

૨૫) પગથી અને ઝૂંપડપટ્ટીમાં રહેનારાઓનું રક્ષણ

૨૬) દહેજ મૃત્યુ

૨૭) કલ્યાણ કાયદાનો અમલ

૨૮) સતી, બાળલગ્ન, દેવદાસી પ્રથા વગેરે જેવી ગેરકાયદે સામાજિક રૂઢિઓમાં સુધારા

૨૯) નબળા વિભાગના મૂળ હકનો ભંગ

ઉચ્ચ અદાલત અથવા સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિને સંબંધિત હકીકતો અને દસ્તાવેજો સાથે પત્ર/અરજી મોકલીને જાહેર હિતનો મુકદ્દમો દાખલ કરી શકાય. આ પત્રો રજિસ્ટર્ડ ટપાલથી પહોંચ (Acknowledgement) જોડીને મોકલવા. અદાલતને મોકલેલા પત્રો અને તારને રિટ અરજી ગણીને અદાલતે પગલાં લીધાં હોવાના દાખલા છે. આપણે અદાલતની કાનૂની સેવા સમિતિની સહાય મેળવીને અદાલતમાં જાહેર હિતનો મુકદ્દમો દાખલ કરી શકાય. સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા સામાજિક કાર્યજૂથો પોતાની મેળે અથવા જાહેર હિતના મુકદ્દમાના વકીલો અથવા જાહેર હિતના મુકદ્દમાની કંપનીઓ મારફત પણ સંબંધિત અદાલતોમાં જાહેર હિતના મુકદ્દમના કેસ દાખલ કરી શકે.

અદાલતમાં જાહેર હિતનો મુકદ્દમો દાખલ કરતાં પહેલાં આપણે અસરગ્રસ્ત લોકો સાથે કેસના કાનૂની પાસાંની પૂરેપૂરી ચર્ચા કરવી જોઈએ અને આ બાબત લોકોના મૂળભૂત હકનો ભંગ કરે છે કે કેમ તે સ્પષ્ટ કરવું જોઈએ. ફરિયાદીએ કયા મૂળભૂત હકનો ભંગ થાય છે તે પણ દર્શાવવું. અસરગ્રસ્ત લોકો સાથે કામ કરતાં સ્વૈચ્છિક સંગઠનો કે જૂથોએ કાનૂની કાર્યવાહી તેમને રાહત કેવી રીતે આપી શકે અને તેમના માનવહકનો વધુ ભંગ કેવી રીતે અટકાવી શકે તેની લોકો સાથે ચર્ચા કરવી જોઈએ એ દર્શાવવું યોગ્ય છે. તે પ્રશ્ન અંગે દ્વિતીય અભિપ્રાય મેળવવા જૂથે તે બાબતની સામાજિક રીતે સજાગ વકીલ સાથે ચર્ચા કરવી અને આ બાબતમાં કરવાની કામગીરીનું આયોજન કરવું. આ પ્રક્રિયા દરમિયાન, જૂથે તમામ દસ્તાવેજો, સમાચારપત્ર, કાપલીઓ, તપાસ અહેવાલ, સ્વૈચ્છિક સંગઠનો અથવા સત્યશોધન ટુકડીઓના અહેવાલ, ફોટો, સોગંદનામાં અને તે પ્રશ્ન સાથેના સંબંધિત દસ્તાવેજો એકત્ર કરવા. જાહેર હિતના મુકદ્દમાની અરજીમાં કરેલા બયાન અને દાવાના સમર્થનમાં આ દસ્તાવેજો પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય. આ સ્વાધ્યાયનો હેતુ પ્રાથમિક સંશોધન કરવાનો છે, જેથી અરજી દઢ વિશ્વાસથી દાખલ કરી શકાય.

અસરગ્રસ્ત પક્ષકારો સાથે પ્રશ્નની ચર્ચા કર્યા પછી માનવહક ભંગને લગતી બધી હકીકતો, વિગત અને તારીખ સાથે નીચેના નમૂનામાં અરજી લખવી. અરજદારે અરજીમાં અસરગ્રસ્ત લોકો માટે કયા પ્રકારની રાહતની જરૂર છે તે જણાવવું. સમર્થન આપતા દસ્તાવેજો મુખ્ય અરજી સાથે જોડાણ તરીકે બીડવા.

જાહેર હિતના મુકદ્દમા કાર્યપદ્ધતિ નિયમોને કડકપણે અનુસરવામાં આવતા નથી. સર્વોચ્ચ અદાલતને લખેલો પત્ર અરજી તરીકે ગણી શકાય. પરંતુ અરજીમાં બધી જ હકીકતો વિશિષ્ટ રીતે દર્શાવી હોય અને યોગ્ય રાહતની વિનંતી કરાઈ હોય તે સુનિશ્ચિત કરવું.

કેસ પડતર હોય ત્યાં સુધી તમે કેસમાં રસ લો છો તે બાબત મહત્ત્વની છે. યોગ્ય અનુવર્તી કામગીરી ન હોય તો અરજદારો તે કેસને આગળ ધપાવવામાં રસ નથી એ કારણસર અદાલત અરજીને કાઢી નાખે.

## રિટ અરજીના નમૂનાનું ફોર્મ
## ભારતની સર્વોચ્ચ અદાલતમાં સિવિલ રિટ ક્ષેત્રાધિકાર
## રિટ અરજી (સિવિલ) નં. ........... / ૨૦૦

બાબત ......................

વાદી .......................

વિરુદ્ધ

પ્રતિવાદી ...................

**ભારતના સંવિધાનની કલમ ૩૨ હેઠળની અરજી**

પ્રતિ,

માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રી અને

માનનીય સર્વોચ્ચ અદાલતના તેમના સાથી ન્યાયમૂર્તિશ્રી

ઉપરના અરજદારની નમ્ર અરજ,

ખૂબ જ આદરપૂર્વક દર્શાવું છું કે,

કેસની હકીકતો

(ફકરાવાર લખો અને તેનો નંબર આપો)

૧

૨

૩

૪

૫

(છેલ્લો ફકરો)

- અરજદારે માનનીય સર્વોચ્ચ અદાલતમાં અથવા બીજી કોઈ અદાલતમાં તે જ રાહત માટે બીજી કોઈ અરજી કરી નથી.
- અરજદારે બીજા બધા ઉપાય ઉપલબ્ધ કરેલ છે અને ભારતના સંવિધાનની કલમ ૩૨ હેઠળ આપ નામદાર અદાલત સમક્ષ રજૂઆત કરવા સિવાય બીજો કોઈ અસરકારક કે વૈકલ્પિક ઉપાય બચ્યો નથી.

### વિનંતી

ઉપર જણાવેલી હકીકતો અને સંજોગોને અનુલક્ષીને ખૂબજ આદરપૂર્વક આપ નામદાર અદાલતને વિનંતી કરું છું કે નામદાર અદાલત,

૧) પ્રતિવાદીને ફરમાવતી યોગ્ય રિટ, સૂચના અથવા આદેશ આપે

ક)

ખ)

ગ)

૨) વાદીની તરફેણમાં અરજીનું ખર્ચ અપાવે.

૩) આપ નામદાર અદાલતને કેસની હકીકતો અને સંજોગો જોઈ યોગ્ય અને ઉચિત લાગે તેવા બીજા કોઈ હુકમ પસાર કરે.

તારીખ ................... અરજદારની સહી ...................

<u>નોંધ :</u> ઉચ્ચ આદાલતને કલમ ૨૨૬ હેઠળ રિટ અરજી કરવા માટે પણ ઉપરના ફોર્મનો ઉપયોગ કરી શકાય.

## વિભાગ ખ (Section B)

## 1. ઈન્ટરવ્યુ અને હકીકત શોધ ( Interview and Fact Finding )

સમાજમાં માનવહકના સંસ્કારને ઉત્તેજન આપવા માનવહક કર્મશીલોના હાથમાં હકીકત શોધ મિશન બીજું સાધન છે. તે સમાજમાં માનવ હક ભંગને લગતી હકીકતો અને બીજી વિગતો એકઠી કરવાનો અને એ માધ્યમની મદદથી તે પ્રશ્નનો વ્યાપક પ્રચાર કરવા માટેનો એક માર્ગ છે. હકીકત શોધ મિશનનો અહેવાલ એકવાર જાહેર થઈ જાય એટલે તે સ્થાનિક કક્ષાએ વહીવટીતંત્રને અને વિશાળ કક્ષાએ સરકારને એક બાજુએ સ્થાનિક અને રાજ્ય વહીવટીતંત્રને ભંગ કરનાર સામે પગલાં લેવાની ફરજ પાડે છે.

હવે હકીકત શોધ મિશન માટે કેવી રીતે જવું તે પ્રશ્ન છે. સામાન્ય રીતે કોઈ વ્યક્તિ અથવા જૂથના માનવહક ભંગ અંગે આપણને સમાચારપત્રો મારફત માહિતી મળે છે. પરંતુ આ માહિતી ઘણીવાર જૂથ અને/અથવા તે વિસ્તારમાં કામ કરતા માનવ હક કર્મશીલો જેવી અનૌપચારિક માર્ગોથી આવી માહિતી આવે છે. માનવહક ભંગની માહિતી એકવાર મળતાં, બીજા સ્રોત મારફત તેની પ્રમાણભૂતતા ચકાસવા પ્રયત્નો કરવા જોઈ. સાચી માહિતી મેળવવા ભોગ બનનારના કુટુંબના સભ્યોને પણ મળવા પ્રયત્નો કરવા.

હકીકત શોધ ટૂકડી રચીને આ કામ કરવું. આ ટુકડીમાં કર્મશીલ, નામાંકિત વ્યક્તિઓ, ન્યાયતંત્રની ખ્યાતનામ વ્યક્તિઓ, ધારાશાસ્ત્રીઓ અને બુદ્ધિજીવીઓ રહેશે. આ ટુકડી રચતી વખતે ટુકડીમાં સ્ત્રી સભ્યોને લેવાનું હંમેશા સલાહભર્યું છે. માનવહક ભંગના ઘણા બનાવોમાં સ્ત્રીઓનું જૂથ ભોગ બનેલું હોય છે. આવી સ્થિતિમાં ભોગ બનેલી સ્ત્રીઓને હકીકત શોધ ટુકડીમાં સ્ત્રી સભ્યોની હાજરીમાં તેને વધારે સંતુલિત બનાવે છે અને હકીકત શોધ ટુકડી પર શારીરિક હુમલા (ઘણીવાર હકીકત શોધ મિસન સાથે સંકળાયેલ છે.)નો ખતરો પણ ઘટી જાય છે. આદર્શ દૃષ્ટિએ હકીકત શોધ ટુકડી પાંચથી સાત સભ્યોની હોવી જોઇએ.

એકવાર ટુકડીની રચના થતાં, તેણે માનવહક ભંગના બનાવ અંગે અને હકીકત શોધ સમિતિની સૂચિત મુલાકાત અંગે સંબંધિત જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને જાણ કરવી. હકીકત શોધ ટુકડી તેમની તે વિસ્તારની મુલાકાત દરમિયાન સુરક્ષા અને સલામતી પૂરાં પાડવા સ્થાનિક વહીવટીતંત્રને વિનંતી કરવી. ભૂતકાળમાં હકીકત શોધ સમિતિ પર શારીરિક હુમલો થયાના બનાવ બન્યા હતા. હકીકત શોધ મિશનની મુલાકાત દરમિયાન જિલ્લાના કેટલાક સિનિયર અધિકારીઓને સાથે રાખવાની સલાહ છે.

આ ટુકડી માનવહક ભંગના સ્થળે પહોંચે એટલે તેણે તે વિસ્તારના ભોગ બનનારા, નજરે જોનાર સાક્ષીઓ જાહેર અને ખ્યાતનામ વ્યક્તિઓને કહેવું. ખરેખર પરિસ્થિતિ તેમજ ભંગ માટેના કારણો શોધી કાઢવાં. આ જૂથના ઈન્ટરવ્યુ દબાણપૂર્વક લેવા. ખરેખર શું બન્યું હતું અને શાના કારણે માનવહક ભંગ થયા તે જાણવા હકીકત શોધ સમિતિએ સ્થાનિક સમાચારપત્રો બરાબર વાંચી જવા. ઘણીવાર સંઘર્ષ માટે જણાવેલાં કારણો સાચાં હોતાં નથી. સ્થાનિક સમાચારપત્રોમાંથી પૂર્વભૂમિકા મળી શકે. આરોપીનો સંપર્ક સાધવા પ્રયત્નો કરવા અને તે બનાવ અંગે તેના વિચારો જાણવા પ્રયત્નો કરવા. બનાવ બાબતમાં પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રે શું કર્યું તે જાણવા તેમનો પણ સંપર્ક સાધવો.

હકીકત-શોધ દરમિયાન ઈન્ટરવ્યુનું કેન્દ્રબિંદુ બનાવ અંગે વધુને વધુ માહિતી એકઠી કરવાનું છે. ઈન્ટરવ્યુ પ્રક્રિયા દરમિયાન સામાન્ય રીતે એવું બને છે કે ઈન્ટરવ્યુ આપનાર તેને શું થયું તે પ્રત્યે વધારે ઝોક રાખે છે અને સંઘર્ષના તાત્કાલિક કારણ પર ધ્યાન ખેંચે છે. ટુકડીના સભ્ય તરીકે આપણે બનાવની પૂર્વભૂમિકા શોધવા પ્રયત્નો કરવા જોઇએ અને ખરેખર હકીકતો નબળી ન બની જવી જોઈએ. ઈન્ટરવ્યુ લેતી વખતે સમાજના તમામ વિભાગોને વિચારણામાં લેવા ઈન્ટરવ્યુ દરમિયાન, ઈન્ટરવ્યુ આપનાર જાહેરમાં બોલવામાં સ્વસ્થ ન હોય એવી પરિસ્થિતિ પણ બને. આવી પરિસ્થિતિ ઊભી થાય, તો એક પછી એક ઈન્ટરવ્યુ વ્યક્તિગત રીતે લેવા માનવહક ભંગમાં વહીવટીતંત્ર સંડોવાયું હોય તેવા અનેક બનાવો છે. આવી સ્થિતિમાં શક્ય તેટલી વધુ વ્યક્તિઓની ઈન્ટરવ્યુ લેવા અને અહેવાલ તથા ઈન્ટરવ્યુની પ્રમાણભૂતતા અકબંધ રહે તે સલાહભર્યું છે. પછીના તબકક્કે કંઈ રહી ન જાય તે નિવારવા બધા ઈન્ટરવ્યુ શ્રાવ્ય સાધનોથી રેકર્ડ કરવા. હકીકત શોધ સમિતિએ તેમના તારણોને પ્રતિપાદિત કરવા શક્ય હોય ત્યાં ત્યાં દસ્તાવેજી પુરાવા એકઠા કરવા.

હકીકત શોધનું બીજું પાસું અહેવાલનું પ્રકાશન છે. હકીકત શોધ ટુકડી મિશનમાંથી પાછી ફરે કે તરત તેમણે શક્ય તેટલી ઝડપથી વિગતવાર અહેવાલ તૈયાર કરવો. વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં અગાઉ વિચાર્યા કરતાં વધારે સમય જાય તેમ લાગે, તો સમિતિએ વચગાળાનો અહેવાલ તૈયાર કરી હકીકત શોધ મિસનમાં તારણોનું વિતરણ કરવા અખબારી પરિષદ બોલાવવી. સમાચારપત્રોમાં અથવા માધ્યમમાં આવતા અહેવાલ જાગૃતિ ઊભી કરવામાં, તે પ્રશ્ન અંગે અભિપ્રાય બાંધવામાં તેમજ માનવહકનો ભંગ કરનાર સામે સત્તાધિકારીઓને પગલાં લેવા દબાણ કરવામાં મદદરૂપ થાય છે. સાથોસાથ રાષ્ટ્રીય અને રાજ્ય માનવ હક આયોગને પણ જરૂરી પગલાં લેવા જણાવવું.

હકીકત શોધ મિસનની અનુવર્તી કામગીરી તરીકે એકવાર અહેવાલ પ્રસિદ્ધ થતાં. સ્થાનિક તેમજ રાજ્ય વહીવટીતંત્ર સાબદું રહે એવી અપેક્ષા રહે છે. જેથી માનવહકનો ભંગ કરનાર તેની સામે વળતો બદલો ન લઈ શકે.

## 2. ઝુંબેશ અને હિમાયત (Campaign and Advocacy)

માનવહકના ભંગ બાબતમાં, આપણે નિવારણ માટે સત્તાધિકારીઓને મળ્યા હોય તે છતાં, વધારે કરવાની જરૂર છે. ખરેખર તો વિધેયાત્મક પગલાં લેવાં જોઈએ, જેથી સત્તાધિકારીઓને પણ પ્રતીતિ થાય કે તેમની જાણમાં કે તપાસમાં તે પ્રશ્નમાં સંગઠિત જૂથ/ વ્યક્તિઓ સક્રિય થઈ ગયા છે. આવા કર્મશીલોનું અસ્તિત્વ જ ભંગ કરનાર તેમજ તેમની સામે જેમણે પગલાં લેવાનું જરૂરી છે તે સત્તાધિકારીઓ સામે સારું પૂરતું નિયંત્રણ બની રહે છે. આ વિકાસની વિધેયાત્મક રેખા માનવહકના રક્ષણ માટે છે.

આ વિધેયાત્મક ક્ષેત્રમાં બે કાર્યો મહત્ત્વનાં છેઃ ઝુંબેશ અને હિમાયત. આ શબ્દો ભૂમિકા બાબતમાં તેમનાં કાર્યો સમજાવે છે. હિમયત અને ઝુંબેશ માટે શું કરવાનું છે તેના નમૂના તરીકે રાજસ્થાનમાં મલેરિયાના રોગચાળા અંગેનો કેસ અભ્યાસ અમે ફરી રજૂ કરીએ છીએ. આ સામગ્રી ગ્રાહક સંકલન પરિષદ પ્રકાશમાંથી સંકલિત કરી નીચે રજૂ કરી છે.

**સરકારની આળસ - મલેરિયા રોગચાળો**

સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ કામ કરતાં બિન-સરકારી સંગઠનના જૂથે કરેલી મોજણી અનુસાર, પશ્ચિમ રાજસ્થાનના બારમેડ, બિકાનેર, જોધપુર અને જેસલમેર જિલ્લાઓમાં ઓગસ્ટ ૧૯૯૪થી નવેમ્બર ૧૯૯૪ સુધીમાં મલેરિયાના કારણે ઓછામાં ઓછા ૧૦૦૦ માસણો મૃત્યુ પામ્યા હતા. આ જૂથમાં ભારત સ્વૈચ્છિક આરોગ્ય એસોસીએશન (VHAI), ઉર્મુલ અને રાજસ્થાન સ્વૈચ્છિક આરોગ્ય એસોસીએશન અને બીજા સંગઠનો પણ હતાં. ઊંચો મૃત્યુ દર પ્લાસમોડિયમ ફાલ્સીપરમ પેરેસાઈટને કારણે હતો. તે સેરિબ્રલ મેલેરિયા ઉત્પન્ન કરે છે.

**રોગચાળો ફાટી નીકળવાનાંપરિબળો**

આ રોગચાળો ફાટી નીકળવાનાં મુખ્ય પરિબળોમાં અપૂરતું આધારમાળખું અને વ્યૂહાત્મક આયોજનનો અભાવ છે. ઈંદિરા ગાંધી નહેર પરિયોજનાના (રાજસ્થાન નહેર) આસપાસ પાણીનો વ્યાપક ભરાવો તેમજ ઈશાનનાં રાજ્યો અને પંજાબમાંથી સ્થળાંતર કરનાર શ્રમિકોએ આ પરિસ્થિતિમાં પણ ફાળો આપ્યો હોય. રાજસ્થાનમાં છેલ્લાં ચાળીસ વર્ષમાં આ વખતનું ચોમાસું ઘણું સારું હતું. તેના કારણે વનસ્પતિમાં વૃદ્ધિ થઈ અને તેણે મચ્છરોના સંવર્ધન માટે આદર્શ પર્યાવરણ પુરું પાડ્યું.

રાષ્ટ્રીય મલેરિયા નાબૂદી કાર્યક્રમે પરિસ્થિતિનો ક્યાસ કાઢવા જોધપુરમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેઝર્ટ સાયન્સીસ (રણવિજ્ઞાન સંસ્થા)માં તાકીદની બેઠક યોજી. આ બેઠક બાદ ભારત સ્વૈચ્છિક આરોગ્ય એસોસીએશન અને બીજા બિન-સરકારી સંગઠનોએ જૂથ રચી રોગચાળા અંગે ગામે ગામની ખરાઈ કરવાનું શરૂ કર્યું.

**સમૂહ માધ્યમની ભૂમિકા**

૨૨મી ઓક્ટોબર ૧૯૯૯માં દિલ્હીમાં યોજાયેલ અખબારી પરિષદમાં આ બધી માહિતી પ્રગટ કરવામાં આવી હતી. સમાચારપત્રોએ આ પ્રશ્નની સારી રીતે છણાવટ કરી અને તે જ દિવસની સાંજે પ્રધાનમંત્રીએ રાજસ્થાનમાં મરેલિયા ફાટી નીકળવા અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે આરોગ્ય મંત્રાલયે લીધેલા તમામ પગલાંની અને રોગચાળો ફાટી નીકળવા અંગે લેવાના પગલાંની સમીક્ષા કરી. આ રોગને નિયંત્રણમાં લેવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર જે પગલાં લઈ રહી હતી તે જાણવા સમીક્ષા બેઠક બોલવી.

**મલેરિયાના ઉપયા માટેની ધોરણસરની દવા**

ક્લોરોક્વીનના કારણે પરોપજીવી જંતુઓ નિયંત્રણમાં આવ્યા હતા કે કેમ તે અંગે વિચારણા થઈ.

**જૂથની હિમાયત**

નિયમિત જાપ્તા તંત્રથી આ પ્રશ્નનો સામનો કરવા સરકારે લાંબા ગાળાનો વ્યૂહ શોધવો જોઈએ એવી જૂથે હિમાયત કરી હતી. હવે પછીના ઓછામાં ઓછા ૧૫ દિવસ માટે સૌથી વધુ ખરાબ અસરવાળા વિસ્તારોમાં સ્થિર તબીબી ટુકડીઓ મોકલવા વધારે વ્યવસ્થા કરવાની જરૂરી હતી, કેમ કે તે સમયે પ્રવર્તતી ફરતી ટુકડીની પ્રથા અનુસાર દાકતરો શક્ય તેટલાં ઘણાં ગામોને આવરી લેવાની ઉતાવળમાં રહેતા હતા અને આ પ્રક્રિયામાં દૂરના વિસ્તારોના દર્દીઓ રહી જવાની ઘણી શક્યતા હતી.

જૂથ ડીડીટીનો સઘન છંટકાવ કરવા માટે આગ્રહ રાખતું હતું. તે કપરી કામગીરી હતી, કેમ કે વેક્ટર એનોફીલસ સ્ટેફંસી પીવાલાયક પાણીમાં સંવર્ધન પામે છે. વિશાળ ભૂગર્ભ જળાશયોમાં પણ વેક્ટરનો ઉપદ્રવ થયો હતો.

ભારત સ્વૈચ્છિક આરોગ્ય એસોસીએશન (VHAI)એ જાહેર આરોગ્ય પદ્ધતિ તપાસી તેનો અહેવાલ છ મહિનામાં મોકલવા પ્રતિષ્ઠિત આરોગ્ય નિષ્ણાંતો, રોગચાળા વિજ્ઞાનીઓ વગેરેના બનેલા સ્વતંત્ર

આરોગ્ય આયોગની રચના કરી હતી.

સહાયકીમાં કાપ મૂકવાની વિશ્વ બેંકની ભલામણોના ભાગ તરીકે ૧૯૯૧-૯૨ના અંદાજપત્રમાં મલેરિયા નિયંત્રણ માટેની ફાળવણી સાથે આરોગ્યના અંદાજપત્રમાં ખર્ચ-જોગવાઈમાં લગભગ ૪૦ ટકા જેટલો કાપ મૂક્યો હતો તેવી ખામીઓ આ રોગચાળામાં છતી થઈ હતી.

**સરકારની પ્રતિક્રિયા**

સરકારનો પ્રારંભનો પ્રતિભાવ અહેવાલની ઉપેક્ષા કરવાનો હતો અને સમાચારપત્રોમાં આપેલા રાજસ્થાનમાં મલેરિયાથી મૃત્યુ અંગેના અહેવાલ ખોટા અને ખૂબ અતિશયોક્તિ ભરેલા જણાવ્યા હતા. આરોગ્ય સેવાઓના નિયામકની કચેરી, જયપુર તરફથી મળેલી માહિતી અનુસાર, જાન્યુઆરી ૧૯૯૪ થી ઓક્ટોબર ૧૯૯૪ સુધીમાં મલેરિયાના કારણે ૨૩૧ મૃત્યુ થયાં હતાં. રાજ્ય આરોગ્ય સત્તાધિકારીઓ અગ્રતાના ધોરણે મલેરિયા નાબૂદ કરવા માટે ખૂબ ઝડપી કાર્યક્રમ હાથ ધર્યો હતો.

રાજ્ય સરકારે મલેરિયાનાં ચિહ્નો દર્શાવતા તમામને પ્રીમાક્વિનના છ ડોઝનો આમૂલ ઉપચાર તરત આપવાનું શરૂ કર્યું હતું.

દરદીઓ યોગ્ય ઉપચારની પ્રક્રિયાને બરાબર અનુસરે છે તે નિશ્ચિત કરવા આરોગ્ય કાર્યકરોને ગામડામાં રહેવા પ્રતિનિયુક્ત કર્યા હતા. સરકારે તેનો મલેરિયા નાબૂદી કાર્યક્રમ બીજી ઓક્ટોબરથી શરૂ કર્યો હતો. ત્યાં સુધી દર્દીઓની ખરેખર કોઈ સંભાળ લેવાઈ ન હતી.

સામાચારમાં આ અહેવાલો આવ્યાના ૨૪ કલાકની અંદર રાજસ્થાનના મુખ્ય મંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા કરવા ઉચ્ચ કક્ષાની બેઠક બોલાવી હતી. પરિસ્થિતિ સમીક્ષા કરીને ભારે જાનહાનિ થયા છતાં, રોગચાળાને કાબૂમાં લેવા પૂરતાં પગલાં ન લેવા બદલ મુખ્ય તબીબી અધિકારી અને બારમેડ જિલ્લાને આરોગ્ય અધિકારીને ફરજમુક્ત (સસ્પેન્ડ) કરવામાં આવ્યા હતા.

ચાર મલેરિયાગ્રસ્ત જિલ્લાઓમાં પરિસ્થિતિ પર દેખરેખ રાખવા ચાર અગ્રસચિવોને મોકલવામાં આવ્યા હતા. પ્રત્યેક અધિકારીને એક જિલ્લાનો હવાલો આપ્યો હતો અને તેમણે બારોબાર મુખ્યમંત્રીને અહેવાલ મોકલી નિવારક પગલાં સૂચવવાનાં હતાં. રાજ્ય સરકારે આ રોગના નિયંત્રણ માટે આકસ્મિક યોજના તૈયાર કરી હતી અને તેના માટે રૂા.૧૦૦ લાખ અંકિત કરવામાં આવ્યા હતા. એક અઠવાડિયાની અંદર કેન્દ્ર સરકારના રાજ્ય મંત્રીએ જયપુરમાં જાહેર કર્યું હતું કે મલેરિયાના કારણે ૨૫૭ મૃત્યુ થયાં હતાં એવો સરકારનો અહેવાલ સંપૂર્ણ વિશ્વસનીય છે. સમાચારપત્રોમાં અને બિન-સરકારી સંગઠનોના આ પરિસ્થિતિની ગંભીરતા અંગેના અહેવાલને સરકારે વિધાનસભામાં નકારી કાઢ્યો હતો. પરિસ્થિતિનો સ્થળ પર ક્યાસ કાઢવા માટે રાજ્યમાં મોકલેલી અભ્યાસ ટુકડીએ આ તારણ કાઢ્યું હતું. મંત્રીએ રાજ્યની પરિસ્થિતિ બરાબર નિયંત્રણ હેઠળ છે એવો પુનરુચ્ચાર કર્યો હતો. તેમણે પરિસ્થિતિના નિયંત્રણ માટે રાજ્ય સરકારના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

**તારણ**

આ પરિસ્થિતિનો પ્રભાવ આપવામાં રાજ્ય સત્તાધિકારીઓ મંદ ન હોત તો મૃત્યુનો આંકડો આટલો ઊંચો ન હોત તે ચોક્કસ છે. કેટલાક જિલ્લાઓમાં દાક્તરો દવા લખી આપતા હતા, આપતા ન હતા. સરકારી અધિકારીઓની કક્ષાએ રુશ્વત અને લોકોની અજાગરૂક્તાને લીધે આ રોગે રોગચાળાનું રૂપ પકડ્યું.

વ્યાપક પ્રમાણમાં પ્રોફીલેક્સિસના કારણે રોગ નિયંત્રણમાં આવી ગયો હોવા છતાં, શિયાળાની ઋતુ પૂરી થયા પછી આવતા વર્ષે માર્ચ અને એપ્રિલમાં આ રોગ ફરીથી નીકળવાની શક્યતા ઘણી વધારે છે. ફાટી નીકળેલા રોગચાળાને નિયંત્રણમાં લેવા તમામ પગલાં લીધાં છે તેવો સરકારનો દાવો છતાં, હકીકત એ રહે છે કે મલેરિયા ખાતું રોગને નાબૂદ કરવાનાં પગલાં લેવાને બદલે તેને છાવરવાના પ્રયત્નોમાં પ્રવૃત્ત છે અને ખોટા આંકડા બહાર પાડે છે.જયપુરથી સૌથી વિશાળ ખાનગી ઈસ્પિતાલે વાઈરલ હેપાટાઈટિસના અને ફાલ્સીપરમ પેરેસાઈટથી થતા મલેરિયાના સંખ્યાબંધ કેસો ઝડપથી વધી રહ્યા અંગે આરોગ્ય વિભાગને અધિસૂચિત કર્યા છતાં, તે વિભાગે એવું કહેવાનું ચાલું રાખ્યું હતું તે જયપુરના મલેરિયાનો એક પણ કેસ નથી. આ હકીકત આ વિભાગની બેજવાબદારી છતી કરે છે.

## તેમનો અમલ કરો (કાર્યપોથી)

**ઝુંબેશ વ્યૂહરચના**

૧) કોઈ સૂચિત ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ, હકીકતો અને આંકડાની પ્રમાણભૂતતા જાળવવા તેને પદ્ધતિસર એકત્રિત કરીને વહીવટીતંત્રના ઉદાસીન વલણની પ્રતિક્રિયા આપવાનો છે. સંબંધિત સત્તાધિકારીઓનું ધ્યાન ખેંચવા વ્યાપક માધ્યમો મારફત તે પ્રસિદ્ધ કરીને આ હકીકતો અને આંકડાને યોગ્ય રીતે વિશેષિત બનાવવાના હોય છે.

૨) કોઈપણ ઝુંબેશ પ્રવૃત્તિની સફળતા માટે લોકોનો સહયોગ મહત્ત્વનું ઘટક છે. સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના બિનસરકારી સંગઠનોની સહાય મેળવીને આ હાંસલ કરી શકાય. એવી દષ્ટિ રખાઈ છે કે ભવિષ્યમાં લોકો આવી કોઈ આકસ્મિકતાને પહોંચી વળવા વધારે સાબદા અને સક્રિય બની ગયા હશે.

૩) સંખ્યાબંધ લોકો પ્રશ્ન સાથે પોતે જોડાઈ જશે કે કેમ તે બાબત ઝુંબેશ માટે પસંદ કરેલા પ્રશ્ન પર ઘણો આધાર રાખે છે. સમયની તાકીદ એવી જોઈએ કે સમૂહ સમર્થન મેળવી શકે.

૪) સરકારના હાલના માળખાનો અભ્યાસ કરવાનું મહત્ત્વનું છે, જેથી ઝડપી પરિણામે મેળવવા માટે તે પ્રશ્નને યોગ્ય સત્તાધિકારીઓને જણાવી શકાય.

૫) હાલની કટોકટી, ઝુંબેશ ચલાવવાથી ઉકેલી શકાય તેવી હોય તે છતાં પણ, ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન થતું ટાળવા માટે ભવિષ્ય માટે યોજનાઓ ઘડવી પડશે.

૬) નક્કર પરિણામ મેળવવા માટે, વિશ્વનીયતા સ્થાપિત કરવા વિશિષ્ઠ અને અપનાવવા યોગ્ય ઉકેલ વિચારવાના રહેશે.

**Note**

**Note**

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**CHR-03**
**સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ**
**રોજિંદી જિંદગીમાં માનવહક : આપણે શું કરી શકીએ ? (કાર્યપોથી)**

# વિભાગ 3

## તેમનું રક્ષણ કરો (કાર્યપોથી)


| | | |
|---|---|---|
| ૧. | **રક્ષણાત્મક તંત્ર** | **05** |
| | પોલીસ અને તમે | |
| | પોલીસ ઉપરાંત અન્ય કંઈ | |
| ૨. | **મહિલાઓના હક** | **09** |
| | બળાત્કાર | |
| | જાતીય હેરાનગતિ | |
| | દહેજ | |
| ૩. | **છૂટાછેડા, ભરણ પોષણ અને મિલકતમાં અધિકાર** | **17** |
| | હિન્દુ કાયદો | |
| | મુસ્લિમ કાયદો | |
| | ખ્રિસ્તી કાયદો | |
| | ખાસ લગ્નધારો | |
| ૪. | **બાળકોના હક** | **27** |
| | બાળકો સામેના ગુના | |
| | બાળમજૂરી | |
| | શેરી બાળકો | |
| | બાળકોનો જાતીય દુરુપયોગ | |
| ૫. | **અન્ય સહાયપાત્ર અને ઓછાં લાભાયિત જૂથોના હક** | **38** |
| | વિકલાંગોના હક | |
| | વૃદ્ધોના હક | |
| | અસ્પૃશ્યતા | |
| | બંધવા મજૂરી | |
| | કામદારોના હક | |

## Expert Committee


| | | |
|---|---|---|
| **Prof.** Rajni Kothari | Justice Ranganath Mishra | Dr.Asghar Ali Engineer |
| Sh.r Shankar Sen | Sh.H.Hanumanthappa | Sh. Rajmohan Gandhi |
| **Prof.** G.Hargopal | Prof.Imtiaz Ahmed | Dr. Nandita Haksar |
| Prof. V.S.Mani | Dr. D. Gopal | Dr.. R. V. Pillai |
| Dr. R. M. Pal | Prof. Ram G. Takwaie | Sh. Joseph Gathia |
| Prof. A.S. Narang | Prof. Ashwini Ray | Prof. Pandav Nayak (Chairman and Convenor) |

**Progamme Coordinator : Prof. Panday Nayak**


## Block Preparation Team


| Writer | Editor | IGNON |
|---|---|---|
| Popular Education and Action Centre(PEACE) New Delhi | Prof.Pandav Nayak | (Political Science Faculty) Prof. Pandav Nayak<br>Prof. A.S.Narang<br>Prof. D. Gopal<br>Dr. S.V.Reddy<br>Dr. Anurag Joshi<br>Dr. Jagpal Singh<br>Sh.S. Venkatesh |

**Assistance** : Sh.Ashutosh Chandra
Sh.Jagjeet Singh
Sh.Parag Gupta



**Acknowledgement :**
Consumer Coordination Council, New Delhi


## Material Production


Prof. Pandav Nayak
Director, Human Rights Project, IGNQU

November 20(X)

ISBN-81-266-0011-X



© Indira Gandhi National Open University
All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.



Further informalion on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garni, New Delhi-110068.
Printed and Published on behalf of the Indira Gandhi National Open University New Delhi by Professor A.S.Narang. Coordinator. Human Rights Project.

**Laser type set and Printed at : Sudarshan Graphics,**
Kankaria, Ahmedabad - 380 028
Year : 2010

આ પુસ્તિકામાંની અભ્યાસ - સમાગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ોપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

| અનુવાદક | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| પરામર્શક (વિષય) | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |

| પરામર્શક (ભાષા) | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| સંયોજન સહાય | |
|---|---|
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |

**પ્રકાશક**
**ડૉ. હરીશ દેસાઈ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**
**આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ**
**સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

## 1. પ્રસ્તાવિક (Introduction)

"રોજિંદી જિંદગીમાં માનવ હક-આપણે શુ કરી શકીએ ? એ શ્રેણીની આ ત્રીજી પુસ્તિકા છે. તમે આ પહેલાંની બે પુસ્તિકાઓનો અભ્યાસ કર્યો છે. ગૌરવપૂર્ણ અસ્તિત્વ તરફ પહોંચવા માટેના સાધનથી તમને માહિતગાર અને સુસજ્જ કરવા માટે તૈયાર કરાયેલ આ અભ્યાસક્રમની શ્રેણીમાં "તેમને બચાવો" એ ત્રીજું અને છેલ્લું તાર્કિક સોપાન છે. આ એક ધર્મયુદ્ધ છે. તેથી, સંતુલિત સહઅસ્તિત્વ પર આધારિત શાંતિમય સમૃદ્ધ નાગરિક સમાજ તરફ આપણે આગળ ધપતા જઇએ તેમ તેમ આ ધર્મયુદ્ધમાં આપણો સૌનો સમાવેશ થાય છે. સમાજ ના નબળા વર્ગોને ખાસ સંભાળ અને રક્ષણની જરૂરિયાત છે. આમાં મહિલાઓ, બાળકો, વૃદ્ધો, વિકલાંગો અને સામાજિક રીતે ઓછા લાભાયિત સ્તરના લોકોનો સમાવેશ થાય છે.તેઓ જે સમસ્યાઓનો સામનો કરી રહેલ છે. તેની તો આપણને સૌને માહિતી છે. અહીં આપણે તેમાં રહેલી કાનૂની સૂક્ષ્મતાઓ અને તેના નિભાવ અને ઉપાય માટેની પ્રક્રિયા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. કાયદો એ તો નાગરિક સમાજ માટે સહાયક માત્ર તકરારો સુલઝાવવા અને ન્યાય અપાવવા માટેનું જ નહી પરંતુ વિકાસને આગળ ધપાવવા માટે સહાયક બની શકે તે પ્રકારે સામાજિક-આર્થિક સંબંધોને વ્યવસ્થિત બનાવવા માટેનું સાધન છે. તેથી જ આપણી પાસે સમાજના વિવિધ વર્ગોના હકોના રક્ષણ અંગેના તેમજ તેમના કલ્યાણ માટેના પણ કાનૂનો છે. આમ છતાં, આપણામાંના મોટાભાગનાને આ બધા કાયદાનો આશરો લેવાના ભયમાંથી આપણે મુક્ત કરી શકીશું. તેઓને જૂનવાણી અને ગાઢ અંધકારમાં સપડાયેલા સમાજના કેટલાક અંશો દ્વારા જે ભેદભાવભર્યા વર્તાવનો ભોગ બનવું પડે છે તેમાંથી બચાવવા આપણે જ આગળ આવીએ, સાથે સાથે પોતાના અધિકારોના રક્ષણ માટે આપણે તેમને આ દેશના વિવિધ કાયદાઓની જોગવાઈઓથી માહિતગાર કરીએ, જેથી તેઓ પોતાના પગ પર ઊભા રહી શકે અને પ્રશ્નોનો મક્કમતાથી મુકાબલો કરી શકે.

## 1. રક્ષણાત્મક તંત્ર (The Protecive Machinery)

પોલીસ એ રાજ્યનું એવું અંગ છે જે કાયદાનો અમલ કરે છે. આ કાયદા આપણા સૌ માટે છે, આપણા વિરુદ્ધ નથી . કાયદાનો ભંગ થાય તો લોકોની સુરક્ષા અને સલામતી જોખમમાં મૂકાય છે. પોલીસ લોકોને તેમના રાજકીય હક ભોગવવા માટે ઘણા બધા પ્રકારે સહાયક બની શકે તે જોઇ શકાય છે. આનો અર્થ થાય છે જાહેર વ્યવસ્થા અને વ્યકિતઓ તથા જૂથો દ્વારા પોતાના હકના ઉપયોગ વચ્ચેની સાચી સમતુલા. આમ છતાં, પોલીસ અધિકારીઓ દ્વારા પોતાની સત્તાના દુરુપયોગની અને તે દ્વારા નાગરિકોના માનવ હકના ભંગની શક્યતાઓ અને તે પ્રકારના કેટલાક કિસ્સાઓ પણ છે. તેથી પોલીસના સંદર્ભમાં આપણે આપણા હક વિશે જાણવું જરૂરી છે.

**તમે અને પોલીસ :**

પોલીસ સાથે કામ પાડતી વખતે નીચેની બાબતો યાદ રાખવી જોઇએ :

- પોલીસનું કાર્ય નાગરિકોનું અને કાયદાનું રક્ષણ કરવાનું છે.
- દરેક નાગરિક, પછી તે ગરીબ હોય કે અમીર, નબળો હોય કે બહાદુર- તેને કાયદાથી રક્ષણ મળી શકે છે.
- પોલીસની પાસે કેટલીક ખાસ સત્તા ઓ હોય છે, પણ તેનો અમલ કાયદાના નિયમોની અંતર્ગત જ કરવાનો હોય છે.
- પોલીસ હદ વટાવે, અયોગ્ય વર્તન કરે, તરકટ કરે તો તેમને પણ શિક્ષા થઇ શકે છે.
- નાગરિકો સાથે કામ પાડતી વખતે પોલીસે કેવી પ્રક્રિયા અનુસરવી તેનાથી તમે માહિતગાર હોવા જોઇએ તેઓ પોતની હદ વટાવે તો તમારે મક્કમતાથી વર્તવુ જોઇએ.
- પોલીસ સાથે સહકારભર્યું વર્તન કરો. તેમની સાથે ખરાબ વર્તાવ કરવો જોઇએ નહિ કે તેમને તુચ્છ ગણવા જોઇએ નહિ.
- તપાસ અધિકારીઓને કોઇને પણ તપાસ માટે પોલીસ સ્ટેશને બોલાવવા હોય તો તે માટે લેખિત આદેશ આપવો પડે છે.

**પોલીસ સાથે કામ પાડતી વખતે તમારે જાણવી જોઇતી પ્રક્રિયાઓ અને હકીકતો :**

ક) **ધરપકડ :** જે લોકોની ધરપકડ કરવામાં આવે છે તેમના હક વિશે નીચેની અગત્યની હકીકતો તમારે જાણવી જોઇએ.

- ધરપકડ કરતી વખતે પોલીસે તે માટેનું કારણ જણાવવું જોઇએ.
- તમે જે અપરાધ કર્યો હોવાનું પોલીસ જણાવે છે તે અંગેની તમામ વિગતો પોલીસે તમને આપવી આવશ્યક છે.
- અમુક પ્રકારના ગુનાઓની બાબતમાં ધરપકડ માટે વોરંટ જરૂરી નથી.
- અમુક સમય અને પરિસ્થિતિમાં શક્ય હોય તો, કાનૂની સહાય મેળવી શકાય છે.
- વ્યકિત પોતે ધરપકડ માટે પોતાની જાતને હવાલે કરે તો મારઝૂડ કરવી જોઇએ નહી. મહિલાના શરીરને સ્પર્શ કરવાનો પુરુષ પોલીસને અધિકાર નથી .
- ધરપકડ વખતે હાથકડી પહેરાવવાનું બિનકાનૂની છે. તે તો માત્ર એવી વ્યકિતઓ કે ગુનેગારો પૂરતું જ મર્યાદિત રાખવું જોઇએ, જેમની ભાગી જવાની શક્યતા હોય.
- પોલીસે ધરપકડની માહિતી તરત જ મેજિસ્ટ્રેટને મોકલી આપવી જોઇએ.
- વ્યકિતને તેમની ધરપકડ પછી 24 કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાનું જરૂરી છે.
- મેજિસ્ટ્રેટના હુકમ વિના કોઇપણ વ્યકિતને 24 કલાક કરતાં વધુ સમય માટે અટકાયતમાં રાખવી તે બિન-કાનૂની છે.
- ધરપકડ કરવામાં આવેલ વ્યકિતઓના સગાવાહલાં કે મિત્રોને તેની સાથે પોલીસ સ્ટેશન સુધી આવવાનો હક છે.

**ખ) પોલીસ સ્ટેશને :**

- પોલીસ સ્ટેશને કોઇ વ્યક્તિને પોલીસ હેરાન કરી શકે નહિ, મારી શકે નહિ કે તેની ઉપર ત્રાસ ગુજારી શકે નહિ.
- કોઇ સ્ત્રી પોલીસ સ્ટેશને હોય તો પોલીસ તેનું જાતીય શોષણ કરી શકે નહિ. તે ઘણો જ ગંભીર ગુનો છે.
- પોલીસ સ્ટેશને હેરનગતી કરવામાં આવી હોય તો તેની સામે અવાજ ઉઠાવવો જોઇએ અને જરૂર જણાય તો તે લોકો સામે ગુનાહિત કાર્યવાહી આરંભી શકાય.
- પોલીસ હવાલાતમાં માર મારવામાં આવે કે જાતીય સતામણી કરવામાં આવે તો તરત જ દાકતરી તપાસ માટે કહો. દાક્તર પાસેથી પ્રમાણપત્ર મેળવવું જ જોઇએ. પછી મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ નોંધાવવી જોઇએ.
- મહિલાઓએ માત્ર મહિલાઓ માટેની જ હવાલાતમાં તેમને રાખવા માટે આગ્રહ રાખવો જોઇએ. આવી સગવડ ઉપલબ્ધ ન હાય તો સુવિધા હોય તેવા અન્ય પોલીસ સ્ટેશને તબદીલી માટે કહેવું જોઇએ.
- મહિલાઓએ સમગ્ર પ્રક્રિયા દરમિયાન મહિલા પોલીસ કોન્સ્ટેબલની સતત હાજરી માટે આગ્રહ રાખવો જોઇએ.

ગ) **જામીન કેવી રીતે મેળવવા ?** ગુના બે પ્રકારના હોય છે- જામીન પાત્ર અને બિનજામીનપાત્ર, જામીનપાત્ર ગુનાઓમાં વ્યકિતને જામીન ઉપર છૂટવાનો હક હોય છે. બિન-જામીનપાત્ર ગુનાઓમાં વ્યકિતને મેજિસ્ટ્રેટના હુકમથી જામીન પર મુકત કરી શકાય.

ક) મેજિસ્ટ્રેટ પોલીસ પાસે તપાસ કરે કે તે તમને જામીન પર મુક્ત કરી શકશે કે પછી તે ગુના માટે માત્ર તેમને જામીન પર મુકત કરી શકશે.

ખ) જો ગુનો જામીન પાત્ર હોય તો ધરપકડ કરાયેલ વ્યકિત પોતાના કોઇ મિત્રને, સંબંધી કે પડોશીને જામીન થવા માટે પૂછી શકે.

**જામીન માટેની પ્રક્રિયા :**

- તમે વકીલની સહાય વિના પણ જામીન મેળવી શકો છો.
- આ માટે પોલીસે આપેલા નમૂના મુજબનું ફોર્મ ભરવું જોઇએ.
- જો તમે લખી-વાંચી શકતા ન હો તો તમારા વતી કોઇ મિત્ર કે સંબંધી જો તમારી સાથે આવ્યા હોય તો તે અથવા પોલીસ કર્મચારી પણ તમારા વતી જામીન અંગેનું ફોર્મ ભરી શકે છે.
- તે માટે બે સન્માનીય વ્યકિતઓના અંગત જામીનખત લેવામાં આવે છે.
- જામીન લેતી વખતે કોઇ રકમ ચૂકવવાની હોતી નથી.
- ગુનો જામીનપાત્ર હોય તો, જામીન અંગેની પ્રક્રિયા પૂરી થાય કે તરત જ જામીન પર મુકત કરવા જોઇએ.
- એકવાર જામીન ઉપર મુકત કર્યા પછી તમારે પોલીસ બોલાવે ત્યારે પોલીસ સ્ટેશને જવાનું હોય છે.
- ગુનો બિન-જામીનપાત્ર હોય તો, મેજિસ્ટ્રેટને અરજી મોકલવાની હોય છે. મેજિસ્ટ્રેટ, કેસના સંજોગો તપાસીને, જામીન મંજૂર કે ના મંજૂર કરી શકે છે.
- તમને ધરપકડ પછીના 24 કલાકની અંદર જ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાના હોય છે.
- જામીનખતમાં આપવામાં આવેલી શરતોનો ભંગ થાય તો જામીનની રકમ સરકારમાં જમા કરવામાં આવે છે.
- વ્યકિત તે રકમ ન ચૂકવે તો તે વ્યકિતની મિલકત પર ટાંચ લાવવા માટે વૉરંટ કાઢવામાં આવે છે.

**જામીનખતનો નમૂનો**

1. નામ
2. સરનામું
3. પોલીસ સ્ટેશન/કોર્ટનું નામ
4. જામીનખતની રકમ
5. જામીનની શરતો

**ઘ) તપાસ :** તપાસ દરમિયાન નીચેની બાબતો યાદ રાખવી :

- કાગળ ઉપર શું લખાણ લખેલું છે તે જાણ્યા વિના ઉપર સહી કરશો નહિ. તમે વાંચી શકતા ન હો તો, કોઇકને તે વાંચી સંભળાવવા કહો.
- પોલિસ અધિકારી સમક્ષ, દબાણ કે દબાણ વિના કરવામાં આવેલ કબૂલાત અમાન્ય છે.
- મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલ કબૂલાત માન્ય છે. તેનો અર્થ એવો નથી કે પોલીસ તમને મેજિસ્ટ્રેટ સમક્ષ કબૂલાત કરવા માટે દબાણ કરી શકે છે. જો તેમ થયું હોય તો તમે મેજિસ્ટ્રેટને તે મુજબની જાણ કરી શકો છો.
- 15 વર્ષથી નીચેની વયની કોઇપણ તરુણી અથવા તરુણને માત્ર તેમના ઘેર જ તપાસ (પૂછપરછ)કરી શકાય છે; અન્યત્ર ક્યાંય નહિ.
- તમે માત્ર અમુક જ સમયે પૂછપરછ કરાવવાનો આગ્રહ રાખી શકો નહિ. તેને માટે કોઇ જોગવાઇ નથી.
- પૂછપરછ કરવા માટે જે સમય નક્કી કરવામાં આવેલ છે તે તમને હેરાન કરવા માટે અથવા મુશ્કેલીમાં મૂકવા માટે પસંદ કરાયો છે. એમ જણાય, તો તમે મેજિસ્ટ્રેટનો સંપર્ક કરીને કોર્ટને પૂછપરછ માટેનો સમય નક્કી કરી આપવા વિનંતી કરી શકો છો.
- પૂછપરછ દરમિયાન તમે કાનૂની સહાય કે મિત્રની સહાય માંગી શકો છો.
- તમને મુશ્કેલીમાં મૂકી શકે તેવા સવાલોનો જવાબ આપવોનો ઇન્કાર કરી શકો છો.
- બધાજ પ્રશ્નોના સાચા જવાબ આપો.
- પોલીસ તમને નિવેદન આપવા માટે ફરજ પાડી શકે નહિ.
- પોલીસ તમને ધમકી આપી શકે નહિ; કે માત્ર પૂછપરછ કરવા માટે તમને અટકાયતમાં રાખી શકે નહિ.

**ચ) મુકદ્દમો ચાલતી વેળા :** જો કોઇ ફોજદારી ગુનાસર, તમારો મુકદ્દમો ચાલતો હોય,તો યાદ રાખોઃ

- તમને તમારા બચાવમાટે કાયદાના જાણકાર વકીલ રોકવાનો અધિકાર છે.
- તમે ગરીબ હો અને વકીલની ફી ચૂકવી શકો તેમ ન હો તો કોર્ટને વિનંતી કરી રોકી આપવા જણાવી શકાય છે. આ માટે વકીલની કે કોર્ટની કોઇ ફી ચૂકવવાની રહેતી નથી.

**છ) શોધ / શારીરિક તપાસ :**

- માત્ર મહિલા પોલિસ અધિકારી જ મહિલાની તપાસ કરી શકે છે અને તે પણ સૌજન્યપૂર્ણ રીતે.
- ઝડતી વોરંટ વિના આવી શોધ-તપાસ હાથ ધરી શકાય નહિ.
- પુરુષ પોલીસ અધિકારી મહિલાના ઘર કે દુકાનની તપાસ કરી શકે છે.
- તપાસ અને તેમાંથી મળી આવેલ પુરાવાઓની જપ્તી બે સ્વતંત્ર અને વિસ્તારની સન્માનીય વ્યકિતઓની હાજરીમાં જ કરવાની હોય છે.
- તપાસ અને તેમાંથી મળી આવેલ પુરાવાઓની જપ્તી બે સ્વતંત્ર અને વિસ્તારની સન્માનીય વ્યકિતઓની હાજરીમાં જ કરવાની હોય છે.
- કંઇપણ વસ્તુ/પૂરાવા મળી આવે કે ન આવે પરંતુ પંચનામું તૈયાર કરવું જ જોઇએ તેમાં બે સ્વતંત્ર સાક્ષીઓની સહી લેવી જોઇએ. તમારે એની એક નકલ તમારી પાસે રાખવી જોઇએ.
- જે વ્યકિત તલાશ લે છે તેની તલાશ પણ, તે તલાશ શરુ કરે તે પહેલા લેવી જોઇએ.

**પોલીસ ઉપરાંત અન્ય કંઇક :**

1. એવું ઘણીવાર જોવા મળે છે કે મોટે ભાગે માનવ હકનો ભંગ પોલીસ દ્વારા સત્તા અને અધિકારના દુરુપયોગકે અયોગ્ય ઉપયોગ કરવાને કારણે થતો હોય છે. કેટલાક કિસ્સાઓમા પોલીસ પોતાની ફરજ બજાવવામાં અને સમયસર પગલાં ભરવામાં નિષ્ફળ જાય છે અને પછી માનવહક ભંગની પરિસ્થિતિને વધારે વણસાવે છે. આપણા સમાજમાં મોટાભાગના નાગરિકોના શિક્ષણના નીચલા સ્તરને ધ્યાનમાં લેતાં ન્યાયિક પ્રક્રિયા મોટાભાગના લોકો માટે વધારે પડતી ટેક્નિકલ અને ખર્ચાળ જણાય અને તેના ઉપાયો કરવાનું મુશ્કેલ જણાય.

2. સરકારે આવા માનવહકના ભંગ અંગેના પ્રશ્નોમાં ધ્યાન રાખવા માટે કેટલાક તંત્રોની રચના કરી છે. આપણે અગાઉની પુસ્તિકાઓમાં આમાંના ઘણાં નો પરિચય મેળવ્યો છે, જેમકે, રાષ્ટ્રીય માનવહક રાષ્ટ્રીયમહિલા આયોગ, લઘુમતીઓ અંગેનું રાષ્ટ્રીય આયોગ વગેરે. અહીં નીચે આ બધી સંસ્થાઓના પૂરા નામ- સરનામાં આપેલ છે. જે સમય આવ્યે તમે તમારા માટે કે અન્યો મોટે ઉપયોગમાં લઈ શકો. આ પંચોનાં સરનામાં નીચે પ્રમાણે છે :

1. **રાષ્ટ્રીય માનવહક આયોગ**
   પહેલે માળ, સરદાર પટેલ ભવન,
   પાર્લામેન્ટ સ્ટ્રીટ,નવી દિલ્હી.
   ટેલીફોન નંબર : (011)23346245,23340016
   મો. :98102-98900(રજાના દિવસ તથા રોજીંદા દિવસોએ ઓફિસ સમય બાદ)
2. **રાષ્ટ્રીય મહિલા આયોગ**
   4, દીનદયાળ ઉપાધ્યાય માર્ગ,
   નવી દિલ્હી-110002
   ટેલીફોન નં. : (011)23237166, 23236988
   ફરિયાદ : (011)23222369
   ફેક્સ : (011) 23266154
   email-membersecretary@nationalcommissionforwoman.org
3. **રાષ્ટ્રીય લઘુમતી આયોગ**
   પહેલો માળ, લોકનાયક ભવન,
   ખાન આરકેડ, નવી દિલ્હી- 110003.
   ટેલીફોન નંબર : (011)24690809,246988410
   ફેક્સ : (011) 224693302
   email :chairman@ncmdelhi.nic.
   mail to chairman@ncm

**વ્યાખ્યાઓ**

**ક. ધરપકડ :** કોઈ વ્યક્તિ ઉપર, તેની સામેના આક્ષેપો કે આરોપો કે તેણે કોઈ ગૂનો કરેલ છે અથવા તો અર્ધ-ગુનાહિત પ્રકારનો કોઈ અપરાધ કરેલ છે, જેને પરિણામે તેના ઉપર જે ભૌતિક નિયંત્રણો લાદવામાં આવે તે.

**ખ. વોરંટ :** અટકાયત કરનાર અધિકારી તરફથી લેખિતમાં તૈયાર કરેલ સહી કરેલો અટકાયત અંગેનો હુકમ.

**ગ. ઝડતી વોરંટ :** પોલીસ અધિકારી કે અન્યને કોર્ટ કે મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલ કોઈ સ્થાનની સામાન્યપણે અથવા કોઈ ખાસ ચીઝ-વસ્તુની, દસ્તાવેજોની કે વ્યકિતઓની તપાસ કરવા માટેની લેખિત સત્તા.

**ઘ. જામીન :** જેની ધરપકડ કરવામાં આવી છે. તેના આરોપ સંબંધી કેસની સુનવણી રાખે તે દરમિયાન, પોલીસ કબજામાંથી મુકિત મેળવી શકે તે અંગે, પોતાની જયારે આવશ્યકતા ઊભી થશે ત્યારે તે ઉપસ્થિત થશે એવી જે ખાતરી આપે તે.

## 2. મહિલાઓના હક ( Women's Right )

સૈકાઓથી, માત્ર ભારતમાં જ નહિ, પરંતુ વિશ્વભરમાં પુરુષ કરતાં મહિલાઓને ઉતરતા દરજ્જાની ગણવામાં આવે છે. મહિલાઓને અને તેમની પ્રવૃત્તિઓને સતત ઉતરતી કક્ષાની ગણવામાં આવી રહી છે. ભારતમાં કેટલાક એવા છડેચોક પળાતા નિયમો છે, જે અનુસાર મહિલાઓને અમુક અમુક પ્રવૃત્તિઓથી બાકાત રાખવામાં આવે છે અને તેમને કેટલાક હકોથી બાકાત રાખવાના અનેક પ્રયત્નો આજે પણ ચાલુ છે. સામાજિક કાયદા, મિલકત, વારસો અને અન્ય કેટલાક કાયદાઓ સામાન્યપણે મહિલાઓની વિરુદ્ધના જ હોય છે. જેનાં મૂળ ઊંડાં છે એવાં સામાજિક દૂષણો જે બહુ સ્પષ્ટપણે અભિવ્યક્ત થાય છે તે છે મહિલાઓ સામેના અપરાધો અને હિંસા. મહિલાઓના દરજ્જા અને હક અંગે બહુ ધીમે ધીમે જાગૃતિ આવતી જાય છે. ભારતમાં ઘણા સુધારકોએ મહિલાઓ સામેના અન્યાયોનો પ્રશ્ન હાથ ધર્યો હતો. પરિણામે, સંસ્થાનવાદી વહિવટ દરમ્યાન જ સતીના રિવાજની નાબૂદીનો અધિનિયમ (1829), વિધવા પુનર્લગ્ન અધિનિયમ (1856), સિવિલ મેરેજ એકટ (1872) વગેરે પસાર કરવામાં આવ્યા. ભારતના સંવિધાનના ઘડવૈયાઓએ દેશના સામાજિક માળખામાં મહિલાઓને યોગ્ય સ્થાન આપવા પ્રયાસ કર્યો હતો. ત્યારથી સંવિધાનમાં જેની ઘોષણા કરવામાં આવી છે. તે સામાજિક, રાજકીય અને આર્થિક ન્યાયના સિદ્ધાંતો સાર્થક કરવા માટે સંખ્યાબંધ કાયદા ઘડવામાં આવ્યા. પરંતુ કાયદાઓ ઘડવા એ એક બાબત છે અને તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા તે તદ્દન અલગ બાબત છે. લાગતા વળગતા સંબંધિત હિતો દ્વારા કાયદાઓને કાર્યાવિન્ત કરવા જોઇએ અને તેનો ઉપયોગ કરવો જોઇએ. આ એકમ મહિલાઓને સંબંધિત મુદ્દા, જેમાં તેમની સામેના અત્યાચારો અને તેમનાહક પણ સમાવિષ્ટ છે તેવા મુદ્દાઓને લગતા કાયદાઓ વિશે માહિતી ધરાવે છે. આનો ઉપયોગ વ્યકિતગત ભોગ બનેલાઓ ઉપરાંત મહિલાઓના હક સાથે નિસબત ધરાવતી વ્યકિતઓ પણ તેનો ઉપયોગ કરી શકે.

**ક) બળાત્કાર :**

1) બળાત્કાર એ મહિલાઓ સામે થતા ગુનાઓમાં અત્યંત ધૃણિત અપરાધ છે. આનો ભોગ બનેલ મહિલા પોતાના વાસ્તવિક મૃત્યુ પહેલાં હજારોવાર મૃત્યુ પામે છે. આમાં ગુનેગારો તો પુરાવાઓના અભાવે છૂટી જતા હોય છે, જ્યારે તેઓ ભોગ બનેલાઓને સમાજ ચૂંટી ખાય છે. બળાત્કારનો ભોગ બનેલ મહિલાને કાનૂની સહાય અને રક્ષણની સાથે સાથે સહાનુભૂતિ અને સહકારની જરૂર હોય છે. ઉપરાંત ગુનેગારોને યોગ્ય શિક્ષા કરવામાં આવે તે બાબત પણ સુનિશ્ચિત કરવી જોઇએ, જેથી કરીને આવા ગુનાઓનું પુનરાવર્તન ન થાય.

**૨) બળાત્કાર શું છે. ?**

કોઇપણ વ્યકિતએ, જો કોઇ મહિલા સાથે, નીચે જણાવ્યા પ્રમાણેના 6 વર્ણન પૈકી કોઇપણ પ્રકારે, જાતીય સંભોગ કર્યો હોય, તો તેણે બળાત્કારનો અપરાધ કર્યો છે એમ કહેવાય:

ક) તેણીની મરજી વિરુદ્ધ

ખ) તેણીની સંમતિ વિના.

ગ) તેણીની સંમતિ સાથે, પરંતુ આ સંમતિ તેણીને કે તેણી જે કોઇ વ્યકિતમાં રસ ધરાવે છે તે વ્યકિત ને મોત કે ઇજા પહોચડવાનો ભય પેદા કરી મેળવવામાં આવી હોય.

ઘ) તેણીની સંમતિથી, પરંતુ તે વ્યકિત જાણે છે કે તે પોતે નથી અને જયારે સંમતિ આપવામાં આવી હોય ત્યારે તે વ્યકિતએ તેનો પતિ હોવાનું બહાનું બતાવ્યું હોય.

ચ) તેણીની સંમતિથી, પરંતુ તે સંમતિ શંકાસ્પદ સંજોગોમાં મેળવાઇ હોય, અને ક્યાં તો તે મહિલાનું મગજ અસ્થિર થઇ ગયું હોય, અથવા કોઇ બેહાશ કરે તેવા પદાર્થ તેણીને ખવડાવી દેવામાં આવ્યો હોય, જેથી કરીને તે મહિલા પોતે જે સંમતિ આપી રહી છે તેનો પ્રકાર અને તેના પરિણામને સમજી શકવાની પરિસ્થિતિમાં ન હોય.

છ) તેણી જો 16 વર્ષથી નીચેની ઉંમરની હોય તો તેણીની સંમતિથી અથવા સંમતિ વિના.

**3) કાયદો ભોગ બનેલાને કેવી રીતે સહાય કરે છે ?**

ક) જે વ્યકિતએ આ ગુનો આચર્યો છે તેને ગંભીર રીતે શિક્ષા ફરમાવવામાં આવે છે.

ખ) જો મહિલા તેના ઉપર થયેલા બળાત્કારની હકીકત, પોલીસ સમક્ષ કરેતો તેનું નામ અને અન્ય સઘળી હકીકત કોઇને જણાવવાની નહિ.

ગ) પોલીસ ગુનેગાર સામે કેસની કાર્યવાહી શરૂ કરશે.

ઘ) કોર્ટની અંદર આ કેસ બંધ બારણે ચાલશે, એટલે કે જાહેર જનતાને આ કેસની કાર્યવાહી સાંભળવા માટે કોર્ટમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ.

ચ) સંબંધિત મહિલા પોલિસ કે અન્ય કોઇના કબજામાં અને તે સમયે તેની ઉપર બળાત્કાર થાય, જેમકે હોસ્પિટલમાં અને મહિલાઓ માટેની સંસ્થામાં, તો એ પુરવાર કરવાની જવાબદારી એ વ્યક્તિ ઉપર છે કે જેણે આવો કોઇ બળાત્કાર કરેલ નથી. આમાં મહિલાઓ એ પુરવાર કરવાની ફરજ નથી કે તે વ્યક્તિએ બળાત્કાર કર્યો હતો.

**વ્યાખ્યાઓ**

**સંભોગ** : 'બળાત્કાર' મોટે સંભોગ દરમિયાન પુરુષના શિશ્નને મહિલાની યોનિમાં પ્રવેશ કરવાનું પર્યાપ્ત છે. માત્ર એક બાબત જ સ્પષ્ટ કરવાની રહે કે પુરુષના શિશ્નનો તે મહિલાની યોનિમાં પ્રવેશ થયો હતો કે નહિ.

**કબજામાં હોયતે દરમિયાન બળાત્કાર** : સંબંધિત મહિલા જેલમાં હોય, નારી નિકેતનમાં હોય, રિમાન્ડ હોમમાં હોય કે પછી હોસ્પિટલમાં હોય- આ દરમિયાન તે મહિલા આ સંસ્થાઓના કર્મચારીઓના કબજામાં હોય છે. આવા સમયે પુરુષ કર્મચારીગણ માંથી કોઇ પુરુષ કર્મચારી બળાત્કાર કરે તો તેને કબજામાં હોય તે દરમિયાન બળાત્કાર થયેલો ગણાય, આ બાબતને બહુ ગંભીર ગણવામાં આવે છે. અને ગુનેગારને સખત સજા કરવામાં આવે છે.

**હાડકાંનુંપરીક્ષણ** : વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે તેના હાડકાંનું પરીક્ષણ. બળાત્કારનો ભોગ બનનાર વ્યકિત (મહિલા) ખરેખર 16 વર્ષથી નીચેની વયની છે કે નહિ તે નક્કી કરવા માટે આ પરીક્ષણ કરવામાં આવતું હોય છે.

**૪) બળાત્કારનો ભોગ બનનાર વ્યકિતએ કરવાની થતી કાર્યવાહી**

**આમ ન કરો :**

- બળાત્કાર બાદ ધોશો નહિ, નહાશો નહિ કે કપડાં બદલશો નહિ. ભોગ બનેલાની શારીરિક પરિસ્થિતિ આવા કિસ્સામાં અગત્યનો પુરાવો છે.

**આટલું અવશ્ય કરો :**

- પરિવારના સભ્ય, સંબંધી કે વિશ્વાસપાત્ર મિત્રને તરત જ વાત કરો.
- વહેલામાં વહેલી તકે પોલીસમાં ફરિયાદ લખાવો.
- કોઇ સ્વતંત્ર ડૉકટર પાસે તપાસ કરાવો. તે તપાસ અહેવાલની નકલ હંમેશાં મેળવી લો.

**૫) પોલીસમાં ફરિયાદ દાખલ કરવી**

ક) પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારી એ પોલીસ સ્ટેશનની રેકર્ડબુકમાં તરત જ ફરિયાદ લખી લેવી જોઇએ.

ખ) ભોગ બનનાર મહિલાને કે ફરિયાદીને આ બાબત ફરિયાદ વાંચી સંભળાવવી જોઇએ.

ગ) ભોગ બનનારે તેમાં સહી કરવી જોઇએ અથવા અંગૂઠાનું નિશાન કરવું જોઇએ.

ઘ) ફરિયાદ કરી હોય તેની નકલ અવશ્ય મેળવી લેવી જોઇએ.

**મહિલાઓ શું વેઠે છે ?**

**સમગ્ર જીવનચક્ર દરમિયાન જાતિ આધારિત હિંસા**

| | |
|---|---|
| **માત-પિતા દ્વારા** | : જાતિની પસંદગી આધારિત ગર્ભપાત- પુત્રેષણા- (ચીન, જાપાન, પ્રજાસત્તાક કોરિયા) ગર્ભવસ્થા દરમિયાન મહેણાં-ટોણાં (મહિલાઓ પર થતી તેની માનસિક અને શારીરિક અસર) (આવનાર બાળક પર થતી તેની અસર).પરાણે લાદવામાં આવતું ગર્ભધારણ (દાખલા તરીકે, યુદ્ધમાં ઘણીવાર થતા સામુહિક બળાત્કાર) |
| **શિશુવયમાં** | : બલિકા ભ્રુણહત્યા, માનસિક અને શારીરિક મહેણા, સતામણી, ખોરાક અને શારીરિક સારવારમાં બાલિકાઓ માટે ભેદભાવ |

| | | |
|---|---|---|
| બાલ્યાવસ્થા | : | બાળલગ્ન, જાતિ આધારિત ભેદભાવ, પરિવારના સભ્યો તથા અજાણ્યાઓ દ્વારા પણ અપશબ્દો, ખોરાક, સારવાર અને દવામાં પણ ભેદભાવ, બાળ વેશ્યાવૃત્તિ |
| કિશોરાવસ્થા | : | ડેટિંગ અને મિત્રતા દરમિયાન હિંસા (બાંગ્લાદેશમાં એસિડ ફેંકવાનો બનાવ, અમેરિકામાં ડેટિંગ દરમિયાન બળાત્કાર) આર્થિક કારણોસર પરાણે સંભોગ(આફ્રિકામાં શાળાની બલિકાઓને સ્કૂલ ફી મેળવવા અંગે 'સુગર ડેડી' સાથે જોડાવું પડે છે, આર્થિક કારણોસર કિશોરવસ્થામાં જ વેશ્યાવૃત્તિ) કામના સ્થળે જાતીય દુરુપયોગ, બળાત્કાર, જાતીય સતામણી, પરાણે વેશ્યા બનાવવી, મહિલાઓમાં લોહીનો વ્યાપાર |
| ગર્ભધારણ અવસ્થા સમય | : | અત્યંત નજીકના પુરુષ ભાગીદારો દ્વારા જ મહિલાઓ પર દોષારોપણ, લગ્નસંબંધમાં પણ બળાત્કાર, દહેજ માટે મહેણાં-ટોણાં અને ખૂન, ભાગીદાર દ્વારાજ માનવ હત્યા, મનોવૈજ્ઞાનિક દોષારોપણ, કામના સ્થળે જાતીય સતામણી, બળાત્કાર, વિકલાંગ મહિલાઓનો દુરુપયોગ. |
| વૃદ્ધાવસ્થા | : | વિધવાઓ પર દોષારોપણ, વૃદ્ધ મહિલાઓ પર દોષારોપણ-આની અસર પુરુષો કરતા મહિલાઓને વિશેષ થાય છે. |
| સ્ત્રોત | : | Heise,Letal, મહિલાઓ સાથે હિંસા : છુપાયેલા આરોગ્યનો ભાર (વિશ્વબેંક ચર્ચા-પત્ર, 1994) |

**ભારતીય દંડ સંહિતામાં બળાત્કાર સંબંધી કલમો**

| | | |
|---|---|---|
| 375 | : | બળાત્કાર (વ્યાખ્યા) |
| 376 | : | બળાત્કાર માટે સજા |
| 367-ક | : | પતિ-પત્ની અલગ રહેતા હોય તે દરમિયાન પતિદ્વારા પત્ની સાથે સંભોગ |
| 376-ખ | : | જાહેર સેવક દ્વારા પોતના કબજામાં હોય તે મહિલાઓ સાથે સંભોગ |
| 376-ગ | : | જેલ કે રિમાન્ડ હોમના અધીક્ષક દ્વારા સંભોગ |
| 376-ઘ | : | વ્યવસ્થાપક મંડળના સભ્ય દ્વારા અથવા કર્મચારીગણ પૈકી કોઇના દ્વારા હોસ્પિટલમાં પહેલી કોઇ મહિલા સાથે સંભોગ |
| 377 | : | અકુદરતી અપરાધો |

**૬) ગુનેગારને શિક્ષા**

જો એમ પુરવાર થાય કે કોઇ પુરુષે મહિલા ઉપર બળાત્કાર કર્યો છે તો સામાન્યપણે ઓછામાં ઓછી સાત વર્ષની જેલ કે દસવર્ષની જેલ છે. કોર્ટ તેને આજીવન કેદની સજાપણ કરી શકે છે. કેટલાક કિસ્સઓમાં, ઓછામાં ઓછી સજા 10 વર્ષની કેદની છે, તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- જો એ પુરુષ એમ જાણતો હોય કે તે સ્ત્રી સગર્ભા છે તો પણ તેની ઉપર બળાત્કાર કરે
- એવી બાલિકા ઉપર બળાત્કાર, જેની ઉંમર 12 વર્ષ થી ઓછી હોય.
- કોઇ એક મહિલા/મહિલાઓ ઉપર સામૂહિક બળાત્કાર
- કોઇ પોલીસ અધિકાર દ્વારા પોતાના પોલિસ સ્ટેશનની હદમાં મહિલા ઉપર અથવા તેના પોતાના કે તેની હાથ નીચેના અધિકારીના કબજામાં હોય તેવી સ્ત્રી ઉપર બળાત્કાર
- કોઇ જાહેર સેવક દ્વારા પોતાના સત્તાવારહોદ્દાનો લાભ લઇને કરેલ બળાત્કાર
- જેલ,રિમાન્ડ હોમ, મહિલાઓ માટેની કે બાળકો માટેની સંસ્થાના વ્યવસ્થાપકો અથવા કર્મચારીઓ દ્વારા પોતાના સત્તાવાર હોદ્દાનો લાભ લઇને કરેલ બળાત્કાર
- હોસ્પિટલના વ્યવસ્થાપકો અથવા કર્મચારીગણ દ્વારા હોસ્પિટલમાં રહેલી મહિલા પર, પોતાના સત્તાવાર હોદ્દાનો લાભ લઇને કરેલ બળાત્કાર

**તમારે આ જાણવું જોઇએ**

- પોલીસવાળાઓને ભોગ બનેલી વ્યકિતને સ્પર્શવાનો અધિકાર નથી, માત્ર ડૉકટર જ તબીબી તપાસ કરી શકે.
- પોલીસ કેસ નોંધવા માટે ઇન્કાર કરે તો, ભોગ બનેલ વ્યકિત મેજિસ્ટ્રેટ સમક્ષ જઇ શકે છે.
- પોલીસ, ભોગ બનનારને પોલીસ સ્ટેશને તપાસ અને કેસ ચાલતો હોય ત્યારે, આવવા માટે દબાણ કરી શકે નહી. પોલીસે તેમના ઘેર આવીને પ્રશ્નો પૂછવા જોઇએ.
- જો બળાત્કારી વ્યકિત બહુ લાગવગવાળી વ્યકિત હોય તો ભોગ બનનાર વ્યકિત મુખ્યમંત્રી, પોલીસવડા, સાંસદ, વિધાનસભ્ય, જિલ્લા કલેકટર, સામાજિક કાર્યકર સંગઠન, મહિલાઓ માટેના રાષ્ટ્રીય આયોગ અથવા તો માધ્યમોને પણ જાણ કરી શકે છે.
- માધ્યમોને બળાત્કારના ભોગ બનેલ વ્યકિતનું નામ જાહેર કરવાની પરવાનગી નથી.

**ખ) જાતીય સતામણી**

1. મહિલાઓ પ્રવાસ કરતી વખતે અથવા કામના સ્થળે જાતીય સતામણીનો સામનો કરી રહે છે. ઘણા બધા લોકો શરમને કારણે, કુટુંબનું નામ જાહેર થઇ જવાના ભયને કારણે મોઢું બંધ રાખે છે. આમ તો બળાત્કારીઓને પ્રોત્સાહન મળે છે. તમે પોતે ભોગ બનેલ હો કે ન પણ હો તો આવા તમામ બનાવોને જાહેર કરી દેવા જોઇએ, જેથી સુધારણાત્મક કે શિક્ષાત્મક પગલાં લઇ શકાય. જાતીય સતામણીમાં નિર્ધારિત અનિચ્છનીય વર્તન (સીધા કે આડકતરા)નો સમાવેશ થાય છે, જેમ કે :

   (ક) શારીરિક સ્પર્શ અને આગળ વધવું

   (ખ) જાતીય અનુગ્રહ માટે માગણી કે વિનંતી

   (ગ) જાતીયતા સૂચક ટીકા-ટીપ્પણી

   (ઘ) પરાણે અશ્લિલ સાહિત્ય બતાવવું

   (ચ) અન્ય કોઇપણ શારીરિક, શાબ્દિક અથવા બિન-શાબ્દિક જાતીયતા પ્રકારનો વર્તાવ.

2. **નોકરીદાતાની ફરજ**

   કામ કરવાના સ્થાન કે સંસ્થાની જવાબદારી વ્યકિતએ જાતીય સતામણીના બનાવ બનતા અટકાવવા જોઇએ અગર ન થાય તે જોવું જોઇએ અને નીચેનાં પગલાં લઇને જાતીય સતામણીના બનાવો સંદર્ભે સમજૂતી, નિરાકરણ અથવા કાનૂની કાર્યવાહી કરવી જોઇએ :

(અ) ઉપર જણાવ્યા મુજબમાં જાતીય સતામણીનાં સ્વરૂપો કામ કરવાના સ્થળે ન થાય તે માટે સ્પષ્ટ પ્રતિબંધો લાદીને તે તે અંગે જાહેરાત કરવી જોઇએ, પ્રસિદ્ધિ કરવી જોઇએ અને પરિપત્રિત કરવાં જોઇએ.

(બ) જાતીય સતામણીને પ્રતિબંધિત કરવા માટેના નિયમો / નિયમને ઘડી કાઢવા જોઇએ અને તેમાં આવા બનાવોમાં યોગ્ય દંડનાત્મક જોગવાઇ કરવી જોઇએ.

(ક) કાર્ય,નવરાશનો સમય, આરોગ્ય અને સ્વાસ્થ્ય વગેરેમાં યોગ્ય કાર્યસ્થિતિ ઉપલબ્ધ કરવી જોઇએ. જેથી કરીને કામના સ્થાને મહિલાઓ પ્રત્યે કોઇ દુર્ભાવ પૂર્ણ વાતાવરણ પ્રવર્તે નહિ, તેમજ એક કર્મચારી તરીકે કોઇ મહિલાના મનમાં વાજબી રીતે એવું માનવાને કારણ ન હોવું જાઇએ કે તેણી પોતાની નોકરી સંબંધી કોઇ બિન/લાભદાયી પરિસ્થિતિમાં છે.

**ક. દહેજ**

દહેજ માંગવાની પ્રક્રિયા એ મહિલાઓ માટે મોટો માથાનો દુખાવો છે. તેનાં મૂળ ખૂબ ઊંડાં છે. એવી આ હિંદુ પરંપરા ખરેખર તો મોટા પાયે ‘દહેજ-મૃત્યુ’ માં પરિણમી છે. આ પદ્ધતિ માત્ર શોષણપૂર્ણ અને દમનકારી છે. એટલું જ નહિ પરંતુ તેણે મહિલાને માત્ર ‘ચીજવસ્તુ’ ના સ્વરૂપે અભિવ્યક્ત કરી છે. કાયદાનો પ્રતિબંધ હોવા છતાં, દેશમાં દહેજની પ્રથા વ્યાપક રીતે અમલમાં છે. સામૂહિક જાગૃતિ માટેના શિક્ષણ દ્વારા જ્યાં સુધી માણસોના વલણમાં પરિવર્તન નહિ આવે ત્યાં સુધી દહેજને નામે મહિલાઓનું શોષણ ભારતીય સમાજ, ખાસ કરીને હિંદુ સમાજમાં સતત ચાલુ રહેવાનું છે. નીચેના ફકરાઓમાં કેટલીક કાનૂની જોગવાઇઓ અને રક્ષણાત્મક ઉપાયો તેમજ દહેજ સાથે સંકળાયેલ વિવિધ મુદ્દા સંબંધી પાયાની માહિતીની ચર્ચા કરવામાં આવી છે.

**૧) દહેજ શું છે ?**

દહેજનું મૂળ પ્રાચીન હિંદુ પરંપરામાં કન્યાદાન, સ્ત્રીધન, વરદક્ષિણા જેવા રિવાજોમાં રહેલું છે. તેની સમજ નીચે મુજબ આપી છે :

ક) **કન્યાદાન :** કન્યાના પિતા દ્વારા વરના પિતાને આપવામાં આવનાર ભેટો

ખ) **સ્ત્રીધન :** મહિલાને તેના પરિવાર તથા મિત્રો તરફથી મળેલ દરદાગીના, કપડાં વગેરે.

ગ) **વરદક્ષિણા :** કન્યાના પિતા તરફથી વરને આપવામાં આવેલ રોકડ રકમ કે ભેટ.

ઉપરની તમામ ચીજવસ્તુઓ સ્વૈચ્છિક રીતે તેમજ કન્યા પ્રત્યેના પ્રેમ અને લાગણીથી ભેટ તરીકે આપી શકાય; પરંતુ પાછળથી દહેજનો રિવાજ દબાણપૂર્વકનો થઇ ગયો અને કન્યા અને તેના માતાપિતા માટે જુલમી બની ગયો. કેટલાંક હિન્દુશાસ્ત્રો પણ પત્ની ને પતિની 'મિલકત' તરીકે ગણે છે અને તે પણ બળતામાં ઘી હોમે છે તેમજ એક પ્રકારે પરિણીત મહિલા પરના જુલમને જાણે વાજબી ઠેરવે છે. કેવળ લોભને ખાતર, ખૂબ જ ઉદાર એવા કુટુંબો પણ આવા શોચનીય કાર્યનો ભોગ બને છે. તેમાં પરિણીત મહિલાઓ પર માનસિક અને શારીરિક ક્રૂરતા આચરવામાં આવે છે અને કોઇકવાર તેનું પરિણામ મૃત્યુમાં પણ આવે છે.

**2. કાયદો શું કહે છે ?**

**ક) દહેજ પ્રતિબંધ અધિનિયમ, 1962**

આ કાયદા અનુસાર-

1) દહેજ આપવું તે ગુનો છે.

2) દહેજ લેવું તે ગુનો છે.

3) દહેજ આપવા કે લેવામાં સહાય કરવી તે ગુનો છે.

4) દહેજ માગવું કે તે માટે જાહેરખબર આપવી તે ગુનો છે.

**ખ) દહેજ સંબંધી ગુનાઓમાં નીચેની સજાઓ નિયત કરાઇ છે.**

1) દહેજ લેવા કે આપવા માટે :

ક) પાંચ વર્ષ સુધીની કેદની સજા

ખ) રૂ. 15,000 સુધીનો દંડ, તેમજ દહેજની રકમ રૂા.15,000 કરતાં વધુ હોય તો દહેજ આપવા-લેવામાં જો રકમ હોય તેટલી રકમ સુધીનો દંડ

2) દહેજની માંગણી કરવા અંગે :

ક) ઓછામાં ઓછી છ મહિનાની કેદ

ખ) દંડ

3) દહેજ માટે જાહેરખબર આપવા અંગે :

ક) ઓછામાં ઓછી છ મહીનાથી શરૂ કરી પાંચ વર્ષ સુધીની કેદની સજા

ખ) રૂા. 15,000 સુધીનો દંડ

3. ખાસ જોગવાઇઓ

1) કોઇપણ સ્ત્રીના પતિ અથવા પતિના સંબંધી તે સ્ત્રી પર ક્રૂરતા આચરે, તો તે પતિ અથવા તેમના સંબંધી ને 3 વર્ષ સુધીની જેલની સજા તથા દંડ થઇ શકે છે. (ભારતીય દંડ સંહિતાની કલમ 498 મુજબ)

2) જો કોઇ મહિલા ઉપર આ પ્રમાણે ક્રુરતા આચરવામાં આવે અને તે પોતાના લગ્નના સાત વર્ષના સમયગાળામાં અકુદરતી રીતે મૃત્યુ પામે, તો તેના પતિ તથા સાસરિયાંને તેના મૃત્યુ માટે જવાબદાર ગણવામાં આવશે. જો તેઓ કસૂરવાર માલૂમ પડે તો તેમને ઓછામાં ઓછાં સાત વર્ષની મુદતની કેદ અથવા તેને આજીવન કેદની સજા સુધી પણ લંબાવી શકાય તેટલી મુદતની જેલની સજા કરાશે.( કલમ-304બી, ભારતીય દંડ સંહિતા,1860)

૩) લગ્ન થયાના સાત વરસ પૂરાં થયા બાદ પણ જો દહેજની માંગણી કરવામાં આવશે, તો તેને પણ જો ભારતીય દંડ સંહિતાની કલમ 304-બી સંતોષાતી હશે તો, દહેજ જ ગણવામાં આવશે.

4) દહેજ આપવા કે લેવા સંબંધીનો કોઇપણ દસ્તાવેજ / કરાર રદબાતલ ગણાશે.

5) દહેજ સંબંધી કોઇપણ ગુનો પોલીસ અધિકારનો ગુનો ગણાશે; તે બિન-જામીનપાત્ર અને બિન-સમાધાનપાત્ર ગણાશે. (કલમ 8, દહેજ પ્રતિબંધ અધિનિયમ)

**6) ભારતીય પુરાવા કાયદો**

ક) જો કોઇપણ મહિલા પોતાના લગ્ન પછીના પ્રથમ સાત વર્ષની અંદર આત્મહત્યા કરે તો કોર્ટ આ કેસને લગતા અન્ય તમામ સંજોગોને ધ્યાનમાં લઇને, પૂર્વ-અનુમાન તારવશે કે આ આત્મહત્યા તેના પતિ અથવા તેમનાં સગાં વહાલાં/ સંબંધીઓ દ્વારા પ્રેરિત છે. (કલમ 113-ક) જો એમ દર્શાવવામાં આવશે કે તેણીના મૃત્યુ પહેલાં તે મહિલા ઉપર દહેજ સંબંધી કોઇપણ માંગણીના સંબંધમાં ક્રૂરતા દાખવવમાં આવતી હતી અથવા તેને હેરાનગતિ કરવામાં આવતી હતી, તો કોર્ટ એવુ પૂર્વ-અનુમાન તારવશે કે આ દહેજ મૃત્યુ માટે તે લોકો જવાબદાર છે. (કલમ 113-ખ)

7) **મંજૂરીપાત્ર ભેટો :** જો વરને કે કન્યાને, કોઇના દબાણ વિના અને પોતાની સ્વેચ્છાએ કોઇપણ ચીજવસ્તુ આપવામાં આવી હોય તો તે મંજૂરીપાત્ર છે. તેમાં એમ સૂચિત છે કે :

ક) આવી ભેટોની યાદી બનાવવી જોઇએ.

ખ) આ બાબતે સીધી કે આડકતરી રીતે કોઇ જ દબાણ કે ફરજિયાતપણું ન હોવું જોઇએ.

ગ) આ ભેટો સામાન્યપણે રિવાજ મુજબ આપવામાં આવે તે પ્રકારની તેમજ કન્યાના પરિવારના દરજ્જાને અનુરૂપ હોવી જોઇએ.

**4. કાયદાનો લાભ કેવી રીતે લેવો ?**

ક) ફરિયાદ કરીને : દહેજના કિસ્સામાં નીચેનાઓ ફરિયાદ કરી શકે :

1) કોઇપણ પોલીસ અધિકારી

2) કોઇપણ એવી વ્યકિત, જે દહેજને કારણે હેરાનગતિનો ભોગ બનતી હોય.

3) હેરાનગતિનો ભોગ બનનાર (મહિલા) ના માતપિતા અથવા કોઇપણ સંબંધી

4) કોઇ સરકાર માન્ય સમાજકાર્ય કરતી સંસ્થા

5) જો કોર્ટને તે અંગેની માહિતી મળેતો, તો પોતાની મેળે કેસ દાખલ કરી શકે.

ખ) **આત્મહત્યા સંબંધી કિસ્સામાં :** જો એમ માનવાને કારણ હોય કે કોઇ પરિણીત મહિલાના મૃત્યુ માટે કોઇ અન્ય વ્યકિત છે, તો પોલીસ સ્ટેશનના એસ.એચ.ઓ. એ માહિતી મળતાં જ, નીચેના પગલા લેવાં જોઇએ.

1) તરતજ નજીકના કાર્યપાલક મેજિસ્ટ્રેટને ખબર આપવી.

2) મૃત્યુ માટે દેખીતું જવાબદાર કારણ શોધવું

3) મત્યુનું કારણ નક્કી કરવા માટે પોલીસ અધિકારીએ જો તે સ્થાને રૂબરૂ જવું જોઇએ.

4) જે તે વિસ્તારના બે કે વધુ સન્માનીય રહેવાસીઓની હાજરીમાં અહેવાલ તૈયાર કરવો જોઇએ.

5) આ અહેવાલમાં શરીર પરના ઘા, બળવાની નિશાની અગર શરીર પરની કોઇ ઇજા દેખાય તો તેના વર્ણન સાથે મૃત્યુનું કારણ દર્શાવવું જોઇએ.

6) અહેવાલમાં પોલીસ અધિકારીની તથા હાજર વ્યકિતઓની સહી હોવી જોઇએ.

7) અહેવાલ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા- વિભાગીય મેજિસ્ટ્રેટને મોકલવો જાઇએ.

8) મૃત શરીરને કોર્ટના સર્જન નિયુકત તબીબી અધિકારીને તપાસ માટે મોકલી આપવું જાઇએ.

## વ્યાખ્યાઓ

**ક. દહેજ** : કોઈપણ મિલકત કે મૂલ્યવાન જામીનગીરી, જે સીધી કે આડકતરી રીતે આપવામાં આવે અગર આપવાની કબૂલાત આપવામાં આવે.

1) લગ્ન અંગેના એક તરફના પક્ષકારો દ્વારા લગ્ન અંગેના બીજા તરફના પક્ષકારોને

2) લગ્ન અંગેના કોઈપણ એક તરફના પક્ષકારના માતપિતા દ્વારા અથવા અન્ય કોઈપણ વ્યકિતઓ દ્વારા લગ્ન અંગેના બીજી તરફના પક્ષકારનાં માતાપિતાને અથવા અન્ય કોઈપણ વ્યકિતને

***(દહેજ પ્રતિબંધ અધિનિયમ,1962 ; કલમ-2)***

**ખ. દહેજ- મૃત્યુ** : જો કોઈપણ મહિલાનું દાઝવાથી અગર અન્ય પ્રકારની શારીરિક ઇજાઓથી મૃત્યુ થાય અથવા લગ્નના સાત વરસના સમયગાળાની અંદર, સામાન્ય સંજોગો સિવાયનાં સંજોગોમાં મૃત્યુ થાય અને જો એમ દર્શાવવામાં આવે કે તેના મૃત્યુ પહેલાં, તેની સાથે ક્રૂરતા આચરવામાં આવતી હતી કે તેના પતિ અથવા પતિના સગાસંબંધીઓ દ્વારાહેરાનગતિ કરવામાં આવતી હતી;તો તેવા મૃત્યુને 'દહેજ મૃત્યુ' કહેવામાં આવશે.

**ગ. ક્રૂરતા** : **તેનો અર્થ છે :**

1) કોઈપણ સ્ત્રીને એટલી હદે મારવી કે તેની ઉપર જુલમ ગુજારવો; જેને કારણે તેની જિંદગી ઉપર, શરીરનાં અંગો ઉપર કે આરોગ્ય ઉપર ઇજા કે ખતરો પેદા થાય. આમાં માનસિક અને શારીરિક ક્રૂરતાં બંનેનો સમાવેશ થાય છે.

2) પરિણીત મહિલા માટે એવા સંજોગો ઊભા કરવા કે જેને કારણે તે પરિણીત મહિલા આપઘાત (આત્મહત્યા) કરવા માટે પ્રેરાય.

3) પરિણીત મહિલાને વધુ પૈસા કે મિલકત લાવવા માટે ત્રાસ આપવો, ધમકી આપવી કે દબાણ કરવું.

4) પરિણીત મહિલાના કોઈ સંબંધી ને પૈસા કે મિલકત લાવવા માટે ત્રાસ આપવો, ધમકી આપવી કે દબાણ કરવું

ઘ. દહેજ સંબંધી ગુનાઓના પ્રકારો :

1) **પોલીસઅધિકારનો ગુનો** : ફરિયાદ મળતાં, પોલીસ જાતે જ તપાસ શરૂ કરી શકે છે, પરંતુ આ બાબતે જો કોઈની ધરપકડ કરવી હોય તો તમને મેજિસ્ટ્રેટ પાસેથી હુકમ મેળવવો પડે છે.

2) **બિન-જામીનપાત્ર** : ગુનેગારને મેજિસ્ટ્રેટના હુકમ વિના જામીન મળી શકતા નથી.

3) **સમાધાનપાત્ર નહિ**: ગુનેગાર,માત્ર દંડચૂકવીને જેલની સજામાંથી મુક્તિ મેળવી શકતો નથી.

### દહેજ સંબંધી મહિલાઓના હક

કન્યાના પરિવાર વરને કે તેના કુટુંબને જે કોઇ ભેટ આપે તે નીચેની શરતોને પાત્ર છે :

ક) લગ્ન પહેલાં જ દહેજ લેવામાં આવે તો સંબંધિત મહિલાને તેના લગ્નના ત્રણ માસની અંદર તે દહેજ સુપરત કરી દેવું જાઇએ.

ખ) લગ્ન સમયે કે તે પછી પણ દહેજ સ્વીકારવામાં આવે, તો તે મેળવ્યા પછી ત્રણ માસની અંદર તે કન્યાને તે સુપરત કરી દેવું જોઇએ.

ગ) દહેજ સ્વીકારવામાં આવ્યું ત્યારે તે કન્યા સગીર હોય તો તે કન્યા 18 વર્ષની થાય તે પછીના ત્રણ મહિનાની અંદર તેને સુપરત કરી દેવું જોઇએ.

ઘ) દહેજ, કન્યા સિવાય અન્ય કોઇ વ્યકિત પાસે રાખવામાં આવે તો તે વ્યકિત દ્વારા વિશ્વાસને કારણે તે રાખવામાં આવતું હોય છે. તે વ્યકિત તેનો ઉપયોગ ન કરી શકે, વાપરી ન શકે કે અન્ય કોઇપણ વ્યકિતને આપી પણ ન શકે. આવી વ્યકિત, કન્યાને દહેજ પરત ન સોંપે તો તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી શકાય છે.

ચ) કન્યા દહેજ લીધા પહેલાં જ મૃત્યુ પામે તો તે તેના વારસો તેના ઉપર હક રાખીને તેને માટે દાવો રજૂ કરી શકે છે.

**તેમનું રક્ષણ કરો (કાર્યપોથી)**

**દહેજમાં અપાયેલ ભેટોની યાદી બનાવતાં આટલું યાદ રાખો.**

- કન્યાને અને વરને મળેલી ભેટોની યાદી તૈયાર કરવામાં આવે અને તે યાદી બંને (વર અને કન્યા) અલગ અલગ રાખે.
- આવી યાદી લગ્ન સમયે જ અથવા તે પછી પણ તરત જ બનાવવી જોઇએ.
- આવી યાદી લેખિત સ્વરૂપે હોવી જોઇએ.
- દરેક વસ્તુનું ટૂંકું વર્ણન હોવુ જોઇએ.
- ભેટ આપનાર સંબંધીનું નામ અને કન્યા સાથેના તેમના સંબંધની વિગત યાદીમાં નોંધવી જોઇએ.
- આ લેખિત યાદીમાં વર કન્યા બંનેની સહી હોવી જોઇએ. તેઓ અશિક્ષિત હોય તો તેમના અંગૂઠાની છાપ લેવી જોઇએ.
- જો વર અને કન્યા બંને ઇચ્છે તો,યાદીમાં વર અને કન્યાની સહી ઉપરાંત જે વ્યકિતઓએ લગ્નમાં હાજરી આપી હોય તેવા સંબંધીની પણ સહી લઇ શકાય.

## ૩. છૂટાછેડા, ભરણ-પોષણ અને મિલકતમાં અધિકાર
## (Divorce, Maintenance and Right to Property)

લગભગ તમામ સમાજોમાં મહિલાઓ સાથે ભેદભાવનું મુખ્ય ક્ષેત્ર લગ્ન, છૂટાછેડા, કૌટુંબિક મિલકતમાં અધિકાર અને બાળકોને દત્તક લેવા સહિતની કૌટુંબિક બાબતોમાં રહેલું જોવા મળે છે. એક સામાન્ય પૂર્વધારણા જ એવી છે કે આવી બધી બાબતોમાં મહિલાને કોઇ અધિકાર નથી કે કંઇ કહેવાનું નથી. આંમાની મોટાભાગની બાબતો સામાજિક રૂઢિઓ અનુસાર જ ચાલતી હોય છે. તેમાં મહિલાને સમાનતાની વાત તો જવા દો, એક માનવ તરીકેનું અસ્તિત્વ પણ નકારવામાં આવતું હોય છે.પરંતુ છેલ્લા કેટલાક સમયથી, આ બધી બાબતો અંગે કેટલાંક કુટુંબને લગતા નાગરિક કાયદા ઘડવામાં આવ્યા છે. કૌટુંબિક કાયદા સામાન્ય રીતે પ્રત્યેક સામાજિક કે ધાર્મિક જૂથની સામાજિક પરંપરાઓ પર આધારિત હોય છે. આમ છતાં, તાજેતરના વર્ષોમાં, મહિલાઓને ન્યાય અપાવવા સારુ આ કાયદાઓમાં કેટલાક સુધારાપણ કરવામાં આવ્યા છે પરંતુ વાસ્તવમાં, ઘણી બધી મહિલાઓ આવા કાયદાઓની અને તેનાથી પોતાને પ્રાપ્ત થનાર હકથી માહિતગાર હોતી નથી. આપણે માટે, ખાસ કરીને મહિલાઓ માટે એ વાત અગત્યની છે કે તેઓ આ કાયદાઓ વિશે જાણકારી પ્રાપ્ત કરે અને તેનો કેવીરીતે ઉપયોગ કરવાનો છે તે સમજી લે. અહીં અમે જુદા જુદા સમુદાયોના આવા કૌટુંબિક કાયદાઓ વિશેની પાયાની માહિતી તેમજ કાયદાઓની જોગવાઇઓ જેમાં લગ્ન, છૂટાછેડા, ભરણ-પોષણ અને મિલકતમાં અધિકાર સંબંધી માહિતીનો સમાવેશ થાય છે તે રજૂ કરવાના છીએ.

### હિંદુ કાયદો

### 1. કોને લાગુ પડે ?

ક) હિંદુ લગ્ન અધિનિયમ, 1955, જેઓ ભારતના વતની છે (જેમનું કાયમી ઘર ભારતમાં છે)અથવા બહારના વિસ્તારમાં રહેતા હોય તેવા પરંતુ ભારતના વતની છે તેવા તમામ હિંદુઓને લાગુ પડે છે.

ખ) 'હિંદુ' શબ્દમાં જેઓ જન્મથી કે ધર્માંતરથી હિંદુ થયા છે તે તમામનો સમાવેશ થાય છે. તેમાં બૌદ્ધ, જૈન, શીખ, બ્રહ્મોસમાજી,આર્યસમાજી, વેરા શૈવ અને લિંગાયત તથા તેમના કાયદેસરનાં સંતાનો તેમજ હિંદુ માતપિતા દ્વારા ઉછેરવામાં આવતા બિનકાયદેસરનાં સંતાનોનો પણ સમાવશ થાય છે.

ગ) ' હિંદુપત્ની ' એટલે જેના લગ્ન હિંદુ લગ્ન અધિનિયમ અનુસાર કાયદેસર છે તેમજ તેનું લગ્નજીવન હિંદુ વિધિ અનુસાર સંપાદન થયું છે તેવી પત્ની.

### 2. છૂટાછેડા :

લગ્ન કાયદેસરનું પણ હોય તેમજ સાચું પણ હોય, પરંતુ તેમાં પણ કેટલીક કડવાશભરી પરિસ્થિતિ ઊભી થઇ શકે. આવી કડવાશમાંથી બહાર આવવાંનુ પણ ઘણીવાર મહિલા માટે અનુકૂળ ન હોય. કાયદા અનુસાર છૂટાછેડાનો ઉપાય પણ હવે ઉપલબ્ધ છે. પતિ કે પત્ની કોર્ટ સમક્ષ જઇને લગ્નનો અંત લાવવા જણાવી શકે છે. આ માટેનાં કારણો તથા પ્રક્રિયા નીચે દર્શાવેલ છે :

***છૂટાછેડા માટેનાં કારણો :***

1) વ્યભિચાર
2) ઓછામાં ઓછા બે વર્ષ માટે ત્યાગ
3) એક પાત્ર તરફથી બીજા પાત્ર ઉપર ક્રૂરતા
4) કોઇપણ એક પાત્ર દ્વારા અન્ય ધર્મમાં ધર્મ પરિવર્તન
5) સંસારનો ત્યાગ
6) અસ્થિર મગજ
7) અસાધ્ય પ્રકારનો કુષ્ટરોગ
8) ચેપી રોગથી પીડાતા હોવું
9) મૃત્યુનું અનુમાન (દા.ત. પતિ વિશે સાત વર્ષ કે તેથી વધુ સમયથી કોઇ માહિતી નહોય)

10) પતિ-પત્ની વચ્ચેના જાતીય હક પ્રસ્થાપિત કરવાના કોર્ટના હુકમનામા પછી પણ એક વર્ષ કે તેથી વધુ સમયમાં પતિ-પત્ની વચ્ચે જાતીય સંબંધો પ્રસ્થાપિત ન થવા.

11) પતિ દ્વારા પુનઃલગ્ન

12) પતિ બળાત્કારના,સજાતીય સંબંધોના કે પશુમૈથુનના ગુનામાં દોષિત જણાયો હોય.

13) બાળલગ્નનો અસ્વીકાર : જો છોકરીનું લગ્ન તેની 15 વર્ષની થઇ હોય તે પહેલાં કરવામાં આવ્યું હોય તો તે 15 વર્ષની ઉંમર પછી અને તેની 18 વર્ષની થાય તે પહેલાં, લગ્નહક ભોગવાયા હોય કે ન હોય તો પણ, છૂટાછેડા માગી શકાય છે.

14) પરસ્પર સંમતિથી છૂટાછેડા : જો યુગલ પરસ્પર સંમતિથી પોતાના લગ્ન સંબંધોનો અંત લાવવાનો નિર્ણય કરે તો છૂટાછેડા માટેની જોગવાઇ કાયદામાં છે. આ માટે નીચેની જરૂરિયાતો પરિપૂર્ણ થવી જોઇએ.

- પતિ અને પત્ની અલગ અલગ રહેતાં હોય.
- પતિ અને પત્ની એક વર્ષ કરતાં વધુ સમયથી અલગ અલગ રહેતા હોય
- બંને જણ પરસ્પર સંમતિથી પોતના લગ્નનો અંત લાવવા માટે સંમત હોય
- છૂટાછેડા માટેની અરજી બંને જણે કરવી જોઇએ.
- છૂટાછેડા માટેની અરજી કર્યાબાદ, ઓછામાં ઓછા છ મહિનાનો સમય પસાર થયા બાદ જ કોર્ટનો આદેશ થઇ શકે છે. કોર્ટ માટે આ સમયગાળો એટલા માટે જરૂરી છે કે તેને સંપૂર્ણ સંતોષ થાય કે બંને વચ્ચે સમાધાન શક્ય નથી.

3. છૂટાછેડા લેવા માટેની પ્રક્રિયા

- કોઇપણ મિત્ર કે સંબંધી અથવા કોઇ સામાજિક સંસ્થાની સલાહ લો અને તેમની મારફત સમાધાન માટે પ્રયાસ કરો.
- છૂટાછેડા મેળવવા માટે કોર્ટમાં અરજી કરવી જરૂરી છે. મહિલા પોતે જાતે કોર્ટમાં સીધેસીધી જઇ શકે છે.
- કોર્ટ પતિ અને પત્નીને સમજાવીને તેમની સમસ્યાના નિરાકરણ માટે પ્રયત્ન કરશે. જો તે પ્રયાસ સફળ ન થાય તો છૂટાછેડા મંજૂર કરશે.
- મહિલાને સરકાર દ્વારા સ્થાપિત મફત કાનૂની સલાહ કેન્દ્ર મારફત વિના મૂલ્યે કાનૂની સલાહ મળી શકે છે.
- જો બંનેની એવી ઇચ્છા હોય તો, આ કેસ અંગેની કાર્યવાહી બંધ-બારણે એટલે કે મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં (અન્ય લોકોને હાજર રહેવા પ્રતિબંધ ફરમાવીને) ચલાવી શકાય છે.
- છૂટાછેડા માટેની અરજી લગ્ન થયાના એકવર્ષ બાદ જ કોર્ટમાં કરી શકાય છે;તે પહેલા નહિ. પરંતુ ખૂબ જ મુશ્કેલીની પરિસ્થિતિમાં અપવાદરૂપ સંજોગોમાં, કોર્ટ લગ્નનું એક વર્ષ પુરું ન થયું હોય તો પણ અરજી સ્વીકારી શકે છે.
- છૂટાછેડા માટેની અરજી નીચેના પૈકી કોઇપણ સ્થાને કરી શકાય છેઃ

1) લગ્ન થયા હોય તે સ્થળે
2) પતિ અને પત્ની સાથે રહેતાં હતાં તે સ્થળે
3) અન્ય પક્ષ રહેતો હોય તે સ્થળે
4) અરજી કરનાર વ્યકિત પોતે રહે છે તે સ્થાને. આ ત્યારે જ કરી શકાય ; જો બીજી વ્યકિત પરદેશમાં રહેતી હોય.

- જ્યારે કોર્ટમાં અરજી કરવામાં આવે ત્યારે કોર્ટ અન્ય પક્ષકારને નોટિસ મોકલે છે. બંને પક્ષોને સાંભળ્યા બાદ તેમજ સાક્ષીઓ અને પુરાવાઓ તપાસ્યા બાદ છૂટાછેડા મંજૂર કરવા કે કેમ તે કોર્ટ નક્કી કરે છે.

**4. ભરણ પોષણ (નિભાવ)**

ક) 'ભરણ પોષણ' (નિભાવ) એ ખોરાક, કપડાં રહેઠાણ, શિક્ષણ, તબીબી સંભાળ અને સારવાર માટેની જોગવાઇ છે. (હિંદુ દત્તક અને ભરણપોષણ અંગેનો અધિનિયમ 1965) હિન્દુ પત્નીને

તેના પતિ દ્વારા ભરણપોષણ (નિભાવ)નો અધિકાર છે; જેથી કરીને તે પોતાનો નિભાવ કરી શકે. તેપોતે જ્યા સુધી ચારિત્રયશીલ રહે તેમજ અન્ય ધર્મમાં પરિવર્તન ન કરે ત્યાં સુધી તેને ભરણપોષણ માટેનો અધિકાર છે.

ખ) હિન્દુ પત્ની તેના પતિથી અલગ રહેવા સ્વતંત્ર છે અને છતાં, નીચેના કિસ્સાઓમાં તેના પતિ પાસેથી ભરણ પોષણ મેળવવા દાવો કરી શકે છે :

1) જો તેને તેના પતિએ તરછોડી દીધી હોય

2) જો પતિ તેની સાથે ક્રૂરતાપૂર્વકનો વર્તાવ કરતો હોય

3) જો પતિ અસાધ્ય અને તીવ્ર પ્રકારના કુષ્ટરોગથી પિડાતો હોય

4) જો તેણે બીજાં લગ્ન કર્યા હોય. ( અને તેની બીજી પત્ની જીવિત હોય)

5) જો તેણે અન્ય ધર્મમાં ધર્મપરિવર્તન કર્યુ હોય.

૬) જો તેણે વાજબી કારણોસર.

ગ) પત્ની અને બાળકોને ચૂકવવાનું ભરણપોષણ પતિના આવકની દૃષ્ટિએ પ્રમાણસર હોવું જોઇએ. આ ચૂકવવાની રકમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે, પતિની ચોખ્ખી આવકના એક પંચમાંશ (1/5) રકમ મંજૂર કરવામાં આવતી હોય છે. ( ભારતીય છૂટાછેડા અધિનિયમ અનુસાર)

ઘ) વચગાળાના ભરણપોષણની મંજૂરી

1) ભરણપોષણ માટેની અરજી ન્યાય-નિર્ણયાધીન હોય તો ફોજદારી અદાલત તે ઉપેક્ષિત પત્નીને, બાળકોને અને મા-બાપને વચગાળાનું ભરણ પોષણ ચૂકવવા માટે મંજૂરી આપી શકે છે. (ક્રિમિનલ પ્રોસીજર કોડ, કલમ-125)

2) આ પ્રકારે ભરણપોષણ માટેની રકમ માસિક રૂ.500/-થી વધવી જોઇએ નહિ.

**5. બાળકોનો કબજો :**

ક) સામાન્ય રીતે બાળકોનો કબજો મેળવવા માટે માતા હકદાર છે, સિવાય કે બાળક પાંચ વર્ષથી વધુ વયના હોય અથવા તો તેણીને બાળકના ઉછેર માટે ગેરલાયક ઠરાવવામાં આવી હોય.

ખ) બાળક (બાળકો) માતા સાથે રહે કે પિતા સાથે એ નક્કી કરતી વખતે; કોર્ટ બાળકોનું હિત જુએ છે. બાળકોનું હિત એટલે કે આ બે પૈકી કોણ બાળકોની ભૌતિક અને લાગણી વિષયક જરૂરિયાતોની વધારે સારી સંભાળ લઇ શકે તેમ છે.

ગ) જો બાળકોના હિતની જરૂરિયાત એવી હોય કે તેઓ માતાની સાથે રહે; પરંતુ માતા તેમનું પૂરું કરી શકે તેમ નહોય તો, પિતાએ બાળકોના નિભાવ માટેની રકમ ચૂકવવાની રહે છે.

**6. મહિલાઓનો મિલકત પરનો અધિકાર**

કાયદા મુજબ તો દરેક પુરુષ અને સ્ત્રીને મિલકત ધરાવવાનો અધિકાર છે. ધાર્મિક પશ્ચાદ્‌ભૂમિકા ગમે તે હોય તો પણ, મહિલાઓને મિલકત માટેના નીચેના અધિકારો છે:

ક) પોતાના નામે અને પોતાના મોટે મિલકત પ્રાપ્ત કરવાનો અને ધારણ કરવાનો અધિકાર

ખ) મહિલા પોતાની મિલકતનું પોતે જે ઇચ્છે તે મુજબ કરી શકે છે.

ગ) મહિલાને પોતાની આવક પોતાની મેળે જ મેળવવાનો અને પોતાની પાસે રાખવાનો અથવા પોતાને યોગ્ય લાગે તે પ્રકારે તેનો ખર્ચ કરવાનો તેને અધિકાર છે.

**7. વારસો**

મહિલાને પોતાનાં માતા-પિતા કે અન્ય સંબંધીઓની મિલકતમાં પોતાનો હિસ્સો છે. આ બાબત સંબંધિત ધર્મના અંગત / વ્યકિતગત કાયદાઓ પર આધાર રાખે છે. અહીં આપણે હિંદુ વ્યકિતગત કાયદો હિંદુ વારસો અધિનિયમ, 1956 નીચે મહિલાઓના અધિકારોની ચર્ચા કરીશું :

1) હિન્દુ પુરુષનો, પરિવારની પિતૃક સંપત્તિમાં હિસ્સો હોય છે.

2) મહિલાને, તેના જન્મથી જ આવી પિતૃક સંપત્તિમાં હિસ્સો હોતો નથી તોઓને આ મિલકતમાંથી પોતાના ખોરાક, આશ્રય, કપડાં, શિક્ષણ અને લગ્ન માટે ખર્ચવાનો અધિકાર હોય છે.

3) હિન્દુ પુરુષ પૈતૃક સંપત્તિમાં પોતાના ફાળાનું વસિયતનામું(વીલ) કરી શકે છે.

4) જો હિન્દુ પુરુષ પોતાના હિસ્સાનું આવું વસિયતનામું ન બનાવે તો તેના મૃત્યુ બાદ, તે મિલકતનો હિસ્સો તેના વારસદારો વચ્ચે વહેંચાશે. તેમાં નીચેનાઓનો સમાવેશ થાય છે :

- પુત્રો
- પુત્રીઓ
- વિધવા
- માતા
- અગાઉ મૃત્યુ પામેલ પુત્રનાં સંતાનો
- અગાઉ મૃત્યુ પામેલ પુત્રીનાં સંતાનો
- વિધવા પુત્રવધૂ
- અગાઉ મૃત્યુ પામેલ દીકરાના, અગાઉના મૃત્યુ પામેલ દીકરાનાં સંતાનો

5) હિન્દુ પુરુષ સ્વોપાર્જિત મિલકતનું વસિયતનામું બનાવિ શકે છે. આ કિસ્સામાં, આ મિલકત એવી વ્યકિતઓને મળે, જેનાં નામ વસિયતનામામાં દર્શાવવામાં આવ્યાં હોય. જો આવું વસિયતનામું ન બનાવ્યું હોય તો ઉપર દર્શાવ્યા મુજબના વારસદારોને તે મિલકત વહેંચી દેવામાં આવે છે.

**વ્યાખ્યા**

**વસિયતનામુ (વીલ) :** એવો દસ્તાવેજ કે જેમાં વ્યકિત એમ દર્શાવે છે કે પોતાના મૃત્યુ પછી પોતાની મિલકતનો કેવી રીતે નિકાલ કરવામાં આવે.

**પૈતૃક સંપત્તિ** : એવી સંપત્તિ કે જે હિન્દુ પુરુષ પોતાના પિતૃઓ પાસેથી મેળવે છે.

**મહિલાઓએ જાણવા જેવું**

ક. પૈતૃક સંપત્તિમાં ભાગ મેળવવાનો તેમને અધિકાર છે. તમે પરિણીત હો તો પણ તમને તમારા પિતાની મિલકતમાંથી ભાગ મેળવવનો અધિકાર છે.

ખ. મહિલાનો હિસ્સો મિલકતમાં અબાધિત છે. તેઓ તેમાંથી પોતે જે ઇચ્છે તે કરી શકે છે.

ગ. હિન્દુ મહિલાને અન્ય પુરુષ વારસદારોની સાથોસાથ રહેણાંક મકાનમાં વારસો મળે, તો તે મહિલા, જયાં સુધી અન્ય પુરુષ વારસદારો તેમના હિસ્સાના ભાગ ન પાડે ત્યાં સુધી તે મકાનના વિભાજનનો દાવો કરી શકશે નહિ.

ચ. હિન્દુ મહિલા પોતાની મિલકતનું વસિયતનામું બનાવી શકે.

છ. હિન્દુ વિધવા, વસિયતનામું બનાવ્યા વિના મૃત્યુ પામે, તો તેની મિલકત કાયદેસરનાં વારસદારોને વહેંચી અપાશે. આ વારસોમાં તેણીનાં પુત્રો, પુત્રીઓ, પતિ અને પુત્ર કે પુત્રીનાં સંતાનોનો સમાવેશ થાય છે.

**2. મુસ્લિમ કાયદો**

**1. કોને લાગુ પડે :** મુસ્લિમ લગ્ન અધિનિયમ નીચે માત્ર મુસ્લિમો જ લગ્ન કરી શકે.

**2. લગ્ન વિચ્છેદ :** મુસ્લિમ વ્યકિત, કોર્ટમાં ગયા વિના પોતાની પત્નીને છૂટાછેડા આપી શકે છે. મુસ્લિમ સ્ત્રીને નીચે પ્રમાણે છૂટાછેડા પ્રાપ્ત થાય છે.

- **અધિકાર સોંપણીથી :** મુસ્લિમ પતિ, છૂટાછેડા (તલ્લાક) આપવાનો અધિકાર પોતાની પત્નીને સોંપી શકે છે.
- **અવેજ મેળવીને :** પત્ની, પોતાના પતિથી કંઇક અવેજ (એટલે કે પૈસા વગેરે) મેળવીને છૂટાછેડા મેળવી શકે છે.
- **અદાલત દ્વારા છૂટાછેડા (તલ્લાક) :** પત્ની છૂટાછેડા આપવા ઇચ્છતી હોય ત્યાં કોર્ટના હુકમ દ્વારા લગ્નનો અંત લાવી શકે. ( મુસ્લિમ લગ્નોમાં છૂટાછેડાનો અધિનિયમ, 1939)

**3. અદાલત મારફત છૂટાછેડાનાં કારણો :**

- પત્ની તરફ શારીરિક માનસિક ક્રૂરતા હોય.

1) પતિ અન્ય ખરાબ ચારિત્ર્ય ધરાવતી સ્ત્રી સાથે સંકળાયેલ હોય.

2) પતિ પત્નીની મિલકત વેચી નાખે અથવા તો તેની ઉપરનો કાયદેસરનો હક ભોગવતાં અટકાવે.

3) પતિને એક કરતાં વધુ પત્નીઓ હોય અને દરેકને સરખી રીતે ન રાખવામાં આવતી હોય.

4) પતિ પોતાની પત્નીને અનૈતિક સંબંધો રાખવા માટે દબાણ કરતો હોય.

5) તેણીને ધાર્મિક વ્યવસાય કે વર્તાવ કરવાની આડે અવરોધ પેદા કરતો હોય.

6) પતિનો ક્રૂર વર્તાવ અથવા રોજ રોજની મારઝૂડ

- પતિ વિશે છેલ્લાં ચાર વર્ષથી કોઇ માહિતી ન મળી હોય.
- પતિએ છેલ્લા બે વર્ષ કે તેથી વધુ સમયથી ભરણપોષણ ન કરતો હોય.
- પતિને સાત વરસ કે તેથી વધુની જેલની સજા થઇ હોય.
- છેલ્લાં ત્રણ વરસ કે તેથી વધુ સમયથી લગ્ન અંગેની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયો હોય.
- પતિ છેલ્લા બેવર્ષ કે વધુ સમયથી ગાંડો બની ગયો હોય.
- પતિની નપુંસકતા
- કુષ્ટરોગ
- ચેપીરોગ-ગુપ્તરોગ
- **લગ્નનો ઇન્કાર :** જો સ્ત્રીના લગ્ન તેની 15 વરસની ઉંમર પહેલાં થયેલા હોય તો નીચેના સંજોગોમાં છૂટાછેડા માગી શકાય છે :

  1) લગ્નના હક ન ભોગવાયા હોય

  2) તે સ્ત્રીની ઉંમર ૧૮ વરસની થાય તે પહેલાં લગ્નનો ઇન્કાર થઇ શકે છે.

  3) ધર્મ પરિવર્તન

**4. ભરણપોષણ :** તલ્લાક મેળવેલી મુસ્લિમ મહિલાને તેના પતિ પાસેથી નીચેની વસ્તુ મેળવવાનો અધિકાર છે :

- મેહર (દાવર ) ની જે રકમ લગ્ન સમયે નક્કી કરવામાં આવી હોય તેટલી રકમ
- બાળકો બે વર્ષની ઉંમરના થાય ત્યાં સુધીનો નિભાવખર્ચ
- લગ્ન સમયે તે મહિલાને મળેલી તમામ ભેટ
- ઇદ્દતના સમયગાળા દરમિયાન નિભાવખર્ચ (ઇદ્દત એ તે સમયગાળો જે દરમિયાન તલ્લાક પામેલી મહિલાને પુનઃલગ્ન કરવાનો અધિકાર નથી. આ સમયગાળો છૂટાછેડા પછીના ત્રણ માસિક ઋતુધર્મ (M.C.)નો હોય છે. જો તે મહિલાને ઋતુધર્મ ન આવતો હોય તો આ સમયગાળો, છૂટાછેડા પછી ત્રણ મહિનાનો છે. જો તે મહિલા સગર્ભા હોય તો બાળકનો પ્રસવ થાય તે સમય સુધીનો સમય ઇદ્દતનો ગણાય છે.)

  ઇદ્દતનો સમયગાળો પૂરો થતાં, મેજિસ્ટ્રેટ નીચેની વ્યક્તિઓને તલ્લાક પામેલી મુસ્લિમ મહિલાને ભરણપોષણ ચૂકવવા હુકમ કરી શકે છે :

  1) તે મહિલાના માતપિતાને

  2) મહિલાનાં બાળકોને

  3) મહિલાનાં સગાસંબંધીઓને, જેઓ મિલકતનો વારસો મેળવવા હકદાર બનતા હોય

  4) રાજયના વક્ફ બોર્ડને

- મુસ્લિમ મહિલા, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ -125 નીચે, ઇદ્દતના પછી પણ કોર્ટમાં અરજી કરીને પતિ પાસેથી ભરણપોષણ મેળવી શકે છે; પરંતુ, તે ત્યારે જ શક્ય બને છે જ્યારે પતિએ કોર્ટ સમક્ષ સોગંદનામું કે એકરાર કર્યો હોય અને પોતે આ કાયદા નીચે ચાલવા માટે પસંદગી રજૂ કરી હોય. આવો એકરાર લગ્ન સમયે "નિકાહનામા"માં સમાવિષ્ટ કરી શકાય.

**૫. બાળકોનો કબજો :**

ક) ઇસ્લામિક કાયદાની કેટલીક વિચારસરણી અનુસાર, બાળકો સાત વર્ષની વયનાં થાય ત્યાં સુધી માતાને તેનો કબજો લેવાનો અધિકાર છે. અન્ય વિચારસરણી અનુસાર, બળકો કિશોરવસ્થામાં પ્રવેશે ત્યાં સુધી તેનો કબજો ધરાવવાનો માતાનો અધિકાર છે.

ખ) અદાલત, બાળકોના કલ્યાણને ધ્યાનમાં લઇને, એટલે કે પતિ-પત્ની બેઉ વચ્ચે કોણ બાળકોની ભૌતિક અને લાગણી વિષયક જરૂરિયાતોને વધારે સારી રીતે પરિપૂર્ણ કરી શકે તેમ છે,તે તપાસીને કેસનો નિકાલ કરે છે.

ગ) બાળકોના કલ્યાણ માટે જરૂરી જણાય તો, માતા પોતાનો નિર્વાહ કરી શકે તેમ નહોય તો પણ, બાળકોનો કબજો માતાને સોપવામાં આવે છે આ સંજોગોમાં, પિતાએ નિભાવખર્ચ ચૂકવવાનું હોય છે.

**6. મિલકતનો અધિકાર**

કાયદો તો, સ્ત્રી કે પુરુષ કયા ધર્મ સાથે જોડાયેલ છે. તેને બાજુએ રાખીને, સ્ત્રી અને પુરુષને મિલકતમાં સરખો અધિકાર મંજૂર રાખે છે. આમાં મહિલાઓ અંગેની જોગવાઇ આગલા એકમમાં દર્શાવવામાં આવી છે. આમ છતાં વારસાઇ હક તો મુસ્લિમ વ્યકિતગત કાયદો પર જ આધાર રાખે છે.

**7. વારસો અને ઉત્તરાધિકાર**

ભારતમાં મુસ્લિમ કાયદા સંબંધી બે મુખ્ય પ્રવાહો છે.હનાફત નિયમો માત્ર એજ સંબંધીઓને વારસદાર લેખે છે જેનો મૃત વ્યકિત સાથેનો સંબંધ માત્ર પુરુષ પક્ષે હોય. જેમ કે, પુત્રની પુત્રી, પુત્રનોપુત્ર (પુત્રીનાં સંતાનો નહિ). શીયા મતાનુસાર જે વારસદારો મૃત વ્યકિત સાથે મહિલા પક્ષે જોડાયેલ હોય તેને પણ વારસાઇ હક આપે છે. જેમ કે, પુત્રીનો પુત્ર પુત્રીની પુત્રી વગેરે.

મુસ્લિમ કાયદા અનુસાર વારસા સંબંધી સામાન્ય નિયમો નીચે પ્રમાણે છે :

- જો વારસા માટે દાવો કરતાં તમામ સંબંધીઓ મૃત વ્યકિત સાથે સરખા સંબંધનું અંતર ધરાવતા હોય તો તેઓને મિલકતમાં સમાન અધિકાર છે.
- સ્ત્રી કરતા પુરુષ ને બમણો ભાગ મળે છે.
- જો કોઇ પણ વ્યકિત મૃત વ્યકિત સાથે અન્યના થકી સંબંધિત હોય, તો તે મૂળ વ્યકિત જ્યાં સુધી હયાત હોય તેને જ વારસાહક પ્રાપ્ત થાય છે.
- સૌથી નજીકના સગા હોય તે સૌથી દૂરના સગાની બાદબાકી કરે છે.
- મહિલાને નીચેના સંબંધોએ મિલકતમાં વારસો મેળવવાનો હક છે :

  1) પુત્રી તરીકે

  2) વિધવા તરીકે

  3) દાદીમા તરીકે

  4) માતા તરીકે

  5) પુત્રની પુત્રી તરીકે
- વિધવાને મૃત વ્યકિતનાં બાળકો હયાત હોય તો પતિની મિલકતનો 1/8 હિસ્સો અને બળકો હયાત ન હોય તો 1/4 હિસ્સો મળે છે.
- મૃત વ્યકિતની પુત્રીને, જો તેને ભાઇ ન હોય,તો મિલકતનો અડધો હિસ્સો મળે છે. જો ભાઈ હોય તો, તેણીને તેના ભાઈને જે કંઇ મળે તેનાથી અડધો હિસ્સો મળે છે.
- મૃત વ્યકિતને બાળકો હયાત ન હોયતો, માતાને તેના પુત્રની મિલકતનો 1/3 હિસ્સો મળે છે અને જો બાળકો હયાત હોય તો, 1/6 હિસ્સો મળે છે.
- માતૃપક્ષે દાદીમા (નાની)ને, જો માતા કે દાદીમા ( પિતૃ પક્ષે પિતાની માતા) હયાત ન હોય તો જ મિલકતમાંથી 1/6 હિસ્સો મળે છે. દાદીમા (પિતાની માતા) ને તો જ મિલકતનો હિસ્સો મળી શકે, જો પિતા કે દાદા હયાત ન હોય.

**8. દાવર કે મેહર**

ક) દાવર કે મહેર એ એવી રકમ કે મિલકત છે, જે મુસ્લિમ મહિલાને લગ્ન સમયે તેના પતિ પાસેથી મેળવવો હક છે.લગ્નનો અંતર્ગત હિસ્સો છે. તે લગ્ન પહેલા કે લગ્ન સમયે નક્કી કરી શકાય છે. લગ્ન પછી તેમાં ઘટાડો કે વધારો પણ કરી શકાય છે. મેહર માટે કોઇ ચોક્કસ આંકડો નિયત કરેલો નથી. પતિ પોતાની પત્નીને ચાહે તેટલી રકમ મેહર આપી શકે છે. મેહરના બે પ્રકાર છે.

**1) તુરતજ :** માગણી થયે ચૂકવવાપાત્ર

**2) પાછળથી :** મૃત્યુને કારણે કે તલ્લાકને કારણે લગ્ન વિચ્છેદ થતાં ચૂકવવાપાત્ર

ખ) **મેહરનો અમલ :**

પત્ની પોતાને નક્કી કરવામાં આવેલી મેહરની રકમમાંથી બાકી રહેતી મહેરની રકમની માંગણી પર દાવો કરી શકે. જો તે વિધવા થઇ હોય તો મૃત પતિની મિલકાતમાંથી તે મેળવવા દાવો કરી શકે. જો આ દાવો પૂરો થતાં પહેલાં/ચૂકવાયા પહેલાં તેણી મૃત્યુ પામે તો, તેના પતિ સહિતના વારસદારો મેહરની રકમનો હિસ્સો મેળવવા હકદાર બને છે.

જ્યાં સુધી મેહરની રકમ ન ચકવાય ત્યાં સુધી પત્ની પોતાના પતિને લગ્નહક્કભોગવવા દેવા ઇન્કાર કરી શકે છે. જો તેણી આ કારણસર અલગ રહેતી હોય તો તે ભરણપોષણ મેળવવનો પણ હક છે.

ગ) **વિધવાનો પ્રતિધારક માટેનો અધિકાર :**

જે વિધવાને તેની મેહરના રકમ ચૂકવાઇ નથી, તેને પોતાના મૃત પતિના મિલકત પર, તેને પોતાનું દેવું ચૂકતે થતાં સુધી, કબજો ધરાવવાનો અધિકાર છે. પતિની મિલકત પર પ્રતિધારક કરવાનો આ અધિકાર છે. મિલકત પ્રાપ્ત કરવાનો તે અધિકાર નથી. આમાં નીચેની બાબતો અભિપ્રેત છે :

1) તેણીએ આ મિલકતોમાંથી થતી આવક અને નફાનો સંપૂર્ણ હિસાબ આપવાનો રહે છે.

2) તેણી આ મિલકત કોઇને ભેટમાં આપી શકતી નથી કે તેનું વેચાણ પણ કરી શકતી નથી.

3) મેહરના બાકી દેવા માટે તેણી દાવો દાખલ કરી શકે. આ માટેની સમયમર્યાદા 3 વરસની નક્કી કરવામાં આવી છે.

4) તેણી આ મિલકતોનાં ભાડાં, નફામાંથી તેની મહેરના દેવાની રકમ પ્રાપ્ત કરી શકે છે.

**9. વસિયતનામું**

ક) વસિયતનામું એ પોતાના મૃત્યુ પછી પોતાની મિલકત કે નાણાં અમુક વ્યકિત કે વ્યકિતઓને વારસમાં આપવાની ઇચ્છાની અભિવ્યકિત છે.

ખ) મુસ્લિમ વ્યકિત પોતાની મિલકતના 1/3 કરતાં વધુ હિસ્સાનું વસિયતનામું કરી શકતી નથી. પરંતુ મુસ્લિમ મહિલાને લોહીના સંબંધવાળું કોઇ સગું-વહાલું ન હોય અને માત્ર પોતનો પતિ જ તેણીનો વારસદાર હોય તો તેણી વસિયતનામામાં પોતાની 2/3 મિલકત પોતાના પતિને નામે કરી શકે છે.

ગ) જો મુસ્લિમ પતિ અને પત્નીએ તેમનાં લગ્ન ખાસ લગ્ન અધિનિયમ હેઠળ નોંધાવેલ હોય તો વારસા અંગેનો મુસ્લિકાયદો તેમને લાગુ પડતો નથી. આ સંજોગોમાં તેમને ભારતીય વારસા અધિનિયમ લાગુ પડશે અને તે કાયદા નીચે, તેણી પોતની તમામ મિલકત/સંપત્તિ પોતે ઇચ્છે તેને નામે વસિયત કરી શકશે.

ઘ) મુસ્લિમ વસિયતનામું લેખિત સ્વરૂપનું હોઇ શકે કે મૌખિક પણ હોઇ શકે. ઉપરાંત તે અંગેનો કોઇ નમૂનો પણ નિયત કરેલ નથી.

**3. ખ્રિસ્તી ધારો**

**1.કોને લાગુ પડે ?**

તમામ ભારતીય ખ્રિસ્તીઓ માટે ભારતીય ખ્રિસ્તી લગ્ન અધિનિયમ, 1872 લાગુ પડે છે. તમામ ખ્રિસ્તી ધર્મનું પાલન કરતા લોકો માટે લગ્નની કાયદેસરતા તેમજ લગ્ન કરવાની વિધિ અંગેની જોગવાઇઓ આ કાયદામાં છે.રોમન કેથોલિક કે પ્રોટેસ્ટન્ટ બે પૈકીના કોઇપણ ખ્રિસ્તી, જો એવી વ્યકિત સાથે લગ્ન કરે કે જે ખ્રિસ્તી નથી તો પણ તેઓ આ કાયદા નીચે લગ્ન કરી શકે છે.

| |
|---|
| ભારતીય ખ્રિસ્તી એટલે એવા ભારતીય કે જેણે ધર્મ પરિવર્તન દ્વારા ખ્રિસ્તી ધર્મ સ્વીકારેલ છે તે અને તેમનાં ખ્રિસ્તી વંશજોનો સમાવેશ છે. |

**2. છૂટાછેડા**

કોઇપણ સ્ત્રી કે પુરુષને નીચેનાં કારણોસર છૂટાછેડા મળી શકે છે.

- ધર્મપરિવર્તનને કારણે અથવા અન્ય પાત્ર દ્વારા બીજું લગ્ન
- વ્યભિચાર સાથે બીજું લગ્ન
- અન્ય પાત્ર દ્વારા વ્યભિચાર તેમજ ક્રૂરતા
- અન્ય પાત્ર દ્વારા સતત વ્યભિચાર પ્રવૃત્તિ
- વ્યભિચાર અને અન્ય પાત્રનો પરિત્યાગ
- અન્ય પાત્ર દ્વારા બળાત્કાર, સજાતીય સંબંધ કે પશુમૈથુનના ગુનામાં કસૂરવાર ઠરેલ હોય.

**3. ભરણપોષણ**

ક) જો પત્નીનો નિભાવ કરવા માટેનું કોઇ સાધન ન હોય તો તેણીને તેના પતિ પાસેથી પૈસા મેળવવનો હક છે, જેથી તે પોતાના જીવનનિર્વાહની જરૂરિયાતો પરિપૂર્ણ કરી શકે. છુટાછેડા લીધેલી પત્નીને પણ પતિ પાસેથી નિભાવખર્ચ મેળવવાનો હક છે.

ખ) પત્નીને પોતાના દરજ્જા મુજબ રહેવા માટે જેટલી રકમની જરૂરિયાત હોય તેટલી રકમ મેળવી શકે. કોર્ટ એક વખત મંજૂર કરેલી રકમ દર મહિને કે એક સામટી ચૂકવી શકાય છે.

ગ) પત્ની બીજા લગ્ન કરે અથવા ચારિત્ર્ય ન જાળવે તો નિભાવખર્ચની રકમ બંધ કરી શકાય છે.

ઘ) ભરણપોષણ મેળવવાનો કેસ ચાલુ હોય તે દરમિયાન અદાલત માસિક રૂ.500-સુધીની રકમ વચગાળાના નિભાવખર્ચ તરીકે મંજૂર કરી શકે છે. (ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-125)

ચ) જો પતિ અદાલતનો આદેશ માનવા નો ઇન્કાર કરે તો તેને જેલમાં મોકલી શકાય છે તેમજ તેની મિલકત પર ટાંચ લાવી શકાય છે.

**૪. બાળકોનો કબજો :**

ક) બાળકો જ્યાં સુધી ઓછામાં ઓછું, પાંચ વર્ષની વયના ન થાય ત્યાં સુધી, તેમનો કબજો મેળવવા માટે માતા હકદાર છે.

ખ) દરેક કિસ્સામાં કોર્ટ, માતા-પિતા બે પૈકી કોઇની પણ બાળકોની ભૌતિક અને લાગણી વિષયક જરૂરિયાતો પરિપૂર્ણ કરી શકવાની શકિતથી જ દોરવાશે.

ગ) બાળકોના કલ્યાણ માટે એ જરૂરી હોય કે બાળકો માતાની સાથે જ રહે અને જો માતા પોતાનો નિભાવ કરી શકે એ સ્થિતિમાં ન હોય તો, બાળકો પોતાની સાથે ન રહેતાં હોવા છતાં પણ પિતાએ, તેના નિભાવ માટેની રકમ બાળકોની માતાને ચૂવવાની રહે છે.

**5. મહિલાનો મિલકતમાં અધિકાર**

ક) કાયદાઓ આપણને, આપણે કોઇપણ ધર્મ સાથે જોડાયેલા હોઇએ તો પણ મિલકત ધરાવવાનો અધિકાર આપે છે. મિલકત માટેનો આ અધિકાર પુરુષો અને મહિલાઓ માટે સમાન છે. દરેક મહિલાને નીચેના અધિકાર છે :

1) પોતાને નામે અને પોતાને માટે મિલકત પ્રાપ્ત કરવાનો અને ધારણ કરવાનો

2) તેણી જે મિલકતની માલિકી ધરાવે છે તેને પોતાની ઇચ્છા અનુસાર નિકાલ કરવાનો.

3) પોતાની કમાણી પોતે જ મેળવવા અને પોતાની ઇચ્છા અનુસાર તેનો ખર્ચ કરવા માટેનો.

4) મિલકતની ખરીદી કે વેચાણ કરવાનો.

ખ) ખ્રિસ્તી મહિલાનો મિલકતમાં ભાગ મેળવવાનો અધિકાર :

ક) ખ્રિસ્તી મહિલાઓને મિલકત ધરાવવા સંબંધી જો કાયદો લાગુ પડે છે તે છે **ભારતીય વારસા અધિનિયમ,1925**. આ કાયદા અનુસાર,

1) ખ્રિસ્તી વિધવા તેના મૃત પતિની મિલકતમાં 1/2 હિસ્સો મેળવવા હકદાર છે.

2) બાકીની મિલકતમાંથી પુત્રો અને પુત્રીઓને સરખો હિસ્સો મળે છે.

3) પુત્રી જો પરણેલી હોય અને પરિવારથી દૂર રહેતી હોય તો પણ, તેને પોતાના પિતાની મિલકતમાં સરખો હિસ્સો મળી શકે છે. પરિવારે તેના લગ્નસમયે જો કઇ ખર્ચ કર્યો હોય તેની અસર આ હિસ્સા પર પડતી નથી.

4) જો પુત્રી કે પુત્રનું મૃત્યુ થયેલ હોય તો તેણીનાં કે તેનાં સંતાનોને પોતાનાં માતા કે પિતાનો મિલકતનો હિસ્સો મળી શકેશે.

5) મહિલાને તેના લગ્ન સમયે પરિવારે કે મિત્રોએ જે કંઇ ભેટ-સોગાદ આપી હોય તે તેણીની અંગત મિલકત છે.

6) જો વિધવાને કોઇ સંતાન નહોય તો તેણીને રૂા.5000 તથા તે રકમ બાદ કરતાં જે મિલકત બચી હોય તેનો અડધો હિસ્સો મળે છે. પછી જો મિલકત બચે તેમાંથી અન્ય વારસદારોને હિસ્સો પ્રાપ્ત થાય છે.

7) ગર્ભાવસ્થામાં રહેલ બાળકને પણ મિલકતમાં તેના અન્ય મોટા ભાઇ-બહેનોના જેટલો સમાન હિસ્સો મળે છે.

8) મહિલા દ્વારા કમાયેલા પૈસા કે મિલકત તેના પોતાનાં છે અન્ય કોઇને તેના પર કોઇ અધિકાર લાગતો નથી. મહિલા પોતે વસિયતનાંમુ કરીને તે પૈસા કે મિલકત પોતે જે ને ઇચ્છે તેને આપી શકે છે કે ભેટમાં આપી શકે છે.

**વ્યાખ્યાઓ**

| | |
|---|---|
| **દ્વિપત્નીત્વ સાથે વ્યભિચાર** : | એટલે કે જેની સાથે બીજું લગ્ન કર્યું હોય તેની જ સાથે વ્યભિચાર |
| **નજીકનાં સગાં સાથે વ્યભિચાર** : | તેનો અર્થ એ થાય છે કે, જો તેની પત્નીનું અવસાન થાય તો પોતે જેની સાથે એ કારણે લગ્ન કરી શકે તેમ નથી કે તેણી સગોત્ર સંબંધની વ્યાખ્યામાં આવે છે અને તેથી કાયદેસર તેની સાથે લગ્ન પ્રતિબંધિત છે તેવી સ્ત્રી સાથે વ્યભિચાર જેમ કે માતા, બહેન વગેરે. |

## 4. ખાસ લગ્ન અધિનિયમ (Special Marriage Act)

1. હરકોઇ વ્યકિત જે પુખ્ત વયની છે તેને પોતાની પસંદગી અનુસાર લગ્ન કરવાનો અધિકાર છે. તમે અમુક ધર્મમાં શ્રદ્ધા ધરાવો છો એ કારણે તમે અન્ય ધર્મની વ્યકિત સાથે લગ્ન કરી શકો નહિ એવો અવરોધ આવી શકે નહિ. આવી જુદા જુદા ધર્મની વ્યકિતઓ વચ્ચેનાં લગ્ન ધર્મપરિવર્તન સિવાય પણ શક્ય છે. આવાં લગ્નોને ખાસ લગ્ન અધિનિયમ, ૧૯૫૪ ની જોગવાઇઓ અંતર્ગત મંજૂરી પણ આપવામાં આવી છે અને કાનૂની માન્યતા પણ આપવામાં આવી છે. એક જ ધર્મ પાળતી વ્યકિતઓ પણ આ કાયદા અનુસાર લગ્ન કરી શકે છે.

2. **ખાસ અધિનિયમ નીચે કોણ લગ્ન કરી શકે :** જે કોઇ બે વ્યકિતઓને આ કાયદા નીચે લગ્ન કરવાં હોય તેઓએ નીચેની શરતો પરિપૂર્ણ કરવી જોઇએ :

- પુરુષ કે સ્ત્રી બે પૈકી કોઇએ પણ અગાઉ લગ્ન કરેલ હોવા જોઇએ નહિ.
- પુરુષ કે સ્ત્રી બે પૈકી કોઇપણ એવી માનસિક રીતે અસ્થિર મગજની હોવી જોઇએ નહિ.
- પુરુષ કે સ્ત્રી બેમાથી કોઇપણ એવી માનસિક અવસ્થા ધરાવતા ન હોવા જોઇએ, જેને કારણે તેઓ લગ્ન માટે અયોગ્ય ઠરે અથવા તેમને બાળકો ન થઇ શકે.
- બંનેમાંથી કોઇને પણ ગાંડપણનો હુમલો ન આવતો હોવો જોઇએ.
- પુરુષની ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષ અને મહિલાની ઉંમર ઓછા માં ઓછી 18 વર્ષની હોવી જોઇએ.
- પુરુષ અને સ્ત્રી વચ્ચે અત્યંત નજીકનો સામાજિક સંબંધ ન હોવો જોઇએ. જેમ કે, પિતા, માતા, ભાઇ, બહેન, ભત્રીજા, ભત્રીજી વગેરે.
- લગ્ન પહેલાં તે બંનેએ એવો એકરાર કરવાનો રહે છે. કે તેઓ લગ્ન માટેની તમામ પૂર્વશરતો પરિપૂર્ણ કરે છે.
- લગ્ન, લગ્નનોંધણી અધિકારીનીકચેરીએ પણ કરી શકાય છે તેમજ તેની હાજરીમાં ઘેર, હોટલ, ટાઉનહૉલ એમ ગમે તે સ્થાને કરી શકાય છે.

3. **આવા લગ્નના ફાયદા :**

ક) સાદાઇ અને કરકસર

ખ) લગ્નનું પ્રમાણપત્ર જ લગ્નની સચ્ચાઇનો પૂરાવો છે.

ગ) જુદા જુદા ધર્મોમાં માનતા લોકો પણ ધર્મ પરિવર્તન કર્યા વિના આ લગ્નથી જોડાઇ શકે છે.

**4. છૂટાછેડા માટેનાં કારણો :** આ લગ્ન અધિનિયમ અન્વયે, છૂટાછેડા લેવા માટે નીચેનાં કારણો દર્શાવાયાં છે :

- વ્યભિચાર
- બે વર્ષથી ઓછા નહી તેટલા સમયથી પરિત્યાગ
- ક્રૂરતા-શારીરિક કે માનસિક
- સાત વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે જેલની સજા
- અસાધ્ય ગાંડપણ કે માનસિક અવ્યવસ્થા
- જેનો ચેપ લાગી શકે તેમ હોય તેવા ગુપ્તાંગનો રોગ
- કુષ્ટરોગ
- બીજા પાત્રના સાત વરસ કરતાં વધુ સમયથી કોઇ સમાચાર ન હોય.
- પત્નીને, છૂટાછેડા મેળવવા મોટે બે વધુ કારણો છે :
  1) જો પતિને બળાત્કાર, સજાતીય સંબંધ કે પશુમૈથુનના કિસ્સામાં કસુરવાર છરાવાયો હોય.
  2) જો કોર્ટ પતિ ને ભરણ પોષણ આપવા હુકમ કરે અને આવા આદેશ પછી પતિ-પત્ની એક વર્ષ કે તેથી વધુ સમય માટે અલગ રહેતાં હોય.
- **પરસ્પર સંમતિથી છૂટાછેડા :** પતિ-પત્ની બંને સંયુકત રીતે કોર્ટને અરજી કરીને એવી જાણ કરે છે કે તેઓ એક વર્ષ(કે તેથી વધુ સમય) થી અલગ રહે છે છૂટાછેડા લેવા ઇચ્છે છે. છૂટાછેડા લેવા માટે કોર્ય ને અન્ય કોઇ કારણ જણાવવુ જરૂરી નથી.

**5. ખાસ લગ્ન અધિનિયમ, 1954 નીચે અનુસરવાના સોપાન :**

ક) પતિ-પત્ની પૈકી કોઇ એક વ્યકિત કે જે જિલ્લામાં લગ્નની નોંધણી માટે અરજી કરે તે પહેલાં ઓછામાં ઓછા 30 દિવસથી રહેતાં હોવાં જોઇએ તોજ તે જિલ્લામાં લગ્ન કરી શકાય છે.

ખ) લગ્ન અધિકારી (આ હેતુ માટે ખાસ નીમવામાં આવેલ અધિકારી ) સમક્ષ નિયત નમૂના મુજબનું ફોર્મ બરાબર રીતે ભરીને રજુ કરવું જાઇએ. આ ફોર્મમાં નામ, ઉંમર, સરનામું વગેરે વિગતો દર્શાવવાની હોય છે.

ગ) આવી અરજી મળ્યા બાદ 'લગ્ન અધિકારી' રજીસ્ટરમાં જરૂરી નોંધ કરે છે અને જ્યાં બધા લોકો જોઇ શકે તેવા સ્થાને નોટિસ લગાડે છે.

ઘ) આ નોટિસ મુક્યા ના 30 દિવસ પુરા થયા બાદ જ લગ્નની નોંધણી કરી શકાય છે. નોટિસને કારણે સૌને આ પગલાંની જાણ થાય છે, જેથી ગેરકાયદે લગ્ન થતું હોય તો અટકાવી શકાય છે.

ચ) અરજદારો તેમનાં લગ્ન, ઉપરોકત 30 દિવસની મુદત પૂરી થયા બાદ, બે મહિનાની અંદર સંપન્ન કરી શકે છે. જો બે માસમાં લગ્ન ન કરે તો સમગ્ર પ્રક્રિયા શરૂઆતથી માંડીને નવેસરથી કરવી પડે છે.

## 4. બાળકોના હક ( Children's Right )

બાળકો માનવજાતિના વંશવેલાને ચાલુ રાખવા માટે ભાવિ પેઢી છે એટલુ જ નહિ, તેઓ આપણી જિંદગીને અદ્‌ભુત બનાવે છે. તેઓ કોમળ છે, નિર્દોષ છે, સચ્ચાઇભર્યા છે,પરંતુ સાથે સાથે, આપણે જે સમાજમાં રહીએ છીએ તેનાં વિવિધ અનિષ્ટોની અસરમાં જલદી આવી શકે તેવું ભયસ્થાન પણ ધરાવે છે. બાળકને તેના / તેણીના પોતાના વ્યકિત્વનાં સંપૂર્ણ અને સમતુલિત વિકાસની જરૂર છે એ હકીકત હોવા છતાં બાળકે કુટુંબના વાતાવરણમાં, સુખમય, પ્રેમભર્યા અને સમજણભર્યા વાતાવરણમાં વિકસવાનું છે. કેટલાક એવાં પણ બાળકો છે, જે અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં જીવન જીવી રહ્યાં છે, તેમનાં ઘણાં અનૈતિક પરિબળોનો ભોગ બને છે અને ક્યાં તો તેમને ગુનાઓ કરવાની ફરજ પડે છે અથવા તેમનું જાતીય શોષણ થાય છે કે તેમને વેશ્યાવૃત્તિના વ્યવસાયમાં ધકેલાવું પડે છે એક નાગરિક તરીકે આપણે બાળકોને, તેમના પર થતાં આવાં અનિષ્ટ પ્રયાસથી બચાવવા જોઇએ. આમાં તો સચેત રહેવું એજ શ્રેષ્ઠ ઉપાય છે, અને તેનાથી કાયદો પણ અસરકારક રીતે તેનું કામ કરી શકે છે. ખાસ કરીને બાળકો કેટલાક ગુનાઓ માટે વિશેષ પ્રકારે નબળાઇ ધરાવે છે. નીચે આવા કેટલાક ગુનાઓ અને બાળકો માટેના કાનૂની રક્ષણોની ચર્ચા કરી છે.

### 1.બાળકો સામેના અપરાધો ( Crime against Children )

**અપહરણ** : જો કોઇપણ સગીર બાળક કે બાળાને ઉઠાવી જવામાં આવે અગર તેના માતા-પિતાની સંમતિ વગર તેમને લઇ જવામાં આવે તો તેને અપહરણ કહેવાય છે. આવા અપહરણનો હેતુ પરાણે નાણાં પડાવવાનો, બળજબરીથી મજૂરી કરાવવાનો, ભીખ મંગાવવાનો, વેચીદેવાનો કે વેશ્યાવૃત્તિ કરાવવાનો હોઇ શકે છે. કોઇ વ્યકિત સગીર બાળકને લલચાવે અને સગીર બાળક તેની સાથે સંમતિ આપે તો પણ તે અપહરણ જ કહેવાય.

**કાયદો શું કહે છે ?**

- જે કોઇ વ્યકિત, કોઇપણ વ્યકિતનું તેના કાયદેસરના વાલીપણાના કબજામાંથી અપહરણ કરશે તેને સાત વર્ષ સુધીની જેલની તેમજ દંડની પણ સજા થઇ શકશે. ( ભારતીય દંડ સંહિતા, કલમ-363)
- જે કોઇ વ્યકિત ભીખ માંગવા ઉપયોગ કરવા માટે કોઇપણ સગીરનું અપહરણ કરે તો તને 10 વર્ષ સુધીની કેદની તેમજ દંડની પણ સજા થઇ શકશે ( ભારતીય દંડ સંહિતા, કલમ-363-A)
- કોઇપણ વ્યકિત કોઇ સગીરનો ભીખ માંગવામાં ઉપયોગ થઇ શકે એવા હેતુ તેને ઇજા પહોંચાડી અપંગ બનાવે તેને આજીવન કેદની સજા થઇ શકશે તેમજ દંડને પણ પાત્ર થશે ( ભારતીય દંડ સંહિતા, કલમ-363-A)
- કોઇપણ વ્યકિત કોઇ વ્યકિતનું એવા હેતુથી અપહરણ કરે કે જેથી કરીને તેને ભારે ઇજા પહોંચે કે તેનો ગુલામ તરીકે ઉપયોગ થઇ શકે અથવા તો કોઇની અકુદરતી વાસનાનો તેને શિકાર બનાવી શકાય તો તેને દશ વરસ સુધીની સજા તેમજ દંડ પણ થઇ શકશે.( ભારતીય દંડ સંહિતા, કલમ-367)
- કોઇપણ વ્યકિત કોઇ વ્યકિતનું વેચાણ કરે તેને પ્રાપ્ત કરે અથવા વેશ્યાવૃત્તિના હેતુ માટે તેને પ્રેરે તો તેને 3 વર્ષથી માંડી 14 વર્ષ સુધીની કેદની સજા અને દંડ થઇ શકશે (અનૈતિક વ્યાપાર નિવારણ અધિનિયમ, 1956)
- કોઇપણ પુખ્તવયની વ્યકિતને દબાણથી કે લાલચથી કોઇપણ સ્થાને પરાણે કંઇપણ હેતુ માટે લઇ જવો તે ફોજદારી ગુનો બને છે.
- કોઇ બાળાને ગેરકાયદેસર સંભોગ માટે ફરજ પાડવામાં આવશે કે દબાણ કરવામાં આવશે કે લલચાવવામાં આવશે એવી જાણકારી કે ઇરાદાથી તેનું અપહરણ કરવામાં આવે તો તેને ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઇ શકેશે.
- લગ્નના હેતુ માટે કોઇ સગીર બાળાને લઇ જવી કે બળજબરીથી ઉઢાવી જવામાં આવે તો ગુનો છે અને તે 3 વર્ષ સુધીની કેદ અને દંડને પાત્ર છે.
- પોતાના કબજા હેઠળ કોઇ વ્યકિતને બળજબરીથી રાખવો તે પણ 3 વર્ષ થી કેદની સજા અને દંડને પાત્ર ગુનો છે.

**તેમનું રક્ષણ કરો (કાર્યપોથી)**

**પોલીસને ફરિયાદ નોંધાવતી વખતે આપવાની માહિતી :**

ક) બાળકનું નામ

ખ) બાળકનાં સામાન્ય લક્ષણો (દેખાવ વગેરે) અને કપડાં વગેરેનું વર્ણન તથા ફોટો પણ સામેલ રાખવો.

ગ) બાળકનું કોઇ ઓળખચિહ્ન, જન્મથી જ કોઇ નિશાની અથવા કોઇ ઘા વગેરે

ઘ) તમારું પોતાનું નામ અને સરનામું

**અપહરણના બનાવો બનતા અટકાવવા માટે લેવાની સાવચેતી :**

અ) દરેક બાળકને પોતાનું નામ, માત-પિતાનું નામ અને ગામનું નામ શીખવો.

બ) બાળકોને ઘેર સારી રીતે જાળવો, જેથી કરીને તે ઘેરથી નાસી ન જાય અને લોભી અને ક્રૂર માણસોના હાથમાં ન સપડાય.

ક) તમારા બાળકને કોઇ અજાણી વ્યકિતથી સાવધ રહેવા ચેતવણી આપો અને તેને એવી અજાણી વ્યકિત દ્વારા અપાયેલ ખાવાની ચીજ-વસ્તુ ન લેવાની ચેતવણી આપો.

ડ) જો આવી કોઇપણ ઘટના બને તો તરત જ પોલીસને જાણ કરો.

ઇ) તમને ભલે સીધી રીતે અસરકર્તા ન હોય તો પણ કંઇક અજુગતું જણાય તો પોલીસને જાણ કરો.

**વ્યાખ્યાઓ**

| | |
|---|---|
| **અપહરણ** | : જો કોઇપણ વ્યકિત કોઇ 16 વર્ષથી ઓછી વયના સગીર છોકરા કે 18 વર્ષથી ઓછી વયની સગીર છોકરીને અથવા તો અસ્થિર મગજની વ્યકિતને તેમના કાયદેસરના વાલીના કબજામાંથી, તેમની સંમતિ લીધા વિના લઇ જાય કે પ્રલોભન આપે તો તે તેને કાયદેસરના વાલીપણાના કબજામાંથી અપહરણ કર્યું કહેવાય |
| **કાયદેસરના વાલી** | : આવી સગીર વ્યકિત કે અન્ય વ્યકિતની સંભાળ અને કબજો ધરાવવા કાયદેસર રીતે અધિકૃત કરેલ વ્યકિત. |
| **અપહરણ પરાણે બળજબરીથી ઉઠાવી જવું** | : કોઇપણ વ્યકિત કે અન્ય વ્યકિતને કોઇપણ સ્થાનેથી જવા માટે દબાણનો ઉપયોગ કરે, ફરજ પાડે અથવા કોઇ છેતરામણીભર્યા સાધનથી તેમ કરવા લલચાવે - પ્રલોભન આપે તો તેને બળજબરીથી ઉઠાવી જવાનું કહેવાય. |
| **બળાત્કાર** | : બળાત્કારના પ્રકરણમા તેની વ્યાખ્યા કરેલી છે. |
| **સગીર :** | 1) 'છોકરા' ના કિસ્સામાં 16 વર્ષથી નાની વયની વ્યકિત<br>2) 'છોકરી' ના કિસ્સા માં 18 વર્ષથી નાની વયની વ્યકિત |
| **ભીખ માગવી** | : 1) ગાન, નાચ, ભવિષ્ય જોઇ આપવું, ખેલ કરવા વસ્તુઓ વેચવી વગેરે કે અન્ય પ્રકારના બહાના નીચે જાહેર સ્થાનમાં દાન-ભેટ માગવા કે મેળવવાં<br>2) દાન માગવા કે મેળવવાના હેતુથી કોઇ ખાનગી સ્થાનમાં પ્રવેશ કરવો.<br>3) જોરજુલમથી કે યુકિત -પ્રયુકિતથી દાન - ભેટ મેળવવા માટે ઘા, ઇજા, વિકૃતિ અથવા રોગનું પોતાની બાબતે કે કોઇ પ્રાણી બાબતે જાહેરમાં પ્રદર્શન કરવું- દેખાડવું.<br>4) દાન-ભેટ મેળવવાના હેતુથી સગીર વયની વ્યકિતનો પ્રદર્શનીય દેખાડો કરવા ઉપયોગ કરવો. |

## 2. બાળમજૂરી ( Child Labour )

બાળકોને ઉછેરવાં એ જગતનો એક શ્રેષ્ઠ આનંદ છે. વળી, બાળપણ એ જીવનનો એક એવો સમયગાળો છે, જેમાં બાળકો વિશ્વના અબોટ સૌદર્યનો પોતાના નિર્દોષ નયનો વડે અનુભવ કરે છે. કમભાગ્યે, આ બાબત બધાં જ બાળકો માટે સાચી નથી. કેટલાંક બાળકોને પૂરતું ખાવા, ઊંઘવા, રમવા મળતું નથી. તેઓ શાળાએ જઇ શકતાં નથી. તેમને નિર્વાહ માટે તેમજ પરિવારનું પૂરું કરવા માટે કામે જવું પડે છે. તેમનું બાળપણ અસ્તિત્વ માટેનાં સંઘર્ષ હેઠળ કચડાઇ જાય છે. આ ગરીબાઇને કારણે થાય તે કરતાં વિશેષ તો અજ્ઞાન અને લાપરવાહીને કારણે થાય છે. તેઓનું નિષ્ઠુર નોકરીદાતાઓ અને માતા-પિતા

દ્વારા શોષણ થાય છે. બાળકો માનવજાતિનું ભવિષ્ય છે. તેઓનું રક્ષણ કરવું જોઇએ અને તેને સર્વાંગ સંપૂર્ણ બાળપણની તકો ઉપલબ્ધ કરવી જોઇએ. તેથી જ જોખમી કામમાં બાળમજૂરીનો પ્રતિબંધ ફરમાવે છે અને બાળકો માટે રક્ષણ તથા જે લોકો તેમને આવી નોકરીમાં રાખે તેમને માટે સજાની જોગવાઇ ધરાવે છે.

**કાયદો શું કહે છે ?**

બાળમજૂરી (પ્રતિબંધિત અને નિયંત્રણ) અધિનિયમ,1986 અનુસાર કોઇપણ બાળકને નીચેના પૈકી કોઇપણ કામ- વ્યવસાયમાં નોકરીએ રાખી શકશે નહિ કે કામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહિ

**ક. વ્યવસાયો**

1) મુસાફરો, માલસામાન કે રેલ્વે દ્વારા ટપાલનો વાહન વ્યવહાર
2) સળગતા-ગરમ અંગારા ઉપાડવા, રેલ્વેની હદમાં રાખના ખાડાની સાફસૂફી કરવી
3) રેલ્વે સ્ટેશને નાસ્તા-પાણી / ભોજનના સ્થાને કાર્ય કરવું, જેમા એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર તેમજ ચાલતી ટ્રેનની અંદર કે બાહર જવા-આવવાનું રહેતું હોય.
4) રેલ્વે સ્ટેશનના બાંધકામને લગતું કાર્ય અથવા રેલ્વે લાઇનની તદ્દન નજીક કે રેલ્વે લાઇન વચ્ચે કામ કરવું.
5) કોઇપણ બંદરની હદમાં બંદર સમા તંત્રના કાર્યક્ષેત્રમાં કાર્ય કરવું
6) જલદી સળગી ઊઠે તેવા કે ધડાકા થાય તેવા પદાર્થો કે ફટાકડા વેચવા સંબંધી કામગીરી
7) કસાઇખાના- કતલખાનામાં કામ કરવું

**ખ પ્રક્રિયા :**

1) બીડી બનાવવી
2) ગાલીચા વણવા
3) સિમેન્ટનુ ઉત્પાદન, તેના પેકિંગ સહિત
4) કાપડનું છાપકામ, વણાટ અને રંગકામ
5) દીવાસળી બનાવવી, જલદી સળગી ઊઠે તેવા પદાર્થો/ધડાકા થાય તેવા પદાર્થો કે ફટાકડા બનાવવા
6) અબરખ કાપવું કે તેના ટૂકડા કરવા
7) લાખનાં પાતળાં પતરાં બનાવવાં
8) ચામડાં કમાવા ( પકવવા ) નો ઉધોગ
9) ઊનની સફાઇ
10) મકાન અને બાંધકામ ઇજનેરી
11) સાબુ બનાવવા
12) સ્લેટ પેન બનાવવી
13) અકીકની સામગ્રીનું ઉત્પાદન
14) કેફી ધાતુનો ઉપયોગ થતો હોય તેવી ઉત્પાદન પ્રક્રિયા
15) કાજુનાં ફોતરા ઉતારવાં અને તે અંગે પ્રક્રિયા કરવી
16) વીજાણુ વ્યવસાયમાં રેણ કરવાની પ્રક્રિયા

**ગ. કામ કરવા માટેનો સમય અને સમયગાળો :**

1) કોઇપણ બાળકે દિવસમાં છ કલાકથી વધારે કામ કરવાનું નથી, જેમા કામ માટે રાહ જોવાનો સમય પણ સમાવિષ્ટ છે.
2) એક સમયે સળંગ રીતે કાર્યનો સમયગાળો ત્રણ કલાકથી વધવો જોઇએ નહિ, આવા પ્રત્યેક સમયગાળા પછી બાળકને ઓછામાં ઓછું 1 કલાકનો આરામ આપવો.
3) બાળકને સાંજના 7 થી સવારના 8 સુધી કામ કરવા સામે પ્રતિબંધ છે.

4) અઠવાડિયામાં એક પૂરા દિવસની રજા પ્રત્યેક બાળકને મળવી જોઇએ.

5) બાળક જે તે દિવસે નોકરીના અમુક સ્થાને કામ કરતો હશે તે જ દિવસે નોકરીના અન્ય સ્થાને તેને કામ કરવા જવા દેવાશે નહિ.

6) કોઇપણ બાળકને ઓવરટાઇમ કામે રાખી શકાશે નહિ.

ઘ. **ઉંમર સંબંધી વિવાદ :** નિરીક્ષક અને ધંધાર્થી વચ્ચે કામ કરતા બાળકની ઉંમર સંબંધી કોઇ વિવાદ ઉપસ્થિત થાય તો રાજ્ય દ્વારા અધિકૃત તબીબી અધિકારીનો નિર્ણય મેળવવો.

ચ. **રજીસ્ટરની જાળવણી :** નોકરીદાતા એક રજિસ્ટર રાખશે તેમજ નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરશે, તેમાં નીચેની વિગતો દર્શાવેલી હોવી જોઇએ :

1) નોકરીમાં રાખવામાં આવેલ પ્રત્યેક બાળકનું નામ અને તેમની જન્મતારીખ

2) બાળકોના કામનો સમય અને સમયગાળો તથા તેમને મળવાપાત્ર આરામનો સમય

3) બાળકોના કામનો પ્રકાર

4) બીજી નિર્દેશિત વિગતો

છ. **નોટિસ મૂકવી :** જે વ્યવસાયમાં અને પ્રક્રિયાઓમાં બાળકોને કામે રાખવા ઉપર પ્રતિબંધ છે અને તેનો ભંગ કરનાર માટે જે સજાની જોગવાઇઓ છે તે દર્શાવતું નોટિસબોર્ડ સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે કાર્યના સ્થાને સ્થાનિક અને અંગ્રેજી ભાષામાં મૂકવું.

જ. **આરોગ્ય અને સલામતી :** કામના સ્થાનમાં આરોગ્ય અને સલામતીનાં પગલા હોવા જોઇએ અને તેમા નીચેની બાબતોનો સમાવેશ થવો જોઇએ

1) સ્વચ્છતા
2) ગંદકીનો અને બગાડનો નિકાલ
3) હવા-ઉજાશ અને તાપમાનનું નિયંત્રણ
4) ધૂળ અને રજકણોનો ઉપાય
5) કૃત્રિમ ભેજ
6) દીવા-બત્તી
7) પીવાનું પાણી
8) સંડાસ-મૂતરડી
9) થૂંકવાની વ્યવસ્થા
10) મશીનરીની આસપાસ સંરક્ષક વાડ
11) મશીન ચાલુ હાલતમાં હોય ત્યારે તેની અજુ બાજુ કામ પર નિયંત્રણ
12) ભયજનક મશીનો ઉપર બાળકને કામે રાખવાં નહિ.
13) ભયજનક મશીનો ઉપર બાળકને કામે રાખેલ હોય તો તેમને સૂચનાઓ, તાલીમ, નિરીક્ષણની વ્યવસ્થા
14) વીજળીશકિત તત્કાળ બધ કરી શકાય તેવી વ્યવસ્થા
15) સ્વયંસંચાલિત મશીન બાબતે સાવચેતી
16) નવાં મશીનોના સરળીકરણની પ્રક્રિયા
17) ભોંયતળિયું, સીડી તથા આવન- જાવનનાં સ્થાનો
18) વધારે પડતા વજનનો ઉપયોગ નહિ
19) આંખની સલામતી
20) ધડાકા થાય તેવા તેમજ જલદી સળગી ઊઠે તેવા પદાર્થો સામે સલામતી
21) આગ સામે સુરક્ષા

22) મકાનની યોગ્ય મરામત

23) મકાન અને મશીનરીની સલામતી

ઝ. **દંડ- શિક્ષા :**

ક) આ અધિનિયમની જોગવાઇઓનો ભંગ કરીને જે કોઇ વ્યકિત બાળકને નોકરીએ રાખે છે અથવા કામ કરવા માટે પરવાનગી આપે છે તેમને ત્રણ મહિનાથી માંડી એક વર્ષ સુધીની કેદની સજા અને / અથવા રૂ.10,000/-થી માંડી રૂ.20,000/-સુધીનો દંડ થઇ શકશે.

ખ) જો આ ગુનાનું પુનરાવર્તન થાય તો 6 માસથી શરૂકરી બે વર્ષ સુધીની કેદની શિક્ષા થઇ શકશે.

ગ) બાળમજૂરી અધિનિયમ, 1986ની જોગવાઇઓનું પાલન ન કરવાના કે તેનો ભંગ કરવા બદલ 1મહિના સુધીની સાદી કેદની સજા અથવા રૂ.10,000 સુધીનો દંડ અથવા તે બંનેની શિક્ષા થઇ શકશે.

**ગુનાની જાણ કરવા માટે અનુસરવાની પ્રક્રિયા :**

ક) કોઇ વ્યકિત, પોલીસ અધિકાર નિરીક્ષક કોઇપણ સક્ષમ કાર્યક્ષેત્ર ધરાવતી અદાલતમાં ગુનો થયા બાબતની ફરિયાદ નોંધાવી શકે છે.

ખ) આ અધિનિયમ નીચેના કેસો મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કે પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટથી નીચલા દરજ્જાના નહિ તેવા મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી શકશે.

**વ્યાખ્યાઓ**

| | |
|---|---|
| **બાળક** | : અવી વ્યકિત, જેણે પોતાની 14 વર્ષની વય પૂરી કરીનથી. |
| **કિશોર** | : અવિ વ્યકિત કે જેણે પોતાની 14 વર્ષની વય પૂરી કરી છે, પરંતુ જેણે 18 વર્ષની વય પૂરી કરી નથી. |
| **પુખ્ત વ્યકિત** | : એવી વ્યકિત કે જેણે ૧૮ વર્ષની ઉંમર પૂરી કરી છે. |
| **દિવસ** | : મધ્યરાત્રીથી શરૂ થતા ૨૪ કલાકનો સમય |
| **વેપારી પેઢી** (Establishment) | : દુકાન, વાણિજ્યિક પેઢી, વર્કશોપ પેઢી, રહેણાકીય હોટલ, રેસ્ટોરાં, ખાણીપીણીનો સ્ટોલ, થિયેટર અથવા જાહેર મનોરંજનનું સ્થાન. |
| **કુટુંબ** | : ધંધો સંભાળનાર વ્યકિતનાં સંદર્ભમાં તેનો અર્થ થાય છે વ્યકિત, પત્ની અથવા પતિ, (જે લાગુ પડતું હોય તે) અને તેમનાં બાળકો, આ વ્યકિતનાં ભાઇ બહેન. |
| **ધંધો સંભાળનાર વ્યકિત** | : ધંધો / વેપારી પેઢીના સંદર્ભમાં કે વર્કશોપના સંદર્ભમાં તેનો અર્થ થાય છે એવી વ્યકિત કે જેનું, વેપારી પેઢી/ ધંધા/ વર્કશોપ ઉપર આખરી નિયંત્રણ છે. |
| **સપ્તાહ (અઠવાડિયું)** | : શનિવારની મધ્યરાત્રી થી શરૂ થઇ અથવા તો જે-તે વિસ્તારમાં નિરક્ષક દ્વારા લેખિત સૂચના આપી હોય તે મધ્યરાત્રિથી શરૂ થઇ સાત દિવસનો સમયગાળો. |
| વર્કશોપ | : જ્યાં ઔધોગિક પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય તેવું કોઇપણ સ્થાન. |
| નિરીક્ષક | : આ કાયદાની જોગવાઇઓના પાલનને સુનિશ્ચિત કરવા માટે સરકાર નિરીક્ષકની નિમણૂક કરે છે અને આ રીતે નિમાયેલા ઇન્સ્પેક્ટર જાહેર સેવકો ગણાય છે. |

### 3. શેરી બાળકો ( Street Children )

નાનાં બાળકોને, તેમના લલાટ પર ગરીબાઇ અને નિરાધારપણાના લેખ લખેલા હોય તેમ, પુલ નીચે, ફૂટપાથ ઉપર, અવેજી આશ્રયસ્થાનોમાં રહેતા જોવા એ તો સર્વસામાન્ય દશ્ય છે. તેઓ સર્વત્ર જોવા મળે છે. - ટ્રાફિક ક્રોસિંગ પર, બજાર, રેલ્વે, બસ સ્ટેન્ડ વગેરે તમામ સ્થાનો પર. તેઓ ભીખ માગીને, ચીંથરા કે કાગળો વીણીને, બૂટ-પૉલિશ કરીને, હોટલ-ધાબાઓમાં કપ- રકાબી સાફ કરીને અને એવાં નાનાં-મોટાં કામ કરીને પોતાનું પૂરું કરે છે. તેમાંનાં ઘણાં, ખાસ કરીને બાલિકઓને રોજગારી કમાવા માટે પોતાનાં નાજુક અને અપરિપક્વ જિસ્મનું વેચાણ કરવું પડતું હોય છે.

તેઓ કોણ છે ? તેઓ ક્યાથી આવે છે ? જ્યારે તેઓને નાજુક સંભાળ અને અંગત સુશ્રુષાની જરૂર હોય તેવા સમયે તેઓ શા માટે આવી શોચનીય જિંદગી ગુજારી રહેલ છે ?

આવા સળગતા પ્રશ્નો ઉપર ધ્યાન વિના આપણે આપણાં જીવન કેવી રીતે ચલાવશું ?

**1. શેરી બાળકો કોણ છે ?** શેરી બાળકો એકાકી અને ગભરાયેલાં નાનાં બાળકો છે, જેમને પોતાના પરિવાર અને ઘરથી દૂર રહેવું પડે છે અને નાની ઉંમરે પોતાનું પૂરું કરવા માટે જીવનની અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડે છે. તેઓ જુદાં જુદાં કારણોસર પોતાનું ઘર છોડી દે છે.

1) માત- પિતાની વચ્ચે અને તેમની સાથે સંઘર્ષ
2) ભગ્ન પરિવારો
3) કુટુંબના સભ્યો દ્વારા ખરાબ વ્યવહાર
4) માધ્યમોએ તેમના મનમાં રોપેલું એક સ્વપ્ન, જે તેમના માનવા અનુસાર, શહેરમાં પરિપૂર્ણ થઇ શકાશે એમ માનીને તે સ્વપ્નની પાછળ નીકળી પડવું.
5) માત-પિતા કે સગા- સંબંધીઓ દ્વારા ત્યજી દેવું.
6) ઘરમાં ગરીબાઇ
7) કેટલાંક બાળકો તો અભ્યાસ કરવા માટે કે કામ કરવા માટે ઘર છોડીને નીકળી પડે છે, પરંતુ પૂરતા ટેકાના અભાવે નિરાધારપણાને પામે છે.

2. રહેવાની તેમજ આરોગ્યની પરિસ્થિતિ : અપૂરતા અને સારા પોષણના અભાવે અને જીવવાની અત્યંત કરુણ દશાને કારણે, શેરી બાળકો અનેક રોગોના ભાગ બને છે,તેમાં સામાન્ય રોગો આ પ્રમાણે છે :

1) ક્ષય (ટીબી)
2) કુષ્ટરોગ
3) ટાઇફોઇડ
4) મેલેરિયા
5) કમળો અને કાળજા કે મૂત્રપિંડની બિમારી
6) સંસર્ગજન્ય ચેપી રોગો અને એઇડ્સ
7) ચામડીનારોગો, જેમ કે ખસ વગેરે.

જો કે સરકાર મફત તબીબી સારવાર આપે છે, તે છતાં શેરી બાળકોની ત્યાં સુધી પહોંચ હોતી નથી; કારણ કે તોઓ પોતે ત્યાં જતાં ડરતા હોય છે, ખચકાતા હોય છે, તેમજ કર્મચારીઓનો પણ તેમને કડવો અનુભવ થતો હોય છે.

**3. તેમનું શું થાય છે ?** સંયુક્ત રાષ્ટ્ર સંઘના અધિકારોની સંધિ અનુસાર તેમજ આપણાં સંવિધાનમાંનાં મૂલ્યો અનુસાર,

ક) જીવન જીવવાનો અધિકાર
ખ) શિક્ષણ મેળવવાનો અધિકાર
ગ) સારા આરોગ્ય માટેનો અધિકાર
ઘ) મુકત અભિવ્યક્તિનો અધિકાર
ચ) પોતાની વાત સંભાળવવાનો અધિકાર
છ) તેમની પોતાની ભાષા માટેનો અધિકાર

બાળકોને ઉપર પ્રમાણે તમામ અધિકારો ભોગવવા માટે ઉપલબ્ધ થવા જોઇએ.

પરંતુ, ખરેખર વાસ્તવમાં તો શેરી બાળકો આ બધા અધિકારોથી વંચિત જ રહે છે. તેઓને તો કાયદાના રક્ષક એવા પોલિસ તરફથી પણ સહન કરવું પડતું હોય છે. તેઓની ઓળખ સંદિગ્ધ હોવાથી તેઓ સૌ કોઇના લક્ષ્યબિંદુની બહાર જ હોય છે. આયોજકો, કાર્યવાહક અને વિશેષમાં તો સામાન્ય માણસ પણ

બધા તેમનાથી દુર રહે છે. આનું અંતિમ પરિણામ એ આવે છે કે તેઓ અનામી સ્વરૂપે જ મોતને ભેટે છે અથવા તેઓ કોઈપણે રીતે બચી નીકળે અને પુખ્તવયના થાય ત્યાં સુધી ટકી રહે, તો તેઓ સામાજિક માળખામાં બંધ બેસી શકતા નથી જેમને સમાજની કંઇ પડી નથી એવા ગુનાહિત માનસમાં આવી જાય છે.

ઘણીવાર તેઓની ધરપકડ થાય છે, તેમને પોલિસ તાબામાં પૂરી દેવામાં આવે છે અને ગુનેગાર હોય તેમ તેમની પર જુલમ ગુજારવામાં આવે છે. તેઓ સતત ભયમાં જ જીવે છે અને તેમને પોલીસ કે ન્યાયિક વ્યવસ્થામાં કોઇ વિશ્વાસ હોતો નથી તેમણે ન્યાયિક સત્તાતંત્ર પાસેથી પણ ભાગ્યે જ સહાનુભૂતિનો અનુભવ થાય છે. તેમનાં માતપિતાને તેમનાં અસ્તિત્વનો ખ્યાલ હોતો નથી અથવા તેઓ તેને ઘેર લઇ જઇને તેમને સાચવવા-સંભાળવા માટે તૈયાર હોતા નથી. કારણે કે ખુદ તેઓ જ ગરીબ છે.

**4. કેટલાક પ્રવર્તમાન કાયદા અને જોગવાઈઓ**

- **ઉમેદવારી અધિનિયમ, (એપ્રિન્ટીસ એક્ટ)1850** : આ કાયદો 10 થી 18 વર્ષની વયનાં બાળકો કે જેઓને કોર્ટે કોઇ ગુનાસર કસૂરવાર ઠરાવ્યા હોય તેમને, તેમના પુનઃસ્થાપનમાં સહાય મળે તે હેતુથી કોઇક પ્રકારની વ્યવસાયી તાલીમની જોગવાઇ ઉપલબ્ધ કરે છે.

- **સુધારાત્મક શાળા અધિનિયમ, (ધ રેફર્સેટરી સ્કૂલ એક્ટ ) 1897** : આ કાયદો ઉપેક્ષિત અને ગુનાહિત બાળકો સંદર્ભે છે.

- **સને 1919-1920માં ભારતની જેલ સમિતિએ યુવા**- ગુનેગારો માટે યોગ્ય કાનુની કાર્યવાહી અને સારવાર માટેની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

- **સુધારણા અધિનિયમ, 1978** ( હવે પાછો ખેંચી લેવાયો છે)

- **બાળ ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) અધિનિયમ, ( ધ જુવેનાઇલ જસ્ટીસ એક્ટ) 1986 :**

  આ અધિનિયમ ઉપેક્ષિત અને ગુનેગાર બાળકો તેમજ તેમને લગતી બાબતોના ન્યાય નિર્ણય અને નિકાલ માટે ઘડાયો છે.

  આ કાયદાના આમુખ ( Preamble )માં જણાવાયું છે, " કાયદા સાથે અથડામણમાં આવેલાં બાળકો તેમજ સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળાં બાળકોને લગતા કાયદાઓનું એકત્રીકરણ અને તેમાં સુધારા કરવા માટે, તેઓની વિકાસલક્ષી જરૂરિયાત સંતોષવા માટે, તેમને યોગ્ય સંભાળ, રક્ષણ અને સારવાર પૂરાં પાડવા માટે અને બાળકોના શ્રેષ્ઠ હિતમાં અને આ કાયદા દ્વારા સ્થાપવામાં આવેલી વિવિધ સંસ્થાઓ દ્વારા તેમના અંતિમ પુનઃ સ્થાપન માટે ન્યાય કરવામાં અને સંબંધિત બાબતોનો નિકાલ કરવામાં બાળકો સાથે મૈત્રીપૂર્ણ અભિગમ અપનાવવા માટે," આ કાયદો ઘડવામાં આવ્યો છે. આ ઉપરાંત આમુખમાં બીજી પણ કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો કહેવામાં આવી છે, જે નીચે પ્રમાણે છે :

  " યુનોની મહાસમિતિએ 29 નવેમ્બર, 1989ના ઠરાવથી બાળકોના હકોનો સ્વીકાર કર્યો " "આ ઠરાવમાં બાળકોના હકો સંબંધી પક્ષકાર રાષ્ટ્રોએ અનુસરવાનાં કેટલાંક ધોરણો નિર્દિષ્ટ કરવામાં આવ્યો "

  " ભારત સરકારે રાષ્ટ્રસંઘના કરાર ઉપર તા.11 ડિસેમ્બર, 1992માં સહી-સિક્કા કરી તેનો સ્વીકાર કર્યો."

આ બધી બાબતોનો ઉલ્લેખ કરીને, આમુખમાં સંયુક્ત રાષ્ટ્રસંઘનાં ઉપરોક્ત કરારમાં નિર્દિષ્ટ ધોરણોનો પુનરુચ્ચાર કરી, સને 1985માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે બાળકોના ન્યાય સંબંધી સ્વીકારેલ ન્યૂનતમ નિયમો-બેજીંગ નિયમોનો ઉલ્લેખ પણ કર્યો તેમજ સ્વતંત્રતાથી વંચિત બાળકોના રક્ષણ માટે સંયુક્તરાષ્ટ્ર સંઘના સને 2000ના નિયમોનો પણ આમુખમાં ઉલ્લેખ કરી, આ બધા સંજોગોમાં ભારતની સંસદે આ કાયદો ઘડ્યો છે, એમ આમુખના અંત ભાગમાં જણાવાયું છે.

- શેરીનાં બાળકોની સ્થિતિ સુધારવા બિન સરકારી સંગઠનો સાથે સહયોગ રાખીને કલ્યાણ મંત્રાલયે 1993માં શેરીનાં બાળકોને સહાયની યોજના શરૂ કરી હતી.

  બાળ ન્યાય અધિનિયન, 2000 શેરીનાં બાળકોનાં સંભાળ અને હક પર ધ્યાન આપે છે. જો કે તેવા શબ્દોનો સ્પષ્ટ ઉલ્લેખ આ અધિનિયમમાં નથી.

આપણે આ કાયદા વિશે વધારે જાણકારી મેળવે :

**વ્યાખ્યાઓ**

| | | |
|---|---|---|
| કિશોર | : | Juveuile incoflict with law એવાં બાળકો કે જેણે કાયદાની દૃષ્ટિએ કોઇ ગુનાનું આચરણ કર્યું છે. |
| બાળક<br>Child | : | Child in need of care and protection સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળાં બાળક,જેને દેખીતી રીતે રહેણાક કે આશ્રય તેમજ જીવન નિર્વાહ ચલાવવાનું સાધન નથી.<br>એટલે એવી વ્યકિત કે જેણે ૧૮ વર્ષ પૂરાં કર્યા નથી : એવું બાળક, જે વ્યકિત કે જે વ્યકિત સાથે હે છે ( તે વાલી હોય કે ન હોય) તેણે બાળકને ઇ જા કરવાની કે મારી રાખવાની ધમકી આપી હોય અને આવી ધમકીનો અમલ થવાની વાજબી સંભાવના હોય, જેણે બીજાં બાળક/ બાળકોને મારી નાખ્યા હોય તેમનો દુરપયોગ કર્યો હોય, તેમની ઉપેક્ષા કરી હોય અથવા તો આવું કંઇક કરવાની ભીતિ હોય, જે માનસિક શારીરિક રીતે તકલીફમાં હોય, બિમાર કે રોગગ્રસ્ત હોય અને તેની દેખરેખ રાખનાર કે સાથ આપનાર કોઇ ન હોય, જેનાં માતપિતા કોઇ સંભાળ લેતાં ન હોય કે લેવા માટે સક્ષમ ન હોય, જે બાળકને અંકુશમાં રાખી શકે તેમન હોય, જેને માતપિતા એ કાઢી મૂક્યો હોય, અથવા પોતે નાસી-ભાગી ગયો હોય, જેમાં માતાપિતા સંબંધી કોઇ સમાચાર ન હોય, માતપિતા જેને વાજબી તપાસ પછી શોધી ન શક્યા હોય, જેનો દુરુપયોગ થઇ રહ્યો હોય, શોષણ થતું હોય અથવા ગેરકાયદેસર કાર્યો માટે કે જાતીય દુરુપયોગની ગંભીર શક્યતાઓ હોય. |
| બાળગૃહ<br>(Children's Home) | : | રાજ્ય સરકાર દ્વારા અથવા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સ્થાપવામાં આવેલ અને આ કાયદાની કલમ-34 મુજબ સરકારે પ્રમાણિત કરેલ, બાળકોને રાખવા માટેની સંસ્થા. |
| ગુનો (Offence) | : | એવું કૃત્ય જે કાયદા નીચે સજાને પાત્ર હોય. |
| વાલી (Guardian) | | બાળક કે કિશોરના સંદર્ભમાં વાલી એટલે એવી વ્યકિત, જે બાળક કે કિશોરનો વાસ્તવિક હવાલો કે નિયંત્રણ ધરાવતી હોય. |

**5. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ ) અધિનિયમ, જુવેનાઇલ જસ્ટીસ ( કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ,2000ની મુખ્ય લાક્ષણિકતાઓ :**

1) આ કાયદો 18 વર્ષથી નીચેની વયના સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળાં કે કાયદા સાથે સંઘર્ષમાં આવેલાં તમામ બાળકોનાં રક્ષણ, વિકાસ અને પુનઃ સ્થાપન માટે ઘડાયો છે.

2) આંતરરાષ્ટ્રીય રીતે સ્વીકાર્ય બાળઅધિકારો અને સંવિધાને રક્ષેલા વિશેષ અધિકારોને ચરિતાર્થ કરવાનો તેનો હેતુ છે.

3) દેશભરમાં બાળકો માટે એકસરખી સમાન ન્યાય-નિર્ણય પદ્ધતિ અને સંસ્થા- વ્યવસ્થા નિર્માણ કરવાનો તેનો હેતુ છે.

4) કાયદા સાથે સંઘર્ષમાં આવેલા તેમજ સંભાયળ અને રક્ષણની જરૂરિયાતવાળાં એમ બે પ્રકારનામ બાળકો માટેની ન્યાય-નિર્ણય પદ્ધતિ કંઇક અંશે અલગ અલગ પ્રકારની છે, છતાં બંને પદ્ધતિ બાળકો પ્રત્યે મૈત્રીભર્યા વર્તાવયુક્ત છે.

5) બાળક કાયદા સાથે સંઘર્ષમાં આવ્યો હોય કે બીજું કઇપણ કાયદા વિરુદ્ધ વર્તન કર્યુ હોય તો પણ તેને જેલમાં કે પોલિસ કસ્ટડીમાં રાખવાનો નથી, પરંતુ બાળકો માટે જ સ્થપાયેલી વિશિષ્ટ સગવડવાળી સંસ્થામાં જ તેને રાખવાનો છે.

6) તે રીતે સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા, કોઇપણ પ્રકારની કૌટુંબિક, સામાજિક પરિસ્થિતિનો ભોગ બનેલ તમામ અભાવ કે વંચિતતાવાળા અનાથ, નિરાધાર, ઉપેક્ષિત, શોષિત કોઇપણ પ્રકારનાં બાળકોને પણ તેમના માટે વિશેષ પ્રકારે નિયત થયેલી સંથાના આશ્રયમાં જ તેને રાખવાનો છે.

7) આ તમામ પ્રકારનાં બાળકોના ન્યાય- નિર્ણય કરનાર મેજિસ્ટ્રેટ હોય કે સામાજિક કાર્યકરો-તેઓ સૌ બાળમનોવિજ્ઞાનના જાણકાર હોય અને બાળક સાથે મિત્રતાભર્યા સંબંધો સ્થાપીને તેના શ્રેષ્ઠ હિતમાં હોય તે પ્રકારે ન્યાય-નિર્ણય કરે છે. દરેક કિસ્સામાં હેતુ સહાય કરવાનો છે, સજા કરવાનો નહિ.

8) આ કાયદા અંતર્ગત બંને પ્રકારના બાળકોનો ન્યાય-નિર્ણય કરવા તેમજ તે અંતર્ગત તેને સંસ્થામાં ટૂંકા કે લાંબા સમય માટે રાખવા માટે જે માળખાકીય સુવિધા જોઇએ તેની જોગવાઇ કાયદામાં સુપેરે કરવામાં આવી છે.

9) આ માળખામાં, બાળ કલ્યાણ સમિતિ, કિશોર અદાલત વર્તન- નિરીક્ષણ ગૃહ, (ઓબ્ઝરવેશન હોમ ) બાળગૃહ (ચિલ્ડ્રન હોમ), ખાસ ગૃહ (સ્પેશયલ હોમ) અને પશ્ચાદ્ સંભાળ ગૃહ (આફ્ટરકેર હોમ) ખાસ કિશોર પોલીસ એકમ (જુવેનાઇલ પોલીસ યુનીટ) વગેરેનો સમાવેશ થાય છે.

**6. કિશોર ન્યાય ( કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ) એકટ ( બાળકોનાં સંભાળ અને રક્ષણ) અધિનિયમ 2000 હેઠળની સંસ્થાઓ**

**1) બાળકલ્યાણ સમિતિ**

**1) અધ્યક્ષ** - બાળકો સંબંધી વિવિધ બાબતોના નિષ્ણાત હોવા જરૂરી

**4 બિન સરકારી સભ્યો,તે પૈકી 1 મહિલા ફરજિયાત.** આ સૌ સભ્યો પણ બાળકલ્યાણ સંબંધી બાબતોના જાણકાર/નિષ્ણાત હોવા જરૂરી.

સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળાં તમામ બાળકોના કેસ તેમની ફરજ અને જવાબદારી છે. સામાન્ય રીતે સમિતિ તેમની સમક્ષના કેસનો નિકાલ ચાર માસમાં કરી દે એવું ઠરાવાયું છે બધાજ સભ્યો મેજિસ્ટ્રેટની સત્તાઓ ધરાવે છે. તેમની બેઠક જિલ્લા કક્ષાએ નિયમિત મળે છે.

**2) (જુવેનાઇલ વેલ્ફેર બોર્ડ ) કિશોર કલ્યાણ બોર્ડ**

1) પ્રથમ વર્ગના અદાલતી મેજિસ્ટ્રેટ અથવા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેચ ( જે લાગુ પડતુ હોયતે ) અધ્યક્ષ

2) સમાજિક કાર્યકરો, તે પૈકી 1 મહિલા હોવી જોઇએ.

તમામ સભ્યોએ બાળમાનસ/બાળકલ્યાણ અંગેનું ખાસ જ્ઞાન અથવા તાલીમ લીધેલ હોવાં જોઇએ. સભ્યોને બાળકલ્યાણ પ્રવૃત્તિનો સાત વર્ષનો અનુભવ હોવો આવશ્યક.

કાયદાની સાથે સંઘર્ષમાં આવેલ કિશોરોનો ન્યાય- નિર્ણય આ કિશોર કલ્યાણ બાર્ડ કરે છે. તેમની બેઠક જિલ્લા કક્ષાએ નિયત સમયે મળે છે. તેઓ કાયદાની પ્રક્રિયામાં ઊંડા ઊતર્યા વિના સરળતાથી કેસ ચલાવે છે.

**3) બાળકોના નિવાસ માટેની સંસ્થાઓ ( The Institution for Rehabilitation and observation of Juveniles)**

1) **ઓબ્ઝરવેશન હોમ(વર્તન- નિરીક્ષણ ગૃહ) :** રાજ્ય સરકાર દ્વારા સીધેસીધા અથવા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતા આવા ગૃહને માન્યતા આપીને આ ચલાવી શકાય છે. કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકને, તેના કેસનો કિશોર કલ્યાણબોર્ડ દ્વારા નિકાલ ન આવે ત્યાં સુધી તેને આ ગૃહમાં રાખવાનો છે. સામાન્ય રીતે તેમાં બાળકોનું ઉંમર મુજબ વર્ગીકરણ કરવામાં આવે છે.

2) **ખાસ ગૃહ (સ્પેશયલ હોમ) :** આવું ગૃહ સરકાર પોતે પણ ચલાવે અથવા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચલાવતા આવા ગૃહને માન્યતા પણ આપે. કાયદાની સાથે સંઘર્ષમાં આવતા કિશોરની કલ્યાણ નિર્ણય પ્રક્રિયા કિશોર ન્યાય બોર્ડ પૂરી કરે અને બોર્ડ એવા નિષ્કર્ષ પર આવે કે કિશોરને તેના હિતમાં સંસ્થાકીય સારવાર જરૂરી છે, તો તેને બાર્ડ નક્કી કરે તેટલી સમયમર્યાદા માટે આ ગૃહમાં મોકલે છે.

3) **બાળગૃહ (ચિલ્ડ્રન હોમ) :** આવું ગૃહ સરકાર પોતે ચલાવે અથવા સ્વૈચિછક સંસ્થા દ્વારા ચાલતા આવા ગૃહને માન્યતા આપે. સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળાં બાળકોની ન્યાય- નિર્ણય પ્રક્રિયા, બાળ કલ્યાણ સમિતિને એમ જણાય કે બાળકને તેની વ્યાપક હિતમાં સંસ્થાકીય સારવાર જરૂરી છે, તો તેઓ બાળકને, તેઓ નક્કી કરે તેવા સમયગાળા માટે આ ગૃહમાં મોકલે છે.

ઉપરનાં ત્રણે પ્રકારના ગૃહોમાં બાળક જ્યાં સુધી ૧૮ વર્ષ પૂરાં ન કરે ત્યાં સુધી જ રાખી શકાય છે. આવાં ગૃહોમાં ખોરાક, કપડાં, આવાસ, આરોગ્ય, શિક્ષણ, તાલીમ વગેરેની ઘનિષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ હોય છે, તેને માટેનાં ધોરણો સરકારે નિયમો દ્વારા નિયત કર્યા હોય છે. આ તમામ સંસ્થાઓ બાળકોના ભાવિ હિતના ઉદ્દેશથી કાર્ય કરે છે.

4) આ કાયદા હેઠળ એક નવા પ્રકારની હોમ આશ્રય હોમ (શેલ્ટર હોમ) ની વ્યવસ્થા પણ કરાઇ છે, તેમાં તાત્કાલિક સંસ્થાકીય સારવારની આવશ્યકતાવાળાં બાળકોને ટૂંકા સમયગાળા માટે આશ્રયઆપવામાં આવે છે. આ સંસ્થા ટૂંકા ગાળા માટે હોવાથી શિક્ષણ- તાલીમની સુવિધા મર્યાદિત હોય છે, પણ આવાસ, ખોરાક, આરોગ્યની પૂરતી સુવિધા ઉપલબ્ધ કરાય છે.
5) **પાશ્ચાદ્ સંભાળ ગૃહ (આફ્ટર કેર હોમ)** : બાળક ૧૮ વર્ષ પૂરા કર્યા પછી પણ સમાજમાં પ્રસ્થાપિત થવા માટે તેને સંસ્થાકીય ટેકાની જરૂર હોય તો આ સંસ્થા દ્વારા રહેણાંક, ભોજન, આરોગ્યની સુવિધા ઉપરાંત આવશ્યક તાલીમ અને પુનઃ સ્થાપન પ્રયાસોમાં સહાય, માર્ગદર્શન વગેરે સેવાઓ ઉપલબ્ધ કરાય છે.
7) **પુનઃ સ્થાપના પ્રક્રિયા** (Process of Rehabilitation)

- **સમાજિક પુનઃ સ્થાપના**

આ કાયદામાં બાળકોના સામાજિક પુનઃ સ્થાપન માટેના બિનસંસ્થાકીય વિકલ્પોમાં દત્તક વિધાન (Adoption), ઉછેર- સંભાળ(FosterCare ), પુરસ્કર્તાસેવા ( Sponsorship ), વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે, જે તેના અંતિમ પુનઃસ્થાપનમાટે અતિ ઉપયોગી થઇ શકે છે.

બાળકોના કલ્યાણ માટેની તમામ વ્યવસ્થાઓ બાળકેન્દ્રી અને બાળ-મૈત્રીપૂર્ણ છે. દરેક સેવાઓની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે રાજ્યકક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ નિરીક્ષણની વ્યવસ્થા રાખેલ છે. પોલીસ ખાતમાં પણ ખાસ જુવેનાઇલ પોલીસ યુનિટની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જ્યા પોલીસ પણ બાળકના મિત્ર-માર્ગદર્શકની ભૂમિકા નિભાવે છે. સંસ્થાઓ ખુલ્લી દિવાલવાળી હોય છે અને બાળકોના વિકાસ માટે તેમને ખૂબ સગવડો અને તકો ઉપલબ્ધ કરે છે.

### 8. કિશોરો સામેના ગુના (Offences against Juvenelies)

આ કાયદા હેઠળ સામે આચરતા ગુનાઓ પ્રત્યે પણ લાલ આંખ કરવામાં આવી છે.

(1) આ કાયદા હેઠળ બાળક સંબંધી જે કંઇ કાર્યવાહી પ્રસિદ્ધ કરાય તો પણ તેનું નામ જાહેર નહિ કરવાની વિશેષ જોગવાઇ બાળકના વિશેષ હિતમાં કરવામાં આવી છે.

(2) બાળક પર હુમલો કરી તેને ઇજા કરવામાં આવે, તેનો ત્યાગ કરવામાં આવે, તેની જાણી જાઇને ઉપેક્ષા કરે, તેને શારીરિક કે માનસિક પીડા આપે તો તે ગુનો થયો ગણાશે, તે માટે સજા અને દંડની જોગવાઇ કરવામાં આવી છે.

(3) કોઇ વ્યકિત બાળક પાસે ભીખ મંગાવે અથવા ભીખમંગાવવા બાળકનો ઉપયોગ કરે તો તે પણ સજાને પાત્ર ગુનો બને છે.

(4) બાળકને દારૂ અથવા કેફી પીણું કે માદક પદાર્થ આપનાર વ્યકિત પણ ગુનાને પાત્ર બને છે.

(5) કોઇ વ્યકિત બાળકને કામે રાખી તેનું શોષણ કરે, વેઠિયા તરીકે રાખે, તેની કમાણી અથવા તેનો હિસ્સો બાળકને આપે નહિ તો તે પણ સજાપાત્ર ગુનો બને છે.

### 9. ખાસ કિસ્સાઓ (Special Cases)

બાળક જો અસ્થિર મગજનું હોય, તેને કુષ્ટરોગ જેવો રોગ થયો હોય, તેને વ્યસનની લત લાગેલી હોય તો તેને બાળકોના ગૃહ, ઓબ્ઝરવેશન હોમ કે શેલ્ટર હોમ વગેરે જ્યાં પણ રાખવાનો આદેશ હોય તેમાંથી યોગ્ય મંજુરી લઇને તેને ખાસ સારવાર માટે જે-તે સારવાર કેન્દ્ર કે હોસ્પિટલ ખાતે ખસેડી શકાશે, જ્યાં તેની સારવાર માટેની યોગ્ય વ્યવસ્થા સરકારી ખર્ચે જ કરવામાં આવશે.

### 10. નિષ્કર્ષ (Conclusion)

આ કાયદો બાળકોના કલ્યાણ અન વિકાસ માટે, તેમની સંભાળ,સુવિધા માટે, તેમના અધિકારોના રક્ષણ માટે સીમાચિહ્નરૂપ છે. વળી તેના પુનઃસ્થાપન માટેના શ્રેષ્ઠ વિકલ્પો પણ તેમાં ઉપલબ્ધ છે, પશ્ચાદ્સંભાળ માટેની પણ પૂરતી જોગવાઇ ધરાવે છે. તે કાયદા નીચે બનેલા નિયમો પણ બાળકેન્દ્રી છે અને બાળકોના સર્વાંગીહિત માટે પૂરતી ચિંતા સેવવામાં આવિ છે. તમામ કક્ષાએ કર્મચારીઓ / વહિવટકર્તાઓ અને સક્ષમ તંત્રો માટે તાલીમની પણ જોગવાઇઓ નિયમોમાં કરવામાં આવી છે. કાયદાની

સાથે સંઘર્ષમાં આવેલ બાળકો કે ઉપેક્ષિત, શોષિત, નિરાધાર તેમજ સંભાળ અને રક્ષણની જરૂરીયાતવાળાં તમામ કક્ષાનાં બાળકોને અનુરૂપ એવી જોગવાઇઓ કાયદામાં અને નિયમોમાં કરવામાં આવી છે. દરેક પ્રકારની સેવાઓનું ન્યૂનતમ ધોરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

**૪. બાળકોનો જાતીય દુરુપયોગ ( Child Sexual Abuse )**

કોઇ પુખ્ત વયની વ્યકિત કે ખુદ બાળક પણ બાળકનું જાતીય શોષણ કરે તે પ્રક્રિયાને જાતીય દુરુપયોગ કહેવામાં આવે છે. છોકરીઓ કે છોકરાઓ બંનેને જાતીય દુરુપયોગની ભીતી છે. જે પ્રકારના વર્તનનો જાતીય દુરુપયોગમાં સમાવેશ કરી શકાય તેની યાદી આ પ્રમાણે છે :

- શરીરના ગુપ્ત અવયવો અંગોનો અશિષ્ટ પ્રકારે સ્પર્શ
- પરાણે દબાણ પૂર્વક કપડા દૂર કરાવવાં નગ્ન બનાવવું
- પરાણે મુખ મૈથુન
- પોતાને હસ્તમૈથુન કરતી વેળા તેને જોવાનો આગ્રહ કરવો
- પોતાને હસ્તમૈથુન કરાવવા માટે તેને ફરજ પાડવી
- કોઇ પુરુષ વ્યકિત દ્વારા બાળકની સાથે ગુદા-મૈથુન ( સજાતીય સંબંધ) કરવું.

બાલિકા સાથે, તેની સંમતિથી અથવા સંમતિ વિના કરવામાં આવેલ જાતીય સંભોગ બળાત્કાર જ ગણાશે.12 વર્ષથી નીચેની વયની બાલિકાની સાથે બળાત્કાર એ અતિ ગંભીર ગુનો છે અને તે માટે આકરી શિક્ષાની જોગવાઇ છે. બાળકો સાથે જાતીય દુરુપયોગના કેસો હાથ ધરવા સંબંધી કોઇ વિશિષ્ટ કાનૂની જોગવાઇઓ નથી તેથી પ્રવર્તમાન જોગવાઇઓનો જ ઉપયોગ કરવાનો રહે છે. બળાત્કાર સિવાયનો બાલિકા સાથેનો જાતીય દુરુપયોગ તેને અશોભનીય અશિષ્ટ હુમલો ગણવામાં આવે છે પુરુષ બાળક સંબંધી જાતીય દુરુપયોગના કિસ્સાઓને " અકુદરતી ગુનાઓ" હેઠળની કાનૂની જોગવાઇઓ હેઠળ ચલાવવામાં આવે છે.

**આવા કિસ્સાઓમાં ભોગ બનેલ વ્યકિત (બાળક ) કે તેનાં પરિવારોએ લેવાનાં થતાં પગલાં**

ક) બાળકોને આવા બનાવો સંબંધી જાગૃત કરો અને આવું કંઇક તેની સાથે બને તો તરત જાણ કરવા પ્રોત્સાહિત કરો. જો બાળકનો દુરુપયોગ કરનાર વ્યકિતના ભય કે ડરને કારણે બાળક વાત છુપાવે તો આવા બનાવો વધુને વધુ વખત બનતા રહેશે અને બાળકને શારીરિક અને લાગણી વિષયક નુકસાન થશે

ખ) હકીકતોની ખાતરી કરી લીધા પછી વડીલોએ પોલીસને જાણ કરવી જાઇએ.

ગ) જો ઉપર જણાવેલ વિવિધ પ્રકારોમાં આ પ્રમાણે ગુનો બંધબેસતો ન થતો હોય તો પણ પોલીસને તેની જાણ કરવી જ જોઇએ.

ઘ) આ બધા જ ગુના કોગ્નીઝેબલ (પોલીસ હકુમતના) ગુના છે અને સમાધાન નકરી શકાય તેવા પ્રકારના છે.

**ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો**

**કલમ-375 બળાત્કાર**

**કલમ-354 હુમલો અથવા મહિલાના ઇજ્જત લૂંટવાના ઇરાદે તેના ઉપર ગુનાહિત દબાણ**

કોઇપણ વ્યકિત કોઇપણ સ્ત્રી ઉપર હુમલો કરે તેની ઇજ્જત લૂંટવાના ઇરાદે અથવા લગભગ તેનાથી તે સ્ત્રીની ઇજ્જત લુંટાશે એમ જાણવા છતાં ગુનાહિત બળનો ઉપયોગ કરે તો બે વર્ષ સુધીની સાદી કે સખત કેદની સજા અથવા દંડ અથવા બંને ( કેદ અને દંડ) કરવામાં આવશે.

કલમ-509 કોઇ સ્ત્રીની માનમર્યાદાનું ઉલ્લંઘન કરવાના ઇરાદે શબ્દો બાલવા કે ચેનચાળા કે હાવભાવ દર્શાવવા

કોઇપણ વ્યકિત, કોઇ મહિલાની ઇજ્જત કે માનમર્યાદાના ઉલ્લંઘન કરવાના ઇરાદે કોઇ શબ્દ બોલે, અવાજ કાઢે કે હાવભાવ દર્શાવે કોઇ વસ્તુ દર્શાવે છે, જેમાં એવો ઇરાદો હોય કે આવા શબ્દ કે અવાજ સાંભળવામાં આવશે અથવા તો તે મહિલાની ગુપ્તતા/ ખાનગીપણા ઉપર હુમલો કરે તો તેને એકવર્ષ સુધીની સાદી કેદની સજા અથવા દં' અથવા બંને પ્રકારની શિક્ષા થશે.

**ડ. કલમ-377 અકુદરતી ગુનાઓ :**

કોઇપણ વ્યકિત સ્વેચ્છાએ અકુદરતી પ્રકારે કોઇ પુરુષ કે સ્ત્રી સાથે કે પ્રાણી /પશુ સાથે જાતીય સંબંધ / સંભોગ કરે તો તે આજીવન કેદની અથવા દશ વર્ષ સુધીની મુદતની સાદી કે સખત કેદની તેમજ દંડની સજાને પાત્ર થશે.

## 5. અન્ય સહાયપાત્ર અને ઓછાં લાભાયિત જૂથોના હક
## ( Rights of other Vulnerable and under privileged groups )

*" આપણે વિકલાંગોની સાથે ઊભા રહી તેમને ટેકો આપવો જોઇએ. આપણો એક ઉદ્દેશ તેમને પ્રેમ અને સન્માન આપવાનો હોવો જોઇએ. તેમને તેમના હક મળી રહે તે આપણી નૈતિક ફરજ છે. "*

*- મધર ટેરેસા*

**વિકલાંગોના હક : ( Rights of the Disabled )**

વિકલાંગતા એ દરેક સમાજની વિકૃત ઘટના છે. તેનું કારણ હજી વિશ્વભરમાં યોગ્ય પ્રકારે જણાયું નથી.આમ છતાં, છેલ્લા કેટલાક સમયથી, જુદાં જુદાં સ્થાનોથી કરવામાં આવતાં દબાણોને કારણે ઘણા દેશોએ વિકાલાંગોના હકનું રક્ષણ કરવાના પ્રયત્નો શરૂ કર્યા છે. ભારત પણ આ સમસ્યાનો સામનો કરી રહેલ છે,કારણ કે દેશમાં વિકલાંગ વ્યકિતઓની, દેશની કુલ વસતિની સરખામણીમાં 10 ટકા સંખ્યા છે. હવે પછીનાં ભાગમાં, ભારત સરકારે વિકાલાંગ વ્યકિતઓ માટે જે પાયાની માહિતીઓ અને સલામતીનાં પગલાં લીધા છે તેની ચર્ચા કરીશું.

**અશક્તતા**

અશક્તતા એ એક એવી ઘટના છે, જે દરેક સમાજમાં અને દરેક પેઢીમાં ઉદ્‌ભવે છે. તે જન્મ પહેલાનાં પરિબળોને કારણે, જન્મ સમયે ઇજાને કારણે, રોગને કારણે કે તનાવને કારણે હોઇ શકે. વિકલાંગ વ્યકિતઓને સંબંધિત વૈશ્વિક કાર્યયોજનામાં વર્ણવ્યા પ્રમાણે તો વિશેષ કરીને અશક્તતા વિશ્વના કોઇપણ દેશમાં ઉદ્‌ભવતી મોટા પ્રમાણમાં શારીરિક હલનચલનની મર્યાદાઓને અનુલક્ષીને થતી હેય છે. લોકો શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અથવા ઈન્દ્રજન્ય માનસિક રીતે અશક્ત પરિસ્થિતિ કે બિમારીનું સ્વરૂપ કાયમી પણ હોઇ શકે કે કામચલાઉ પણ હોઇ શકે. અપંગતા કરતાં તે બાબત જુદી પડે છે. તેનો અર્થ થાય છે અન્ય લોકોની સાથે સમુદાયમાં ભાગ લેવાની તકોનો નાશ અથવા તેમાં કેટલીક મર્યાદાઓ.

**ભારતમાં વિકલાંગોની સ્થિતિ**

આપણા દેશમાં મુખ્યત્વે વિકલાંગને અલિપ્ત ભાવ, દયા-દાન, સહાનુભૂતિની દ્રષ્ટિએ જોવામાં આવે છે બીજા શબ્દોમાં, તેઓને સીમાન્ત બનાવી દેવાય છે. તેમનું મૂળભૂત ગૌરવ અને સમાન તકો માટેના હકને નકારવામાં આવ્યો છે અને 1995નો વિકલાંગ વ્યકિતઓ વિષેનો અધિનિયમ અમલી બન્યો તે પહેલાં અહીં માત્ર માનસિક આરોગ્ય અધિનિયમ, 1987 અમલમાં હતો, જે માનસિક અસ્થિરતાના પ્રશ્નની સાથે સંબંધિત હતો. તેનું નામ જ સૂચવે છે તે માનસિક રીતે એવા બિમાર લોકો જેમને સારવારની આવશ્યકતા હોય તેમના સંબંધી આ અધિનિયમ હતો. કાયદામાં અન્ય વિકલાંગ વ્યકિતઓ માટે કોઇ જ જોગવાઇ ન હતી. તે પછી છેક 1995માં ભારતની સંસદે “અશક્તતા ધરાવતી વ્યકિતઓના હક (સમાનતા, અધિકારોનું રક્ષણ, સંપૂર્ણ સહયોગ)” અધિનિયમ પસાર કર્યો. આ એક સૌ પ્રથમ આધુનિક સર્વગ્રાહી કાયદો છે જે ભારતના 7 કરોડ વિકલાંગ વ્યક્તિઓની સમસ્યાઓ અને પ્રગતિનાં પાસાં સ્પર્શે છે.

વધતી જતી જાગૃતિ અને હિમાયતી જૂથોના પ્રાદુર્ભાવને કારણે પરિસ્થિતિમાં સુધારો થવાની શરૂઆત થઇ છે. રાષ્ટ્રે પોતાના હિતોનું રક્ષણ કરવા માટે કાયદાનું માળખું તૈયાર કરવા માંડ્યું છે. આંતરરાષ્ટ્રીય ચળવળો પણ તેમની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે દબાણ કરી રહી છે. આથી વિકલાંગોને મધ્યપ્રવાહમાં ભળીને ભાગ લેવા અને તેમાંથી લાભ મેળવવા માટે પ્રોત્સાહિત કરવા જોઇએ.

આપણી વસતિના મોટાભાગના હિસ્સાને અસર કરે તેવી પરિસ્થિતિઓ સંબંધી વૈજ્ઞાનિક, તબીબી, માનસિક તેમજ સામાજિક ઉકેલ શોધવા જોઇએ. વિકાસની અને સંતોષની પ્રાપ્તિ માટે અશક્ત વ્યકિતઓ અને વિકલાંગ વ્યકિતઓએ એક સાથે ભેગા થઇને એવુ માળખું રચવું જાઇએ જે દરેક વ્યકિતને સરખી તકો, સરખા અધિકાર, સરખો દરજ્જો, સરખું સ્વાતંત્રય અને સરખી જવાબદારીઓ આપી શકે. નીચે જુદી જુદી નીતિઓ, કાયદાઓ, સંવૈધાનિક જોગવાઇઓ અને યોજનાઓની વિગતો આપી છે, જે વિકલાંગના અધિકારોની સુરક્ષા માટે તેમજ તેમને સરખી

તકો પૂરી પાડવા માટે ઉપયોગમાં લઈ શકાય :

**સરકાર દ્વારા ઉપલબ્ધ કરાતી સુવિધાઓ**

ક) **કલ્યાણ :** સરકારે વિકલાંગ માટે નીચેની જુદી જુદી રાહતો અને સુવિધાઓ ઉપલબ્ધ કરી છે:

- **રેલવે :** વિકલાંગ વ્યક્તિઓ તથા તેમની સાથે જનારાઓ (એસ્કોર્ટ) જે અંધ, વિકલાંગ અને મંદબુદ્ધિવાળાની સાથે સહાયક તરીકે જાય છે ) ને મૂળ ભાડા માં 75 ટકા રાહત આપવામાં આવે છે.
- **હવાઈ મુસાફરી :**ઇન્ડિયન એરલાઈન્સ એકતરફી (સિંગલ) મુસાફરી માટે અંધ વ્યકિતઓ માટે ભાડામાં 50 ટકા રાહત જાહેર કરી છે.
- **પોસ્ટેજ( ટપાલખર્ચ) :** જો જમીન માર્ગે મોકલવામાં આવે તો અંધજનો માટે ના સાહિત્યમાટે દેશમાં કે પરદેશમાં ટપાલખર્ચમાં સંપૂર્ણ મુકિત આપવામાં આવી છે.
- **સીમા શુલ્ક/આબકારી :** બ્રેઇલ પેપર, દશ્ય-શ્રાવ્ય કેસેટસ સહિતની ઘણી ચીજવસ્તુઓને આબકારી અને સીમાક્ષુલ્કમાં સંપૂર્ણ મુકિત આપવામાં આવી છે.
- **વાહન ભથ્થું :** કેન્દ્ર સરકારના જે કર્મચારીઓ કે વિકલાંગ છે તેમને તેમનામૂળ પગારના 5 ટકા રકમ માસિક રૂા.100/ -ની મર્યાદામાં વાહન ભથ્થા તરીકે મંજૂર કરવામાં આવેલ છે.
- **શિક્ષણ ભથ્થું :** કેન્દ્ર સરકારના કર્મચારીઓના શારીરિક અને માનસિક રીતે અપંગ બાળકોની ટયુશન ફી માસિક રૂ.50/ -ની મર્યાદામાં ચૂકવી અપાય છે.
- **આવકવેરામાં રાહત :** અંધ, માનસિક ક્ષતિવાળા અથવા કાયમી શારીરિક ખોડખાંપણવાળા માટે તેમની કુલ આવકમાંથી રૂા.40,000બાદ મળે છે.
- **ઓઇલ કંપનીઓ દ્વારા તરીકે નિમણૂંક :** જાહેર ક્ષેત્રની કંપનીઓની તમામ પ્રકારની ડીલરશીપ એજન્સીઓમાં 7.5 ટકા શારીરિક ક્ષતિવાળા અને અંધ વ્યકિત માટે અનામત રાખવામાં આવે છે જો કે અંધ વ્યકિત માટે અનામત રાખવામાં આવે છે. જોકે અંધ વ્યકિત એલ.પી.જી. એજન્સી માટે પાત્રતા ધરાવતા નથી
- **નિમણૂક :** શારીરિક રીતે અપંગ વ્યકિતઓને પ્રાદેશિક ધોરણે શક્ય હોય ત્યા સુધી તેમના વતનની નજીક નિમણૂક આપવામાં આવે છે.
- **આર્થિક સહાય :** અનાથાશ્રમો, નારીગૃહો અને વિકલાંગ માટે કાર્ય કરતી તમામ સંસ્થાઓને જાહેર ક્ષેત્રોની બેંકો ઘણા ઓછા વ્યાજના દરે ધિરાણ આપે છે.
- આ બધા ઉપરાંત, કલ્યાણ મંત્રાલય ઘણી બધી યોજનાઓ મારફતે તેમજ અન્ય સહયોગ વડે વિકલાંગ વ્યકિતોને સેવાઓ ઉપલબ્ધ કરે છે.

ખ) **આરોગ્ય :** વિકલાંગતા અટકાવવા તેમજ નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ ઘડે છે.

ગ) **શિક્ષણ :** વિકલાંગો શિક્ષણ દ્વારા સશકિતકરણ માટે ધ્યાન આપવામાં આવે છે. બહુ નજીવી વિકલાંગતા ધરાવતાં બાળકો અન્ય સામાન્ય શાળામાં જ ભણવા મોકલાય છે, અને વધારે વિકલાંગ ધરાવતી વ્યકિતઓને ખાસ પ્રકારની સંસ્થાઓમાં તાલીમ અપાય છે. વિકલાંગ બાળકો માટે સંકલિત શિક્ષણ (IEDC)નામનો કાર્યક્રમ સામાન્ય બાળકોની શાળામાં માનવ સંસાધન મંત્રાલય દ્વારા દાખલ કરવામાં આવેલ છે. તેનો ઉદ્દેશ વિકલાંગોને દરેક કક્ષાએ મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે. આ યોજનાની લાક્ષણિકતા ઓ નીચે પ્રમાણે છે.

1) પુસ્તકો અને લેખનસામગ્રી માટેનો વાર્ષિક રૂા.400/ -સુધીનો અને ગણવેશ માટે રૂા. 200/ - સુધીનો વાર્ષિક ખર્ચ
2) માસિક રૂા.50/ -સુધીનો વાહનભાડા ખર્ચ
3) વાચન કરવા માટે માસિક રૂા.50/ -સુધીનું ખર્ચ
4) અત્યંત વિકલાંગ વ્યકિતને મહિને 75/ -નુ એસ્કોર્ટ (સહાયક) ભથ્થું
5) સાધન માટે તેની ખરેખર કિંમતની મહિને રૂા.2000/ -ની મર્યાદામાં, પાંચવરસ માટે ચૂકવણી
6) શાળામાં દશ તદ્દન વિકલાંગ બાળકો દીઠ ૧ સહાયકની મંજૂરી
7) પોતાના અભ્યાસ માટે છાત્રાલયમાં રહેતા વિકલાંગ વિધાર્થીઓને રહેવા-જમવાનો ખર્ચ રાજ્ય સરકારના નિયમો મુજબ માન્ય ગણાય છે.

**તેમનું રક્ષણ કરો (કાર્યપોથી)**

એન સી.ઇ.આર.ટી. (નેશનલ સેન્ટર ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ -NCERT) દ્વારા વિશેષ પ્રકારના પેકેજ, ટેલિસ્કૂલ વગેરે વિકાસવવા માટે પગલાં લેવાઇ રહ્યાં છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ,1986માં વિકલાંગ વિધાર્થીઓને સામાન્ય શાળામાંજ શિક્ષણ આપી તેમને સામાન્ય બાળકો સાથે હળવા મળવા માટે જોગવાઇ કરવામાં આવી છે.

**ઘ) રોજગારી અને વ્યવસાયિક તાલીમ :**

1) વિકલાંગ વ્યકિતઓને મળતરવાળી રોજગારી પ્રપ્ત થાય તે હેતુથી તેમને સહાયરૂપ થવા સરકારે 47 ખાસ રોજગાર કચેરીઓ અને સામાન્ય રોજગાર કચેરીઓમાં 41 વિકલાંગો માટેના ખાસ એકમ (સેલ) શરૂ કરેલ છે.

2) વિકલાંગ વ્યકિતઓને જુદાં જુદાં ઔધોગિક કેન્દ્રોમાં તાલીમ આપવામાં આવે છે. નોકરીમાં તેમના માટે ૩ટકા અનામત રાખવામાં આવે છે.( ઉમેદવારી અધિનિયમ,1961)

3) જિલ્લા પુનઃસ્થાપન કેન્દ્ર(DRC)નામની પ્રાયોજનનો પ્રારંભ કરાયો છે. આમાં ગ્રામીણ વિસ્તારોમાં વિકલાંગોની જરૂરિયાતો કેન્દ્રમાં રાખવામાં આવે છે.

4) વિકલાંગતા અને પુનઃ સ્થાપના માટે એક રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર રાષ્ટ્રીય કક્ષાએ સ્થાપવામાં આવી છે.

5) 17 વ્યવસાયી તાલીમ કેન્દ્રો (VRC)વિકલાંગોની તાલીમ માટે દેશભરમાં સ્થાપવામાં આવ્યાં છે.

6) દેશભરમાં અત્યારે 142 સ્વૈચ્છિક સંગઠનો છે, જે વિકલાંગ ને તાલીમ આપે છે.

7) કેટલાંક અગ્રણી બિનસરકારી સંગઠનોના સહયોગમાં નિયુકિત અને પરામર્શ સેવાઓ સ્થાપવમાં આવી છે.

8) કેન્દ્ર સરકારમાં અને જાહેર ક્ષેત્રવિભાગમાં સી અને ડી ની ત્રણ ટકા ખાલી જગ્યાઓ વિકલાંગો માટે અનામત રાખવામાં આવે છે, તેમાંની 1-1 ટકા નીચેના માટે છે :
   - અંધ વ્યકિત
   - બહેરી-મૂંગી વ્યકિતઓ
   - શારીરિક ક્ષતિવાળી વ્યકિત

9) અંધ વ્યકિતઓ અખિલ ભારતીય સેવાઓ સહિતની હરીફાઇયુકત સેવાઓ માટે ભાગે લેવાની પાત્રતા ધરાવે છે.

10) નોકરીમાં નિમણૂંક માટે તેમજ સરકારી રહેઠાણ ફાળવતી વખતે વતનની નજીકની પસંદગી માન્ય રખાય છે.

11) સ્વરોજગારી માટે ધિરાણ માટે ઓછા એટલે કે માત્ર 4 ટકાના વ્યાજથી રાષ્ટ્રીયકૃત બેંન્કો ધિરાણ કરે છે.

12) ટેલીફોનબૂથ, પેટ્રોલ અને ગેસ એજન્સી વગેરે તેમને પસંદગીના ધોરણે ફાળવવામાં આવે છે.

13) અપંગ / વિકલાંગ વ્યકિતઓના સ્વરોજગાર તેમજ આર્થિક અને વિકાસોન્મુખ પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે રાષ્ટ્રીય વિકલાંગ નાણાં નિગમ ( NHFC ) સ્થાવામાં આવ્યું છે.

**વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ (સમાન તકો, હકનું રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ, 1995**

સરકારે પસાર કરેલ આ સર્વગ્રાહી કાયદો ભારતમાં વિકલાંગોને સહન કરવી પડતી વિવિધ પ્રકારની સમસ્યાઓને ઉજાગર કરે છે તેમજ પ્રગતિશીલ અને આર્થિક પ્રવૃતિ ઓના અમલ માટેનું માળખું ઉપલબ્ધ કરે છે. આપણી સંસદે આ રીતે વિકલાંગ વ્યકિતઓના શિક્ષણ અને તાલીમ સંસ્થાઓ સુધી પહોચવાના, જાહેર વાહનો પર મુસાફરી કરવાના, સંકલિત જીવન અને ભાગીદારી માટે અવરોધયુક્ત પર્યાવરણના, માહિતી અને કોમ્યુનિકેશન સુધી પહોચવાના અને તે રીતે તેમને સ્વતંત્રતા અને ગૌરવ માટેના અધિકારોને કાનૂની સમર્થન આપ્યું છે. આ કાયદો વિકલાંગ વ્યકિતને ભારતના અન્ય તમામ નાગરિકોની જેમ ભાગ લેવાના અને સમાજમાં લાભ પ્રાપ્ત કરવાની તકો માટે સમાન કક્ષાએ મૂકે છે. જુદા જુદા અવરોધો- માનસિક, શારીરિક અને સામાજિક- ને પાર કરવા માટેના રસ્તા ઉપલબ્ધ કરાયા છે. આ પહેલી જ વાર બન્યું છે કે જ્યારે વિકલાંગ વ્યકિતઓના હકના રક્ષણ માટે કાયદો ઘડવામાં આવેલો હોય. આ કાયદાની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે દર્શાવી છે :

**ક. વિકલાંગતા અટકાવવા અને તેની ઓળખ માટેનાં પગલાં :**

આ કાયદા અનુસાર સરકારે અને સ્થાનિક સત્તાતંત્રો એ :

1) વિકલાંગતાના કારણો સંબંધી મોજણી, તપાસ કે સંશોધન હાથ ધરવાં

2) વિકલાંગતા ન આવે તે માટેની પદ્ધતિઓ પ્રોત્સાહિત કરવી

3) વિકલાંગતાની વહેલી ઓળખ માટે બાળકોની તબીબી તપાસ વર્ષમાં એકવાર તો અવશ્ય કરાવવી

4) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ કર્મચારીવર્ગને તાલીમ આપવી

5) જાગૃતિ અભિયાન શરૂ કરવાં કે પ્રોત્સાહિત કરવાં

6 ) માતા અને બાળક માટે પ્રસૂતિ પહેલાં, પ્રસૂતિ દરમિયાન એ પ્રસૂતિ પછીની સંભાળ માટે પગલાં લેવાં

7) વિવિધ માધ્યમોના ઉપયોગ દ્વારા સંબંધિત મુદ્દાઓ પર સામાન્ય જનતામાં જાગૃતિ પેદા કરવી :

ખ . શિક્ષણ

આ કાયદા દ્વારા સરકારે અને યોગ્ય સત્તાતંત્રો એ :

1) વિકલાંગ બાળક 18 વર્ષનું થાય ત્યાં સુધી તેનુ શિક્ષણ સુનિશ્ચિત કરવું

2) વિકલાંગ બાળકોને સામાન્ય શાળાઓમાં વિધાર્થી ઓ સાથે ભળે તે માટે જરૂરી પગલાં લેવાં

3) વિકલાંગો માટેની ખાસ શાળાઓમાં વ્યવસાયી તાલીમ માટે વ્યવસ્થા ગોઠવવી

4) અશાયેલ બિન ઔપચારિક શિક્ષણ માટે યોજનાઓ અને કાર્યક્રમો બનાવવા. જેવા કે, ખુલ્લી શાળા,વીજાણુ માધ્યમોનો ઉપયોગ, વિશેષ પ્રકારનાં પુસ્તકો અને સાધનો, અંશકાલીન વર્ગો વગેરે

5) સહાયક પ્રયુકિતઓ, શિક્ષણ, ઉપકરણો, વિશિષ્ટ શૈક્ષણિક સામગ્રી વગેરેની સંરચના કરવા માટે સંશોધન કરવું

6) વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોને શિક્ષણ પ્રદાન કરવા માટે શિક્ષકોને તાલીમ આપવા માટે સુવિધાઓ ઊભી કરવી

7) નીચેનાઓનો સમાવેશ થાય તે પ્રકારે સર્વગ્રાહી સઘન શિક્ષણ યોજના તૈયાર કરવી :

- વાહન વ્યવહાર સુવિધા
- વિકલાંગ બાળકોના માતપિતાને નાણાકીય પ્રોત્સાહન
- મકાનોમાં જે સ્થાપત્યના અવરોધો છે તે દૂર કરવા
- પુસ્તકો અને ગણવેશપૂરાં પાડવાં
- શિષ્યવૃત્તિ મંજૂર કરવી
- વિકલાંગ બાળકોના વાલીઓ પોતાની મુશ્કેલીઓ રજૂ કરી શકે તે માટે માધ્યમ પૂરું પાડવું
- શિક્ષણની પદ્ધતિમાં યોગ્ય પરિવર્તન
- અભ્યાસની પુનઃરચના

**ગ. રોજગારી**

1) વિકલાંગ વ્યકિતઓમાટે કઇ જગ્યાઓ અનામત રાખી શકાય તે અલગ તારવવી

૨) દરેક સ્થાને વિકલાંગો માટે અનામત

૩) કોઇ કારણે અનામત જગ્યાઓ ન ભરાય તો આગળ ખેંચવી

૪) દરેક નોકરીદાતાએ તે પ્રમાણેનો રેકોર્ડ જાળવવો

૫) વિકલાંગો માટે રોજગારી સુનિશ્ચિત કરવાની યોજનામાં નીચેની બાબતો સમાવિષ્ટ છે :

- તાલીમ માટેની તકો
- ઉપરની ઉંમર મર્યાદામાં છૂટછાટ
- રોજગારીનું નિયંત્રીકરણ

- આરોગ્ય અને સલામતીના પગલાંનું સંસ્થાકીય કરણ
- પ્રયોજનના અમલ માટે સત્તાતંત્રની નિમણૂંક

**ઘ. હાકારાત્મક પગલાં**

1) વિકલાંગો માટે સાધનોની જોગવાઈ

2) વિકલાંગોને ઘરેલું ધંધો શરૂ કરવા પસંદગીના ધોરણે જમીનની સસ્તા દરે ફાળવણી માટે. ખાસ પ્રકારનાં આનંદ-પ્રમોદ કેન્દ્રો. ખાસ શાળાઓ, સંશોધન કેન્દ્રો, કારખાનાં વગેરે માટે યોજનાઓ ઘડવી.

**ચ. ભેદભાવ નાબુદી**

1) **વાહનવ્યવહાર :** રેલ્વેના ડબા, બસ, વહાણ અને વિમાનમાં પ્રવેશ માટે સુવિધા
વિવિધ પ્રકારનાં વાહનોમાં ટોઈલેટ એવી રીતે તૈયાર કરવાં કે જેથી વ્હીલચેરનો ઉપયોગ કરનાર તેનો સુવિધાજનક ઉપયોગ કરી શકે.

2) **માર્ગો ઉપર**

- અંધ વ્યકિતઓ માટે શ્રાવ્ય સિગ્નલ
- વ્હીલચેર વાપરનાર માટે ફૂટપાથમાં ઢોળાવ અને સુવિધા
- ઓછું દેખાતી કે ન દેખતી વ્યકિત માટે ઝીબ્રા ક્રોસિંગ નજીક રસ્તા ઉપર કોતરણી દ્વારા સપાટી ઉપસાવવી
- રેલવે પ્લેટફોર્મના છેવાડે ણ આવી કોતરણી દ્વારા સપાટી ઉપસાવવી
- જુદી જુદી વિકલાંગતા ધ્યાને લઇ ચેતવણી સંકેત (વોર્નિંગ સિગ્નલ) બનાવવાં.

3) **જાહેર મકાનો ઉપર**

- ઢોળાવવાળા માર્ગ બનાવવા
- વ્હીલચેર વાપરનારા માટે ટોઇલેટમાં ફેરફાર કરવા
- બ્રેઇલ ભાષામાં પ્રતિક શ્રાવ્ય સિગ્નલ

4) **બઢતી**

- જે કર્મચારીને નોકરી દરમિયાન જ વિકલાંગ થાય તો તેને એ કારણે છૂટી કરી શકાશે નહી અથવા નીચી પાયરીએ ઉતારી શકાશે નહિ.
- તેની વિકલાંગતાના મુદ્દે જ તેને બઢતી આપવાનો ઇનકાર કરી શકાશે નહિ.

**છ) સામાજિક સલામતી :**

સરકાર અને સ્થાનિક તંત્ર પોતાની આર્થિક શકિતની મર્યાદામાં નીચેના બાબતો હાથ પર લેશે :

- તમામ વિકલાંગ વ્યકિતઓનું પુનઃસ્થાપન
- બિન સરકારી સંગઠનોને આર્થિક સહાય
- બિન સરકારી સંગઠનોને જેઓ વિકલાંગતાના ક્ષેત્રે કાર્ય કરતાં હોય તેમની સાથે, નવી નીતિ ઘડતી વખતે પરામર્શ
- વિકલાંગ કર્મચારીઓ માટે વીમા યોજના ઘડવી
- વિકલાંગો માટેની ખાસ રોજગાર કચેરીમાં બે વર્ષથી વધુ સમય માટે નોંધાયેલા અને કોઈ લાભદાયી રોજગારીમાં નહિ ગોઠવી શકાયેલ બેરોજગાર વિકલાંગ વ્યક્તિઓને માટે પેન્શન ચૂકવવા યોજના ઘડવી.

**અમલ માટેનું તંત્ર**

આ કાયદાની જોગવાઇઓનો અમલ જાગૃત અને કરુણા ભાવિ નાગરિકોની સહાયથી જ થવાનો છે.

આમ છતાં નીચેની કેટલીક બાબતો સૂચવાઇ છેઃ

ક) વિકલાંગો, બિનસરકારી સંગઠનો, જાણીતી વ્યકિતઓના યોગ્ય સહયોગ રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ સંકલન સમિતિઓ બનાવવી

ખ) વિકલાંગ વ્યકિતઓને આ કાયદા સંબંધી વિસ્તૃત જાણકારી આપવી અને પરામર્શ કામગીરીમાં તેમને આયોજકો અને ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપલબ્ધ કરનારાઓ સાથે સામેલ કરવા

ગ) કાયદો વિકલાંગતાને નાગરિક તરીકે જુએ છે, નહિ કે માત્ર કંઇ લેનાર તરીકે.

ઘ) સમાજની બધીજ પ્રવૃત્તિઓમાં વિકલાંગ વ્યકિતઓના વધુ ને વધુ સહયોગને પ્રોત્સાહિત કરીને કાયદો તેમને નિશ્ચયાત્મક અને ઉત્પાદક કરનાર તરીકે જુએ છે, નહિ કે માત્ર કંઇ લેનાર તરીકે.

ચ) વિકલાંગોની વિધેયાત્મક પ્રતિભા માધ્યમો મારફતે ઉપસાવવી જોઇએ.

**સારાંશ :**

ભારતના દર દશ નાગરિકે એક નાગરિક એક યા બીજા પ્રકારની વિકલાંગતા ધરાવે છે. આટલી મોટી સંખ્યાના લોકોને માત્ર દયા-દાન અને ઉપેક્ષાભાવ ઉપર છોડી દઇશું તો વિધેયાત્મક રીતે ભાગીદાર થવાની તેમની ક્ષમતાને આપણે અવગણીએ છીએ. પરિણામે તેઓ કાયમ પોતાની નીચી આત્મ-ગૌરવની લાગણી સાથે કોઇ ખૂણેખાંચરે પડી રહેવા મજબૂર બ ıશે. તેઓ આપણા મિત્રો છે, સંબંધીઓ છે, આપણા ભાઈઓ છે, આપણાં સંતાનો છે. તે આપણે જ છીએ. આવો ! તેમના સુધી પહોંચીએ અને સૌ સાથે જ ન્યાયી અને સમાન તરફ આગળ વધીએ.

**વ્યાખ્યા**

| | | |
|---|---|---|
| **વિકલાંગતા** | : | નીચેના પૈકી કોઇપણ પરિસ્થિતિમાં હોવું તેમા સમાવિષ્ટ છે :<br>1) અંધત્વ<br>2) ઓછું દેખાવુ / આછી દૃષ્ટિ<br>3) કુષ્ટરો ।થી સાજા થયેલ<br>4) બહેરાશ<br>5) શારીરિક અશકતતા / ઢીલાપણુ<br>6) માનસિક પછાતપણું<br>7) માનસિક બિમારી |
| **અંધત્વ** | : | અંધત્વમાં કોઇપણ વ્યકિત નીચે પૈકીની પરિસ્થિતિથી પીડાતો હોય :<br>તદ્દન દૃષ્ટિહીનતા અથવા વધારે સારી દેખાતી અને યોગ્ય ચશ્મા કઢાવ્યા બાદ પણ, 6/ 60 કે 20/ 2000 સ્નેગલથી વધુ નહિ તેવી દૃષ્ટિ અથવા ૨૦ અંશ કે વધારે ખૂણે દૃષ્ટિની ક્ષેત્ર મર્યાદા |
| **ઓછી દૃષ્ટિ** | : | કોઇ વ્યકિતની દૃષ્ટિ ઓછી છે એટલે કે તે વ્યકિત તબીબી અધિકારીએ પ્રમાણિત કર્યા મુજબની 40 ટકાથી ઓછી નહી તેટલી ક્ષતિથી પીડાય છે. |
| **કુષ્ટરોગમાંથી સાજા થયેલ** | : | કુષ્ટરોગમાંથી સાજી થયેલ વ્યકિત એટલે એવી વ્યકિત જે કુષ્ટરોગમાથી તો સાજા થઇ છે, પરંતુ તેના હાથ કે પગમાં પણ સ્પર્શ-સંવેદના તેમજ પેરીસીસ જણાય છે. જે એક પ્રકારના દેખાવ-આકારમાંના ફેરફારમાં વ્યકત થાય છે. જો કે આવા દેખાવ-આકારમાં ફેરફારમાં હલન-ચલન હોય છે, જેનાથી તેઓ સામાન્ય આર્થિક પ્રવૃત્તિમાં જોડાઇ શકે છે. જો આવી શારીરિક ખોડ આત્યંતિક પ્રકારની હોય અને ઉંમર પણ મોટી હોય જેને કારણે તેઓ કોઇ લાભદાયી વ્યવસાય હાથ ધરી શકે તેમ ન હોય તો કુષ્ટરોગમાંથી સાજા થયેલ શબ્દોનો અર્થ તે સંદર્ભ સમજાવો |
| **બહેરાશ** | : | સાંભળવામાં તકલીફ એટલે સારા કાનમાં 60 ડેસીબલ કે તેથી વધુ સાંભળવાની ક્ષતિ (વાતચીતના ફ્રીકવન્સી ક્ષેત્રમાં) |

| | |
|---|---|
| **શારીરિક અશક્તતા** | : શારીરિક અશક્તતા એટલે હાડકાં, સાંધા અગર સ્નાયુઓમાં અશક્તતા, જેને કારણે શરીરના અવયવોના હલનચલનમાં નિયંત્રણો આવે છે. |
| **માનસિક પછાતપણું** | : માનસિક પછાતપણું એટલે એવી સ્થિતિ જેમાં વ્યકિતનું મન સ્થગિત થઇ ગયું હોય અથવા તેનો વિકાસ અટકી ગયો હોય. તેને કારણે બુદ્ધિ સામાન્ય કરતાં ઓછી હોય. |
| **માનસિક રોગ/બીમારી** | : માનસિકરોગ એટલે માનસિક અવ્યવસ્થા, જે માનસિક પછાતપણા કરતાં અલગ જ પ્રકારની હોય. |
| **વિકલાંગ વ્યકિત** | : વિકલાંગ વ્યકિત એટલે એવી વ્યકિત જે તબીબી અધિકારએ પ્રમાણિત કર્યા મુજબ કોઇપણ પ્રકારની વિકલાંગતા ૪૦ ટકાનો ભોગ બનેલીહોય. |
| **વિકલાંગ વ્યકિતઓ માટેની સંસ્થા** | : વિકલાંગ વ્યકિતઓ માટેની સંસ્થા એટલે વિકલાંગ વ્યકિતઓ માટે સ્વીકાર, સંભાળ, રક્ષણ, શિક્ષણ, તાલીમ, પુનઃ સ્થાપન અથવા અન્ય સેવા પૂરી પાડતી સંસ્થા. |
| **પુનઃ સ્થાપન** | : પુનઃસ્થાપન એટલે વિકલાંગ વ્યકિતને તેમની અધિકતમ શારીરિક, ઇન્દ્રિયજન્ય, બૌદ્ધિક,મનોચિકિત્સા વિષયક, અથવા સામાજિક બાબતોને કાર્યાત્મક કક્ષાએ પહોચાડવા અને નિભાવવા માટેની પ્રક્રિયા |
| **ખાસ રોજગાર કચેરીઓ** | : ખાસ રોજગાર કચેરીઓ એટલે એવી કચેરી કે જગ્યા જે સરકાર દ્વારા, રજિસ્ટરો નિભાવીને કે અન્ય રીતે માહિતી એકત્ર કરવા અને પૂરી પાડવા માટે સ્થાપવામાં કે નિભાવવામાં આવતી હોય. આ માહિતી,<br>(1) એવી વ્યકિતઓ કે જે વિકલાંગતા ધરાવતા હોય તે પૈકી કોઇને નોકરીએ રાખવાની ઇચ્છા ધરાવતા હોય અને<br>(2) એવી વિકલાંગ વ્યકિતઓ જેઓ નોકરી શોધે છે અને<br>(3) એવી ખાલી જગ્યાઓ જ્યાં વિકલાંગ વ્યકિતઓને નોકરીએ રાખી શકાય.<br>ને લગતી હોય છે. |

**વૃદ્ધ વ્યકિતઓના હક :**

આપણા દેશમાં અત્યારે 7 કરોડ એવી વ્યકિતઓ છે, જો 60 વર્ષ કે વધુ વયની છે. એવો અંદાજ લગાવાઇ રહ્યો છે કે આવતાં 20 વર્ષમાં આ સંખ્યા 15 કરોડની થશે. વળી , જીવનનો આઠમો કે નવમો દશકો ધરાવતી વ્યકિતઓની સંખ્યા પણ વધતી જવાની છે. કોઇપણ સમાજને પોતાની આટલી મોટી સંખ્યાની વસતિને અવગણવાનું પોસાઇ શકે નહિ. પરંપરાગત રીતે, વૃદ્ધ વ્યકિતઓ કુટુંબમાં વડિલ ગણાય છે અને તેમના પરિવારો દ્વારા તેમની સંભાળ લેવાતી હોય છે. પરંતુ હવે આવું ખાસ રહ્યુ નથી. વિભક્ત કુટુંબના પ્રાદુર્ભાવ અને તૂટતાં જતાં સંયુક્ત કુટુંબોને કારણે વૃદ્ધ વ્યકિતઓનું જીવન હવે સુવિધાપૂર્ણ કે સલામત રહ્યું નથી. જ્યારે કુટુંબ આ જવાબદારી અદા કરવા માટે આગળ આવતું નથી ત્યારે એ જવાબદારી સમાજની બને છે, રાષ્ટ્રની બને છે કે તે પડકાર ઉપાડી લે. જ્યાં સુધી તેમના વૃદ્ધવડિલોની યોગ્ય સંભાળ ન લઇ શકાય ત્યાં સુધી કોઇ વ્યકિત સુખી રહી શકે નહિ. વૃદ્ધ લોકોના કલ્યાણ માટે કાયદાની કેટલીક જોગવાઇઓ અને યોજનાઓ ઉપલબ્ધ છે.

**૧. સંવૈધાનિક સુરક્ષા**

- અનુસૂચિ 3 ની ત્રીજી યાદીમાં 24 નંબર ઉપર દર્શાવેલ કલમ કામકાજની પરિસ્થિતિ, ભવિષ્યનિધિ, કામદારોની અશક્તતાની પરિસ્થિતિ માટેની જવાબદારી અને વૃદ્ધ પેન્શન સંબંધી નિર્દેશ કરે છે.
- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 41 વૃદ્ધાવસ્થા દરમિયાનની સલામતીને ઉજાગર કરે છે.
- રાજય યાદીના વિષયોમાં બાબત નં 9 અને સંયુક્ત યાદીના વિષયમાંથી બાબત નંબર 20,23 અને 24માં પેન્શન, સામાજિક સલામતી અને સામાજિક વીમો તેમજ વૃદ્ધો માટે સામાજિક અને આર્થિક આયોજનના મુદ્દા છે.
- જેમની પાસે નિભાવનું કોઇ સાધન નથી એવા માત-પિતાના અધિકારોમાં તેમનાં બાળકોએ તેમને ટેકો પૂરો પાડવો એવો સ્વીકાર ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ 125માં છે.

- હિંદુ દત્તક વિધાન અને નિભાવ અધિનિયમ, 1956ની કલમ 20 પોતાના બાળકો પાસેથી પોષણ મેળવવાના માતા-પિતાના અધિકારને સ્વીકારે છે.
- હિમાચલ પ્રદેશ અને મધ્યપ્રદેશની સરકારએ તેમનાં બાળકોએ માતાપિતાને નિભાવ અંગેનો વિધેયક પસાર કર્યો છે.

**2. સરકારે શરૂ કરેલા પગલાં**

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે વૃદ્ધજનોની વિશેષ સંભાળ અને કલ્યાણ માટે કેટલાંક પગલાં લેવાનું શરૂ કર્યું છે :

**ક) વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિ**

વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિની ઘોષણા ૧૯૯૯માં કરવામાં આવી. આ નીતિમાં, વૃદ્ધજનોના કલ્યાણ સંબંધી જેમાં રાજ્યનું ધ્યાન જવું જરૂરી છે એવાં સંખ્યાબંધ નીચેના ક્ષેત્રો નક્કી કર્યા છે.

1) નાણાકીય સલામતી

2) આરોગ્ય સંભાળ અને રક્ષણ

3) આશ્રય સ્થાન

4) શિક્ષણ

5) કલ્યાણ

6) સલામતિ

આ નીતિમાં વૃદ્ધજનોની પરિસ્થિતિમાં સુધારા લાવવા માટે બિન- સરકારી સંગઠનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ઉપરાંત આ બાબતે તે પરિવારની ભૂમિકાની અગત્ય પર પણ પર ભાર મૂક્યો છે.

**ખ) વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય પરિષદ ( NCOP )**

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે વૃદ્ધજનો માટેની નીતિને અમલમાં મૂકવા માટે, વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય પરિષદની રચના કરી છે. વૃદ્ધજનો બાબતમાં આ પરિષદના હેતુઓ નીચે પ્રમાણે છે :

1) સરકારે નીતિ અંગે અને કાર્યક્રમો અંગે સલાહ આપવી.
2) જુદા જુદા કાર્યક્રમોના અમલ અંગેના પ્રતિભાવો ઉપલબ્ધ કરવા.
3) જુદી જુદી સંબંધિત તમામ ફોરમોમાં વૃદ્ધજનો માટે શ્રેષ્ઠ હિતોની હિમાયત કરવી.
4) જે વૃદ્ધજનો ઓછા લાભાયિત છે તેમની ફરિયાદોના નિકાલ માટે રાષ્ટ્રીય કક્ષાએ કોઇ મંચ ઊભો કરવો.
5) સરકારમાં તેમજ ખાનગી ક્ષેત્રમાં વૃદ્ધજનો માટે રાહત, વળતર, ઘટાડેલા ભાવ વગેરે માટે સતત પેરવી કરવી.
6) વૃદ્ધજનોના એકત્રિત અભિપ્રાયની રજૂઆત કરવી.
7) વૃદ્ધ વયને ઉત્પાદક બનાવવા માટે પગલા સૂચવવાં.
8) બે પેઢી વચ્ચેના સંબંધોને સુધારવા માટે લેવાનાં થતા પગલાં સૂચવવાં
9) વૃદ્ધજનોના કલ્યાણની બાબતને આગળ ધપાવવા માટે અન્ય જે કંઇ પ્રવૃત્તિ હોય તે હાથ ધરવી

**ક) વૃદ્ધાવસ્થા અને આવકની સલામતી**

સમાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે 'વૃદ્ધત્વ સામાજિક અને આર્થિક પ્રયોજના' નામે એક યોજના પ્રારંભ કરેલ છે. આ પ્રયોજના નીચે એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિએ જે અહેવાલ રજૂ કરેલ છે, તે ઉપલબ્ધ આવક સલામતિ, વ્યાપનો વિસ્તાર, મળતરના દરમાં વૃદ્ધિ, જાહેર ભવિષ્યનિધિ યોજના, જીવન વીમા યોજના, યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા વગેરેની ગ્રાહક સેવાઓમાં સુધારણા વગેરે મુદ્દાઓને આવરી લેવામાં આવેલ છે. આ સમિતિ, અસ્થાયી મજુરો, સ્વ-રોજગારી મેળવતા લોકો, ખેડુતો વગેરે જેઓ સરકારી યોજનાઓ નીચે આવરી લેવાયેલ નથી તેમના માટે ભવિષ્યનિધિ યોજના જેવી કોઇ યાજના ઘડવાનું આયોજન કરી રહેલ છે.

**ડ) બિનસરકારી સંગઠનો ( NGO) ને સાંકળવા**

સરકાર, બિનસરકારી સંગઠનો (NGO)ને સાંકળીને આ પ્રશ્ને જાગૃતિ વધારવા માગે છે. વૃદ્ધજનોના ગૃહો (વૃદ્ધાશ્રમો), દિન સંભાળ સેવાઓ અને અન્ય આવશ્ક સેવાઓ વૃદ્ધજનોને ઉપસ્થિત કરવાની પ્રયોજનાઓ માટે આ બિનસરકારી સંગઠનોને કુલ પ્રયોજના ખર્ચના ૯૦ ટકા સુધીની રકમ અનુદાન તરીકે ચૂકવવામાં આવે છે.

**3. વૃદ્ધ પેન્શનના લાભ અને અન્ય વિશેષ હક**

● **રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના :** વૃદ્ધજનોને નીચેની શરતોએ કેન્દ્રીય સહાય ચૂકવવામાં આવે છે.

1) વૃદ્ધ પુરુષ કે સ્ત્રી અરજદારની ઉંમર 65 વર્ષ કે તેથી વધુ હોવી જોઇએ .

2) અરજદારને પોતાના પરિવારના સભ્યો તરફથી કે આવકના અન્ય સ્રોતમાંથી નિયમિત નિભાવ થતો હોવો ન જોઇએ.

6) વૃદ્ધ પેન્શનની રકમ માસિક 75/-ના દરે ઉપલબ્ધ કરાય છે.

● **વિધવાઓ માટે રાજ્યોમાં પેન્શન :** કેટલાંક રાજ્યોએ વિધવાઓ માટે પેન્શનની ખાસ જોગવાઇ કરેલ છે.

1) **મહારાષ્ટ્ર :** જો કોઇ સ્ત્રી વિધવા હોય અને તેને એક કે વધુ બાળકો 18 વર્ષથી નીચેની વયનાં હોય તો તેને માસિક રૂા.250/-ના દરે પેન્શન ચૂકવાય છે.

2) **કર્ણાટક :** ઉંમરના કોઇપણ બાધ વિના તમામ વિધવાઓને માસિક રૂા.75/-ના દરે પેન્શન ચૂકવાય છે.

3) **પશ્ચિમ બંગાળ :** ગરીબી રેખા નીચે જીવતી વિધવાઓને માસિક રૂા. 150/-ના દરે પેન્શન ચૂકવાય છે.

4) **કેરલા :** નિરાધાર છે તેવી વિધવાઓ માટે માસિક રૂા.110/-ના દરે પેન્શન ચૂકવાય છે. ઉંમરનો કોઇ બાધ નથી

● **મફત આહાર માટેની જોગવાઇ :**

સરકારે અન્નપૂર્ણા નામની યોજના શરૂ કરી છે. તેની નીચે પાત્ર હોવા છતાં મળતું ન હોય અથવા જેમની પાસે નિભાવનું કોઇ સાધન નથી વૃદ્ધજનને માસિક 10 કિ.ગ્રામના હિસાબે અનાજ મળે છે.

● **કરવેરા :** વયસ્ક વૃદ્ધજનો ( જેમણે 65 વર્ષની ઉંમર સંબંધિત આગલા વર્ષે પૂરી કરી છે તેમને) આવકવેરામાં રાહત આપવા માટેની યોજનાઓ છે. કલમ-88 બી નીચે નીચેના દરે પસંદગીના ધોરણે ચૂકવાય છે :

- કોઇપણ રાહત આપતા પહેલા, કલમ- 88,88-બી નીચે અને/અથવા
- રૂા.10,000/-અથવા 40 ટકા પૈકી જે ઓછું હોય તે.

આ ઉપરાંત તબીબી વીમાના પ્રીમિયમ અને તબીબી સારવાર અંગે કપાત ( કલમ-૮૦-ડી, કલમ-૮૦-ડીડીબી, આવેકવેરા અધિનિયમ) હેઠળ વળતર માટેની જોગવાઇ છે.

● **વીમા યોજના**

વૃદ્ધજનોને, જ્યારે તેમની પાસે નિભાવનું કેઇ સાધન ન હોય અથવા તદ્દન નજીવું સાધન હોય ત્યારે તેમને તે ઉપલબ્ધ કરવા કેટલાક નીચેની વીમો યોજનાઓ છે :

1) જીવનધારા

2) જીવન સુરક્ષા

3) બિમા નિવેશ

4) વૃદ્ધજનો માટેનો યુનિટ પ્લાન

5) તબીબી વીમા યોજના

6) જૂથ તબીબી વીમા યોજના

7) જન આરોગ્ય

● **મુસાફરી**

1) **રસ્તા માર્ગે :** રાજ્ય સરકારોની વૃદ્ધજનોને રાજ્ય સરકાર સંચાલિત પરિવહન યોજના દ્વારા બસમાં મુસાફરી મોટે રાહત દરે મુસાફરીની અને આરક્ષણની જોગવાઇ છે. આ માટે દરેક રાજ્યોએ પોતાના નિયમો મુકરર કરેલા છે.

2) **રેલ્વે માર્ગે :** ભારતીય રેલવેએ રાજધાની કે સતાબ્દી એક્સપ્રેસ સહિતની તમામ ટ્રેનોમાં તમામ વર્ગોમાં 65 વર્ષથી વધુ વયના નાગરિકો માટે મુસાફરી કરવા માટે 30 ટકા રાહત ઉપલબ્ધ કરેલ છે.

3) હવાઈ માર્ગે :ઇન્ડિયન એર લાઇન્સે તેમના ઇકોનોમી કલાસમાં, પુખ્તવયના મુસાફરી ભાડામાં 65 વર્ષથી વધુ વયના નાગરિકો માટે હવાઈ માર્ગે મુસાફરી માટે ,50 ટકા રાહત જાહેર કરેલ છે, જેટ એરવેઝ તેમનાં વિમોમાં 62 વર્ષ પૂરા કર્યાં હોય તેવા વૃદ્ધ નાગરિકોને ભાડામાં રાહત આપે છે.

● ખાસ કાઉન્ટર :

1) **રેલ્વે ટિકિટ માટે બુકિંગ :** જો ટીકીટ માટે ભારે ઘસારો હોય ( એટલે કે શીફ્ટમાં 120 કરતાં વધુ ટિકિટ માટે માગણી હોય ) તો વૃદ્ધજનો માટે અલાયદા કાઉન્ટર ઉપલબ્ધ કરાય છે.

2) **આવેકવેરાનાં રીટર્ન :**

ક) વૃદ્ધજનો માટે અલાયદાં કાઉન્ટર ઉપલબ્ધ કરાય છે.

ખ) જો વૃદ્ધજનો પોતે જ આકરણી માટે રૂબરૂ આવે તો તરત જ આકરણી માટેની સુવિધા ઉપલબ્ધ કરાય છે.

3) **અન્ય પ્રસંગોએ :** વૃદ્ધજનોને તેમના ટેલિફોન બિલની ચુકવણી માટે, વિજળી, પાણી કે મિલકત વેરાના બિલની ચુકવણી માટે સરળતા કરવા રાજ્યોએ ખાસ જોગવાઇ કરેલ છે. હવે ટો ઇ-ગવર્નનસ અને ઇ-કોમર્સ શરૂ થતાં હવે આપણે આશા રાખીએ કે સ્માર્ટ કાર્ડના ઉપયોગથી લાંબી લાઇનો ક્યારેક તો સદંતર દૂર થશે જ.

**● વૃદ્ધાશ્રમો**

જે વૃદ્ધજનોને પોતાની મેળે પોતાને રહેવા માટેની સાધન- સુવિધા નથી તેમના માટે જ ખાસ રહેવાની સુવિધા આ વૃદ્ધાશ્રમોમાં છે. આજે દેશભરમાં 748 વૃદ્ધાશ્રમો છે. મોટાભાગના વૃદ્ધાશ્રમો અંતેવાસીઓને વિનામૂલ્યે રાખે છે કેટલાંક વૃદ્ધાશ્રમોમાં રહેવા માટે ચુકવણી કરવી પડતી હોય છે.

**● અન્ય સુવિધાઓ :**

વૃદ્ધજનોને અન્ય કેટલીક સેવાઓ અને પ્રક્રિયોઓમાં પસંદગીયુકત સેવાઓ ઉપલબ્ધ કરાય છે. જેમ કે, ટેલિફોન જોડાણ મેળવવું, કોર્ટમાં ચાલતા કેસોનો ઝડપી નિકાલ, બેન્ક સેવાઓ વગેરે. આમાં જરૂરિયાત છે જાણકારી મેળવવાની. જેઓ પોતે જાણે છે તેઓએ અન્યોને પણ પોતાની જાણકારી ફેલાવવી જોઇએ

**● હેલ્પલાઇન (ત્વરિત મદદ સેવા)**

દિલ્હી સ્થિત એક બિનસરકારી સંગઠન 'એજવેલ' ( AgeWell )ને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય નાણાકીય સહાય આપે છે, તેણે વૃદ્ધજનો માટે 'હેલ્પ લાઇન' સેવા શરૂ કરેલ છે. " આધાર" નામનું એક કેન્દ્ર પણ, વૃદ્ધજનો તેમની સમસ્યાઓ રજુ કરે તેને સાંભળી / સ્વીકારીને યોગ્ય રીતે તેનો નિકાલ કરે, તે હેતુથી સ્થાપવામાં આવ્યું છે.

દિલ્હી સ્થિત હેલ્પ લાઇનનાં ટેલિફોન નંબરો છે:

011-6836486

011-6910484

**● વૃદ્ધજનો માટેનાં સામાયિક**

નીચેનાં બે સામાયિક ખાસ વૃદ્ધજનો જ પ્રસિદ્ધ કરવામાં આવે છો:

| | | |
|---|---|---|
| ક) | ડીગ્નીટી ડાયલોગ<br>Dignity Dialogue | પ્રસિદ્ધકર્તા :<br>DignityDialogue :બી.એમ.સી. સ્કુલ બિલ્ડીંગ, ટોપીવાલા ગલી, લેમિંગ્ટન રોડ સામે, ગ્રાન્ટ રોડ (ઇ), મુંબઇ -૪૦૦ ००७ |
| ખ) | સિનિયર હેરીટજ સિલેકશન્શ<br>Senior Heritage Selections | પ્રસિદ્ધકર્તા<br>Senior Heritage Selections, Heritage Medical Centere, 7-1-59/4&8, Ameer Peth, Hyderabad- 500016. |

● સારાંશ

વૃદ્ધજન માટેની આયુ-મર્યાદામા આવતા લોકોએ સરકારે શરૂ કરેલ કલ્યાણકારી પગલાં વિશે અધતન જાણકારી મેળવવી જોઇએ. નાગરિક તરીકે આપણો એ નિર્ધાર હોવો જોઇએ કે માહિતી, આપણી આજુબાજુના નિરક્ષરો અને નિરાધારો સુધી પહોંચે. તેમની વ્યથાઓને સાચો અને શ્રેષ્ઠ ઉપાય તો એ છે કે તેમના

**તેમનું રક્ષણ કરો (કાર્યપોથી)**

પરીવારો કે કુટુંબમાં તેમની સારી સાર-સંભાળ. રાજ્યના પ્રયાસો ગમે તેટલા શ્રેષ્ઠ હોય તો પણ કુટુંબના સમર્થનમાં રહેલી ઉષ્મા, સલામતી અન આત્મીયતા પર્યાય બની શકે નહિ. શા માટે નહિ ? આપણે શા માટે એવા દૃષ્ટાંતો બનાવીએ ? આપણે સૌ ક્યારેક વૃદ્ધ અને અશક્ત નથી બનવાના ?

| જુદાં જુદાં રાજ્યો દ્વારા ચુકવવમાં આવતું વૃદ્ધ પેન્શન | | |
|---|---|---|
| રાજ્યનું નામ | પેન્શન ચૂકવણીનો દર(માસિક રૂપિયા) | પેન્શન મેળવવા માટે ન્યુનતમ વય (વર્ષ) |
| આંધ્રપ્રદેશ | 75 | 65 |
| અરુણાચલપ્રદેશ | 150 | 60 |
| આસામ | 60 | 65(પુ)<br>60(સ્ત્રી) |
| બિહાર | 100 | 60 |
| ગુજરાત | 200<br>275 | 60 થી 65<br>65 વર્ષ પછી |
| હરિયાણા | 100 | 60 |
| હિમાચલ પ્રદેશ | 150 | 60 |
| જમ્મુ- કાશમીર | 125 | 60 |
| કર્ણાટક | 100 | 65 |
| કેરાલા | 110 | 65 |
| મધ્યપ્રદેશ | 150 | 65(પુ)<br>50(સ્ત્રી) |
| મહારાષ્ટ્ર | 100 | 60(પુ)<br>50(સ્ત્રી) |
| મિઝોરમ | 100 | 65(પુ)<br>60(સ્ત્રી) |
| ઓરિસ્સા | 100 | 65 |
| પંજાબ | 200 | 65(પુ)<br>60(સ્ત્રી) |
| રાજસ્થાન | 200 | 58(પુ)<br>55( સ્ત્રી) |
| તામિલનાડુ | 150 | 60 |
| ઉત્તર પ્રદેશ | 125 | 60 |
| પશ્ચિમ બંગાળ | 300 | 60 |
| ચંદીગઢ | 200 | 65(પુ)<br>60(સ્ત્રી) |
| દિલ્હી | 200 | 60 |

સ્રોતઃ હેલ્પેજ ઇન્ડિયા

નોંધ : જુદાં જુદાં રાજ્યો દ્વારા ચુકવાતા પેન્શનની રકમની આ માહિતી કેટલાંક વર્ષો જૂની છે. તેમાં વખતોવખત ફેરફાર થયા હોવાની શક્યતા છે.

**માનસિક રીતે બામાર વ્યકિતના હક**

આપણે જે સમાજમાં રહિએ છીએ તે બધા માટે સમાન નથી. જ્ઞાતિ, જાતિ, અશક્તતા, વિકલાંગતા, બિમારી, ઉંમર કે આર્થિક પછાતપણાને કારણે ભેદભાવ અસ્તિત્વમાં છે. જો વ્યકિતઓ શરીરે સશક્ત છે અને મનના મજબૂત છે તેઓ પોતાનો રોષ ઠાલવી શકે છે, તેમજ કાનૂન કે સમગ્ર સમાજનું ધ્યાન પણ ખેચી શકે છે, પરંતુ જેઓ માનસિક રીતે બીમાર છે તેમનુ શું ? શું તેઓ મૃત વ્યકિતઓથી પણ બદતર હાલતમાં નથી ? તેમની સાર- સંભાળ કોણ લે છે.? તેઓ જે પરિવારમાં જન્મ્યા છે તેઓ પણ તેને

અનેક પ્રકારે તરછોડે છે અને માફ નકરી શકાય તેવા નશીબનો ભોગ બનવા તેમને ધકેલે છે. માનસિક રોગવાળી વ્યક્તિઓને આપણી સાર-સંભાળ અને દેખરેખની જરૂર છે. આમ તો કુટુંબ તેમને ટેકો આપવા માટે શ્રેષ્ઠ રીતે સુસજ્જ છે. તેમ છતાં, દરેક નાગરિકની પણ એ ફરજ છે કે આવી વ્યક્તિઓને મદદ અને સહાય કરે, સરકારે તો કેટલીક જોગવાઇઓ ઉપલબ્ધ કરી છે અને આપણને તેની જાણ કરી હોવી જોઇએ, જેથી કરીને આવી વ્યક્તિઓને આપણે મદદ અને સહાય પૂરી પાડી શકીએ.

**સંબંધિત કાયદા**

**ભારતીય પાગલપણા અધિનિયમ, 1912 (ઇન્ડિયન લ્યુનસી એક્ટ)**

**માનસિક આરોગ્ય અધિનિયમ ( ધ મેન્ટલ હેલ્થ એક્ટ, 1987.)** આ કાયદો, અગાઉના કાયદામાં, માનસિક રીતે બીમાર વ્યક્તિની સારવાર અને સંભાળની જે જોગવાઇઓ હતી તેને સુધારી, સંકલિત કરી, આવી વ્યક્તિઓની મિલકત, વ્યવહારો અને અન્ય સંબંધિત બાબતો પરત્વે વધુ સારી જોગવાઇઓ ધરાવે છે.

માનસિક સ્વાસ્થ્ય સેવાઓને કેન્દ્ર કક્ષાએ અને રાજ્યોમાં નીચેની હેતુઓ સત્તાતંત્રો સ્થાપવામાં આવ્યા છે:

ક) માનસિક સ્વાસ્થ્ય સેવાઓને નિયંત્રિત કરવી, વિકસાવવી, દોરવણી આપવી અને સંકલિત કરવી.

ખ) મનોચિકિત્સા હૉસ્પિટલો અને અન્ય માનસિક સ્વાસ્થ્ય સેવાઓ આપતી એજન્સીઓનુ નિરક્ષણ કરવું, દેખરેખ રાખવી

ગ) માનસિક સ્વાસ્થ્ય સેવાઓ પરત્વે સરકારને સલાહ આપવી.

ઘ) સરકાર સૂચવે તે અન્ય કોઇપણ કાર્યવાહી બજાવવી.

**માનસિક રીતે બિમાર વ્યકિતઓને મનોચિકિત્સા હૉસ્પિટલોમાં પ્રવેશ અને રોકાણ**

સરકાર દ્વારા માનસિક રીતે બીમાર વ્યક્તિઓની સંભાળ અને સારવાર માટે મનોચિકિત્સા હૉસ્પિટલો નિભાવવામાં આવે છે. નીચેના માટે ખાસ પ્રકારની હોસ્પિટલો સ્થાપવામાં આવી છે :

ક) 16 વર્ષથી નીચેના વયની વ્યક્તિઓ

ખ) વ્યક્તિઓના વર્તનમાં પરીવર્તન લાવે તેવા પ્રકારના મધ કે અન્ય માદક દ્રવ્યોના વ્યસનમાં ફસાયેલા લોકો

ગ) જે વ્યક્તિઓ કોઇ ગુના માટે કસૂરવાર ઠરાવાઇ હોય.

**પ્રવેશ અને રોકાણ માટેની પદ્ધતિ**

**સ્વૈચ્છિક રીતે :**

1) કોઇ વ્યક્તિ જે પોતાને માનસિક રીતે બીમાર સમજતા હોય તેઓ મનોચિકિત્સા હૉસ્પિટલોમાં સ્વેચ્છાએ પ્રવેશ લઇ શકે છે.

2) કોઇ સગીર વયની માનસિક રીતે બીમાર વ્યક્તિ તેના/તેણીના વાલી મનોચિકિત્સા હૉસ્પિટલમાં વિનંતી કરીને અને તેનો હવાલો ધરાવતા તબીબી અધિકારીની સંમતિ મેળવીને દાખલ કરી શકે છે.

**માનસિક રીતે બિમાર વ્યકિત કાયદાની સાર- સંભાળ હેઠળ હોય ત્યારે**

1) દરેક પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારને પોતાની જવાબદારીવાળા વિસ્તારમાં કોઇ વ્યક્તિ આમતેમ રખડતી જણાય અને તેને એમ માનવાને કારણ હોય કે આ વ્યક્તિ માનસિક રીતે બિમાર છે /પોતાની જાતે પેતાની સંભાળ લેવા માટે અશક્ત છે તો તે તેને સુરક્ષા હેઠળ લેશે.

2) પોલીસે આરીતે અટકાયત કરેલ વ્યક્તિને તેને માટેનાં કારણો જણાવવાં જોઇએ અને જો તે વ્યક્તિ તે ને સમજી શકે તો તેના સંબંધીઓ કે મિત્રો ને જાણ કરવી જોઇએ.

3) આવી વ્યક્તિને પોલિસે અટકાયતમાં લીધા પછી 24 કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઇએ.

4) મેજિસ્ટ્રેટે તે વ્યક્તિની સમજવાની શકિત અંગે સમિક્ષા કરશે/તપાસ કરશે.

5) આ વ્યક્તિની તબીબી અધિકારી તપાસ કરશે.

6) તબીબી અધિકારીના પ્રમાણપત્રના આધારે અને મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસ્તુત વ્યક્તિની તેમજ તેની આજુબાજુનાની સલામતી ધ્યાને લઇને તે વ્યક્તિની અટકાયત માટેનો આદેશ જારી કરશે.

7) તે પછી માનસિક રીતે બીમાર વ્યક્તિને મનોચિકિત્સા હૉસ્પિટલે લઇ જવાશે.

8) સગા-સંબંધીઓ કે મિત્રો યોગ્ય જામીનગીરી સાથે કે તે વિનાનું બોન્ડ રજૂ કરી, તે વ્યક્તિની સંભાળ રાખવાની ખાતરી આપશે તેમજ પોતાની જાતને કે અન્યને તે નુકસાન પહોંચાડે તેની ખાતરી આપશે તો મેજિસ્ટ્રેટ તે વ્યક્તિને તેના સગા-સંબંધીઓને કે મિત્રોને સોપવાનો હુકમ કરી શકે.

9) અહેવાલ ન મળે ત્યાં સુધી માનસિક રીતે બીમાર હોવાનું માનતી વ્યક્તિની અટકાયતઃ

ક) જો વ્યકિત તેની માનસિક રીતે બીમારી નક્કી કરવાના હેતુ માટે તબીબી તપાસ હેઠળ હોય તો તેને યોગ્ય તબીબી અટકાયત હેઠળ જનરલ હૉસ્પિટલના મેડિકલ વોર્ડમાં અથવા મનોચિકિત્સા હૉસ્પિટલમાં અથવા અન્ય સુયોગ સ્થાને વધુમાં વધુ 10 દિવસ માટે અધિકૃત કરવાના રહેશે.

ખ) તે પછી વધારે અટકાયત માટે મેજિસ્ટ્રેટે વધુમાં વધુ 10 દિવસ માટે અધિકૃત કરવાના રહેશે

ગ) કોઇપણ વ્યકિતને એક સામટા 30 દિવસથી વધુ સમય માટે આવી તપાસ માટે અટકાયતમાં રાખી શકાશે નહિ.

**10) તબીબી તપાસ**

ક) ડૉકટરે પ્રમાણિત કરવાનું રહે છે કે તેણે દર્દીને જાતે તપાસેલ છે.

ખ) આવું પ્રમાણપત્ર, દર્દીને જ્યારે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે 10 દિવસથી વધુ જૂનું ન હોવુ જોઇએ.

ગ) જો દર્દી માટે હૉસ્પિટમાં પ્રવેશ માટેનો આદેશ બે તબીબી પ્રમાણ પત્રોના આધારે કરવામાં આવેતો, આવાં બે તબીબી પ્રમાણપત્રો એકબીજાથી સ્વતંત્ર હોવા જોઇએ.

11) હોસ્પિટલમાં પ્રવેશ માટેના આદેશનો તે જારી થયા પછી 30 દિવસની અંદર અમલ થવો જઇએ.

**જો માનસિક રીતે બીમાર વ્યકિત પ્રત્યે ક્રૂરતા આચરવામાં આવી હોય તો :**

1) આવી માહિતી મળતાં અને તેની ચોક્સાઇ કરતાં પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીએ મેજિસ્ટ્રેટને અહેવાલ મોકલવો જોઇએ.

2) કોઇપણ વ્યકિત જો આવી ક્રુરતા આચરાતી જુએ અથવા તેની ઉપેક્ષા થતી જુએ તો તેણે પણ મેજિસ્ટ્રેટને અહેવાલ મોકલવો જોઇએ.

3) મેજિસ્ટ્રેટ પોતે પણ પોતાની મેળે આવો કેસ રજૂ કરવા અને તે અંગે આગળ કાર્યવાહી કરવા હુકમ કરી શકે.

4) આવી વ્યકિતના જે કોઇ સંબંધી કે અન્ય કોઇપણ વ્યકિત જે તેની સંભાળ લેવા કાયદેસર રીતે બંધાયેલા હોય અને છતાં તેમની ફરજ યોગ્ય રીતે ન બજાવતા હોય અગર જાણીજોઇને તેની ઉપેક્ષા કરે તો તેને રૂા.2,000 સુધીનો દંડ થઇ શકે.

**મનોચિકિત્સા હૉસ્પિટલનું વ્યવસ્થાપન**

આમાં વ્યવસ્થાપનનું જ્ઞાન આવશ્યક છે, કારણ કે અહીં મોટે ભાગે કાયદાનો કે નિયમનો જે કંઇ ભંગ થાય છે તે અજ્ઞાન, ટાળવાની વૃત્તિ કે બેદરકારીને કારણે વિશેષ થાય છે.

**1) મુલાકાતીઓની નિમણુક**

ક) પ્રત્યેક મનોચિકિત્સા હૉસ્પિટલ માટે સરકારે પાંચ મુલાકાતીઓની નિમણુક કરવી જોઇએ.

ખ) આ પાંચ મુલાકાતીઓ પૈકી એક તબીબી અધિકારી અને શક્યતઃ મનોચિકિત્સક હોવા જોઇએ તેમજ બે સામાજિક કાર્યકરો હોવા જાઇએ.

ગ) રાજ્યના તબીબી સેવાલયોના વડા કે તેમણે નિયુકત કરેલ વ્યકિત, શક્યતઃ મનોચિકિત્સક પોતાના હોદ્દાની રૂએ મુલાકાતી ગણાશે.

ઘ) કુલ પાંચ મુલાકાતીઓ પૈકી ઓછામાં ઓછા ત્રણ મુલાકાતીઓએ મહિનામાં એકવાર મનોચિકિત્સા હૉસ્પિટલની મુલાકત લેવી જોઇએ.

ચ) મુલાકતીઓની હૉસ્પિટલના દર્દીઓની સ્થિતિ કે સંબંધી કે મનોચિકિત્સા હોસ્પિટલ સંબંધી જે સૂચનાઓ હોય તેની નોંધ અવશ્ય કરવી.

છ) **મુલાકાતીઓ તરીકે નિયુક્ત કરવા માટે વ્યકિતઓની લાયકાત**

1) તબીબી શાખામાં સ્નાતક તથા મનોચિકિત્સાના અનુસ્તાનક અને દશવર્ષનો ઓછામાં ઓછો અનુભવ

2) સમાજિક કાર્યકર તરીકે/ કિલનિકલ મનોવૈજ્ઞાનિક તરીકે મનોચિકિત્સા નર્સ તરીકે સંબંધિત મનોચિકિત્સા હૉસ્પિયલમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ.

જ) **મુલાકાતીઓનાં કાર્ય**

1) દર્દીઓના પ્રવેશ અને મુકિત અંગેની સમીક્ષા

2) વોર્ડ, રસોડું વગેરેનું નિરક્ષણ

3) જે સુવિધાઓ ઉપલબ્ધ કરવાની છે તનું નિરક્ષણ

4) સુધારા માટેનાં સૂચનો

5) સરકાર અને મનોચિકિત્સા હોસ્પિટલ વચ્ચે સંકલન

**2) માનસિક રીતે બીમાર કેદિઓનું નિરીક્ષણ**

રાજ્યના જેલોના વડા અથવા ત્રણ અથવા તમામ મુલાકાતીઓ ( તે પૈકી ઓછામાં ઓછા એક સામાજિક કાર્યકાર), માનસિક રીતે બીમાર કેદીઓને જ્યાં રાખવામાં આવ્યા હોય છે તે સ્થાનનું ત્રણ મહિનાની અંદર અકવાર નિરિક્ષણ કરી તેની માનસિક પરિસ્થિતિની સમીક્ષા કરી મેજિસ્ટ્રેટને અહેવાલ મોકલશે.

**3) છોડવાનો હુકમ**

ક) માનસિક રીતે બીમાર વ્યકિતને બે વ્યવસાયિ દાક્તર અને તે પૈકી એક મનોચિકિત્સક હોય, તેમની ભલામણથી છૂટા કરી શકાશે.

ખ) દર્દી જાતે પણ છૂટવા માટે અરજી કરી શકે.

ગ) દર્દી માનસિક રીતે બીમાર હોય તો પણ તેનાં સગાં સંબંધીઓ કે મિત્રો પણ તેની યોગ્ય સારસંભાળ લેવાની ખાતરી આપીને તેને છોડવા માટે અરજી કરી શકશે.

**4) મનોચિકિત્સા હોસ્પિટલ માટે આવશ્યક ન્યુનતમ સુવિધાઓ**

ક) 10 પથારીની પ્રત્યેક હૉસ્પીટલ માટે

1) એક પૂર્ણકાલીન લાયકાત ધરાવતા મનોચિકિત્સક

2) એક માનસિક આરોગ્ય માટેના વ્યવસાયી સહાયક (કિલનિકલ) મનોવૈજ્ઞાનિક અથવા મનોચિકિત્સા સામાજિક કાર્યકર

3) સ્ટાફ નર્સ 1:3 ના પ્રમાણમાં (નર્સ : દર્દી)

4) સહાયક 1:5 ના પ્રમાણમાં (સહાયક : દર્દી)

ખ) પૂરતી જગ્યા જેમાં પથારીઓનો સમાવેશ થઇ શકે.

ગ) બહારના દર્દીની આકિસ્મક તાત્કાલિક સારવાર માટેની જોગવાઇ હોવી જ જોઇએ.

ઘ) એક સુસજ્જ ઇલેકટ્રો-કન્વલસ્ટીવ થેરાપી (શૉક આપવીની) ની સુવીધો

ચ) મનોવૈજ્ઞાનિક નિદાન સુવિધાઓ

છ) મનોરંજન/પુનઃ સ્થાપન પ્રવૃત્તિઓ

જ) બહારના દર્દીઓની સંભાળ માટેની સુવિધાઓ

**માનસિક રીતે બીમાર વ્યકિતઓના માનવ અધિકારો**

**માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ,1987માં માનસિક રીતે બીમાર વ્યકિતઓના નીચેના માનવ અધિકારો ગણાવવામાં આવ્યા છે :**

1) કોઇપણ માનસિક બીમારીવાળી વ્યકિતને તેની સારવાર દરમિયાન કોઇ શારીરિક કે માનસિક ગૌરવહીનતા કે ક્રૂરતાનો ભોગ બનાવવી નહિ.

2) કોઇ માનસિક બીમારીવાળી વ્યકિત સારવાર હેઠળ હોય ત્યારે તેમનો સંશોધન માટે ઉપયોગ કરવો જોઇએ નહિ, સિવાય કે,

ક) આવું સંશોધન તેને તેના રોગના નિદાન કે સારવાર માટે સીધી રીતે લાભદાયક હોય.

ખ) કોઇ દર્દી સ્વેચ્છાએ આવી સંમતિ લેખિતમાં આપે.

3) પત્રવ્યવહાર કે અન્ય કોઇ સંદેશાવ્યવહાર સામગ્રી જે સારવારમાં પૂર્વગ્રહયુક્ત હોય તેનું અર્થઘટન કરાશે નહિ, તેને રાખી શકાશે નહિ, કે તેનો નાશ પણ કરાશે નહિ.

**માનસિક રીતે બીમાર વ્યકિતઓ માટે અન્ય સહાયક જોગવાઇઓ**

1. માનસિક રીતે બીમાર વ્યકિતને, રાજ્યના ખર્ચે સંજોગોને આધિન રહિને કાયદાની કામગીરી કરતા વકીલ આપી શકેશે,પછી ભલે તેને રોકવાનું તેને પોસાતું હોય કે નહિ. આ વકીલ સરકારી ખર્ચે આ બીમાર વ્યકિતનું પ્રતિનિધિત્વ કરશે.

2) મિલકતોના વ્યવસ્થાપન માટે વ્યવસ્થાપકની નિમણૂંક

1) જો માનસિક રીતે બીમાર વ્યકિત પોતાની માલ- મિલકતનું વ્યવસ્થાપન કરવા માટે સક્ષમ ન હોય તો, સંબંધિત જિલ્લાની કોર્ટ, ‘ કોર્ટ ઓફ વૉર્ડ્સ ’ ને તેની માલ- મિલકતનો કબજો લેવા અધિકૃત કરી શકેશે.

2) જો આ મિલકતના અમુક ભાગની ‘કોર્ટ ઓફ વૉર્ડ્સ ’ સંભાળ લઇ શકે તેમ ન હોય તો જિલ્લા કલેક્ટર, જિલ્લા અદાલતની સૂચના અનુસાર તેનો હવાલો સંભાળશે

3) જો ‘કોર્ટ ઓફ વૉર્ડ્સ’ અથવા જિલ્લા કલેકટર આવી માલ- મિલકતનો વહીવટ કરી શકે તેમ ન હોય તો, જિલ્લા અદાલતની સૂચના અનુસાર તેનો હવાલો સંભાળશે.

4) જે કોઇ વ્યકિતને આ પ્રકારે, આવી માલ મિલકતનો વહીવટ કરવા માટે નિયુક્ત કરાય તેણે, આ મિલકતમાંથી થનાર તમામ આવકનો હિસાબ આપવા માટે બાહેધરી પત્રક (બૉન્ડ) ભરવાનું રહેશે.

5) પેન્શનની ચુકવણી : જો સરકારે આવી માનસિક રીતે બીમાર વ્યકિતને કોઇપણ પેન્શન, પગાર, ગ્રેજ્યુઇટી અથવા અન્ય કોઇ ચુકવણી કરવાની હોય તો તેને નીચે પ્રમાણે વહેંચી દેવામાં આવશે :

ક) નિભાવ માટેનો ખર્ચ, માનસિક રીતે બિમાર વ્યકિતનો કબજો સંભાળનારને.

ખ) માનસિક રીતે બિમાર વ્યકિતના પરિવારના સભ્યો તથા તેની ઉપર આધારિત સભ્યોનો નિભાવ ખર્ચ.

ગ) બાકી રહેતી તમામ રકમ માનસિક રીતે બીમાર વ્યકિતને, તે બીમારીમાંથી મુક્ત થાય ત્યારે ચૂકવવામાં આવશે. જો આવી ચુકવણી માનસિક રીતે બિમાર વ્યકિતને કરવામાં આવે તે પહેલાં તેનું મૃત્યુ થાય તો બાકી રહેતી રકમ તેના વારસદારોને ચુકવાશે. જો કોઇ કાયદેસરના વારસદારો નહોય તો તે રકમ જિલ્લા અદાલત જે પ્રમાણે નક્કી કરે તે મુજબ સખાવતી હેતુઓ માટે વપરાશે.

**વ્યાખ્યાઓ**

| | | |
|---|---|---|
| **1) નિરીક્ષણ અધિકારી** | : | સરકાર દ્વારા મનોચિકિત્સા હૉસ્પિટલના નિરીક્ષણ માટે અધિકૃત કરેલ વ્યકિત |
| **2) તબીબી અધિકારી** | : | સરકારમાં નોકરી કરતા રાજયપત્રિત તબીબી અધિકારી અથવા તબીબી વ્યવસાય કરનાર એવી વ્યકિત જેને સરકારના હુકમો દ્વારા અધિકૃત કરવામાં આવેયા હોય. |
| **3) માનસિક રીતે બીમાર વ્યક્તિ** | : | એવી વ્યકિત કે જે ને કોઇપણ પ્રકારની માનસિક તકલીફો માટે (માનસિક રીતે પછાતપણા સિવાય) કોઇ સારવારની આવશ્યકતા હોય. |
| **4) માનસિક રીતે બિમાર** | : | એવી વ્યકિત જે માનસિક રીતે બીમાર હોય અને જેને મેજિસ્ટ્રેટના બીમાર કેદી હુકમથી મનોચિકિત્સા હૉસ્પિટલમાં, જેલમાં અથવા એવી કોઇ સલામત જગ્યાએ જેને સારવાર માટે અટકાયત કરવામાં આવ્યા હોય. |
| **5) સગીર** | : | એવી વ્યકિત જેની 18વર્ષની ઉંમર પૂરી થઇ ન હોય. |
| **6) મનોચિકિત્સા હૉસ્પિટલ** | : | એવી હૉસ્પિટલ કે જે સરકાર દ્વારા કે અન્ય કોઇ વ્યકિત કે સંસ્થા દ્વારા સંપૂર્ણપણે માનસિક રીતે બીમાર વ્યકિતની સારવાર અને સંભાળ માટે સ્થપવામાં કે નિભાવવામાં આવતી હોય. |

| | | |
|---|---|---|
| **7. મનોરોગ નિષ્ણાંત** | : | એવી તબીબી વ્યવસાય કરનાર વ્યકિત જે મનોચિકિત્સામાં અનુસ્નાતક ડિગ્રી કે ડિપ્લોમા ધરાવતા હોય. |
| **8. સ્વીકાર માટેનો હુકમ : હુકમ** | : | મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલ એવો આદેશ જે દ્વારા માનસિક રીતે બિમાર વ્યકિતને મનોચિકિત્સા હૉસ્પિટલમાં પ્રવેશ અને અટકાયત માટે હુકમ કરાયેલ હોય. |
| **9. સંબંધી** | : | કોઇપણ વ્યકિત જે માનસિક રીતે બીમાર વ્યકિત સાથે લોહિના, લગ્નના કે દત્તક વિધાનના સંબંધથી જોડાયેલ હોય. |

**અસ્પૃશયતા**

1. આપણા સંવિધાને આપણને ન્યાય,સમાનતા, સવતંત્રતા અને બંધુત્વ (ભાઇચારા)નાં ઉદાત્ત વચનો આપ્યાં છે. આપણે ઘણાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કરારો ઇત્યાદિને સમર્થન આપ્યું છે. પરંતુ જો આપણે આપણાં કાર્યની કેડી પર નજર કરીએ તો આંપણું માથું શરમથી નીચે ઝુકી પડે છે. પુરાતન સમયની બેહુદી જ્ઞાતિ પ્રથા આજે પણ છે. માનવતા ઉપર શ્રાપરૂપ અસ્પૃશ્યતા, જે આ ભૂતકાલિન દૂષણની જ પેટા- પેદાશ છે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ. આપણે હજી નવા કાયદા ઘડતાં થાકતા નથી પરંતુ ત્યાં જ શું આપણી જવાબદારી પૂરી થાય છે ? વાસ્તવમાં, આપણી જવાબદારી ત્યાંથી જ શરૂ થાય છે. આપણે આ દૂષણના ભોગ બન્યા હોઇએ કે નહિ, આપણે તો કાયદા અને સંવિધાનની વિવિધ સંરક્ષાણાત્મક જોગવાઇઓના જ્ઞાનથી જ સુસજ્જ થઇને અસ્પૃશયતાની આ નીચલી કક્ષાની પ્રથાને દૂર કરવા સંપૂર્ણપણે લડી લેવુ જોઇએ. આપણે જાગૃતિ ફેલાવવી પડશે, આપણી બાજુ-બાજુના તમામને શિક્ષિત કરવા પડશે અને તે પછી જ આપણા દેશની વિરલ શકિતનો પૂરેપુરો ઉપયોગ થઇ શકશે.

**કલમ -17 : ભારતનું સંવિધાન**

અસ્પૃશયતા નાબૂદ કરવામાં આવે અને કોઇપણ સ્વરૂપમાં તેની પ્રથાને પ્રતિબંધિત કરવામાં આવે. અસ્પૃશયતામાંથી ઉદ્ભવતી કોઇપણ અશક્તતા કાયદાની દષ્ટિએ સજા પાત્ર ગુનો બને છે.

**2. (ક) દલિતોની સાથે કયા અત્યાચારો કરવામાં આવે છે ?**

જો અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યોની સામે કોઇ અત્યાચારો આચરવામાં આવે તો તેવું આચરણ કરનારને જેલ અને દંડની સજા થશે. ઉપરાંત ભોગ બનનારને તે અંગે વળતર ચૂકવવામાં આવશે. નીચેની બાબતો અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના સભ્યો સામેના અત્યાચારો ગણાય છે.

1. તેમને કોઇ એવો ખોરાક કે પીણુ લેવા અંગે દબાણ કરવું કે જે અખાધ હોય કે ખૂબ અણગમો પેદા કરે તેવું હોય.
2. મળ, ગંદવાડ, હાડપિંજર કે એવી કોઇપણ ગંદી ચીજવસ્તુ તેમના સ્થાનમાં કે નજિકના પડોશમાં એકત્ર કરવી, જેથી તેમનું નુકસાન થાય, અપમાન થાય કે તેઓ ચીડાઇ જાય.
3. તેમને નગ્ન કરવા, કપડાં ઉતારવાં તેમના ચહેરા પર ચીતરામણા કરી તેમને જાહેરમાં ફેરવવા.
4. તેમની જમીન પડાવી લેવી અને તેની ઉપર ખેતી કરવી.
5. તેમને તેમના સ્થાનેથી બળજબરીપૂર્વક બહાર ધકેલી કાઢવા અથવા તો તેમની માલીકીની ચીજવસ્તુઓનો ઉપયોગ કરવાનો તેમનો અધિકાર ન વાપરવા દેવો.
6. તેમની પાસે મફત મજૂરી(વેઠ) કરાવવી અથવા તેમને ભીખ માગતા કરી દેવા.
7. ચૂટણી વખતે તેમને મત આપતા અટકાવવા અગર અમુક જ ઉમેદવારને મત આપવા તેમની પર દબાણ કરવું
8. તેમની સામે ખોટા કેસ કે દાવા કરવા.
9. કોઇ જાહેર સેવકને એવી ખોટી માહિતી આપવી કે જેને કારણે તેમનું અપમાન થાય, તેમનું નુકસાન થાય કે તેમને ચીડ પેદા છાય.
10. તેમનું ઇરાદાપૂર્વક અપમાન કરવું અથવા જાહેરમાં તેમને ધાકધમકી આપવી.
11. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની મહિલાને હેરાન કરવી કે તેની ઇજ્જત લેવાની

ઈરાદાથી તેની ઉપર હુમલો કરવો.

12. પોતે બળવાન પરિસ્થિતિમાં છે તેનો લાભ લઈનઅનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની મહિલાનું જાતીય શોષણ કરવું

13. કોઈ જળાશય, ઝરણું કે તેઓ જેનો સામાન્યપણે ઉપયોગ કરતા હોય તેવા જળ સ્રોતને ઉપયોગ કે વપરાશ માટે અયોગ્ય બનાવી દેવું.

14. તેને તેમનું ગામ કે રહેણાક છોડવા દબાણ કરવું

બ) **અન્ય નુકસાન :** નીચેના પૈકી કોઈપણ કાર્ય અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની સાથે આચરવામાં આવ્યો હોય તો તે ગુનો ગણાશે અને કાયદા અનુસાર શિક્ષાને પાત્ર બનશે :

1. તેમની સામે ખોટી જુબાની આપવી કે તરકટ રચવું
2. અગ્નિ દ્વારા કે સળગી ઊઠે તેવા પદાર્થો દ્વારા એવું તોફાન મચાવવું કે જેથી તેમને, તેમની જાતને કે સામાન્ય રીતે તેઓ જેનો પ્રાર્થનાના સ્થાન તરીકે ઉપયોગ કરતા હોય તેવા સ્થાન સહિતની મિલકતોને નુકસાન થાય.
3. તેની સાથે અત્યાચારો આચરાયા છે તેમ જાણવા છતાં, તેના ગુનેગારોને છાવરવાના ઈરાદાથી, તેના પુરાવાઓ નાશ પામે અથવા અદશ્ય થાય તેવી કાર્યવાહી કરવી.
4. જાહેર સેવક હોવા છતાં પણ,

   ક) તેમની સામે આવો કોઈપણ ગુનો આચરવો

   ખ) જાણી જોઈને પોતાની ફરજની ઉપેક્ષા કરવી અથવા તેમને નુકસાન પહોંચાડવું.

   ગ) **ગુનાઓ સંબંધી ધારણાં :** આવો કોઈ ગુનો આચરતા ગુનેગારને મદદ કરવી તે પણ, જો તેનાથી વિરુદ્ધ સાબિત નહિ કરવામાં આવે તો, અદાલત તેને ગુનામાં મદદગારી કરી હોવાની ધારણા બાંધશે

   ઘ) **હદપારી :** જો કોઈ વ્યકિત અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની નહિ હોય અને તેણે અવો અત્યાચારનો અથવા ઉપર દર્શાવેલ પ્રકારનો કોઈપણ ગુનો આર્ચર્યો હોવાનું લાગશે, તો પોલિસને રિપોર્ટ કરી શકશે. કોર્ટના આવા હુકમનો ભંગ કરનાર વ્યકિતને જેલ અને દંડની સજા થઈ શકશે.

   ચ) **ખાસ અદાલતો :** આવા કેસોના ઝડપી નિકાલ માટે સરકારે ખાસ અદાલતો સ્થાપી છે. સામાન્ય રીતે આ જિલ્લા સેસન્સ કોર્ટ હોય છે. સરકાર આત્યાચારનો ભોગ બનેલાને નીચે પ્રમાણે મદદ કરે છે.

   1) મફત કાનૂની સલાહ
   2) મુસાફરી ભથ્થું
   3) દૈનિક ભથ્થું
   4) નિભાવખર્ચ
   5) વાહન પરિવહનની સગવડ

**પોલીસને જાણ કરવી**

ક) આવો કોઈ બનાવ બનતાં પોલીસને તરત જ જાણ કરવી

ખ) જો રૂબરૂ મૌખિક જાણ કરવામાં આવી હોય તો પણ, પોલિસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીએ તેની લેખિત નોંધ કરી લેવી જોઈએ.આવો લેખિત અહેવાલ માહિતી આપનારને વાંચી સંભળાવવામાં આવશે અને માહિતી આપનાર વ્યકિત(ઓ) તેની પર સહી કરશે. આ અહેવાલની મુખ્ય બાબતો પોલીસ સ્ટેશનના રેકર્ડમાં નોંધાશે.

ગ) ફરિયાદ કરનાર / માહિતી આપનારને આ નોંધ કરવામાં રેકર્ડની નકલ આપવામાં આવશે.

ઘ) જો પોલીસ સ્ટેશનનો હવાલો સંભાળનાર અધિકારી ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરે તો ફરિયાદિ માહિતી આપનાર વ્યકિત તેને ટપાલ દ્વારા પણ મોકલી શકે છે / અથવા જાતે પોલીસ અધીક્ષક સમક્ષ તે રજૂ કરી શકે છે. પોલીસ અધિકક્ષ તે સુધારણાત્મક હુકમો જારી કરશે.

**ચ) સ્થળ તપાસ**

1) મેજિસ્ટ્રેટ અથવા તો પોલીસ અધિકારી, તેમને અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિના સભ્ય પર અત્યાચારનો બનાવ બન્યાનો અહેવાલ મળતાં, બનાવના સ્થળની તરત જ રૂબરૂ મુલાકાત લેશે અને અત્યાચારની માત્રા, મૃત્યુ થયેલાંની સંખ્યા, મિલકતનો નાસ કે નુકસાન વગેરેની સમીક્ષા કરી, રાજ્ય સરકારને તરત જ માહિતી મોકલી આપશે.

**2) આવા સ્થળ નિરીક્ષણ તરત જ નીચેનાં પગલાં ભરવામાં આવશે :**

- ભોગ બનેલાઓની, તેમના પરિવારના સભ્યોની, તેના આશ્રીતોની જેઓ રાહત મેળવવા હકદાર હોય તેની યાદી તૈયાર કરવી
- તે વિસ્તારમાં પોલીસ બંદોબસ્તનો હુકમ કરવો.
- માહિતી આપનાર તેમજ ભોગ બનનાર વ્યકિત પ્રત્યેસહાનુભૂતિ દાખવનારના રક્ષણની વ્યવસ્થા કરવી.
- ભોગ બનેલાને તરત જ રાહત મળે તેવી વ્યવસ્થા કરવી.

**છ) તપાસ :**

1) આવા ગુનાઓની તપાસ ઓછામાં ઓછા નાયબ પોલીસ અધીક્ષક દરજ્જાના અધિકારી કરી શકશે.

2) તપાસ 30 દિવસમાં પૂરી કરી રાજ્ય સરકારને અહેવાલ મોકલી આપવાનો રહેશે.

જ) **રાહત :** ગુનાના પ્રકાર અને ગંભીરતા ધ્યાને લઇ ભોગ બનનારાઓ, અત્યાચાર અટકાવવા માટેના નિયમો, ૧૯૯૫ અંતર્ગત, અત્યાચાર આચનારાઓ પાસેથી રાહતની રકમ મેળવવા હકદાર છે.અદાલત ગુનેગારોને જે સજા કે દંડ કરે તે ઉપરાંત તેમણે આ રાહતની રકમ ચુકવવાની રહે છે.

**વ્યાખ્યા**

| | |
|---|---|
| અસ્પૃશયતા | : તેઓ અમુક જ્ઞાતિમાં જન્મ્યા છે તે આધારે સમાજે તેમના ઉપર લાદેલી સામાજિક અશક્તતાઓ |
| અસ્પૃશ્યો | : એવા લોકો જે જ્ઞાતિ-વ્યવસ્થામાં છેક તળિયે રહેલા છે અથવા તો સમગ્ર જ્ઞાતિ વ્યવસ્થાપન બહાર છે. હવે વહીવટી ભાષામાં તેમને માટે 'અનુસૂચિત જાતિ' ના લોકો એવો શબ્દપ્રયોગ કરાય છે. જયારે અધિકારો માટે કામ કરતા કર્મશીલો અને સામાન્ય જનતામાં સામાન્યપણે તેમના માટે 'દલીતો' શબ્દ પ્રયોજાય છે. |
| અનુસૂચિત જાતિ | : આ સામાજિક રીતે વંચિતોની યાદી છે, જે વિધાનસભામાં, સરકારી નોકરીમાં, યનિવર્સિટિ વગેરેમાં તેમનું પ્રતિનિધિત્વ વધારવા માટે સરકારે તૈયાર કરેલ છે. આ શબ્દ સંવિધાનમાં અને કાયદામાં વપરાય છે. |
| અનુસૂચિત આદિજાતિ | : સરકારે તૈયાર કરેલ મૂળ દેશી આદિજાતિ વસતિના લોકોની યાદી.તેઓ પણ અનુસૂચિત જાતિ લોકોનીજેમ વળતરરૂપ લાભ મેળવવા પાત્ર છે. |
| સવર્ણો દ્વારા અત્યાચાર | : વર્ણવ્યસ્થાની પ્રથમ ત્રણ જ્ઞાતિઓના લોકો માટે સવર્ણ શબ્દ વપરાય છે. તેઓ દ્વારા અનુસૂચિત જાતિના કે અનુસૂચિત આદિજાતિના લોકો ઉપર જે અપમાનજનક અધોગતિયુક્ત વ્યવહાર કરવામાં આવે છે તેને અત્યાચાર કહેવામાં આવે છે. |
| ખાસ અદાલતો | : સેસન્શ કોર્ટ કે જેને અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિનાલોકો ઉપરના અત્યાચારો અંગેના કેસો ચલાવવા માટે ખાસ અદાલત તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ માટે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના પરામર્શમાં રાજ્ય સરકાર આવી જાહેરાત કરે છે. |

**બંધવા મજૂરી**

આપણા સમાજને ભરખી ખાતી આર્થિક, સામાજિક અસમાનતાઓની જ પેદાશ છે બંધવા મજૂરી. ધનિકો અને લાગવગવાળા માણસો, નબળા અને ગરીબ માણસોનું શોષણ કરે છે અને તેમને નજીવા વેતનથી કે વેતન વિના પણ કામ કરાવે છે. ઘણા બધા કિસ્સઓમાં, બંધવા મજૂરોને માત્ર નભી શકે તેટલો ખોરાક આપીને બદલામાં પૂરો સમય કામ કરાવે છે.

**બંધવા મજૂર પદ્ધતિ :** આ એક દબાણ નીચે મજૂર કે જે માલિકનો દેવાદાર હોય છે તેને માટે, નીચેનાં કારણોસર કામો કરે છે :

1) માલિક દ્વારા તેને અથવા તેના વાલીઓને અગાઉ કોઇ રકમનું ધિરાણ કર્યું હોય,

2) રિવાજ પ્રમાણેની ઉપકારવૃતિ

3) વારસામાં ઊતરી આવેલી ઉપકાર ભાવના

4) તેને અથવા તેના વાલીઓને કંઇક નાણાકીય સહાય કરી હોય તેના વ્યહારરૂપે

5) અમુક(નીચી) જ્ઞાતિ / જાતિમાં જન્મ થયો હોવાને કારણે

આ પદ્ધતિમાં મજૂરને અન્ય કોઇ નોકરી લેવાની સ્વતંત્રતા કે અન્ય ધંધો-વ્યવસાય કરવાની બાબત(તેના માલિક તરફે) જતી કરવી પડે છે. સ્વતંત્ર રીતે હલનચલન કરવાની કે પોતાની સંપત્તિ કે ઉત્પન્નના વેચાણ માટે પણ તેને સ્વતંત્રતા નથી.

**કાયદો શું કહે છે ?**

સરકારે 1976માં બાંધવા મજૂરી પદ્ધતિ (નાબુદી) અધિનિયમ પસાર કરેલ છે, તે અનુસાર :

ક) બધા જ બંધવા મંજૂરો તાત્કાલિક છૂટા કરી દેવાના હતા. તે પછી કોઇને પણ બંધનમાં રાખવાના ન હતા

ખ) બંધવા મજૂરો એ અગાઉ જે દેવુ કરેલ હોય તે પરત ચૂકવવાનું ન હોતું (આ દેવાને કારણે જ તેને બંધવા મજૂર તરીકે કામ કરવું પડતું હતું.

ગ) બંધવા મજૂર સામે આવા કોઇ દેવાની વસુલાત સંબંધિ કોઇ કાનુની કેસ ચાલુ હોય તો તે પણ રદ કરવાનો હતો

ઘ) જો બંધવા મજૂરની કોઇ મિલકત દેવા પેટે જમા કરવામાં આવી હોય તો તેને પરત કરી દેવાની હતી. જો લેણદાર આ મિલકતમાંથી કોઇ નફો કમાતો હોય તો તે પણ તેને પરત કરી દેવાનો હતો.

ચ) જો લેણદાર દ્વારા બંધવા મજૂરને તેના દેવાની વસુલાત માટે જેલમાં પુરાવે તેને જેલમાંથી તાત્કાલિક છૂટો કરવો.

છ) જો લેણદાર બંધવા મજૂરને, તે બંધવા મજૂર હોવાના નાતે, કોઇ રહેણાંક મકાન હોય તો તેન ખાલી કરાવી શકાશે નહિ.

જ) જો ઉપરના કાયદાની કોઇપણ જોગવાઇનું પાલન ન થતું હોય તેનો ભંગ થતો હોય તો બંધવા મજૂર પોતાના વિસ્તારના પેટા વિભાગીય મેજિસ્ટ્રેટનો સંપર્ક કરી શકે. આ માટે સાથી મજૂરોનો, સામાજિક કાર્યકરોનો, પંચાયતનો સહકાર લઇ શકાય.

ઝ) જ્યારે તેમનો સંપર્ક સાધવામાં આવે ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ બંધવામજૂરીમાંથી મુક્તિનું પ્રમાણપત્ર જારી કરશે. કોઇપણ અદાલત, હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટને પણ માત્ર એક સાદો પત્ર લખીને સંપર્ક કરી શકાય.

**મુક્તિ પછી**

ક) બંધવા મજૂર પાસે તેની મુક્તિ પછી પૂરતી મિલકત કે પોતાની રોજગારી મેળવવા માટે પૂરતાં નાણા પણ નહી હોય. આવે સમયે જો તેની યોગ્ય સંભાળ લેવામાં ન આવે તો શક્યતા એવી પણ છે કે તે ફરીથી બંધવા મજૂરી તરફ વળી જશે. આથી નવેશરથી જીવન શરૂ કરવા માટે સરકારે નાણાના રૂપમાં સહાય કરવી જોઇએ.

ખ) આ એવો તબક્કો છો કે જ્યારે લુચ્ચા માણસો ફરીથી દેવાની જાળ બિછાવવા પ્રયત્ન કરશે. આવા પ્રયાસોને નાકામયાબ બનાવવા માટે અને દરેક જિલ્લાને સજાગ બનાવવા તમામ જિલ્લાઓમાં તકેદારી સમિતિઓ નીમવમાં આવી છે. તેમનો સંપર્ક કરવો જોઇએ અને જો કોઇ સમસ્યાઓ ઊભી થાય તેની તેમને જાણકારી આપવી જોઇએ.

**શિક્ષા**

કોઈપણ વ્યકિતને બંધવા મજૂર બનાવવા માટે દબાણ કરવા માટેના ગુના બદલ નીચેની સજા છે :

- ત્રણ વરસની કેદ
- રૂા.2000 સુધીનો દંડ

| વ્યાખ્યા |
|---|
| **નજીવુ વેતન :** સરકારે અમુક કામ માટે ન્યુનતન વેતન નક્કી કરેલ હોય તેનાથી ઓછું વેતન ચૂકવવામાં આવે તે. |

**કામદારોના હક**

1. તે સામાન્ય રીતે ગરીબ, વિસ્થાપિત અને નિરક્ષર છે. રોજગારી કમાવા માટે કોણ શારીરિક મજૂરી કરે છે ? તેમની ગરીબી અને જાગૃતિના અભાવને કારણે તેઓ શોષણનો શિકાર બને છે.તેમને યોગ્ય વેતન, વળતર કે અન્ય કોઇ લાભો ચુકવવામાં આવતા નથી.
2. તેમને આવા અન્યાય અને શોષણ સામે હક છે. સરકારે આ માટે નીચેની જોગવાઇઓ કરી છે. :
3. **ન્યુનતમ વેતન :** કોઇ વ્યકિત જે પ્રકારનું કામ કરે છે. તેને માટે સરકારે વેતનના ન્યુનતમ દર નક્કી કરેલ છે જુદી જુદી વયના કામદારો માટે જુદા જુદા વેતનના દર નક્કી કરવામાં આવેલ છે :

   **બાળકો :** 14 વર્ષથી નાની વયની વ્યકિતઓ

   **કિશોરો :** 14 અને 18 વર્ષની વચ્ચેની વ્યક્તિઓ

   **પુખ્તવયના :** એવી વ્યકિત કે જેણે 18 વર્ષની વય વટાવી છે.

કામદારના સ્ત્રી કે પુરુષ હોવા અંગે કોઇ વેતન-ભેદ નથી. ન્યુનતમ વેતનનો કલાક દીઠ, દિવસ માટે કે મહિના માટે નક્કી કરી શકાય. જો કોઇ વ્યકિત આ ન્યુનતમ વેતનના દર થી ઓછા વેતને કાર્ય કરવા તૈયાર થાય તો પણ નોકરી રાખનારે ન્યુનતમ વેતનના દરે જ વેતન ચૂકવવાનું હોય છે.

નીચેના વ્યકિતઓ અને અન્ય વ્યકિતઓ જે એક સરખું કાર્ય કરે છે તેને ન્યુનતમ વેતન મેળવવાનો અધિકાર છે

ક) જેઓ કામચલાઉ ધોરણે કામ કરે છે, જેમકે પથ્થર તોડવા માટે અથવા રસ્તાનું બાંધકામ વગેરે.

ખ) જેઓ કામની બાબતના દરે કામ કરે છે, જેમ કે 1000 બીડી વાળવાની મજૂરી.

ગ) જેઓ રોજીંદા દરે મજૂરી કરે છે, જેમ કે ખાણોમાં, બાંધકામના સ્થળ પર વગેરે.

ઘ) જેઓ કોન્ટ્રાક્ટર માટે કામ કરે છે.

ચ) જેઓ બગીચામાં કે કારખાનામાં કામ કરે છે.

છ) જેઓ ખેતીમાં કામ કરે છે, જેમ કે અનાજની રોપણી કે વાવણી વગેરે.

**4. ચુકવણીનો પ્રકાર**

ક) કામદારોને તેમનું વેતન રોકડમાં મેળવવો અધિકાર છે

ખ) કામે રાખનાર કામદારને રોકડ વેતનને બદલે બીજી કોઇ વસ્તુ લેવા માટે મજબૂર કરી શકે નહિ.

ગ) ખેતીમાં કામ કરનાર કામદારોને થોડુંક રોકડ વેતન અને થોડુંક ખેતી અત્પન્ન સ્વરૂપે

ઘ) 1000 કરતા વધુ કામદારો કામ કરતા હોય તો કામ કરવાના સાતમા દિવસે વેતન મેળવવાનો અધિકાર.

ચ) અન્ય કિસ્સાઓમાં વેતન દર માસની દસમી તારીખે ચૂકવવું જોઇએ.

**5. કામ કરવાના દિવસના નિયત કલાક**

ક) દરરોજના કામ કરવાના કલાક નક્કી કરવામાં આવેલ છે. નોકરીદાતા કામદાર પાસે થી દિવસના 9 કલાક થી વધુ કામ કરાવી શકે નહિ. આ 9 કલાકમાં લેવાનો સમય સમાવિષ્ટ છે.

ખ) જો કામદાર નિયત કરેલા કામના કલાક કરતાં વધુ સમય માટે કામ કરે તો તેને વધારાના પૈસા ચૂકવવા જાઇએ.

ગ) આવા વધારાના કામ માટે કામદારને નિયત વેતન કરતાં બમણી રકમ ચૂકવવાની હોય છે,

ઘ) જો નોકરીદાતા કામદાર પાસે આખા દિવસનું કામ ન કરાવે તો તેમ છતાં તેને વેતન તો આખા દિવસ માટે ચૂકવવાનું રહે છે.

ચ) અઠવાડિયામાં એક દિવસ ચાલુ પગારની રજા મળશે.

**6. કામ કરતી મહિલાઓના હક**

કામ કરતી મહિલોને 1948ના કારખાનાં અધિનિયમ (ફેકટરીઝ એક્ટ) નીચે કેટલાક વધારાના લાભ મંજૂર કરવામાં આવેલ છે :

ક) તેમને માટે અલગ ટોઇલેટ અને દરવાજા સહિતનો વોશરૂમ હોવો જોઇએ.

ખ) જો કારખાનામાં 30 કરતાં વધુ મહિલાઓ કામ કરતી હોય તો કામ કરતી મહિલાઓના બાળકોના માટે ઘોડિયાઘરની સેવા ઉપલબ્ધ કરવી જોઇએ.

ગ) તેમની પાસે, નિયત કરેલી માત્રા કરતાં વધુ વજન ઉંચકાવવું જોઇએ નહિ.

ઘ) મશીન ચાલુ સ્થિતિમાં હોયત્યારે તે તેમની પાસે સાફ કરાવવું જોઇએ નહિ, કે તેમના હાથે તેમાં ઓઇલ પુરાવવું જોઇએ નહિ.

ચ) તેમની પાસેથી અઠવાડિયામાં 48 કલાકથી વધુ કામ લેવું જોઇએ નહિ.

છ) તેઓ અઠવાડિયામાં એક દિવસ આરામ લેવા હકદાર છે.

જ) તેમની પાસે એકસાથે સળંગ પાંચ કલાકથી વધુ કામ લેવુ જોઇએ નહિ.

ઝ) તેમની પાસે માત્ર સવારના 6 થી સાંજના 7 કલાક દરમિયાન જ કામ લેવું જોઇએ.

**7.પ્રસૂતિ લાભ**

આ લાભ મહિલા કામદારને સગર્ભાવસ્થા દરમિયાન અથવા તે પછી,તો માતૃત્વના શરૂઆતના મહિનાઓમાં મળવા પાત્ર છે. આ લાભ આ મુજબ છે :

- પૂરા પગાર સાથે 135 દિવસની પ્રસૂતિ રજા
- કુંવારી સ્ત્રીને પણ પ્રસૂતિની રજા મળવાપાત્ર છે.
- આ લાભ માત્ર એવી મહિલાઓને મળવાપાત્ર છે, જેમને એક જીવતું સંતાન હયાત છે.
- આ રજા, મહિલાઆ મજૂર અંશત : પ્રસૂતિ પહેલા અને અંશત : પ્રસૂતિ પછી મેળવી શકે છે, અથવા તો પૂરેપૂરી રજાઓ પ્રસૂતિ પછી પણ મેળવી શકે છે.
- મહિલા મજૂરને પ્રસૂતિ અઆવવાની હોય તેના 6 અઠવાડિયાં પહેલાં કામે રાખી શકાય નહિ. આનો ભંગ થશેતો ગુનો ગણાશે.
- જો નોકરીદાતાને ત્યા પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ પછીની સુવિધાઓ ઉપસ્થિત નહોય તો મહિલા કામમદારને રૂા. 250/-તબીબી બોનસ આપવું જોઇએ.
- પ્રસૂતિ પૂર્વેના મહિનામાં મહિલા કામદાર પાસે ભારે કામ લેવું જોઇએ નહિ.
- જો મહિલા કર્મચારીને કસુવાવડ થઇ જાય તો તેને કસુવાવડ પછી ૪૫ દિવસની પૂરા પગારે રજા મેળવવાનો અધિકાર છે આવા લાભ સમગ્ર નોકરિ દરમિયાન એકજ વાર મળવા પાત્ર છે.
- જો મહિલા કર્મચારીને કસુવાવડ થઇજાય તો તેને કસુવાવડ દરમિયાન બીમાર પડે તો અથવા કંઇક એગવડો ઊભી થાય તો તેને વધુ એક મહિનાની પગાર સહિતની રજા મળી શકશે
- કામદાર મહિલા, બાળકને જન્મ આપ્યા પછી કામ પર પાછી ફરે, ત્યારે તેને વધુ બે આરામના સમય (બ્રેક) આપવા જોઇએ, જેમાં તે બાળકને ધવડાવી શકે. આ લાભ બાળક 15 માસનું થાય ત્યાં સુધી આપવામાં આવે છે.
- તે પ્રસુતિની રજા પર જાય તે પહેલાંનું જેટલુ વેતન બાકી હોય તે, તે રજા પર જાય તે પહેલાં તેને ચૂકવી આપવું જોઇએ.
- જ્યારે મહિલા કર્મચારી કામ પર પાછી ફરે ત્યારે રજાઓનું વેતન તેને 48 કલાકમાં ચૂકવી આપવું

**આ લાભ મેળવવા માટેની પૂર્વશરતો**

આ લાભ પ્રાપ્ત કરવા માટે નીચેની પૂર્વશરતો પૂરી કરવી જોઇએ :

1. પ્રસૂતિ પહેલાંના બાર માસમાં આ મહિલા કર્મચારીએ તે સ્થાને ઓછામાં ઓછા 80 દિવસની નોકરી કરી હોવી જોઇએ.
2. મહિલા કર્મચારીએ નોકરીદાતાને પોતાની સગર્ભાવસ્થાની નોટિસ આપીને જાણ કરવી જોઇએ. આ જાણ લેખિત સ્વરૂપની હોવી જોઇએ. તેમાં પ્રસૂતિની અપેક્ષીત તારીખ, તેમજ પોતે અન્યત્ર નોકરી નહિ સ્વીકારે તેવી બાંહેધરી સાથેનું નિવેદન સામેલ કરવું જોઇએ.
3. જો તે આવી જાણ કરવાનું ચૂકી જાય તો પણ આ લાભો તેને નકારી શકાય નહિ.

**૮. કામદારોનો વળતર મેળવવાનો હક**

નીચેના સંજોગોમાં કામદારોને નોકરીદાતા પાસેથી વળતર મળી શકે છે :

ક) તે કામદારને જો નોકરીના સમય દરમિયાન જ કોઇ અકસ્માત થતાં ઇજા થાય.

ખ) કામદાર(પુરુષ કે સ્ત્રી) એવા પ્રકારનું કામ કરતા હોય તેને કારણે તેમને કોઇ રોગ થાય.

જો કામદારનું મૃત્યુ થાય તો તેમના આશ્રીતોને વળતર મળે છે. આ આશ્રીતો નીચે પ્રમાણે છે :

- કામદારની વિધવા
- સગીર પુત્રો
- અપરિણત પુત્રીઓ
- વિધવા માતા
- એવો પુત્ર કે પુત્રી જો સગીર ન હોય પરંતુ અશક્ત હોય.
- જો મહિલા કામદારનું મૃત્યુ થાય તો તેણીના પતિને, જો તે તેણીની આવક ઉપર આધારિત હોય તો, વળતર મેળવવાપાત્ર છે.
- નીચેની વ્યકિતઓ, જોતે મૃત્યુ પામેલ વ્યકિત પર આશ્રીત હોય તો, વળતરમાં હિસ્સો મેળવી શકે છે :

  1) પિતા

  2) અનૌરસ (ગેરકાયદે) સંતાનો

  3) સગીર ભાઇઓ

  4) વિધવા સગીર બહેન

  5) વિધવા પૂત્રવધુ

  6) પૂર્વે મૃત્યે પામેલ પુત્રનું સગીર સંતાન

  7) પિતૃપક્ષે દાદા-દાદી, જો કામદારના પોતાના માતા-પિતા હયાત ન હોય તો.

**9. વળતર સંબંધી જોગવાઇઓ**

- કામદારને, અકસ્માત સાથે સંકળાયેલી આવી તમામ ઇજાઓ, જેમ કે જીવનનો અંત (મૃત્યુ), અંગનું છેદન, દૃષ્ટિ ગુમાવવી વગેરે માટે વળતર મળવાપાત્ર છે.
- જો કામદાર પોતાની આજીવિકા કમાવવાની તાકાત ગુમાવી બેસે છે, જેમ કે, તેનુ શરીર વિરૂપ થઇ જાય, લકવો પડી જાય વગેરે કિસ્સાઓમાં વળતર મળવા પાત્ર છે.
- જો કામદાર ફરજ બજાવતો હોય ત્યારે ઇજા થાય તો કયા સ્થાને ઇજા થઇ તે બાબત અસ્થાને છે. નોકરી પર આવતાં કે નોકરી પરથી ઘેર ફરતાં ઇજા અકસ્માત થાય તો પણ તો સ્થળે ફરજ પર ગણાય છે.
- કામદારને અમુક કામ માટે નોકરીએ રાખવામાં આવેલ હોય તેને બદલે તેને નોકરીદાતા તરફથી બીજા પ્રકારનું કામ બતાવવામાં આવે અને તે કામ કરતાં તેને ઇજા થાય તો પણ વળતર મળવા પાત્ર છે.
- કામદારને ઇજા થઇ તે અંગે નોકરીદાતાની કેઇ ભૂલ ન હોય તે છતાં, ઇજા બાબતમા, તે કામ કરતો હતો તે દરમિયાન જ થઇ હોય તો, તેને વળતર મળવાપાત્ર છે.

- નોકરીદાતા પાસે જે પરિસ્થિતિમાં ઇજા થઇ તે પરિસ્થિતિ ઉપર, પોતાનું કોઇજ નિયંત્રણ ન હોય, અને છતાં તે ઇજામાં પરિણમે, તો પણ વળતર મળવાપાત્ર છે.
- કામદાર ને નોકરીએ રાખવામાં કન્ટ્રેકટર સંકળાયેલ હોય, તો કન્ટ્રેકટર અથવા નોકરીદાતા અથવા બંનેને વળતર ચૂકવવા ફરજ પાડી શકાય. આ અંગેની પસંદગી વળતર મેળવનાર કરી શકે.
- જો ઇજા થઇ તેને કારણે અશક્તતા ત્રણ દિવસ કરતાં વધુ સમય માટે રહે તો, નાની ઇજા માટે પણ કામદાર વળતરની માગણી કરી શકે છે.
- જો મૃત્યુ થાય, તો તે કોની ભૂલથી થયું છે, તેવી કોઇ બાબત ધ્યાને લીધાવિના, તમામ કિસ્સાઓમાં નોકરીદાતાએ જ વળતર ચૂકવવાનું રહે છે. જો ઇજા મૃત્યુમાં ન પરિણામે તો પણ નોકરીદાતાએ વળતર ચૂકવવાંનુ છે.
- કામદાર નોકરી છોડી દે તે પછી બે વર્ષની અંદર પણ રોગ લાગુ પડેલ હોય તો નોકરીદાતા એ વળતર ચૂકવવું પડે. પરંતુ બે વર્ષ પછી રોગ લાગુ પડે તો તે નોકરીદાતાની જવાબદારી નથી.
- નીચેની પરિસ્થિતિઓમાં નોકરીદાતાએ વળતર ચૂકવવાનું રહેતું નથી :

  ૧) જ્યારે અકસ્માત થયો ત્યારે કામદાર દારુ કે અન્ય કેફી દ્રવ્યના નશામાં હોય.

  ૨) જો અકસ્માત, કામદાર દ્વારા જાણી-બૂજીને આજ્ઞાનો અનાદર કરવાને કારણે, થયો હોય

  ૩) જો કામદાર જાણી-બૂજીને સલામતીનાં ધારાધારણોનો ભંગ કરતો હોય

  ચૂકવવાપાત્ર વળતરની રકમ નીચેની બાબતો પર અવલંબે છે.

  (ક) ઇજાનો પ્રકાર અને પ્રમાણ

  (ખ) કામદારનું વેતન

  (ગ) કામદારની ઉંમર : મોટી ઉંમરની વ્યક્તિને જે વળતરની રકમ ચુકવાય તે કરતાં યુવાન નયની વ્યક્તિને વધારે ચૂકવવાની હોય છે.

**10. દાવો કરવા માટો શુ કરવું**

ક ) વળતર માંગનાર કામદારે તેના નોકરીદાતાને નોટિસ આપવી

ખ) નોટિસમાં નચેની બાબતો અવશ્ય સમાવવી :

1. કામદારનુ નામ
2. ઇજાનું કારણ
3. ઇજા થયાની તારીખ અને સ્થળ

ગ) ચૂકવાયેલ વળતર અપૂરતું લાગે તો શ્રમ કમિશનરને અરજી કરવી જોઇએ.

ઘ) અકસ્માત કે મૃત્યુ થયાને બે વર્ષની અંદર દાવો દાખલ કરી દેવો જોઇએ.

ચ) મહિલાઓને અને બાળકોને વળતર શ્રમ કમિશનર મારફત જ ચૂકવવું જોઇએ.

છ) મૃત્યુ પામનાર કામદારના વારસદારોને નળતરની ચૂકવણી શ્રમ કમિશનર મારફત જ થવી જોઇએ.

**અકસ્માત થાય તે પછી લેવાનાં પગલાં**

1. શક્ય હોય ત્યા સુધી સરકારી તબીબી અધિકારી પાસે તબીબી તપાસ કરાવી લો. આ અહેવાલની નકલ મેળવી લો.
2. પોલીસમાં પ્રથમ માહિતી અહેવાલ ( FIR ) લખાવો.
3. ઇજાને કારણે તમે જઇ શકો તેમ ન હોય તો, બીજા કોઇએ પણ પહોંચી જઇને યોગ્ય તે કરવું જોઇએ.
4. ફરિયાદમાં અકસ્માતની સમગ્ર વિગતો, કારણ, તારીખ અને સ્થાન બતાવવાં
5. પોલીસ પાસેથી તમારી ફરિયાદ નકલ મેળવી લો.
6. જ્યારે દાવાનો નિકાલ થાય ત્યારે આ બધી બાબતો અને દસ્તાવેજો ઉપયોગી બની રહેશે.

**કરારથી જોડાયેલ કામદારોના હક**

**કન્ટ્રકટરે અથવા નોકરીદાતા ઉપલબ્ધ કરવીની સુવિધાઓ**

ક) કામદારોના છ વર્ષની નીચેના વયનાં બાળકો માટે ઓછામાં ઓછા બે રૂમ. આ રૂમમાં આ બાળકો રમી શકે તેમજ સૂઇ શકે : આમાં રમકડાં અને સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવી જોઇએ.

ખ) કામ શરૂ થયાના સાત દિવસની અંદર નીચેની સગવડો ઉપલબ્ધ કરવી જ જોઇએ :

1) પીવાનું પાણી

2) પૂરતી સંખ્યામાં જાજરૂ મૂતરડી

3) હાથ-પગ-મોં-ધોવા માટેની સગવડ

4) પ્રાથમિક સારવારનાં સાધનો

ગ) જો કામ ઓછામાં ઓછું ત્રણ મહિના ચલાવવાનું હોય તો આરામ માટેના ખંડ અને અન્ય સગવડો પણ કામ શરૂ થયાના 15 દિવસની અંદર ઉપલબ્ધ કરવી જોઇએ :

ઘ) આરામ માટેનાં ખંડમાં નીચેની જરૂરિયાતો પરિપૂર્ણ થવી જોઇએ :

1) મહિલા કામદારો માટે અલાયદો ખંડ

2) પૂરતાં હવા- ઉજાશ

3) ગરમી, ધુળ, વરસાદ અને પવન સામે પૂરતું રક્ષણ

4) સરસ સુંવાળુ ભોંયતળિયું

5) કામ કરવાના સ્થાનથી અત્યંત દૂર ન હોવું જોઇએ

6) પીવાનું પાણી મળી રહે તે રીતે જોડાણ હોવું જોઇએ.

ચ) જો કામ છ મહિના કે તેથી વધુ સમય સાટે ચાલવવાનું હોય અને કામ કરવા માટે રોકેલ કામદારોની સંખ્યા 100 કરતાં વધુ હોય તો, કામ શરૂ થયાના 60 દિવસની અંદર, નહી નફો, નહિ નુકસાનના ધોરણે કેન્ટીન ઉપલબ્ધ કરવી જોઇએ.આ કેન્ટીનમાં એક ભોજન ખંડ, રસોડું, સ્ટોરરૂમ, પેન્ટ્રી અને વાસણો હાથ/મોં ધોવાની સુવિધા હોવી જોઇએ. તે હંમેશા સ્વચ્છ અને ચોખ્ખી જ રાખવી જોઇએ, જેથી તે રોગનું જન્મસ્થાન ન બની રહે. કચરો એકત્ર કરવાની અને તેનો નિકાલ કરવાની પૂરતી સગવડ હોવી જોઇએ. આ કેન્ટીનનો અમુક ભાગ મહિલાઓ માટે અનામત રાખવો જોઇએ. તેમાં પૂરતાં વાસણો અને ફર્નિચર હોવું જોઇએ. તેમાં જે કર્મચારીઓને રોકવામાં આવે તેમણે સ્વચ્છ કપડા પહોરવાં જોઇએ.

**કામ અને વેતન ચુકવણી**

- કામદારોને વેતન ચૂકવવાની જવાબદારી કોન્ટ્રેટકટરની છે.
- કામદારોને સંપૂર્ણ વેતન, એટલે કે ન્યૂનતમ ધોરણે ઠરાવ્યા મુજબનું કે તેથી વધુ વેતન મળવું જોઇએ.
- વેતનની ચુકવણી નોકરીદાતાના પ્રતિનિધિના હાજરીમાં કરવી જોઇએ.
- વેતન રોકડમાં ચુકવવું જોઇએ અને ઓછામાં ઓછું મહિને એકવાર તો ચુકવવું જ જોઇએ.
- નોકરીદાતાએ કન્ટ્રાક્ટ ઉપર મેળવેલ કામદારો પાસે થી આજ કામ માટે પોતે નોકરીએ રાખેલ કામદારો કરતાં વધુ કામ લેવુ જોઇએ નહિ.
- કન્ટ્રાક્ટર પાસેથી મેળવેલ કામમદારોને પણ અન્ય નિયમિત કામદારોની જેમજ રજાઓ મળવી જોઇએ.

જો કન્ટ્રાક્ટ પરના કામદારો, અન્ય સ્થળના નિયમિત કામદારોની જેમ જ તેજ પ્રકારનું કામ કરતાં હોય તો તેમની નિયમિત કામદારો તરીકે ભરતી કરવી જોઇએ.

જો ઉપર જણાવેલી કોઇપણ શરતો પરિપૂર્ણ ન થતી હોય તો કન્ટ્રાક્ટ પરના કામદારોએ સ્થાનિક મજૂર અધિકારી અથવા નિરીક્ષકનો સંપર્ક કરવો જોઇએ.

**આંતર- રાજ્ય સ્થળાંતરિત કામદારોના હક**

**ભરતીની પ્રક્રિયા**

ક) પ્રથમ તો, જે કામદરો પોતાના રાજ્યની બહારની અન્ય રાજ્યની બહાર અન્ય રાજ્યમાં કામ શોધવા માગે છે તેઓએ પોતે જ ખાતરી કરી લેવી જોઇએ કે કન્ટ્રાકટર અસલી છે. જે રાજ્યામાં

કામદારો એ કામ કરવા જવાનું છે. તે રાજ્યની સરકારે જારી કરેલું યોગ્ય લાઇસન્સ તેની પાસે હોવું જોઇએ. આ લાઇસન્સ કેટલા સમય માટે આપવામાં આવેલું છે. તેનો પણ તેમાં નિર્દેશ થયેલો હોવો જોઇએ. તેમજ વધુમાં વધુ તે કેટલા કામદારોની ભરતી કરી શકે તેનો પણ તેમાં ઉલ્લેખ થયેલો હોવો જોઇએ.

ખ) જો કોન્ટ્રાકટરોની ભરતી કરે તો તે કામદારને એક પાસબુક આપવી જોઇએ. જોમાં કામદાર વિશે નીચેની બાબતો દર્શાવેલી હોવી જોઇએ

1) તાજેતરનો પાસપોર્ટ

2) નામ

3) કામનું સ્થાન

4) કામનો સમય

5) વેતન ચૂકવવા માટેનો સૂચિત દર અને પદ્ધતિ

6) સ્થળાંતર ભથ્થું

7)વતન પાછા ફરવાનું ભાડું

8) ભરતી સમયે અપાયેલ કોઇ પેશગીની રકમ અને / અથવા કપાત કરેલ રકમ

9) ભરતીની તારીખ

10) કુલ હાજરી / કરેલું કામ

11) તેના સંબંધીઓમાં જે સૌથી નજીકનું અને તેની પછીનું હોય તેનું નામ

ગ) કોન્ટ્રાક્ટરે ભરતી કરેલ કામદારને સ્થળાંતર ભથ્થુ ચૂકવવું જોઇએ.

ઘ) કામના સ્થાને જવા માટેનું પરત મુસાફરીનું ભાડું કોન્ટ્રાકટરે ચુકવવાપાત્ર છે. (જો કોન્ટ્રાકટરે ભરતી કરેલ કામદારોને કામ ન આપવામાં આવે તો પણ કોન્ટ્રાક્ટર તેને ચૂકવેલ સ્થાળાંતર ભથ્થું અને પરત મુસાફરી ભથ્થું પાછું માગી શકશે નહિ.)

**કોન્ટ્રાકટરની ફરજો :**

**વેતન ચુકવણી**

1) વેતનની ચુકવણી કરવાની ફરજ કોન્ટ્રાકટર ની છે. (જો કે આખરી ફરજ નોકરીદાતાની છે.)

2) વેતન પૂરેપૂરું ચુકવવું અને રોકડેથી ચૂકવવું જોઇએ.

3) વેતનની ચુકવણી નોકરીદાતાના પ્રતિનિધિની હાજરીમાં થવી જોઇએ.

4) કોન્ટ્રાકટર પોતાના કમિશન (દલાલી) ની રકમ કામદારના વેતનમાંથી કપાત કરી શકે નહિ. આ માટે તેને નોકરીદાતા તરફથી અલગથી ચુકવણી કરાય છે.

5) વેતનની ચુકવણી મહિને ઓછામાં ઓછું એકવાર કરવી જોઇએ.

6) કોન્ટ્રાકટર, પોતાની મેળે, અગાઉ લીધેલ ધિરાણ પેટેની રકમ બારોબાર કપાત કરી લઇ શકે નહિ. વળી, કામના દિવસો દરમિયાન કામદાર જો કોન્ટ્રાકટર કે નોકરીદાતા પાસેથી કોઇ લોનની રકમ મેળવે, તો તે રકમ, કામદાર જ્યાં કામ કરતો હોય ત્યા અને ત્યારે, કપાત કરી શકાય, પરંતુ તે પછી તો નહિ જ.

7) ઘરથી નોકરીના સ્થાને પહોંચવાના સમય સુધીનું વેતન પણ પૂરેપૂરા દિવસનું ચૂકવવું જોઇએ.

**કોન્ટ્રાકટર દ્વારા ઉપલબ્ધ કરવાની થતી સગવડો**

1) જો શિયાળાની ઠંડીઋતુ હોય તો ગરમ કપડાં

2) યોગ્ય રહેણાંક વ્યવસ્થા

3) તબીબી સંભાળ

4) હૉસ્પિટલમાં રહેવાનો તેમજ તબીબી સંભાળ / સારવારનો બધો જ ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો છે.

5) નીચેની બાબતો ઉપલબ્ધ કરવી :

- પીવાનું પાણી
- પૂરતી સંખ્યામાં જાજરૂ / મૂતરડી
- ધોવા માટેની સુવિધા

6) આરામ લેવા માટે રૂમ તથા નહિ નફો નહિ નુકસાનના ધોરણે કેન્ટીન

7) જો મહિલા કામદારોની સંખ્યા ૨૦ કરતાં વધુ હોય તો અને કામ ઓછામાં ઓછું ત્રણ મહિના માટે ચાલે તેમ નહોય તો ઘોડિયાઘરની સુવિધા

**નોકરીદાતાની અસલિયત :** જે નોકરીદાતા પાંચ કે તેથી વધુ સ્થળાંતરિત કામદારોને રાખે છે, તેની પાસે તે માટેનું લાઇસન્સ હોવું જોઇએ. આવું લાઇસન્સ મેળવીને નોકરી આપનાર પેઢી કાયદાની જોગવાઇઓથી પોતે બંધાયેલી છે એવી ખાતરી આપે છે.

**દેખરેખ નિયંત્રણ :** સ્થાનિક અધિકારીઓ ઉપરાંત મૂળ રાજ્યના મજૂર નિરીક્ષકો પણ કામના સ્થાને જઇ તપાસ કરે છે કે કાયદાની જોગવાઇઓનો અમલ થઇ રહ્યો છે કે નહિ.કોન્ટ્રાકટર તેમને કામનું સ્થાન, કામનો પ્રકાર વગેરે માહિતી ભરતીના તબક્કે જ પૂરી પાડવા બંધાયેલી છે. કામદારો પોતે પણ પોતાના મૂળ રાજ્યના સત્તાવાળાઓને લખી શકે છે. તેઓએ પોતાના કામના સ્થળનું પૂરું સરનામુ લખી મોકલવું જોઇએ.

**નવી નોકરીની શોધ :** કોન્ટ્રાકટર ઉપલબ્ધ કરી આપેલ નોકરી પૂરી કરતાં, કામદારો નવી નોકરી શોધી શકે છે હવે કોન્ટ્રાકટર લાખેલી શરતો અને બોલીઓ તેને લાગુ પડશે નહિ. તેમ છતાં, અન્ય મજૂર કાયદાઓ, જેમ કે, ન્યૂનતમ વેતન અધિનિયમ, સમાન વેતન ધારો, વળતર ચૂકવવા અંગેનો અધિનિયમ તો લાગુ પડવાનું ચાલુ જ રહેશે.

**વિવાદ- તકરારનો ઉકેલ**

ક) જો કામદારને કોન્ટ્રાકટર કે નોકરીદાતા સામે કોઇ ફરિયાદ હોય તો મજૂર અધિકારી કે નિરીક્ષક સમક્ષ તે કરી શકાય. તેઓ અદાલતમાં ફરિયાદ કરી શકે અને કામદારોની વતી કામ ચલાવી શકે.

ખ) જો તેની પ્રતિક્રિયારૂપે બદલો લઇ નુકસાન કરવાની કોઇ શક્યતા હોય તો કામદારો પોતાના ગામ પરત જઇને પણ ફરિયાદ કરી શકે, પરંતુ આવી ફરિયાદ વતનમાં પાછા ફર્યાના છ માસમાં કરવી જોઇએ. આવી ફરિયાદ કામદારના મૂળ રાજ્યમાં ચલાવવમાં આવશે.

**સંબંધિત મજૂર કાયદા**

1. ન્યૂનતમ વેતન અધિનિયમ, 1948
2. કારખાનાં અધિનિયમ, 1948(ફેકટરીઝ એક્ટ)
3. સમાન વેતન અધિનિયમ, 1976
4. પ્રસૂતિ લાભ અધિનિયમ,1961
5. કામદારોને વળતર અધિનિયમ, 1923
6. કોન્ટ્રાકટર શ્રમ વિનિયમન અને નાબૂદી અધિનિયમ, 1970
7. આંતર રાજ્ય સ્થળાંતર કામદાર અધિનિયમ,1979

## Note